# ભાવનામૃતમ્ – II
# અનુકૂળ મધ્યસ્થભાવ-પ્રતિકૂલ મધ્યસ્થભાવ

: લેખક – સંપાદક :
પૂ. મુનિરાજશ્રી સંયમકિર્તી વિજયજી મ.સા.

: પ્રકાશક :
શ્રી સમ્યગ્જ્ઞાનપ્રચારક સમિતિ



सुनिश्चितं मत्सरिणो जनस्य न नाथ! मुद्रामतिशेरते।
माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समनुबन्धाः ।।27।।

(અયોગવ્યવચ્છેદ બત્રીસી-ધર્મ પરીક્ષા ટીકા)

- હે નાથ ! માધ્યસ્થ્યને સ્વીકારીને જે પરીક્ષકો મણિમાં અને કાચમાં સમાન અનુબંધવાળા=સમાન પરિણામ વાળા છે, તેઓ મત્સરી લોકોની મુદ્રાને = તત્ત્વ પ્રત્યે મત્સરવાળા જીવોની પ્રકૃતિને, સુનિશ્ચિતપણે ઓળંગતા નથી.

---

''માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.''

# ભાવનામૃતમ્-II
# અનુકૂળ મધ્યસ્થભાવ - પ્રતિકૂળ મધ્યસ્થભાવ

✹ **દિવ્યકૃપા** ✹

તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્
વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા

✹ **શુભ આશીર્વાદ** ✹

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્
વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજા

✹ **લેખક - સંપાદક** ✹


તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્
વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન સમતાનિધિ
પૂ. મુનિપ્રવર **શ્રીદર્શનભૂષણવિજયજી મ.સા.**ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી વિ. **દિવ્યકીર્તિસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી વિ. **શ્રીપુણ્યકીર્તિસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન
પૂ.મુનિરાજ **શ્રીસંયમકીર્તિવિજયજી** મ.સા.



✹ **પ્રકાશક** ✹

શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ

અમદાવાદ

**પુસ્તકનું નામ** : ભાવનામૃતમ્-II : અનુકૂળ મધ્યસ્થભાવ – પ્રતિકૂળ મધ્યસ્થભાવ
**લેખક-સંપાદક** : પૂ.મુ.શ્રી સંયમકીર્તિવિજયજી મ.સા.
**પ્રકાશક** : શ્રીસમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ, અમદાવાદ.
**આવૃત્તિ** : પ્રથમ
**પૃષ્ઠ** : 22 + 254 = 276
**પ્રકાશન** : વિ.સં. ૨૦૭૪
**મૂલ્ય** : સદુપયોગ

## ✳ પ્રાપ્તિસ્થાન ✳

### -: અમદાવાદ :-

૧. **શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ**
**(પત્રવ્યવહાર)**
**નૃપેનભાઈ આર. શાહ**
૪, સરગમ ફ્લેટ, વી.આર. શાહ સ્કુલની બાજુમાં, વિકાસગૃહ રોડ, પાલડી, **અમદાવાદ-૭.** મો. ૯૪૨૭૪૯૦૧૨૦

૨. **ચેતનભાઈ ખરીદીયા**
૨૦, મરડીયા પ્લાઝા, એસોસીયેટેડ પેટ્રોલ પંપ પાસે, સી.જી. રોડ, **અમદાવાદ,** મો.૯૪૨૬૦૫૨૫૬૩

### -: મુંબઈ :-

૧. **શ્રી વિજયરામચન્દ્રસૂરિ આરાધના ભવન**
ચંદાવરકર લેન, બોરીવલી (વેસ્ટ), **મુંબઈ-૪૦૦૦૯૨** (મહારાષ્ટ્ર)
**ગૌતમભાઈ,** ફોન. ૦૨૨-૨૮૯૫૨૪૯૨

૨. **નરેશભાઈ નવસારીવાળા**
ડી.એન.આર. BC, 3022,
Bharat Diamond, Bursh,
BKC, Bandra, (East) MUMBAI-51.
Phone : 022-23693702

૩. **સેવંતીલાલ વી. જૈન** (અજયભાઈ)
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર, પહેલી પાંજરાપોળ ગલી, **મુંબઈ-૪.**
ફોન. ૦૨૨-૨૨૪૦૪૭૧૭

૪. **રાજેન્દ્રભાઈ ડી. શાહ**
૬૦૪, મેઘમલ્હાર કો.ઓ. સોસાયટી, મુરાર રોડ, મુલુંડ (વેસ્ટ), **મુંબઈ-૮૦.**
મો. ૯૮૨૧૪૩૯૯૦૬

૫. **ડૉ. કમલેશભાઈ પરીખ**
બી-૪, ધનલક્ષ્મી બિલ્ડીંગ, ગોડીબાર રોડ, ઘાટકોપર (વેસ્ટ), **મુંબઈ-૮૬.**
મો.૯૩૨૪૧૪૮૧૪૦, ૯૦૨૯૩૧૯૫૩૦

### -: સુરત :-

૧. **દીક્ષિત એન. શાહ**
૩૦૧, સુન્દરમ્ એપા., સરગમ શોપીંગ સેન્ટરની પાછળ, પાર્લે પોઈન્ટ **સુરત-૩૯૫૦૦૭.** મો. ૮૮૬૬૨૧૭૮૦૮

૨. **વિજયરામચંદ્ર સૂરિ આરાધના ભવન**
સુભાષ ચોક, ગોપીપુરા, **સુરત.**
**વૈભવ,** મો. ૯૭૨૩૮૧૩૯૦૩

### -: વડોદરા :-

૧. **વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવન**
હાઈટેન્શન રોડ, સુભાનપુરા, **વડોદરા-૨૩.** ફોન. ૨૨૮૦૪૭૭,
હસમુખભાઈ મો. ૯૯૨૫૨૩૧૩૪૩

### -: પાલિતાણા :-

૧. **મયુરભાઈ દવે**
મહારાષ્ટ્ર ભુવન જૈન ધર્મશાળા, તળેટી રોડ, **પાલીતાણા.** મો. ૯૪૨૯૫૬૩૦૩

卐

# શ્રુતભક્તિ-અનુમોદના

આ પુસ્તકનો લાભ

| નકલ | લાભાર્થી |
| --- | --- |
| ૭૫૦ | ધાનેરા નિવાસી<br>**ચંદનબેન કનૈયાલાલ**<br>**પાનસોવોરા પરિવાર**<br>હ. **નરેશભાઈ** |
| ૫૦૦ | **એક સદ્‌ગૃહસ્થ** |

– તમારી શ્રુતભક્તિની હાર્દિક અનુમોદના અને ભવિષ્યમાં પણ તમો આવી શ્રુતભક્તિ કરતા રહો એવી મંગલ કામના

**લિ. શ્રીસમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ**

卐

# સાદર સમર્પણમ્...

વિક્રમની ૧૯-૨૦ સદીમાં...
જૈનશાસનના આધારભૂત
તત્ત્વો બાલદીક્ષા તથા દેવ-
દ્રવ્યની પ્રાણના ભોગે પણ
જેઓએ રક્ષા કરી છે...
એવા
દેવદ્રવ્યરક્ષક-દીક્ષાયુગપ્રવર્તક-
સર્વજ્ઞ સિદ્ધાંત સંરક્ષક પૂજયપાદ
આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય
**રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** ના
શાસ્ત્રસંપૂત કરકમળમાં
સાદર સમર્પણમ્....

- ચરણકિંકર
સંયમકીર્તિ વિ.


## મુનિશ્રી દ્વારા સંપાદિત-લેખિત-સંકલિત પુસ્તકો

| ક્રમ | પુસ્તકનું નામ |
|---|---|
| ૧. | ષડ્દર્શન સમુચ્ચય* ભાગ-૧ (બૌદ્ધ-નૈયાયિક-સાંખ્યદર્શન) |
| ૨. | ષડ્દર્શન સમુચ્ચય* ભાગ-૧ (જૈન-વૈશેષિક-મીમાંસકદર્શન) |
| ૩. | શ્રમણધર્મ, ધર્મસંગ્રહ સારોદ્ધાર, ભાગ-૨ |
| ૪. | તિથિ અંગે સત્ય અને કુતર્કોની સમાલોચના |
| ૫. | તત્ત્વષિયક પ્રશ્નોત્તરી (બીજી આવૃત્તિ) |
| ૬. | યોગદષ્ટિથી જીવનદષ્ટિ બદલીયે* |
| ૭. | ત્રિસ્તુતિક મત સમીક્ષા (પ્રશ્નોત્તરી-ગુજરાતી) |
| ૮. | **त्रिस्तुतिक मतसमीक्षा (प्रश्नोत्तरी)** |
| ૯. | ચતુર્થસ્તુતિ નિર્ણય (સાનુવાદ) ભા.૧-૨ |
| ૧૦. | યોગપૂર્વસેવા* |
| ૧૧. | અહિંસા મહાન કે આજ્ઞા ? (સંકલનકાર : નરેશભાઈ નવસારીવાળા) |
| ૧૨. | શુદ્ધધર્મ* |
| ૧૩. | સમાધિ મૃત્યુ થકી સદ્ગતિ અને સદ્ગતિ થકી ભવમુક્તિ |
| ૧૪. | **षड्दर्शन समुच्चय-१ (हिन्दी भावानुवाद) (बौद्ध-नैयायिक-सांख्यदर्शन)** |
| ૧૫. | **षड्दर्शन समुच्चय-२ (हिन्दी भावानुवाद) (जैन-वैशेषिक)** |
| ૧૬. | **षड्दर्शनसूत्रसंग्रह एवं षड्दर्शनविषयककृतयः** |
| ૧૭. | આત્માની ત્રણ અવસ્થા |
| ૧૮. | જૈનદર્શનના મહત્ત્વના સિદ્ધાંતો (સ્યાદ્વાદ, પ્રમાણ, નય, સમભંગી, નિક્ષેપ) |
| ૧૯. | આત્માનો વિકાસક્રમ (ચૌદ ગુણસ્થાનક-આઠ યોગદષ્ટિ) |
| ૨૦. | નવતત્ત્વસંગ્રહ (ગુર્જરાનુવાદસમેત) (પૂ.આત્મારામજી મ.કૃત) |
| ૨૧. | જીવનલક્ષ્ય |
| ૨૨. | અધ્યાત્મનો અધિકારી |
| ૨૩. | ભાવના ભવનાશિની |
| ૨૪. | સંઘપટ્ટક |
| ૨૫. | શુદ્ધધર્મ-I (શુદ્ધધર્મ કેમ પામશો ?) |
| ૨૬. | શુદ્ધધર્મ-II (બંધ-અનુબંધ) |
| ૨૭. | શુદ્ધધર્મ-III (લેશ્યાશુદ્ધિ) |
| ૨૮. | સમ્યક્ત્વ શલ્યોદ્ધાર (ગુર્જરાનુવાદ સમેત) |
| ૨૯. | ધર્મદ્રવ્યની શાસ્ત્રીયવ્યવસ્થા અને અશાસ્ત્રીય વ્યવસ્થા સામે લાલબત્તી |
| ૩૦. | ધર્મદ્રવ્યની શાસ્ત્રીયવ્યવસ્થા અને અશાસ્ત્રીય વ્યવસ્થા સામે લાલબત્તી (લઘુસંસ્કરણ) |
| ૩૧. | પ્રભુવીરની અંતિમ દેશના : કલિકાલમાં કેમ પાર ઉતરશો ? |
| ૩૨. | અધ્યાત્મ કેમ પામશો ? (અધ્યાત્મશુદ્ધિ) |
| ૩૩. | સમ્યગ્દર્શન-I : સમ્યગ્દર્શન કેમ પામશો ? |
| ૩૪. | સમ્યગ્દર્શન-II : સમ્યગ્શ્રદ્ધાને આત્મસાત્ કરો |
| ૩૫. | સમ્યગ્દર્શન-III : સમ્યગ્દર્શન અંગે વિશેષ વાતો |
| ૩૬. | સમ્યગ્દર્શન-IV : સમ્યગ્દર્શનને સ્થિર કેમ બનાવશો ? |
| ૩૭. | સમ્યગ્દર્શન-V : સમકિતના સડસઠ બોલ (કથા સહિત) |
| ૩૮. | જૈનમતવૃક્ષ (ગુર્જરાનુવાદ સમેત) અને પૂ.આત્મારામજી મહારાજાનું પદ્યસાહિત્ય |
| ૩૯. | જીવનકર્તવ્યને ઓળખીએ |
| ૪૦. | યોગસિદ્ધિનાં સોપાન |
| ૪૧. | ભાવના થકી ભવમુક્તિ |

નોંધ : * આ નિશાનીવાળા પુસ્તક ઉપલબ્ધ નથી.

| ક્રમ | પુસ્તકનું નામ |
|---|---|
| ૪૨. | અધ્યાત્મ-ધ્યાનયોગ |
| ૪૩. | જૈનધર્મ કા સ્વરૂપ (ગુર્જરાનુવાદ સમેત) (પૂ.આત્મારામજી મ.કૃત) |
| ૪૪. | શ્રીસમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ : સાહિત્ય સૂચિ-પુસ્તક પરિચય |
| ૪૫. | ધર્મને મલિન બનાવનારા દોષોને ઓળખો |
| ૪૬. | જૈનધર્મવિષયક પ્ર. અને પ્રશ્નોત્તર સંગ્રહ (ગુજ.) |
| ૪૭. | ઈસાઈ મત સમીક્ષા (ગુર્જરાનુવાદ સમેત) |
| ૪૮-૫૦. | જૈનતત્ત્વાદર્શ ભાગ ૧-૨-૩ (ગુર્જરાનુવાદ સમેત) |
| ૫૧-૫૨. | આત્મા કા વિકાસક્રમ ભાગ ૧-૨ (હિન્દી અનુવાદ) |
| ૫૩. | યોગધર્મનો અધિકાર (વિ.સં.૨૦૭૩) |

| ક્રમ | પુસ્તકનું નામ |
|---|---|
| ૫૪. | તત્ત્વનિર્ણય પ્રાસાદ ભાગ-૧ (વિ.સં.૨૦૭૪) |
| ૫૫. | તત્ત્વનિર્ણય પ્રાસાદ ભાગ-૨ (વિ.સં.૨૦૭૪) |
| ૫૬. | તત્ત્વનિર્ણય પ્રાસાદ ભાગ-૩ (વિ.સં.૨૦૭૪) |
| ૫૭. | સાધારણખાતાની પવિત્રતા (વિ.સં.૨૦૭૪) |
| ૫૮. | મિથ્યાત્વ એટલે મિથ્યાવ = હલાહલ વિષ (વિ.સં.૨૦૭૪) |
| ૫૯. | તિથિનિર્ણય સિદ્ધાંત કે સામાચારી ? (વિ.સં.૨૦૭૪) |
| ૬૦. | ભાવનામૃતમ્-૧ : મૈત્રી-પ્રમોદ-કરુણાભાવના અંગે પરિશીલન |
| ૬૧. | ભાવનામૃતમ્-૨ : અનુકૂળ મધ્યસ્થભાવ-પ્રતિકૂળ મધ્યસ્થભાવ (વિ.સં.૨૦૭૪) |



# સંપાદકીય.....✍

હમણાં હમણાં મધ્યસ્થભાવ-સમભાવ-મૈત્રીભાવ વગેરે વિષયોની અવારનવાર ચર્ચા થતી રહે છે. તેવા અવસરે શાસ્ત્રકાર મહર્ષિઓ મધ્યસ્થભાવ અંગે શું ફરમાવી રહ્યા છે, તે આપણે વિચારવું છે.

જેમ શાસ્ત્રોક્ત સાધનોનો સદુપયોગ થાય છે, તેમ દુરુપયોગ પણ થતો હોય છે. દરેક કાળે વત્તાઓછા અંશે શાસ્ત્રનિર્દિષ્ટ સાધનોનો-વિધાનોનો પોતાના મનફાવતા પરિપ્રેક્ષ્યમાં (સંદર્ભમાં) વાપરીને દુરુપયોગ કરવાનું ચાલું જ રહે છે. પરંતુ આત્માર્થી જીવોએ એ આત્મઘાતી પ્રવૃત્તિથી દૂર રહીને, તે તે સાધનોનો ઉપયોગ, માત્ર ને માત્ર આત્મહિતાર્થે અને શાસનની ઉન્નતિ-રક્ષા માટે જ કરવો જોઈએ.

જ્યારે જ્યારે તે તે સાધનોને-વિધાનોને ખોટા સંદર્ભમાં વાપરીને શાસનના તત્ત્વની હાની થતી જોવા મળે છે, ત્યારે ત્યારે તેનો સમુચિત પ્રતિકાર-વિરોધ કરવો એ પ્રત્યેક શાસનપ્રેમી-સિદ્ધાંતપ્રેમી આત્માનું ઉત્તરદાયિત્વ-કર્તવ્ય છે. આથી જ અહીં 'મધ્યસ્થભાવ' અંગે ચાલતી ભ્રમણાઓ અંગે વિચારણા કરવી છે.

**અહીં ઉલ્લેખનીય છે કે**, મધ્યસ્થભાવનો મોક્ષમાર્ગની સાધનામાં બે રીતે ઉપયોગ કરવાનો હોય છે. એક તો તત્ત્વનિર્ણય કરવા માટે અને બીજા નંબરે (આધ્યાત્મિક પરિણતિઓના સંરક્ષણ માટે) ઉપયોગી ચિત્તશુદ્ધિ અને ધર્મધ્યાન પ્રાપ્ત કરવા માટે મધ્યસ્થભાવનો ઉપયોગ થાય છે.

મધ્યસ્થભાવ પૂર્વનિર્દિષ્ટ તત્ત્વનિર્ણય અને ચિત્તશુદ્ધિ-ધર્મધ્યાન માટે અનુકૂળ પણ હોઈ શકે છે અને પ્રતિકૂળ પણ હોઈ શકે છે. અનુકૂળ મધ્યસ્થભાવ જ સાધનાનું અંગ બને છે. પ્રતિકૂળ મધ્યસ્થભાવ તો તત્ત્વનિર્ણયથી દૂર રાખે છે અને ક્યાં તો ભ્રાન્તિઓ વધારે છે અથવા

ક્યાં તો તત્ત્વ અને અતત્ત્વ-તત્ત્વાભાસને (સુદર્શન-કુદર્શન, ઉન્માર્ગ-સન્માર્ગ વગેરેને) એક સમાન મનાવવાની ભૂલ કરાવે છે. તે બંનેથી મિથ્યાત્વની વૃદ્ધિ જ થાય છે. આથી પ્રતિકૂળ-અનુકૂળ મધ્યસ્થભાવને બરાબર ઓળખીને તત્ત્વનિર્ણય-ધર્મપરીક્ષાને અનુકૂળ મધ્યસ્થભાવનો જ સદાગ્રહ કેળવવાનો છે અને તેનો યથાયોગ્ય રીતે ઉપયોગ કરવાનો છે.

આપણે આ પુસ્તકમાં મધ્યસ્થભાવના તાત્ત્વિક સ્વરૂપની અને તેની સાથે સંબંધિત પ્રશ્નોની વિચારણા કરીશું. વિશેષ વાતો 'આમુખ'માં કરવામાં આવી છે.

→ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીવિ.**પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજાના આજ્ઞા-આર્શીવાદ આ કાર્યમાં ખૂબ પ્રોત્સાહક બન્યા છે અને **સૌજન્યનિધિ** પ.પૂ.આ.ભ.શ્રીવિ.**હર્ષવર્ધનસૂરીશ્વરજી** મહારાજા અને **જિનાજ્ઞાપ્રભાવક** પ.પૂ.આ.ભ.શ્રીવિ.**જયદર્શસૂરીશ્વરજી** મહારાજાએ અમૂલ્ય માર્ગદર્શન આપી મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

→ પૂજ્યોની મહતી કૃપાથી આ કાર્ય નિર્વિઘ્ન સંપન્ન થયું છે.

→ **તપાગચ્છાધિરાજશ્રીજી**ના સામ્રાજ્યવર્તી તપસ્વી સાધ્વીવર્યા **શ્રીસુનિતયશાશ્રીજી** મ.સા.ના સુશિષ્યા વિદુષી સાધ્વીવર્યા **શ્રીજ્ઞાન-દર્શિતાશ્રીજી** મહારાજે પ્રુફશુદ્ધિનું કાર્ય સંપન્ન કર્યું છે. તેઓની નિઃસ્વાર્થ શ્રુતભક્તિની હાર્દિક અનુમોદના.

મૈત્રી-પ્રમોદ-કરુણા-મધ્યસ્થભાવના રહસ્યને પામીને, તે ભાવનાઓ દ્વારા અંતઃકરણને વાસિત-પવિત્ર કરીને, મોક્ષમાર્ગ ઉપર શીઘ્ર પ્રગતિ-સાધીને, સૌ કોઈ મોક્ષસુખને પામે એ જ એક શુભાભિલાષા.

**મુ. સંયમકીર્તિ**
શ્રી વિજયરામચંદ્રસૂરિજી આરાધના ભવન
સુરત-ગોપીપુરા

# "આમુખ"

એક શાસ્ત્રીય મુદ્દાને લઈને પ્રભુની આજ્ઞાને સમર્પિત શ્રીસંઘજનો સમક્ષ ઉપસ્થિત થયો છું. એ મુદ્દો છે - અનુકૂળ મધ્યસ્થભાવ અને પ્રતિકૂળ મધ્યસ્થભાવ.

જ્યારે કોઈપણ વિવાદનો મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે તપાગચ્છની ઉત્તમ નીતિ શું છે ? તે પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાના શબ્દોમાં જોઈશું...

**"શાસ્ત્રાનુસાર જે નવિ હઠે તાણિયેં,**
**નીતિ તપગચ્છની તે ભલી જાણિયેં.**
**જીત દાખે જિહાં સમયસારું બુધા,**
**નામ ને ઠામ તે કુમતે નહીં જસ મુધા. (૧૬-૧૮)"**

[૩૫૦ ગાથાનું સ્તવન]

→ **ભાવાર્થ** (બાલા. બોધના આધારે) : સંવિગ્ન ગીતાર્થ પરમાર્થથી તેને કહેવાય, કે જે શાસ્ત્રાનુસારે પોતાનો કદાગ્રહ મૂકી દે. અર્થાત્ શાસ્ત્રના અક્ષરો દેખે એટલે પોતાના કદાગ્રહ મૂકી દે. **એવી તપાગચ્છની ઉત્તમનીતિ છે.** તેથી જ તપાગચ્છમાં પંચાંગી પ્રકરણ આદિ ગ્રંથો પ્રમાણ છે. આ તપાગચ્છમાં પંડિતજનો સિદ્ધાંત અનુસાર વર્તમાનનો જીત દર્શાવે છે. આ તપાગચ્છના નામ અને સ્થાનક વૃથા નથી, પણ ગુણનિષ્પન્ન છે.

→ તપાગચ્છની આ જ ઉત્તમ નીતિનું સંવહન કરનારા ધુરંધર આચાર્ય ભગવંતોએ **વિ.સં. ૧૯૭૬** ના સંમેલનમાં શાસ્ત્રીય મુદ્દાઓની ચર્ચા-વિચારણાના અવસરે સૌથી પ્રથમ નીચે મુજબનો ઠરાવ કર્યો છે.

(૧) શાસ્ત્ર (સાક્ષાત્ - અનંતર અને પરંપરારૂપ શાસ્ત્ર) વિના કોઈપણ જાતની સિદ્ધિ નથી.

**આથી કોઈપણ તત્ત્વનો નિર્ણય શાસ્ત્રમતિથી જ થાય. જૈનશાસનની**

**સુવિહિત પરંપરામાં ક્યારેય બહુમતિ, સ્વમતિ, સર્વાનુમતિ, સ્વતંત્રમતિ, સ્વચ્છંદમતિ કે અંદરના અવાજને કોઈ સ્થાન નથી. પરંતુ શાસ્ત્રમતિ જ પ્રાધાન્ય છે.** આથી જ **જ્ઞાનસાર** ગ્રંથમાં કહ્યું છે કે - **साधवः शास्त्रचक्षुषः** - સાધુઓની આંખ શાસ્ત્ર છે અને **ધર્મરત્નપ્રકરણ**માં પણ કહ્યું છે કે – (ભાવશ્રાવકના દસમા લક્ષણમાં કહ્યું છે કે –) સર્વ સ્થળે આગમને આગળ કરે = સર્વ ધર્મક્રિયાઓ શાસ્ત્રને અનુસરીને કરે.

આથી કોઈપણ તત્ત્વનો નિર્ણય, ભલે તે શાસ્ત્રીય નિયમો-સિદ્ધાંતો-તત્ત્વો સંબંધી હોય કે આચરણા સંબંધી હોય, તે સર્વેનો નિર્ણય શાસ્ત્રના આધારે કરવાનો છે અને એ નિર્ણય કરતી વખતે અર્થાત્ કયા નિયમ-સિદ્ધાંતનો શું અર્થ થાય ? કઈ સામાચારી સાચી ? તત્ત્વ કયું છે અને અતત્ત્વ કે તત્ત્વાભાસ કયું છે ? આ સર્વેનો નિર્ણય કરતી વખતે સર્વે પક્ષોને શાંતચિત્તે સાંભળવાના હોય છે અને તે માટે મધ્યસ્થભાવની જરૂર પડે છે.

એટલે તત્ત્વનિર્ણય કરવામાં અને ધર્મની પરીક્ષા કરવામાં શાસ્ત્રવચન અને મધ્યસ્થભાવની જરૂરીયાત છે. જો કે, શાસ્ત્રવચનોના પરિશીલન માટે બુદ્ધિ-પ્રતિભા આદિની જરૂર છે. તો પણ બુદ્ધિપ્રતિભાદિ સામગ્રી હોય, પણ મધ્યસ્થભાવ ન હોય કે પ્રતિકૂળ મધ્યસ્થભાવ (બધા પક્ષોને સમાન-સરખા માનવાસ્વરૂપ પ્રતિકૂળ મધ્યસ્થભાવ) હોય તો યથાર્થ તત્ત્વ-ધર્મને પામી શકાતું નથી. ધર્મપરીક્ષાને અનુકૂળ મધ્યસ્થભાવ (સ્વપક્ષના રાગ અને પરપક્ષના દ્વેષથી રહિત મનોભાવ) થી જ યથાર્થ તત્ત્વ-નિર્ણય પામી શકાય છે.

**પ્રતિકૂળ મધ્યસ્થભાવ મિથ્યાત્વરૂપ છે અને અનુકૂળ મધ્યસ્થભાવ ધર્મપરીક્ષાનું પ્રકૃષ્ટ સાધન છે.**

**અહીં ઉલ્લેખનીય છે કે...** સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ છે. એ રત્નત્રયીમાં સમ્યગ્દર્શન અતિ અતિ અનિવાર્ય છે. એના વિના જ્ઞાન-ચારિત્ર શુદ્ધ અને મોક્ષના કારણ બની શકતા નથી.

સમ્યગ્દર્શનને પામવા મિથ્યાત્વનો નાશ કરવો જરૂરી છે અને મિથ્યાત્વનો નાશ કરવા અસદ્ગ્રહનો નાશ કરવો આવશ્યક છે. અસદ્ગ્રહના મૂળમાં અનાદિકાલિન મિથ્યા વાસનાઓ છે. તે મિથ્યાવાસનાઓનું ઉન્મૂલન (જિનવચનના પરિશીલનથી પ્રાપ્ત થયેલા) તત્ત્વના યથાર્થ બોધથી થાય છે અને જિનવચનને યથાર્થ રીતે સમજવા માટે એની કષ-છેદ-તાપથી અને હેતુ-સ્વરૂપ-ફલથી પરીક્ષા કરવી પડે છે. તેના માટે મધ્યસ્થભાવ જરૂરી છે.

તદુપરાંત, વિશ્વમાં અનેક પ્રકારના મતમતાંતર પ્રવર્તતા હોય ત્યારે આપણી બુદ્ધિને (વિપર્યાસાત્મક ન બને એ માટે – ભ્રમણાથી મુક્ત રહે એ માટે) નિર્મલ રાખવા પણ યથાર્થ તત્ત્વનો નિર્ણય મધ્યસ્થભાવથી જ કરવાનો હોય છે.

વળી, અધ્યાત્મસાધનામાં આપણી ચિત્તની શુદ્ધિને જાળવવી અને ધર્મધ્યાનમાં રહેવું ખૂબ આવશ્યક હોય છે. એવા અવસરે ચિત્તશુદ્ધિ-ધર્મધ્યાનને પામવા-ટકાવવા માટે, આપણી આજુબાજુમાં રહેલા વિશ્વમાં અનેક પ્રકારના લોકો રહેલા હોય છે, તેમાં ગુણવાન આત્માઓ પ્રત્યે પ્રમોદભાવ, શારીરિક-માનસિક રીતે દુઃખી જીવો પ્રત્યે કરૂણાભાવ, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ અને દુષ્ટ-ક્રૂર-અવિનયી જીવો પ્રત્યે મધ્યસ્થભાવ = ઉપેક્ષાભાવ રાખવાનો છે. આ પરિપ્રેક્ષ્યમાં પણ મધ્યસ્થભાવનાનો ઉપયોગ થાય છે.

**⇨ ચાર પ્રકરણમાં વિભાજિત આ પુસ્તકના...**

→ **પ્રથમ પ્રકરણમાં....** અનુકૂળ અને પ્રતિકૂળ મધ્યસ્થભાવ અંગેની વિચારણા કરી છે અને તેની સાથે જોડાયેલા પ્રશ્નોના શાસ્ત્રાધારે જવાબ આપ્યા છે.

પ્રતિકૂળ મધ્યસ્થભાવ દોષરૂપ છે. આજ્ઞાભંગ થતો જોઈને જે મધ્યસ્થતા ધારણ કરી મૌન રહે છે, તે અવિધિને અનુમોદન આપે છે

અને તેના કારણે તેના વ્રતોનો લોપ થાય છે, એવું સંબોધ પ્રકરણ ગ્રંથમાં કહ્યું છે.

તત્ત્વનિર્ણયના પરમ સાધનભૂત શાસ્ત્રનો મહિમા, શાસ્ત્રનો આદર કરવાની આવશ્યકતા વગેરે વાતોને પણ વિસ્તારથી યોગબિંદુ વગેરે ગ્રંથોના આધારે વિચારી છે. જેઓ એમ કહે છે કે – 'બધે શાસ્ત્ર શાસ્ત્ર શું કરો છો ?' - તેમના માટે જ્ઞાનસાર, યોગબિંદુ, ષોડશક પ્રકરણ વગેરે ગ્રંથોના પાઠો શાંતચિત્તે વિચારવા જેવા છે. **પરમ આધારનું અવમૂલ્યન કરવું કે લોકસંજ્ઞાને આધીન બની તેને બાજુ ઉપર મૂકવા એ અતિ ભયંકર દોષ છે.**

→ **બીજા પ્રકરણમાં...** મધ્યસ્થનું માર્ગકથન નિંદારૂપ નથી - એ અંગેની વિચારણા કરી છે. રાગ-દ્વેષરહિતપણે મધ્યસ્થ બનીને વક્તા સુ-કુનો વિવેક કરે કે ઉન્માર્ગ-સન્માર્ગ તથા ઉન્માર્ગી-સન્માર્ગીની ભેદરેખા સ્પષ્ટ કરે, તો તેવા કથનને ક્યારેય શાસ્ત્રકારોએ નિંદારૂપ કહી નથી. આ વાતની વિસ્તારથી સ્પષ્ટતા કરી છે.

→ **ત્રીજા પ્રકરણમાં...** પ્રશ્નોત્તરીના માધ્યમે શાસ્ત્રકાર મહર્ષિઓની દૃષ્ટિએ અન્યદર્શનો-અન્ય નવા પંથોની વિચારણા, સંઘ-જૈન-ગચ્છ વગેરેનું સ્વરૂપ, મધ્યસ્થભાવ સાથે સંબંધિત અનેક વિષયોની સ્પષ્ટતા તથા તિથિપ્રશ્ન સિદ્ધાંતનો છે કે સામાચારીનો છે ? અને પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના નામે ચાલતા અપપ્રચારોનો જવાબ વગેરે વિષયોની વિચારણા કરી છે.

→ **ચોથા પ્રકરણમાં....** આધ્યાત્મિક અનુસંધાનમાં મધ્યસ્થભાવનું નિરૂપણ કર્યું છે. તેમાં પણ કઈ ઉપેક્ષાભાવના દોષરૂપ છે અને કઈ ઉપેક્ષાભાવના ગુણરૂપ છે, તે વિચારણા કરવામાં આવી છે.

પુસ્તક જ બોલતું હોય ત્યારે અહીં વધારે લખવાની જરૂર નથી. **બાકી જે કેટલુંક સત્ય, કે જે નક્કર હકીકત સ્વરૂપ હોવા છતાં કડવું લાગે તેવું લખવાની ફરજ પડી છે, તેમાં કોઈના પ્રત્યેનો દ્વેષ-દુર્ભાવ**

**નિમિત્ત નથી, પરંતુ તપાગચ્છની ઉત્તમ નીત્તિનું પાલન કરવાની એક ફરજરૂપે જ લખાયું છે. એને આરોગ્યપ્રાપક-વર્ધક કડવા પણ પરિણામે હિતકર ઔષધ તરીકે સ્વીકારવા સૌ કોઈને નમ્ર વિનંતિ-ભલામણ છે.** અમારો કોઈને ખુલ્લા પાડવાનો કે કોઈની ભૂલ બતાવીને એની માનહાનિ કરવાનો લેશમાત્ર ઈરાદો નથી, પરંતુ સન્માર્ગ-ઉન્માર્ગની ભેદરેખા સ્પષ્ટ કરી આપવાની એકમાત્ર ફરજના ભાગરૂપે આ નાનકડો પ્રયાસ કરાયો છે. બાકી અત્યારે શાસ્ત્ર સાથે સંમત ન હોય તેવી અઢળક વાતો પ્રચારાતી-પ્રસારાતી હોય છે. તે બધાની સમીક્ષા કરવા જઈએ તો એક-એક વિષય ઉપર એક-એક પુસ્તક રચવું પડે તેવી હાલત છે.

→ બીજી વાત, છેલ્લા કેટલાક વર્ષોથી **''તિથિપ્રશ્ન સિદ્ધાંતનો નથી પણ સામાચારીનો છે અને જેને જે સામાચારી પાળવી હોય તે પાળી શકે, સામાચારીભેદમાં વિરોધ-વિવાદ કરવાનો ન હોય, સામાચારીભેદ હોવાથી કોઈ ઉદયતિથિની આરાધના ન કરે તો પણ તેને મિથ્યાત્વાદિ ચાર દોષો લાગી જતા નથી.''** વગેરે વગેરે ઘણા અપપ્રચારો ચાલે છે.'' - તે બધાની વિચારણા પણ કરવી અત્યંત જરૂરી છે. પણ પુસ્તકનું કદ વધી જવાના કારણે તે વિષયની આંશિક વિચારણા અહીં કરી છે.

વિશેષ વિચારણા **''તિથિનિર્ણય સિદ્ધાંત કે સામાચારી ?''** - આ નામના અલગ પુસ્તકમાં કરવામાં આવી છે. જિજ્ઞાસુવર્ગે ત્યાંથી જોવા ભલામણ.

આ પુસ્તકમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ કહેલી વાતો જ નોંધાઈ છે. અમારા ઘરનું અમે કશું મૂક્યું નથી. છતાં ઘણાને ગમશે અને ઘણાને નહીં ગમે, એ અમને ખબર છે. છતાં પ્રભુશાસન પ્રત્યેના અમારા કર્ત્તવ્યના એક ભાગરૂપે આ પ્રયાસ કર્યો છે. તેને સૌ કોઈ આરાધકવર્ગ ઉત્તમ ઔષધ રૂપે અનુકૂળ કરીને માનશે-સ્વીકારશે એવી આશા રાખું છું.

ઘણી વખત માર્ગની રક્ષા માટે શાસ્ત્રકારોની નક્કર વાતો-સત્ય હકીકતો નિરૂપાયે રજુ કરવી પડે છે. ત્યારે પૂજ્યપાદ શ્રી આનંદઘનજી

મહારાજાનું એક પદ સ્મૃતિપથમાં ઉપસ્થિત થાય છે કે –

**“જેહનો પક્ષ લઈ બોલું, તે મનમાં સુખ આણે,**
**જેહનો પક્ષ મૂકીને બોલું, જન્મ લગે ચિત્ત તાણે..”**

પક્ષો સામે જ છે. શાસ્ત્રવચનો પણ સામે જ છે. શાસ્ત્રવચનો જે પક્ષનું સમર્થન કરતા હોય તે પક્ષ સાચો અને જે પક્ષનું સમર્થન ન કરતા હોય તે પક્ષ ખોટો - આ શાસ્ત્રીય ન્યાય સામે શાસ્ત્રપ્રેમી-સત્યપ્રેમી એવા કોઈને પણ આનાકાની હોઈ જ ન શકે. બે પક્ષ કોર્ટમાં જાય છે, ત્યારે ન્યાયાધીશ બંનેને મધ્યસ્થભાવે સાંભળે છે. બંને પક્ષની તમામ દલીલો ઉપર ઊંડી વિચારણા કરે છે અને કાયદાશાસ્ત્રની કલમો સાથે સરખાવે છે. તેમાંથી જે પક્ષની દલીલોમાં વજૂદ દેખાય તેને સાચો કહે છે અને નબળી કે ખોટી દલીલોવાળા પક્ષને ખોટો કહે છે. ન્યાયાધીશ બંને પક્ષને સાંભળતાં મધ્યસ્થ રહે છે. પરંતુ ચૂકાદો આપતી વખતે એકની તરફેણમાં આપે છે. પરંતુ ગોળગોળ વાતો કરતો નથી. ત્યારે મધ્યસ્થ બનીને બેસી રહેતો નથી. એ જ રીતે અનેક પક્ષોને શાસ્ત્રીય રીતે ચકાસીને જે પક્ષ સાચો લાગે તેને સત્યરૂપે અને જે પક્ષ ખોટો લાગે તેને અસત્યરૂપે ઘોષિત કરવો એ જ તપાગચ્છની નીતિ છે. તપાગચ્છની નીતિ, ક્ષીરનીરની જેમ સત્ય-અસત્ય અલગ થઈ ગયા પછી પણ ગોળગોળ વાતો કરવાનું કે મધ્યસ્થ બની રહેવાનું કહેતી જ નથી. **સંબોધ પ્રકરણમાં તો ત્યાં સુધી કહ્યું છે કે** - આજ્ઞાનો લોપ થતો જોઈને (અર્થાત્ વિધિના બદલે અવિધિનું સ્થાપન-પ્રવર્તન-પ્રસારણ થતું જોઈને) પણ જે મધ્યસ્થ બની રહે છે તથા **“આ વિધિ છે અને આ અવિધિ છે.”** આવું જણાવતો નથી અને મૌન બનીને બેસી રહે છે. તેવા પ્રતિકૂળ (દોષરૂપ) મધ્યસ્થભાવવાળા જીવો અવિધિનું અનુમોદન કરે છે અને પોતાના વ્રતોનો લોપ કરે છે.”

અવિધિ ખૂબ ભયંકર દોષ છે. અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથમાં વર્ણવેલા ‘ધર્મને મલિન કરનારા ૧૩ દોષો’માં તે ત્રીજા નંબરનો દોષ છે. દોષને

ગુણરૂપે માનવાની ભૂલ કરવા જેવી નથી. આ વિષમકાળમાં સંઘયણ આદિની હાનિના કારણે પ્રભુએ બતાવેલા આચારો પૂર્ણપણે પાળવાની શક્તિ ન હોવા છતાં (આ વિષમકાળમાં) દર્શનપક્ષ (શ્રદ્ધાનપક્ષ) તારક બને છે. આ દર્શનપક્ષ **પૂ.મહોપાધ્યાયશ્રી યશોવિજયજીએ અધ્યાત્મસાર** ગ્રંથના વીસમા અધિકારમાં નીચે મુજબ જણાવ્યો છે[૧] –

"પૂર્ણ આચાર પાળવામાં અમે અસમર્થ છીએ એટલે ઈચ્છાયોગને અવલંબીને પરમ મુનિઓની ભક્તિ વડે તેમના માર્ગને અનુસરીએ છીએ. (૨૦-૨૯)

એમાં (ઈચ્છાયોગના ઘરની આરાધનામાં) જે થોડી પણ નિર્દંભ યતના થાય છે, તે શુભ અનુબંધ કરનારી છે. વળી, આત્માના ભાવોનું વિવેચન અજ્ઞાનવિષનો નાશ કરનારું છે. (૨૦-૩૦)

સિદ્ધાંત અને તેના અંગભૂત શાસ્ત્રોનો (ભલે) અમને શક્તિ પ્રમાણે પરિચય હોય, પરંતુ અમારે આલંબનભૂત તો આ **દર્શનપક્ષ** (તત્ત્વશ્રદ્ધાન) જ છે. (૨૦-૩૧)

વિધિમાર્ગનું કથન કરવું, વિધિ પ્રત્યે રાગ રાખવો, વિધિની ઈચ્છા રાખનારા જીવોનું વિધિમાં સ્થાપન કરવું અને અવિધિનો નિષેધ કરવો – આ અમારી પ્રસિદ્ધ **પ્રવચનભક્તિ** છે. (૨૦-૩૨)

અધ્યાત્મભાવનાથી ઉજ્જવળ ચિત્તવૃત્તિને યોગ્ય એવું આ અમારું કૃત્ય છે. વળી અમને પૂર્ણ ક્રિયાની અભિલાષા છે. આ બે આત્માની શુદ્ધિ કરનાર છે. (૨૦-૩૩)

શક્યનો આરંભ અને શુદ્ધનો પક્ષ (= આગ્રહ) - એ બે અહીં શુભાનુબંધ રૂપ છે. તથા એનાથી વિપરીત તે અહિતકર છે. આ અનુભવ સંગત પંથ છે.[૨] (૨૦-૩૪)

---

૧. વીસમા અધિકારના ૨૯।૩૦।૩૧।૩૨ નંબરના શ્લોકો આ પુસ્તકમાં એક સ્થળે આપ્યા છે. ૨. अध्यात्मभावनोज्जवल-चेतोवृत्त्योचितं हि नः कृत्यम् । पूर्णक्रियाभिलाषश्चेति द्वयमात्म-शुद्धिकरम् ॥२०-३३॥ द्वयमिह शुभानुबन्धं, शक्यारम्भश्च शुद्धपक्षश्च । अहितो विपर्ययः पुन-रित्यनुभवसङ्गतः पन्थाः ॥२०-३४॥

**પૂ. મહોપાધ્યાયશ્રીએ આ કાળમાં આપણું શું કર્તવ્ય છે, તે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે. આત્માર્થી જીવો એ જ અનુસરશે અને એ વાત જે અનુસરશે તે કુશલાનુબંધી બનશે.** બાકી સ્વતંત્રમતિને વશ બની શાસ્ત્રથી વિરુદ્ધ વર્તન-પ્રરૂપણા કરશે, તે દુર્લભબોધિ બનશે, એ સ્હેજે સમજી શકાય તેવી વાત છે.

→ બાકી, વિષમકાળના પ્રભાવે... **પ્રથમ નંબરે તો...** આપણે જે કંઈ ગુમાવ્યું હોય, તે પાછું મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ જે બચ્યું છે તેને પણ મૂકી દેવાની ભૂલ ન કરાય. **બીજા નંબરે** – જાણતા નહોતા ત્યારે અને જાણ્યા પછી પણ કારણોસર કશુંક નભાવી લેવું પડે, એટલા માત્રથી તે સુવિહિત ન બની જાય. **ત્રીજા નંબરે** – શાસ્ત્રની દૃષ્ટિએ જે ખોટું છે, તેને પુણ્ય-પ્રભાવાદિની ઉણપના કારણે નાથી ન શક્યા હોઈએ, એટલા માત્રથી એને માન્ય ન કરી લેવાય. શાસનાશ્રય ન અપાય. ઘણા દેશોમાં વિભિન્નસ્વરૂપે આતંકવાદ પ્રવર્તે છે. પરંતુ તેને નાથવાનો પ્રયત્ન ચાલું જ છે. કોઈ એવા આતંકવાદને રાજ્યાશ્રય ન આપે. જેણે પણ (બિનસત્તાવારરૂપે પણ) આતંકવાદને રાજ્યાશ્રય આપ્યો છે, તે દેશ દુનિયામાં બદનામ થયો છે અને તેના માઠા ફળ પણ ભોગવી રહ્યો છે. એ જ રીતે ખોટી વાતને નાથી ન શકાય તે જુદી વાત છે. પરંતુ એને ગચ્છાશ્રય-સમુદાયાશ્રય-ગણાશ્રય-સંઘાશ્રય આપવો એ ઘણી મોટી ભૂલ છે. તેના માઠા ફળ ભોગવવાના આવે છે.

કદાચ કોઈને અટકાવી ન શકીએ – નાથી ન શકીએ, એ વાત અલગ છે, પરંતુ એ માર્ગ શાસ્ત્રસાપેક્ષ નથી એ તો વેળાસર જાહેર કરી જ દેવું પડે છે. તો જ જીવો ઉન્માર્ગથી બચી શકે. સ્વયં પ્રભુ જમાલિજીને અટકાવી નથી શક્યા. પરંતુ જમાલિજી ખોટા છે તે તો પ્રભુએ તુરંત જાહેર કરી જ દીધું છે. સન્માર્ગની સુરક્ષામાં આ કાર્ય નિરંતર ચાલ્યા જ કરે છે. તે તે કાળના મહાપુરુષોએ પોતાનું ઉત્તરદાયિત્વ સમજીને માન-અપમાનની દરકાર રાખ્યા વિના સન્માર્ગનું પ્રકાશન અને

ઉન્માર્ગનું ખંડન કર્યું જ છે. **વળી જે લોકો એમ કહે છે કે, અસત્યનો-અપસિદ્ધાંતનો વિરોધ કરવામાં શક્તિઓ વેડફાય છે, તે લોકો પોતાની કરણી-કથનીથી સત્ય માટે ભારી સંઘર્ષો કરનારા પૂર્વમહાપુરુષોને ખોટા ઠેરવે છે.** આ એમની શાહમૃગવૃત્તિ છે.

અમે આજે જે વિષયને લઈને ઉપસ્થિત થયા છીએ તેમાં શ્રીસંઘજનો એને વિરોધરૂપે ન સમજે, પરંતુ સ્વસ્થ શાસ્ત્રીય ચર્ચા સમજીને, આમાં લખાયેલી વાતો ઉપર મધ્યસ્થ બનીને, પર્યાપ્ત વિચારણા કરશે, તો જરૂરથી તત્ત્વ પ્રાપ્ત થશે, એવી શ્રદ્ધા છે.

અમને વિવાદ કરવામાં રસ નથી, કોઈને ખુલ્લા પાડીને માનહાનિ કરવાની અમારી મલિન વૃત્તિ નથી અને કોઈને ખરાબ-ખોટા કહેવાનું અમારા સંસ્કારમાં નથી. માત્ર શાસ્ત્રીય સત્ય જણાવવાની અમારી ફરજના એક ભાગ રૂપે આ પ્રયાસ છે. તેને તે સ્વરૂપે સૌ સ્વીકારશે એવી શુભાભિલાષા.

શાસ્ત્રકાર મહર્ષિઓના ટંકશાળી વચનોને આધારે શાસ્ત્ર અને સુવિહિત પરંપરાથી વિશુદ્ધ બનેલા માર્ગને ઓળખી-આરાધી સૌ આરાધકો શીઘ્રગતિએ મોક્ષસુખને પામે એજ એક શુભાભિલાષા.

ભા.સુ. ૫,
વિ.સં. ૨૦૭૪.
તા. ૧૪-૯-૨૦૧૮,
શુક્રવાર.

લિ.
**મુ. સંયમકીર્તિ વિ.**
શ્રી રમણલાલ છગનલાલ આરાધના ભવન,
નવસારી

## વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પૂ.નં. |
|---|---|---|
| **(૧)** | **પ્રકરણ-૧ : અનુકૂળ-પ્રતિકૂળ મધ્યસ્થભાવ** | **૧** |
| | (૧) તત્ત્વનિર્ણયની આવશ્યકતા | ૧ |
| | (૨) તત્ત્વનિર્ણય કોને આધારે કરવાનો ? | ૧ |
| | ⇨ શાસ્ત્રનો મહિમા | ૩ |
| | → શાસ્ત્રભક્તિ વિના બધું નકામું છે | ૧૦ |
| | → શાસ્ત્ર ન માનનારા અપ્રમાણભૂત છે | ૧૩ |
| | → આજ્ઞાબાહ્ય પરિણામ સુંદર નથી | ૧૬ |
| | → કેટલીક પ્રશ્નોત્તરી | ૧૮ |
| | (૩) તત્ત્વનિર્ણયને અનુકૂળ-પ્રતિકૂળ મધ્યસ્થભાવ | ૨૨ |
| | ⇨ મધ્યસ્થભાવનું સ્વરૂપ | ૨૪ |
| | → દોષરૂપ મધ્યસ્થભાવ કેવો હોય ? | ૨૯ |
| | → ગુણરૂપ મધ્યસ્થભાવ કેવો હોય ? | ૩૦ |
| | → તત્ત્વનિર્ણય પછીનું કર્ત્તવ્ય | ૩૧ |
| | → પ્રતિકૂળ મધ્યસ્થભાવના અનર્થો | ૩૨ |
| | → કેટલીક પ્રશ્નોત્તરી | ૩૩ |
| | → મધ્યસ્વભાવ સ્થિર બનાવવાનો ઉપાય-પ્રશ્નોત્તરી | ૩૭ |
| **(૨)** | **પ્રકરણ-૨ : મધ્યસ્થનું માર્ગકથન નિંદારૂપ નથી** | **૪૪** |
| | → માર્ગકથનની આવશ્યકતા | ૪૪ |
| | → મધ્યસ્થનું માર્ગકથન નિંદારૂપ નથી | ૪૫ |
| | → આર્દ્રકુમાર અને ગોશાલકનો વાર્તાલાપ | ૫૪ |
| | → સત્યકથન - એ સમ્યગ્દર્શનની સેવા છે | ૬૧ |
| **(૩)** | **પ્રકરણ-૩ : પ્રશ્નોત્તરી (સાંપ્રત પ્રશ્નોના ગ્રંથકાર મહર્ષિઓએ આપેલ ઉત્તરો)** | ૬૨ |
| | → **પ્રશ્નોત્તર-૧** (સંઘનું સ્વરૂપ) | ૬૨ |
| | → **પ્રશ્નોત્તર-૨** | ૬૮ |
| | → **પ્રશ્નોત્તર-૩** (મહાજન કોને કહેવાય ?) | ૬૯ |
| | → **પ્રશ્નોત્તર-૪** (ઉપમિતિ અંગે ખુલાસો) | ૭૦ |
| | → **પ્રશ્નોત્તર-૫** (શાસનનો ઉચ્છેદ ક્યારે થાય ?) | ૭૫ |
| | → **પ્રશ્નોત્તર-૬** (કઈ આચારણા વિહિત છે) | ૭૮ |
| | → **પ્રશ્નોત્તર-૭** (એકાંત નિશ્ચયવાદીઓને જવાબ) | ૭૮ |
| | → **પ્રશ્નોત્તર-૮** (પૂ.દેવસૂરિ મ.ની સામાચારી અંગે ખુલાસો અને જીતવ્યવહારનાં લક્ષણો) | ૯૨ |
| | → **પ્રશ્નોત્તર-૯** (ચારે ફિરકામાં સમ્યક્ત્વની સામગ્રી અંગે વિમર્શ) | ૧૦૬ |
| | → **પ્રશ્નોત્તર-૧૦** (શાસ્ત્રકારોની દૃષ્ટિએ નવા પંથો : જ્ઞાન-ક્રિયાથી જ મોક્ષ) | ૧૧૩ |
| | → **પ્રશ્નોત્તર-૧૧** (ક્યા વ્યવહારો આદરણીય છે) | ૧૩૯ |
| | → **પ્રશ્નોત્તર-૧૨** (અન્ય ગચ્છના પ્રતિષ્ઠિત જિનબિંબોની વંદનીયતા અંગે ખુલાસો) | ૧૪૩ |
| | → **પ્રશ્નોત્તર-૧૩** (પૂ.હીરસૂરિજી મ.ના ૧૨ બોલના પટ્ટક અંગે ખુલાસો) | ૧૪૪ |

| ક્રમ | વિષય | પૃ.નં. |
|---|---|---|
| → | **પ્રશ્નોત્તર-૧૪** (મોક્ષમાર્ગ-સંસારમાર્ગની વિચારણા) | ૧૫૦ |
| → | **પ્રશ્નોત્તર-૧૫** (મતભેદ ઉભા થાય ત્યારે શું કરવું જોઈએ ?) | ૧૫૦ |
| → | **પ્રશ્નોત્તર-૧૬** (માન્યતાભેદના અવસરે કર્ત્તવ્ય) | ૧૫૧ |
| → | **પ્રશ્નોત્તર-૧૭** ('**तत्त्वं तु केवलिगम्यम्**' નું રહસ્ય) | ૧૫૧ |
| → | **પ્રશ્નોત્તર-૧૮** (ઉત્સૂત્ર-સસૂત્ર પ્રરૂપણાનું સ્વરૂપ) | ૧૫૪ |
| → | **પ્રશ્નોત્તર-૧૯** (ઉત્સૂત્ર પ્રરૂપણાથી અનંત સંસાર કેમ ? સાવદ્યાચાર્યનું ઉદાહરણ) | ૧૫૭ |
| → | **પ્રશ્નોત્તર-૨૦** (કહેવાતા દાદા ભગવાનની અનુચિત પ્રવૃત્તિ) | ૧૬૫ |
| → | **પ્રશ્નોત્તર-૨૧** (અન્યદર્શનકારો-અન્ય પંથોવાળા પ્રત્યે કેવું વલણ હોવું જોઈએ ?) | ૧૬૬ |
| → | **પ્રશ્નોત્તર-૨૨-૨૩** (શાસ્ત્રવિરુદ્ધ બોલ-નારનો વૈરાગ્ય ક્યા પ્રકારનો હોય ?) | ૧૬૭-૧૬૮ |
| → | **પ્રશ્નોત્તર-૨૪** (સત્યને ટકાવવા શું કરવું જોઈએ ?) | ૧૭૦ |
| → | **પ્રશ્નોત્તર-૨૫** (અસત્યનો પ્રતિકાર કરાય કે નહીં ?) | ૧૭૧ |
| → | **પ્રશ્નોત્તર-૨૬** (સત્ય માટે સંઘર્ષ કરાય કે નહીં ?) | ૧૭૧ |
| → | **પ્રશ્નોત્તર-૨૭** (અન્ય પ્રત્યે મધ્યસ્થભાવ કેવી રીતે રાખવો ?) | ૧૭૨ |
| → | **પ્રશ્નોત્તર-૨૮** (ગુણો ક્યારે અવગુણ બને ?) | ૧૭૬ |
| → | **પ્રશ્નોત્તર-૨૯** (સત્ય પણ 'અસત્ય' રૂપ ક્યારે બને ?) | ૧૭૬ |
| → | **પ્રશ્નોત્તર-૩૦** (એકાંત વાસના પેદા થવાનું કારણ) | ૧૭૭ |
| → | **પ્રશ્નોત્તર-૩૧** (અવિધિ નુકશાન કરે કે નહીં ?) | ૧૭૭ |
| → | **પ્રશ્નોત્તર-૩૨** (આત્મકલ્યાણનો માર્ગ) | ૧૮૦ |
| → | **પ્રશ્નોત્તર-૩૩** (પરિવારમાં માન્યતાભેદ હોય તો શું કરવું ?) | ૧૮૦ |
| → | **પ્રશ્નોત્તર-૩૪** (માન્યતાભેદોમાં ઉપદેશકનું કર્ત્તવ્ય) | ૧૮૧ |
| → | **પ્રશ્નોત્તર-૩૫** (આચરણા યથાશક્તિ અને માન્યતા સંપૂર્ણનું રહસ્ય) | ૧૮૧ |
| → | **પ્રશ્નોત્તર-૩૬** (વંદનીય-અવંદનીય અંગે ખુલાસો) | ૧૮૨ |
| → | **પ્રશ્નોત્તર-૩૭** (સાચા જૈનત્વનું સ્વરૂપ) | ૧૮૩ |
| → | **પ્રશ્નોત્તર-૩૮** (મિથ્યાદષ્ટિનું જ્ઞાન 'અજ્ઞાન' કેમ ?) | ૧૮૬ |
| → | **પ્રશ્નોત્તર-૩૯** (સ્યાદ્વાદનું સ્વરૂપ) | ૧૮૯ |
| | - વસ્તુની અનંતધર્માત્મકતા | ૧૯૩ |
| | - સમ્યગ્ એકાંત વિના અનેકાંત ઘટી શકતો નથી. | ૧૯૫ |
| | - એકાંત વિધિ-નિષેધ નથી - આ વિધાનનું રહસ્ય | ૧૯૭ |
| | - ક્યાં સમ્યગ્ એકાંત અને ક્યાં અનેકાંત ? | ૧૯૭ |
| | - સ્યાદ્વાદ સિદ્ધાંતની દૃષ્ટિએ અન્યદર્શનકારો | ૧૯૯ |

| ક્રમ | વિષય | પૃ.નં. |
|---|---|---|


- સ્યાદ્વાદ સિદ્ધાંતની દૃષ્ટિએ નવા પંથો .................... ૨૦૦
- શાસ્ત્રવચનોની ત્રિવિધતા ...... ૨૦૦

→ **પ્રશ્નોત્તર-૪૦** (અન્ય દર્શનના શાસ્ત્રો અંગે ખુલાસો) .......... ૨૦૨
→ **પ્રશ્નોત્તર-૪૧** (અન્ય દર્શનોનું ખંડન કરાય કે નહીં ?) ........ ૨૦૭
→ **પ્રશ્નોત્તર-૪૨** (બધાને સમાન માનવાથી કયો દોષ લાગે ?) .. ૨૦૮
→ **પ્રશ્નોત્તર-૪૩** (પૂ.હીરસૂરિજી મ.નો પટ્ટક) .................... ૨૦૮
→ **પ્રશ્નોત્તર-૪૪** (પૂ. હરિભદ્રસૂરિજી મ.સા.ના નામે ચાલતા અપપ્રચારોનો પ્રતિકાર) .......... ૨૦૯

(૧) અદ્વેષ અંગે પરિશીલન .......... ૨૧૦
(૨) સંઘર્ષ ક્યારે અને સમન્વય ક્યારે ? .............. ૨૧૨
(૩) પતંજલિ આદિને 'મહામુનિ' કેમ કહ્યા ? ...................... ૨૧૪
(૪) મતાગ્રહ નહીં, તત્ત્વાગ્રહ રાખવો ............... ૨૧૬
(૫) વિરોધ એ સાધનાનો વિરોધાભાસ છે કે સત્યનો રક્ષક છે ? ............ ૨૧૭

→ **પ્રશ્નોત્તર-૪૫** (સત્યનો આગ્રહ ગુણ કે દોષ ?) ............... ૨૧૯
→ **પ્રશ્નોત્તર-૪૬** ('આણાએ ધમ્મો' આ ભાવ ક્યારથી પ્રગટે ?) ... ૨૧૯
→ **પ્રશ્નોત્તર-૪૭** (કદાગ્રહનું કારણ)............... ૨૨૦
→ **પ્રશ્નોત્તર-૪૮** (સદાગ્રહ-કદાગ્રહનું સ્વરૂપ)..... ૨૨૨
→ **પ્રશ્નોત્તર-૪૯** (કદાગ્રહની ભયંકરતા) .......... ૨૨૨
→ **પ્રશ્નોત્તર-૫૦** (કદાગ્રહ-અભિનિવેશ નાશ કઈ રીતે પામે ?)......... ૨૨૬
→ **પ્રશ્નોત્તર-૫૧** (સંઘ એકતા માટે સિદ્ધાંતોમાં બાંધછોડ થાય કે નહીં ?) ............... ૨૨૭
→ **પ્રશ્નોત્તર-૫૨-૫૩** (તિથિપ્રશ્ન સિદ્ધાંતનો છે કે સમાચારીનો છે ?) ............ ૨૩૦
→ **પ્રશ્નોત્તર-૫૪-૫૫** (દ્રવ્યશ્રુત-ભાવશ્રુત અંગે ખુલાસો) .................. ૨૪૦-૨૪૨

(૪) **પ્રકરણ-૪ : આધ્યાત્મિક અનુસંધાનમાં માધ્યસ્થ્યભાવના .. ૨૪૫**

→ ભવસ્થિતિ-કર્મસ્થિતિનું ચિંતન કરવું...................... ૨૪૬
→ સર્વ જીવો પ્રત્યે ઉદાસીન બનો ................... ૨૪૬
→ બળાત્કારે ધર્મ ન પમાડી શકાય .................... ૨૪૮
→ કોઈના ઉપર કોપ ન કરવો ..... ૨૪૮
→ જેવી ગતિ તેવી મતિ............ ૨૪૮
→ માધ્યસ્થ્યભાવમાં વિશ્રામ પામો .................... ૨૪૯
→ ઉદાસીનભાવ અમૃત છે ......... ૨૪૯
→ ઉદાસીનતાથી મોક્ષસુખ.......... ૨૫૦
→ માધ્યસ્થ્યભાવનામાં પરિશીલનની શૈલી ............. ૨૫૧
→ નિષ્કર્ષ-જ્ઞાનીઓનો ઉપદેશ ..... ૨૫૨

# * સંદર્ભ ગ્રંથોની યાદી *

| ક્ર. | ગ્રંથનું નામ | કર્તા |
|---|---|---|
| ૧) | અધ્યાત્મ કલ્પદ્રુમ | પૂ. મુનિસુંદરસૂરિજી મ.સા. |
| ૨) | અધ્યાત્મસાર | પૂ. મહો. યશોવિજયજી મ.સા. |
| ૩) | અયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા | પૂ. કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરિ મ. |
| ૪) | અષ્ટક પ્રકરણ | પૂ.હરિભદ્રસૂરિજી મ. |
| ૫) | આપ્તમીમાંસા | |
| ૬) | ઉપદેશ પદ | પૂ.હરિભદ્રસૂરિજી |
| ૭) | ઉપદેશ રહસ્ય | પૂ. મહો. યશોવિજયજી મ.સા. |
| ૮) | ઉપદેશમાલા | પૂ. સિદ્ધર્ષિગણિ |
| ૯) | ઉપમિતિ ભવપ્રપંચકથા | શ્રી સિદ્ધર્ષિગણિ |
| ૧૦) | ઓઘનિર્યુક્તિ | પૂ. ભદ્રબાહુ સ્વામી |
| ૧૧) | ગુરુતત્ત્વ વિનિશ્ચય | પૂ. મહો. શ્રીયશોવિજયજી મ. |
| ૧૨) | જ્ઞાનબિંદુ | પૂ. મહો. શ્રીયશોવિજયજી મ. |
| ૧૩) | જ્ઞાનસાર-જ્ઞાનમંજરી ટીકા | પૂ. મહો. શ્રીયશોવિજયજી મ.<br>પૂ. દેવચંદ્રજી મહારાજા |
| ૧૪) | તત્ત્વાર્થસૂત્ર | પૂ. વાચકપ્રવર ઉમાસ્વાતિજી મ. |
| ૧૫) | ધર્મ પરીક્ષા | પૂ. મહો. યશોવિજયજી મ. |
| ૧૬) | દીપોત્સવ કલ્પ | પૂ. કલિકાલ સર્વજ્ઞશ્રી |
| ૧૭) | ધર્મસંગ્રહ | પૂ. મહો. માનવિજયજી મ. |
| ૧૮) | નયોપદેશ | પૂ. મહોપાધ્યાયશ્રીજી મ. |
| ૧૯) | ન્યાયાવતારવૃત્તિ | પૂ. શાંતિસૂરિજી મ. |
| ૨૦) | પંચસૂત્ર ટીકા | પૂ. હરિભદ્રસૂરિજી મ. |
| ૨૧) | પ્રવચન પરીક્ષા | પૂ. ઉપા.ધર્મસાગરજી મ. |
| ૨૨) | મહાનિશિથ સૂત્ર | આગમસૂત્ર |
| ૨૩) | માર્ગ બત્રીસી | પૂ.મહો. શ્રીયશોવિજયજી મ.સા. |
| ૨૪) | મિત્રા બત્રીસી | પૂ.મહો. શ્રીયશોવિજયજી મ.સા. |
| ૨૫) | યોગદૃષ્ટિ સમુચ્ચય | પૂ. હરિભદ્રસૂરિજી મહારાજા |
| ૨૬) | યોગબિંદુ | પૂ. હરિભદ્રસૂરિજી મહારાજા |
| ૨૭) | યોગવિંશિકા ટીકા | પૂ.મહો. શ્રીયશોવિજયજી મ. |

| ક્ર. | ગ્રંથનું નામ | કર્તા |
|---|---|---|
| ૨૮) | યોગશાસ્ત્ર | કલિકાલ સર્વજ્ઞ પૂ. હેમચંદ્રસૂરિ મ. |
| ૨૯) | લલિત વિસ્તરા | પૂ.હરિભદ્રસૂરિજી મ.સા. |
| ૩૦) | લોકતત્ત્વ નિર્ણય | પૂ. હરિભદ્રસૂરિજી મ.સા. |
| ૩૧) | વંદનકનિર્યુક્તિ | પૂ.ભદ્રબાહુ સ્વામી |
| ૩૨) | વિશેષાવશ્યક ભાષ્ય | શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ |
| ૩૩) | વીતરાગ સ્તોત્ર | કલિકાલ સર્વજ્ઞશ્રી |
| ૩૪) | શાંતસુધારસ | પૂ. વિનયવિજયજી મ.સા. |
| ૩૫) | સંબોધ પ્રકરણ | પૂ. હરિભદ્રસૂરિજી મહારાજા |
| ૩૬) | સમ્મતિતર્ક પ્રકરણ | પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિ મ. |
| ૩૭) | સમ્યક્ત્વ સપ્તતિકા | પૂ. હરિભદ્રસૂરિજી.મ. |
| ૩૮) | સેન પ્રશ્નોત્તર | પૂ. સેનસૂરિ મ. |
| ૩૯) | સ્યાદ્વાદ મંજરી | પૂ.કલિકાલસર્વજ્ઞશ્રી |
| ૪૦) | હિતોપદેશમાલા | પૂ. પ્રભાનંદ સૂરિ મ. |
| ૪૧) | હીરપ્રશ્નોત્તર | પૂ. હીરસૂરિ મ. |
| ૪૨) | ૧૦૧ બોલ સંગ્રહ | પૂ.મહો. શ્રીયશોવિજયજી મ.સા. |
| ૪૩) | ૧૨૫ (સવાસો) ગાથાનું સ્તવન | પૂ.મહો. શ્રીયશોવિજયજી મ. |
| ૪૪) | ૧૫૦ (દોઢસો) ગાથાનું સ્તવન | પૂ.મહો. શ્રીયશોવિજયજી મ. |
| ૪૫) | ૩૫૦ (સાડાત્રણસો) ગાથાનું સ્તવન | પૂ.મહો. શ્રીયશોવિજયજી મ. |

**અન્ય પુસ્તકો**

૧) દાદા ભગવાનનું આત્મવિજ્ઞાન
૨) શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા
૩) સાધુ મર્યાદા પટ્ટક

**અન્ય આધાર**

૧) અમૃતવેલની સજ્ઝાય
૨) વિ.સં ૧૯૭૬ ના સંમેલનનો ઠરાવ
૩) પૂ.આનંદઘનજી મ.ના પદ
૪) જૈન કહો ક્યું હોવે - સજ્ઝાય
૫) પૂ.મહોપાધ્યાયશ્રીજીનો શ્રાવક ઉપર લખેલો પત્ર
૬) સમકિતના સડસઠ બોલની સજ્ઝાય
૭) પૂ.હીરસૂરીશ્વરજી મહારાજાનો
બાર બોલનો પટ્ટક

✺

# પ્રકરણ-૧ : અનુકૂળ-પ્રતિકૂળ મધ્યસ્થભાવ

આ પ્રકરણમાં નીચેના મુદ્દાઓની ક્રમશઃ વિચારણા કરીશું.

(૧) તત્ત્વનિર્ણયની આવશ્યકતા
(૨) તત્ત્વનિર્ણય શાના આધારે કરવાનો ?
(૩) તત્ત્વનિર્ણયને અનુકૂળ-પ્રતિકૂળ મધ્યસ્થભાવ
(૪) તત્ત્વનિર્ણય પછીનું કર્તવ્ય
(૫) ચિત્તશુદ્ધિ-ધર્મધ્યાનને અનુકૂળ-પ્રતિકૂળ મધ્યસ્થભાવ

## (૧) તત્ત્વનિર્ણયની આવશ્યકતા :

મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર સ્વરૂપ છે[૧] તેમાં સમ્યગ્દર્શન અગત્યનું અંગ છે. તેના વિના જ્ઞાન-ચારિત્રની કોઈ કિંમત નથી. સમ્યગ્દર્શનને પામવા-ટકાવવા અને વિશુદ્ધ બનાવવા માટે તત્ત્વશ્રદ્ધાને અખંડ રાખવી અતિ અનિવાર્ય છે.

તત્ત્વશ્રદ્ધાને અખંડ રાખવા દરેક તત્ત્વોને જાણવા અને તેનો યથાર્થ નિર્ણય અર્થાત્ તત્ત્વનિર્ણય કરવો ખૂબ જરૂરી છે. એક પણ ભ્રાન્તિની હાજરીમાં જિનતત્ત્વ પ્રત્યે નિઃશંકતા પેદા થતી નથી અને એ વિના ક્યારેય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ-શુદ્ધિ-વૃદ્ધિ થઈ શકતી નથી. તદુપરાંત, તત્ત્વનિર્ણય થયા વિના અનાદિકાળથી આત્મામાં સંચિત મિથ્યાજ્ઞાનના સંસ્કારો નાશ પામતા નથી અને એ વિના પણ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી.

## (૨) તત્ત્વનિર્ણય કોને આધારે કરવાનો ?

મોક્ષમાર્ગ-અધ્યાત્મમાર્ગને પામવા અને પૂર્ણતાએ પહોંચાડવા માટે **પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી** મહારાજાએ **'અધ્યાત્મસાર'** ગ્રંથમાં ૩૩

---

१. सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः (तत्त्वार्थसूत्र १/१)

ઉપાય બતાવ્યા છે. તેમાં તેઓશ્રીએ સૌથી પ્રથમ ઉપાયમાં આગમ = શાસ્ત્રથી જ તત્ત્વનિર્ણય કરવાનું ફરમાવ્યું છે. બીજા ઉપાયમાં શાસ્ત્રવચનોની ઉપેક્ષા કરાવનારી લોકસંજ્ઞાનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. તે બંને ઉપાય દ્વારા તત્ત્વશ્રદ્ધા પ્રાપ્ત કરવાનું અને લોકોત્તર વિવેક પ્રગટાવવાનું ત્રીજા-ચોથા ઉપાયમાં જણાવ્યું છે. તે વાત આ મુજબ છે –

**''निश्चित्यागमतत्त्वं, तस्मादुत्सृज्य लोकसंज्ञा च ।**
**श्रद्धा-विवेकसारं, यतितव्यं योगिना नित्यम् ॥ २०-३८ ॥''**

પૂર્વનિર્દિષ્ટ ચારે ઉપાયોના સેવન વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ-શુદ્ધિ-વૃદ્ધિ શક્ય બનતી નથી અને એ વિના મોક્ષમાર્ગ ઉપર પ્રગતિ પણ થઈ શકતી નથી.

તે ચારમાં પ્રથમ ઉપાય અગત્યનો છે. **બોધ-શ્રદ્ધા-વિવેકને વિશુદ્ધ બનાવવા મોક્ષમાર્ગના સાધક-બાધક તત્ત્વોનો નિર્ણય કરવો ખૂબ જરૂરી છે અને એનું પરમ શ્રેષ્ઠ સાધન એકમાત્ર આગમ શાસ્ત્ર છે.** એટલે આગમ અને આગમને અનુસરતા ગ્રંથો = શાસ્ત્રો દ્વારા હેય-ઉપાદેયાદિ તત્ત્વોનો નિશ્ચય કરવાનો છે. પરંતુ પોતાની સ્વતંત્રમતિથી કે બહુમતિથી તત્ત્વનો નિર્ણય કરવાનો નથી.

**અતીન્દ્રિય પદાર્થોના બોધમાં આગમ જ પરમ આધાર છે.** આત્મા, આત્માનું અસ્તિત્વ, આત્માનું સ્વરૂપ, આત્માની મોક્ષમાર્ગ તરફની પ્રગતિ, મોક્ષમાર્ગના સાધક-બાધક તત્ત્વો, મોક્ષમાર્ગની પ્રગતિ કરતાં કરતાં પ્રાપ્ત થતી ગુણસ્થાનકોની પરિણતિઓ અને આંતરિક ગુણવૈભવ અને અંતે પ્રાપ્ત થતો મોક્ષ : આ સર્વે અતીન્દ્રિય પદાર્થો છે. સર્વજ્ઞ-વીતરાગ પરમાત્મા સિવાય આ પદાર્થો ઉપર કોઈ યથાર્થ પ્રકાશ પાથરી શકતું નથી. સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની ગેરહાજરીમાં તેઓશ્રીમદ્‌નું તારક જિનવચન જ અતીન્દ્રિય પદાર્થોને જાણવાનો પરમ આધાર છે. (આગમ, જિનવચનોનો સમુદાય જ છે.) **તેથી આગમ જ પરમ આધાર છે.**

વળી, વર્તમાનમાં શ્રી અરિહંત પરમાત્માઓ વિદ્યમાન નથી. મોક્ષે પધારી ગયા છે. કેવલી ભગવંતોનો પણ વિરહ છે. એવા વખતે આપણા માટે અરિહંત પરમાત્માના વચનરૂપ આગમ જ પરમ આલંબન છે. આથી કવિવર પૂ. વીરવિજયજી મહારાજાએ કહ્યું છે કે,

**"વિષમકાલે જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા"**

ભવઅટવીમાં ભૂલા પડેલા આત્માઓને શુદ્ધ આત્મતત્ત્વનું દર્શન-સ્મરણ કરાવનાર શ્રીજિનબિંબ છે. પ્રભુના જેવો જ શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર મારો આત્મા છે - આવી યાદી જિનબિંબ કરાવે છે અને સમગ્ર મોક્ષમાર્ગનું દિગ્દર્શન શ્રીજિનાગમ કરાવે છે. તેથી આ કલિકાલમાં તે બંને પરમ આધારરૂપ છે.

**⇨ શાસ્ત્રનો મહિમા :**

**યોગબિંદુ ગ્રંથમાં શાસ્ત્ર (આગમ) નો મહિમા વર્ણવતાં જણાવ્યું છે કે,**

**पापामयौषधं शास्त्रं, शास्त्रं पुण्यनिबन्धनम् ।**
**चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधनम् ॥२२५॥**

— શાસ્ત્ર પાપરૂપી રોગ માટે ઔષધ છે, શાસ્ત્ર પુણ્યનું કારણ છે, શાસ્ત્ર સર્વે જનારી (અર્થાત્ સર્વે પદાર્થોને જોવા માટે) આંખ છે અને સર્વ કાર્યોનું - પ્રયોજનોનું સાધન (કારણ) છે.

❖ **पापामयौषधं शास्त्रम् ।**

— **શાસ્ત્ર પાપ રૂપી વ્યાધિનો ઉપશમ કરનાર ઔષધ તુલ્ય છે. હિંસાદિ પાપો અને રાગાદિ દોષો એ આત્માના રોગો છે.** કારણ કે, (જેમ તાવ આદિ રોગો શરીરના સામર્થ્યને હણી નાંખે છે અને યાવત્ મૃત્યુ પણ આપે છે, તેમ) હિંસાદિ પાપો આત્માના જ્ઞાનાદિ ભાવપ્રાણોનો નાશ કરે છે. એના યોગે આત્મા પોતાના શુદ્ધસ્વરૂપથી દૂર રહે છે અને વિભાવોમાં રખડીને પારાવાર વિડંબણાઓ ભોગવે છે. પાપોની નિવૃત્તિ વિના ભાવરોગ નાશ ન પામે અને એ વિના વિડંબણાઓનો અંત ન આવે.

**પાપોની પારમાર્થિક નિવૃત્તિ (અર્થાત્ પાપપ્રવૃત્તિ અને પાપરસની પારમાર્થિક નિવૃત્તિ) કરવા માટે પાપનું સ્વરૂપ, પાપ શા માટે થાય છે તેની સમજણ, પાપોના પ્રકાર અને પેટાપ્રકાર, દ્રવ્ય અને ભાવથી પાપની ભિન્નતા, પાપપ્રવૃત્તિ અને પાપપરિણતિ વચ્ચેની ભેદરેખા આદિ પાપ સંબંધી સર્વ માહિતી જાણવી જરૂરી છે. ટૂંકમાં પાપનું સ્વરૂપ, પાપના કારણો અને પાપના ફલની (અર્થાત્ સ્વરૂપ-હેતુ-ફલથી પાપની) જાણકારી વિના પારમાર્થિક પાપનિવૃત્તિ શક્ય નથી.**

શાસ્ત્ર વિના પાપના હેતુ-સ્વરૂપ-ફલનો યથાર્થ બોધ કરવો શક્ય નથી. શાસ્ત્રમાં એક એક હિંસાદિ પાપોનું સ્વરૂપ વર્ણવેલું હોય છે. તેના ભેદ-પ્રભેદ પણ પ્રરૂપેલા છે. પાપસેવનના કારણો પણ જણાવ્યા છે તથા પાપસેવનના કટુવિપાકો પણ વર્ણવ્યા છે અને કટુવિપાકોનો ભોગ બનેલા જીવોના ઉદાહરણો પણ ટાંક્યા છે.

શાસ્ત્રમાંથી પાપોની ભયંકરતા-વિષમયતા, સંસારમાં રખડાવવાની તાકાત આદિ જાણીને સાધક પાપો છોડવા માટે ઉલ્લસિત બને છે. સંસારભીરુતાથી ગર્ભિત પાપભીરુતા પ્રગટે છે. તેવા પ્રકારની પાપભીરુતાથી પાપપ્રવૃત્તિ અને પાપના રસની નિવૃત્તિ થાય છે. એના યોગે આત્મા ઉપરથી કર્મોના બંધનો તૂટતા જાય છે અને વિષય-કષાયના બંધનોનો પણ ક્રમશઃ હ્રાસ થતો જાય છે. એના ફલરૂપે આત્માના જ્ઞાનાદિ ભાવપ્રાણોનું પ્રગટીકરણ થાય છે. આ રીતે જેમ ઔષધથી રોગમુક્તિ દ્વારા શરીરનું સામર્થ્ય-કાંતિ આદિ પ્રગટ થાય છે, તેમ શાસ્ત્રથી પાપનિવૃત્તિ દ્વારા આત્માનું ભાવસૌંદર્ય (જ્ઞાનાદિ ગુણવૈભવ) પ્રગટ થાય છે. તેથી શાસ્ત્ર પરમ ઔષધ છે.

**❖ शास्त्रं पुण्यनिबन्धनम् । શાસ્ત્ર પુણ્યનું-હિતનું કારણ છે.**

શાસ્ત્ર હેય અને ઉપાદેય, કર્ત્તવ્ય અને અકર્તવ્ય તથા પ્રાપ્તવ્ય અને અપ્રાપ્તવ્ય તત્ત્વો ઉપર પ્રકાશ પાથરે છે. સાથે સાથે હેય-અકર્ત્તવ્ય-અપ્રાપ્તવ્ય પાછળની દોટના નુકશાનો (અપાયો) પણ જણાવે છે અને જે જીવો હેયાદિમાં

પ્રવૃત્ત થયા-પાગલ બન્યા, તેની દુર્દશાનો ચિતાર પણ રજૂ કરે છે. તથા ઉપાદેયાદિમાં આદર કેળવી તેમાં પ્રવૃત્ત થનારા જીવોને થતા લાભો પણ જણાવે છે. અને જે જીવો આ લાભો મેળવી કલ્યાણ સાધી ગયા તેની નોંધ પણ કરે છે. ટૂંકમાં શાસ્ત્ર સાધકના જીવનપથ ઉપર સાચો પ્રકાશ પાથરે છે. વિનિપાતના માર્ગે જવું કે અભ્યુદયની દિશામાં પ્રયાણ કરવું, એના ઉપર વિચારણા કરવા સાધકને પ્રેરે છે. શાસ્ત્રના પ્રકાશને જે ઝીલે તેના જીવનપથમાં ઉજાશ પથરાય છે. અને એ આત્મા હિતકારી માર્ગ તરફ પગલાં ભરે છે. આથી શાસ્ત્ર પુણ્ય(હિત)નું પરમ કારણ છે.

❖ **चक्षुः सर्वत्रगं शास्त्रम् । શાસ્ત્ર સર્વે પદાર્થોમાં જનારી (સર્વ વસ્તુને જણાવનારી) ચક્ષુ છે.**

— ષડ્દ્રવ્યાત્મક લોક, સૂક્ષ્મ-બાદર જીવો, જીવાદિ નવતત્ત્વો, હેય-ઉપાદેય આદિ તત્ત્વોનું વિભાગીકરણ, ચૌદ ગુણસ્થાનક, ચાર ગતિ, રત્નત્રયી, યોગમાર્ગ, બાર ભાવના આદિ તમામ મોક્ષમાર્ગના સાધક અને બાધક તત્ત્વો ઉપર પ્રકાશ પાથરનાર શાસ્ત્ર છે. **સર્વજ્ઞ-વીતરાગ શ્રીઅરિહંત પરમાત્માને કેવલજ્ઞાનના પ્રકાશમાં જગતના જીવો માટે જે હિતકર તત્ત્વો દેખાયા તેને ઉપાદેય તરીકે પ્રરૂપ્યા અને જે અહિતકર તરીકે દેખાયા તેને હેય તરીકે જણાવ્યા છે. આથી હેયોપાદેય તત્ત્વોના બોધ માટે અંતિમ અને સંપૂર્ણ સાધન કોઈ હોય તો તે (જિનવચન સ્વરૂપ) શાસ્ત્ર જ છે.** કારણ કે, શાસ્ત્રોને પ્રકાશિત કરનારા પરમાત્મા સર્વજ્ઞ હોવાના કારણે તમામ તત્ત્વોને સાક્ષાત્ જોઈને જણાવ્યા છે અને વીતરાગ હોવાના કારણે પૂર્ણતયા પ્રામાણિક આપ્ત પુરુષ છે. **રાગ-દ્વેષ-મોહથી રહિતને આપ્તપુરુષ કહેવાય છે. અસત્ય બોલવાના રાગાદિ ત્રણે કારણોનો નાશ થયો હોવાથી આપ્તપુરુષનું વચન અવિસંવાદિ, સંશયરહિત અને નિર્ભેળ સત્યતાથી યુક્ત હોય છે.** આથી આપ્તપુરુષનું વચન (જિનવચન) પરમ વિશ્વસનીય છે. આપણા સૌ માટે પરમ આધાર છે - આદરણીય છે.

❖ 'शास्त्रं सर्वार्थसाधनम्' - सर्वप्रयोजननिष्पत्तिहेतुः ।

– શાસ્ત્ર સર્વે પ્રયોજનો (કાર્યો) ની સિદ્ધિનું સાધન (હેતુ) છે. શાસ્ત્ર દ્વારા આત્મહિતકર સર્વે પણ પ્રયોજનો સિદ્ધ થાય છે. શાસ્ત્ર નિર્દિષ્ટ વિધિના પાલનથી અને નિષિદ્ધના નિવર્તનથી અર્થાત્ હિતની પ્રવૃત્તિ અને અહિતની નિવૃત્તિથી આત્મલક્ષી સર્વે પણ કાર્યો સિદ્ધ થાય છે. શાસ્ત્રનિર્દિષ્ટ ઉપાયોના સેવનથી આત્મા કર્મનિર્જરાને સાધે છે. એના યોગે આત્મા સદ્ગતિની પરંપરા સર્જતો મોક્ષનગરે પહોંચી જાય છે.

**આથી જ મોક્ષમાર્ગના સાધકે કોઈપણ વિષયમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ શાસ્ત્રાધારે જ કરવાની છે. કોઈપણ વિચાર-માન્યતાનું ઘડતર પણ શાસ્ત્રાધારે જ કરવાનું છે. આત્મલક્ષી અને આરાધનાલક્ષી તમામ ભાવો-આશયો પણ શાસ્ત્રસાપેક્ષ જ રાખવાના છે. જગતના કોઈપણ પદાર્થની મૂલવણી (હેય કે ઉપાદેય, કર્તવ્ય કે અકર્તવ્ય, પ્રાપ્તવ્ય કે અપ્રાપ્તવ્ય રૂપે જે મૂલવણી) કરવાની છે, તે શાસ્ત્રની નજરે જ કરવાની છે. આરાધના સંબંધી વિધિ-નિષેધો, આરાધના માટેનો કાળનિર્ણય-દિનનિર્ણય-તિથિનિર્ણય આદિ સર્વે પણ શાસ્ત્રના આધારે જ નક્કી કરવાના છે.**

**આથી જ વિ.સં. ૧૯૭૬ માં ખંભાત મુકામે આયોજાયેલા તપાગચ્છીય શ્રમણસંમેલને સર્વસંમતિથી કરેલા દેવદ્રવ્ય સંબંધી આઠ ઠરાવો પૈકીના પ્રથમ ઠરાવમાં સ્પષ્ટપણે ઠરાવ્યું હતું કે** - ''શાસ્ત્ર (સાક્ષાત્-અનંતર અને પરંપરરૂપ) વિના કોઈપણ જાતની સિદ્ધિ જ નથી.'' - પૂર્વકાલીન મહાપુરુષોએ પણ એક જ અવાજે શાસ્ત્રને જ આગળ કર્યું છે.

→ પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાએ બત્રીસી ગ્રંથમાં ચિત્તશુદ્ધિને પામવા અને અખંડ રાખવા માટે શાસ્ત્ર ઉપર આદર રાખવાનું ભારપૂર્વક જણાવ્યું છે.

આ રીતે આપણા સૌ માટે શાસ્ત્ર જ એક માત્ર પરમ આધાર છે, શાસ્ત્ર જ પ્રમાણ છે અને શાસ્ત્ર જ રક્ષક છે.

### ⇨ શાસ્ત્ર કોને કહેવાય ?

**શાસ્ત્ર કોને કહેવાય, તે બતાવતાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા જ્ઞાનસાર ગ્રંથમાં જણાવે છે કે -**

शासनात् त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते ।
वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ॥२४-३॥

**— આત્મા ઉપર અનુશાસન કરે અને આત્માનું આંતર શત્રુઓથી રક્ષણ કરે તેને પંડિતો શાસ્ત્ર કહે છે. અને તે શાસ્ત્ર વીતરાગ પરમાત્માના વચન સ્વરૂપ અર્થાત્ જિનવચન સ્વરૂપ છે. તે સિવાયના કોઈપણ અસર્વજ્ઞનું વચન શાસ્ત્ર ન કહેવાય.**

જેનાથી આત્મહિતલક્ષી સાધક-બાધક તત્ત્વોનો બોધ થાય અને એના દ્વારા આત્માને હિતશિક્ષા પ્રાપ્ત થાય તથા આત્મા વિષય-કષાય આદિ આંતરશત્રુઓથી બચે તેને શાસ્ત્ર કહેવાય છે. **અહીં એક વાતનો ખુલાસો કર્યો છે કે, રાગ-દ્વેષ-મોહથી રહિત શ્રીજિનેશ્વર પરમાત્માનું વચન જ શાસ્ત્ર બને છે. જેનામાં રાગ-દ્વેષ-મોહ વિદ્યમાન છે, એવા અવીતરાગ અને અસર્વજ્ઞનું કથન શાસ્ત્રરૂપ બનતું નથી.** કારણ કે, એ કથનમાં યથાર્થતા નથી અને એના જ યોગે એ આત્મા ઉપર અનુશાસન કરવા સમર્થ નથી કે આત્માને બચાવવા પણ સમર્થ નથી.

### ⇨ કયું શાસ્ત્ર શુદ્ધ કહેવાય ?

**જેમ કષ-છેદ-તાપની પરીક્ષામાંથી પસાર થયેલ સુવર્ણ વિશુદ્ધ કહેવાય છે. તેમ શાસ્ત્ર પણ કષ-છેદ-તાપથી વિશુદ્ધ જોઈએ. તો જ તે શાસ્ત્ર તારક બની શકે છે. જે શાસ્ત્રો આ ત્રણ પરીક્ષામાંથી પસાર થઈ શકતાં નથી, તે શાસ્ત્રો તારક તો નથી બનતા. પણ મારક બને છે.**

શાસ્ત્રની આ ત્રણ પરીક્ષાનું સ્વરૂપ બતાવતાં સમર્થ શાસ્ત્રકાર પરમર્ષિ પૂ.આ.ભ. **શ્રી હરિભદ્રસૂરિશ્વરજી** મહારાજા વિરચિત **'અષ્ટકજી પ્રકરણ'** ગ્રંથના પ્રથમ મહાદેવ અષ્ટકની ટીકામાં કહ્યું છે કે,

शास्त्रगतकषादिपरीक्षात्रयस्य च स्वरुपमिदम् । विधिप्रतिषेधौ कषः । आह च...

''पाणिवहाईयाणं, पावट्ठाणाणं जो उ पडिसेहो ।
झाणज्झयणाईणं, जो य विही एस धम्मकसो ॥१॥''

विधिप्रतिषेधयोरबाधकस्य सम्यक्तत्पालनोपायभूतस्यानुष्ठानस्योक्तिः छेदः । यदाह..

''बज्झाणुट्ठाणेणं, जेण तं बाहिज्जए तयं नियमा ।
संभवइ य परिसुद्धं, सो पुण धम्मम्मि छेओत्ति ॥२॥''

बन्धमोक्षादिसद्भावनिबन्धनात्मादिभाववादः तापः । उक्तं –

जीवाइ भाववाओ, बन्धाइपसाहगो इहं तावो ।
एएहिं परिसुद्धो, धम्मो धम्मत्तणमुवेइ ॥३॥

**ભાવાર્થ :** જિનવચનોના સંગ્રહરૂપ શાસ્ત્ર યથાર્થ છે. અર્થાત્ શાસ્ત્રમાં કરેલા વિધાનો સત્ય અને સંશય રહિત છે અને તેથી ભવ્યાત્માઓ માટે સંસારનાશક અને મોક્ષપ્રાપક છે. એવા શાસ્ત્રની શુદ્ધિ જ્યારે શાસ્ત્ર કષ-છેદ-તાપ : આ ત્રણ પ્રકારની પરીક્ષામાંથી પસાર થાય છે, ત્યારે જ નિર્ણીત થાય છે અર્થાત્ કષાદિ ત્રણ પરીક્ષામાંથી પસાર થયેલ શાસ્ત્ર જ શાસ્ત્ર છે. એ સિવાયના નહિ. તેથી હવે અહીં શાસ્ત્રની કષાદિ ત્રણ પ્રકારની પરીક્ષાનું સ્વરૂપ જણાવાય છે.

**જે શાસ્ત્રમાં આત્મહિતકર પ્રવૃત્તિઓની વિધિ બતાવી હોય અને આત્મ-અહિતકર પ્રવૃત્તિઓનો નિષેધ જણાવ્યો હોય તે શાસ્ત્ર કષશુદ્ધ છે. કષશુદ્ધ પરીક્ષા અંગે અન્ય ગ્રંથમાં કહ્યું છે કે, ''જે શાસ્ત્રમાં (સંસારવર્ધક) પ્રાણાતિપાત (હિંસા) આદિ પાપસ્થાનકોનો નિષેધ બતાવ્યો છે અને (મોક્ષપ્રાપક) ધ્યાન-અધ્યયન આદિની વિધિ જણાવી છે, તે શાસ્ત્ર (ધર્મ) કષશુદ્ધ છે.''**

શાસ્ત્રમાં જે વિધિ-નિષેધ બતાવ્યા છે, તે વિધિ-નિષેધનો નિર્વાહ કરવા-તેનું પાલન કરવાના ઉપાયભૂત અનુષ્ઠાનો બતાવ્યા હોય તો તે શાસ્ત્ર છેદશુદ્ધ કહેવાય છે. અર્થાત્ **હિંસાદિનો જે નિષેધ ફરમાવ્યો છે, તે હિંસાદિની નિવૃત્તિ સારી રીતે થાય તેવા અનુષ્ઠાનો બતાવ્યા હોય અને ધ્યાનાદિની જે વિધિ બતાવી છે, તે ધ્યાનાદિમાં સારી રીતે પ્રવૃત્ત થવા માટેના અનુષ્ઠાનો જણાવ્યા હોય અર્થાત્ અનુષ્ઠાનો એવા બતાવ્યા હોય કે જેનાથી હિંસાદિની નિવૃત્તિ અને ધ્યાનાદિની પ્રવૃત્તિનો નિર્વાહ થાય તે શાસ્ત્ર જ છેદશુદ્ધ છે.**

બંધ-મોક્ષ આદિના સદ્ભાવના કારણભૂત આત્માદિ ભાવવાદને તાપશુદ્ધિ કહેવાય છે. અર્થાત્ જે આત્મામાં બંધ-મોક્ષ સંગત કરવાનો છે અને બદ્ધ આત્માને મુક્ત બનાવવાની આધ્યાત્મિક પ્રક્રિયા થવાની છે, તે આત્માનો સ્વીકાર કરવો, એને પરિણામી નિત્ય માનવો, કર્મનો કર્તા-ભોક્તા માનવો, આત્માની કર્મથી મુક્તિ માનવી અને મુક્તિના રત્નત્રયી આદિ ઉપાયોનો સ્વીકાર કરવો : આ આત્મસંબંધી છ સ્થાનકોને જે શાસ્ત્રો સ્વીકારે છે અને પ્રરૂપે છે, તે શાસ્ત્રો **તાપશુદ્ધ** છે.

**કહેવાનો આશય એ છે કે, જે શાસ્ત્રો...**

(૧) આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે.

(૨) આત્માને પરિણામી નિત્ય માને છે (આત્મા દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ પરિવર્તનશીલ છે, તેને પરિણામી નિત્ય કહેવાય છે. જેમ મુગટમાંથી બનેલા હારમાં સુવર્ણ દ્રવ્ય નિત્ય રહે છે અને એનો પર્યાય બદલાય છે, તે જ રીતે આત્મા નિત્ય રહે છે અને એના પર્યાયો બદલાયા કરે છે. કર્મથી બદ્ધ આત્મા જ મુક્ત થાય છે.)

(૩-૪) આત્માને કર્મોના કર્તા અને ભોક્તા તરીકે સ્વીકારે છે.

(૫-૬) આત્માની કર્મથી મુક્તિ માને છે અને મુક્તિના રત્નત્રયી આદિ ઉપાયો સ્વીકારે છે અને જણાવે છે : આ છ સ્થાનકોનો સ્વીકાર કરે છે, તે શાસ્ત્રો જ તાપશુદ્ધ છે.

**જિનેશ્વર પરમાત્માના શાસ્ત્રો આ ત્રણે પરીક્ષામાંથી પસાર થયેલા છે. તેથી શુદ્ધ છે. આપણું પરમ સૌભાગ્ય છે કે પૂર્ણપણે શુદ્ધ અને તેથી જ તારક એવા શાસ્ત્રો આપણને પ્રાપ્ત થયા છે.** હવે આપણે આવા શાસ્ત્રો પ્રત્યે આદર-શ્રદ્ધા કેળવવાના છે અને એને જ જીવનપથમાં માર્ગદર્શક તરીકે સ્વીકારવાના છે.

આજપર્યંત સ્વતંત્ર-સ્વચ્છંદમતિથી કે કુશાસ્ત્રોની વાસનામાંથી પ્રગટેલી કુમતિથી જીવન જીવ્યા છીએ. હવે સ્વતંત્ર-સ્વચ્છંદ કે કુમતિનો ત્યાગ કરી જિનવચન પ્રત્યે આદર કેળવી તેના માર્ગદર્શન મુજબ જીવન જીવવાનો નિર્ધાર કરવાનો છે. **અધ્યાત્મની પ્રાપ્તિ કરવા માટે મારા પ્રભુનું આગમ "જે ના પાડતું હોય તે મારે ન જ કરવાનું હોય અને જે હા પાડે તે જ કરવાનું હોય" આવું દૃઢ પ્રણિધાન કરવું પડશે.** પ્રભુની આજ્ઞા મુજબ જીવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરવાનો છે અને જ્યાં શક્તિના અભાવે શક્ય ન હોય ત્યાં આજ્ઞા પ્રત્યે શુદ્ધ પક્ષપાત (અર્થાત્ આજ્ઞા જ સેવવા જેવી છે એવો શુદ્ધ પક્ષપાત) ઉભો રાખવાનો છે અર્થાત્ **शक्यारंभश्च शुद्ध-पक्षश्च । શક્યની પ્રવૃત્તિ અને અશક્યમાં શુદ્ધપક્ષપાત રાખવાનો છે. તો જ આપણે કુશલાનુબંધી બનવા દ્વારા મોક્ષમાર્ગના મુસાફર બની શકીશું.**

### ⇨ શાસ્ત્રભક્તિ વિના બધું નકામું છે.

જે સાધકો અન્ય ઘણી આરાધનાઓ કરે છે. તપ-ત્યાગ, દાન-શીલ આદિનું પાલન કરે છે. પણ જો એને આગમ પ્રત્યે આદર નથી, આગમથી નિરપેક્ષપણે આરાધના કરે છે. તે લોકોની આરાધના નિષ્ફળ જાય છે અને આગળ વધીને નુકશાન પણ કરે છે. આથી જ યોગબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે,

**न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियापि हि ।**
**अन्धप्रेक्षाक्रियातुल्या, कर्मदोषादसत्फला ॥२२६॥**
**यस्य त्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः ।**
**उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ॥२२८॥**

**– જેને શાસ્ત્ર પ્રત્યે ભક્તિ-બહુમાન નથી, તેની ધર્મક્રિયા પણ અંધની જોવાની ક્રિયા સમાન છે.** અર્થાત્ જેમ અંધ પાસે દૃષ્ટિ ન હોવાથી તેણે જોવાની ક્રિયા કરવી હોય તો પણ શક્ય બનતી નથી અને એવી ક્રિયા કરે તો પણ સફળતા મળવાની નથી અને માત્ર ક્લેશ જ થવાનો છે. તેમ જેને શાસ્ત્ર પ્રત્યે બહુમાનભાવ નથી, તેમની ક્રિયા પણ નિષ્ફળ જાય છે અને આગળ વધીને અસત્ (ખરાબ) ફલને આપનારી બને છે. શાસ્ત્ર પ્રત્યેના અબહુમાનવાળો જીવ ધર્મક્રિયા કરે છે. પણ ભારેકર્મિતાના કારણે એ ધર્મક્રિયા એને અસત્ ફલ આપનારી બને છે અર્થાત્ મોહની પરંપરાને વધારનારી બને છે - સંસારની પરંપરાને વધારનારી બને છે.

**વળી જેને શાસ્ત્ર પ્રત્યે અનાદર છે. તેના શ્રદ્ધા વગેરે ગુણો ઉન્મત્ત *પુરુષના ઔદાર્યાદિ ગુણોની જેમ વિવેકી એવા સજ્જનોને પ્રશંસનીય બનતા* નથી.** (કારણ કે, જેમ ઉન્મત્ત પુરુષના ગુણો આભાસિક છે, તેમ શાસ્ત્ર પ્રત્યે અનાદરવાળા જીવના ગુણો પણ આભાસિક છે.)

**અહીં યાદ રાખવું કે,** શ્રી જિનેશ્વર પરમાત્મા અને તેના વચનરૂપ આગમ પ્રત્યે જેને બહુમાનભાવ નથી, તેનો અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ જ થઈ શકતો નથી. આથી જ ગ્રંથકાર પરમર્ષિએ અધ્યાત્મપ્રાપ્તિના પ્રથમ ઉપાયમાં આગમ પ્રત્યે પરતંત્ર બનવાનું ભારપૂર્વક સૂચન કર્યું છે. આગમ પ્રત્યેના બહુમાન વિના એના પ્રત્યે પરતંત્ર ન બનાય અને એને પરતંત્ર બન્યા સિવાય દરેક તત્ત્વોનો નિર્ણય એના આધારે જ કરવાનો નિર્ધાર બંધાય નહિ.

**જ્યાં સુધી આગમ-આગમાનુસારી શાસ્ત્રો દ્વારા જ તત્ત્વનિર્ણય કરવાનો નિર્ધાર ન થાય, ત્યાં સુધી તત્ત્વોનો સાચો રહસ્યાર્થ પ્રાપ્ત થઈ શકતો નથી. તત્ત્વોના રહસ્યાર્થને પામ્યા વિના તત્ત્વશ્રદ્ધા મજબૂત બની શકતી નથી. તત્ત્વશ્રદ્ધાની દૃઢતા વિના તત્ત્વપરિણતિ પ્રાપ્ત થઈ શકતી નથી અને તત્ત્વ પરિણતિ વિના અધ્યાત્મમાર્ગ ઉપર પ્રગતિ થઈ શકતી નથી. શાસ્ત્રનિરપેક્ષ બની માત્ર તર્કના આધારે જીવનારાઓ અધ્યાત્મને પામી શકતા જ નથી. શ્રદ્ધાથી ભ્રષ્ટ થાય છે અને વિરાધક બને છે.**

**તત્ત્વનો બોધ, તત્ત્વની શ્રદ્ધા, તત્ત્વ અનુસારે પ્રવૃત્તિ અને તત્ત્વની પરિણતિ અર્થાત્ બોધ, શ્રદ્ધા, પ્રવૃત્તિ અને પરિણતિ : આ ચારના સહારે જ અધ્યાત્મમાર્ગ ઉપર પ્રગતિ થઈ શકે છે.**

તત્ત્વોનું જ્ઞાન થયા બાદ જ એની શ્રદ્ધા પેદા થાય છે, તત્ત્વની પ્રવૃત્તિ થાય છે અને પ્રવૃત્તિ અભ્યસ્ત થતાં તત્ત્વની પરિણતિ પ્રાપ્ત થાય છે. આથી સૌથી પ્રથમ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન જોઈએ. તત્ત્વોના યથાર્થ જ્ઞાન માટે માત્રને માત્ર આગમ (શાસ્ત્ર) જ પરમ આલંબન છે. **આથી જ ચૈત્યવંદન મહાભાષ્યમાં કહ્યું છે કે,**

**नत्थि परलोगमग्गे पमाणमन्नं जिणागमं मोत्तुं ।**
**आगमपुरस्सरं चिय करेइ तो सव्वकिच्चाइं ॥**

**– પરલોક માર્ગમાં (મોક્ષમાર્ગમાં) જિનાગમ વિના અન્ય કોઈ પ્રમાણભૂત નથી. તેથી (આત્મલક્ષી) સર્વે કાર્યો આગમને આગળ કરીને જ (આગમમાં જણાવ્યા પ્રમાણે જ) કરવા જોઈએ.**

→ જે સાધક સર્વે કાર્યોમાં જિનાગમ (શાસ્ત્ર) ને જ આગળ કરે છે, તેને સર્વસિદ્ધિઓ સહજ પ્રાપ્ત થાય છે. **ષોડશક ગ્રંથમાં પૂ.આ.ભ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ પણ કહ્યું છે કે,**

**अस्तिमन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।**
**हृदयस्थिते च तस्मिन् नियमात्सर्वार्थसंसिद्धिः ॥**

**– શ્રી જિનેશ્વર પરમાત્માનું વચન (જિનવચન-જિનાગમ) જો હૃદયમાં હોય તો પરમાર્થથી પરમાત્મા જ હૃદયમાં છે અને પરમાત્મા જો હૃદયમાં હોય તો નિશ્ચયથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે.**

→ **પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજા પણ આ જ વાતને જણાવતાં **જ્ઞાનસાર** ગ્રંથમાં કહે છે કે,

**शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ॥२४-४॥**

**→ પૂ. મહોપાધ્યાયશ્રીજી તો શાસ્ત્રની ઉપેક્ષા કરનારને જડની ઉપમા આપી કહે છે કે,**

**अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।**
**प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ॥२४-५॥**

– અદષ્ટ અર્થમાં (અર્થાત્ મોક્ષાદિ અતીન્દ્રિય વિષયોમાં) શાસ્ત્રરૂપી દીપક વિના દોડતા એવા જડ લોક ડગલે ને પગલે સ્ખલના પામતાં અત્યંત ખેદને પ્રાપ્ત કરે છે અર્થાત્ સ્વતંત્રમતિથી ચાલીને આલોક અને પરલોક ઉભયમાં વિડંબણાઓનો ભોગ બને છે.

### ❖ શાસ્ત્ર ન માનનારા અપ્રમાણભૂત છે :

વળી જે લોકો "**શાસ્ત્ર-શાસ્ત્ર શું કરો છો, દરેક જગ્યાએ શાસ્ત્ર આગળ ન કરવાનું હોય. શાસ્ત્ર તો જડ છે, અમે ભાવશાસ્ત્ર છીએ, દ્રવ્યશાસ્ત્ર કરતાં ભાવશાસ્ત્ર મહાન છે, શાસ્ત્રના અનેક અર્થો થાય છે. તેથી દરેક સ્થળે શાસ્ત્રો આગળ ન કરાય, અનુભવ અને ઘણા લોકો શું કરે છે, તેને જ સ્વીકૃત કરવું જોઈએ.**" - આવી વાતોને જાહેરમાં પ્રચારે છે અને પોતાની શાસ્ત્રનિરપેક્ષ વાતોને છૂપાવી આરાધકોને ગુમરાહ કરે છે, તેવા શાસ્ત્ર નિરપેક્ષ લોકોની કડક શબ્દોમાં આલોચના કરતાં **કલ્પભાષ્ય નામના છેદગ્રંથ**માં કહ્યું છે કે,

**जो जं जगप्पईवेहिं, पणीयं सव्वभावपण्णवणं ।**
**ण कुणइ सुयं पमाणं, न सो पमाणं पवयणंमि ॥**

– જગપ્રદીપ એવા શ્રી જિનેશ્વર પરમાત્માઓએ કહેલા સઘળાયે ભાવોનું પ્રકાશન કરતા એવા શ્રુતને (શાસ્ત્રને) જે પ્રમાણ કરતો નથી, તે પુરુષ જૈનશાસનમાં પ્રમાણભૂત નથી.

**આથી આરાધનાની સાથે સાથે આરાધક બનવા માટે શાસ્ત્રમતિને પ્રાપ્ત કરવી ખૂબ જરૂરી છે. જેઓ શાસ્ત્રમતિને બદલે સ્વચ્છંદમતિ કે બહુમતિથી ચાલવાની વાત કરે છે તેઓની કડક શબ્દોમાં આલોચના ૩૫૦**

**ગાથાના સ્તવનમાં પહેલી ઢાળમાં કરી છે.** જિજ્ઞાસુઓએ ત્યાંથી જોવા ભલામણ.

પૂર્વોક્ત શાસ્ત્ર સંદર્ભોની ઉદ્‌ઘોષણા માત્રને માત્ર એક જ છે કે,

**→ હૈયામાં આગમ (શાસ્ત્ર) પ્રત્યે આદર-શ્રદ્ધા કેળવો.**

**→ આત્મલક્ષી આરાધનાલક્ષી વિધિ-નિષેધ, સિદ્ધાંત-અપસિદ્ધાંત, કર્ત્તવ્ય-અકર્ત્તવ્ય, ઉત્સર્ગ-અપવાદ આદિનો નિર્ણય શાસ્ત્ર દ્વારા જ કરવો.**

**→ સ્વયં શાસ્ત્રનો બોધ ન હોય તો, જેની પાસે શાસ્ત્રનો યથાર્થ બોધ છે, એનું શરણું સ્વીકારી એની આજ્ઞા પ્રમાણે વર્તવું.**

**→ આગમથી નિરપેક્ષ બનશો તો ભવપરંપરા વધી જશે.**

**→ હૈયામાં શાસ્ત્ર પ્રત્યે આદર હશે અને એની આજ્ઞા પ્રમાણે વર્તવાની તૈયારી હશે, તો જ પ્રભુ પ્રત્યેની ભક્તિ સાચી તાત્ત્વિક બનશે. બાકી નહિ.**

**→ જગતમાં કોઈપણ કુવિકલ્પો ચાલતા હોય, મિથ્યા માન્યતાઓ પ્રવર્તેલી હોય, લોકરૂઢિઓનો પ્રસાર થયેલો હોય, અપ્રામાણિક પુરુષોએ પ્રવર્તાવેલી સામાચારીઓ હોય : આ તમામ સ્થળે શાસ્ત્ર દ્વારા એની સત્યતાની કસોટી કરવાની છે. એ વિકલ્પો (= વિચારધારાઓ), માન્યતાઓ, કુલાચારો કે સામાચારીઓ શાસ્ત્રનિર્દિષ્ટ કે શાસ્ત્રસાપેક્ષ હોય તો જ આદરણીય બને છે, અન્યથા ત્યાજ્ય બને છે. શાસ્ત્રનિરપેક્ષ કુવિકલ્પો આદિથી કાયમ માટે દૂર રહેવાનું છે. ભલે ને તેમાં તાત્કાલિક લાભો દેખાતા હોય ! પરંતુ પરંપરાએ તે કુવિકલ્પો આદિ આત્માને ભયંકર નુકશાન કરનારા હોય છે, કારણ કે, તે કુવિકલ્પો આદિ શાસ્ત્રથી વિરુદ્ધ છે.**

**અત્રે ખાસ નોંધી લેવું કે,** મહાવીર પરમાત્માનું નામ આપી દેવાથી કે કોઈ શાસ્ત્રનું નામ આપી દેવા માત્રથી તે વિકલ્પો આદિ શાસ્ત્રનિર્દિષ્ટ

બની જતા નથી. શાસ્ત્રવચનો જેમાં સાક્ષી પૂરતા હોય અને શાસ્ત્રજ્ઞાતા એવા ગીતાર્થસંવિગ્ન મહાપુરુષો જેને શાસ્ત્રાધારે પ્રમાણભૂત જણાવતા હોય, તે જ માન્યતાઓ આદિ પ્રમાણભૂત છે અને તેથી આદરણીય છે.

**આથી જગતમાં ચાલતા કોઈપણ વિકલ્પો આદિને શાસ્ત્રરૂપી એરણ ઉપર કસોટી માટે મૂકવા પડે અને એમાંથી ઉત્તીર્ણ થાય તો જ તે વિકલ્પો આદિ આપણા માટે ઉપાદેય બને છે.**

**એ વિકલ્પો-માન્યતાઓ – સામાચારીઓ, રાકેશભાઈની હોય ! કે શ્રીમદ્ રામચંદ્રની હોય ! કે દાદા ભગવાનની હોય ! કે કાનજીસ્વામીની હોય ! કે આર્યા ચંદનાની હોય ! કે રજનીશની હોય ! કે મૈત્રી-સમતાના પોપટપાઠ કરનારાની હોય ! કે એકતાવાદીઓની હોય ! કે આવા કોઈપણ વિકલ્પો-માન્યતાઓ-કુલાચારો-સામાચારીઓ જગતમાં પ્રવર્તેલા હોય, તે સર્વેનો શાસ્ત્રાધારે નિર્ણય કર્યા વિના અનુકરણ કરવું નહિ.**

ઘણીવાર મનમાં પણ નવા વિકલ્પો ઉભા થતા હોય છે અથવા તો મિથ્યામતિઓના પરિચયના કારણે એમની મિથ્યા માન્યતાઓની છાયા હૈયામાં અંકિત થયેલી હોય તો પણ મિથ્યા વિકલ્પો પેદા થતા હોય છે. આવા સમયે પણ શાસ્ત્રની એરણ ઉપર એની કસોટી કર્યા વિના, એનો અમલ કરવામાં આવશે, તો આત્મા મોક્ષમાર્ગથી દૂર-સુદૂર ફેંકાઈ જશે. આ અંગે નંદમણીયાર શ્રાવકનું દૃષ્ટાંત ખૂબ વિચારણીય છે.

**પ્રશ્ન : આગમની વ્યાખ્યા શું છે ?**

**ઉત્તર : आप्तवचनम् आगमम् ।** આપ્તપુરુષના વચનને આગમ કહેવાય છે. આગમમાં મોક્ષમાર્ગના સાધક-બાધક તત્ત્વોની વિચારણા કરેલી હોય છે.

**પ્રશ્ન : આપ્ત કોને કહેવાય ?**

**ઉત્તર : आप्तश्च रागद्वेषमोहादीनां दोषाणामात्यन्तिकप्रक्षयात्, स चार्हत एव ।** (આચારાંગ સૂત્ર, ટીકા)

**અર્થ :** રાગ-દ્વેષ-મોહ આદિ દોષોના આત્યન્તિક ક્ષયથી આપ્તત્વ

(આપ્તપણું) પ્રગટે છે અને આપ્તત્વથી યુક્ત પુરુષ આપ્ત કહેવાય છે. અને તે આપ્ત પુરુષ શ્રીઅરિહંત પરમાત્મા જ છે. આપ્તપુરુષનું વચન જ પ્રમાણભૂત છે.

**પ્રશ્ન : કોઈ વ્યક્તિનો ભાવ સારો હોય અને એ આગમને પરતંત્ર ન રહે, તો શું નુકશાન થાય ? અંતે તો શુભભાવ જ કલ્યાણકારી બને છે ને ?**

ઉત્તર : એકલો શુભભાવ કલ્યાણકારી નથી, પરંતુ આગમથી પરતંત્ર (અર્થાત્ આગમાનુસારી) શુભભાવ જ શુદ્ધ બનતો હોવાના કારણે કલ્યાણકારી બને છે. આગમવિરુદ્ધ શુભભાવ અશુદ્ધ હોવાના કારણે પરમાર્થથી એ શુભભાવ, શુભભાવ જ નથી. એવા શાસ્ત્રવિરુદ્ધ શુભભાવથી પુણ્યબંધ થઈ જાય. પરંતુ કર્મનિર્જરા ન થાય કે શુભ અનુબંધો પણ ન પડે. ઉલટાનું અશુભ અનુબંધોની પરંપરા ચાલે. તે અશુભ અનુબંધો પુનઃ પુનઃ અશુભ (પાપ) ની અંદર પ્રવૃત્તિ કરાવી ભવની પરંપરા વધારે છે.

### ❖ આજ્ઞાબાહ્ય પરિણામ સુંદર નથી :

**અહીં ઉલ્લેખનીય છે કે, શાસ્ત્રની પરતંત્રતા-વફાદારી, એ જ કોઈપણ ભાવની (પરિણામની) સુંદરતાનું પરમ કારણ છે. જો શાસ્ત્રવચન પ્રત્યે બહુમાન નથી, શાસ્ત્રવચનો પ્રત્યે શુદ્ધપક્ષપાત નથી અને શક્યધર્મનું સેવન શાસ્ત્રાનુસારી નથી, તો ગમે તેવો શુભભાવ પણ સુંદર નથી. પરિણામે લાભદાયી નથી. આથી જ પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાએ ઉપદેશ રહસ્ય ગ્રંથમાં કહ્યું છે કે,**

**परिणामो अ णियमा आणाबज्झो ण सुंदरो भणिओ ।**
**तित्थयरेऽबहुमाणासग्गहदुट्ठोत्ति तंतंमि ।।५।।**

**ભાવાર્થ : ભગવાનના શાસ્ત્રમાં આજ્ઞાબાહ્ય પરિણામ પણ તીર્થંકર પરમાત્મામાં અનાદર અને અસદ્ આગ્રહથી દુષ્ટ (કલંકિત) હોવાથી નિયમા તેને સુંદર કહ્યો નથી.** (અર્થાત્ ભગવાનની આજ્ઞાથી બાહ્ય (આજ્ઞાવિરુદ્ધ) પરિણામ સુંદર નથી. કારણ કે, આજ્ઞાબાહ્ય પરિણામથી જ તીર્થંકરનો

અનાદર થાય છે. **(ભગવાનના શાસનમાં રહેવું, તેમની થોડી વાતો માનવી અને અમુક વિષયમાં મન ફાવે તેમ વર્તવું તે સ્પષ્ટપણે ભગવાનનો અનાદર છે.)** તથા સ્વતંત્રમતિથી વર્તવાનો અસદ્ આગ્રહ છે. આ બંનેના કારણે આત્માને નુકશાન થાય છે.

ટૂંકમાં ભગવાનની આજ્ઞાથી બાહ્ય પરિણામ લાભદાયી નથી. જેમ પિતા સાથે રહેવું અને તેમની અમુક વાતો માનવી ને અમુક વાતો ન માનવી તે પિતાનો અનાદર છે, તેમ ભગવાનની અમુક આજ્ઞાઓ સ્વીકારવી અને અમુક આજ્ઞાઓ ન સ્વીકારવી તે પણ ભગવાનનો અનાદર છે. **ભગવાનની ૯૯ આજ્ઞા માનવામાં આવે, પણ એક આજ્ઞા માનવામાં ન આવે તો શૂન્ય ફળ મળે, એટલું જ નહિ, અહીં તો નુકશાન પણ થાય છે.** આ જ વાતને પૂ. **હરિભદ્રસૂરિશ્વરજી** મહારાજાએ **ષોડશક** ગ્રંથમાં જરા જુદા શબ્દોમાં વર્ણવી છે.

**वचनाराधनया खलु धर्मस्तद्बाधया त्वधर्म इति ।**
**इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ॥२-१२॥**

**ભાવાર્થ : પ્રભુના વચનની (શાસ્ત્રની) આરાધના કરવાથી જ ધર્મ થાય છે અને વચનની બાધાથી (વિરાધનાથી-ઉવેખવાથી) અધર્મ ઉત્પન્ન થાય છે. આ જ ધર્મનું રહસ્ય છે અને આ જ ધર્મનું સર્વસ્વ છે.**

→ વળી, પૂજ્યપાદ કલિકાલ સર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાએ **વીતરાગ સ્તોત્ર** ગ્રંથમાં પ્રભુની સ્તવના કરતાં જણાવ્યું છે કે,

**वीतराग ! सपर्याया-स्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥१९-४॥**

હે વીતરાગ પરમાત્મા ! તમારી પૂજા કરતાં પણ તમારી આજ્ઞાનું પાલન પરમ શ્રેષ્ઠ છે. કારણ કે, **આરાધાયેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે. અને (લાખ્ખો રૂપિયાથી પૂજા કરવા છતાં) વિરાધાયેલી આજ્ઞા સંસાર (પરિભ્રમણ) માટે થાય છે.**

આથી હિતના કામી જીવે શાસ્ત્રને પરતંત્ર રહેવું અતિ જરૂરી છે. **સ્વયં શાસ્ત્ર પારગામી બનાય તો એ પહેલા નંબરે અને એ શક્ય ન હોય તો શાસ્ત્રપારગામીની નિશ્રામાં રહી એમના અનુશાસન મુજબ જીવવામાં જ આત્મકલ્યાણ છે. બાકી સ્વચ્છંદપણે વર્તવામાં રોહગુપ્ત આદિની જેમ આત્મમાલિન્ય થયા વિના રહેવાનું નથી.**

**પ્રશ્ન : શાસ્ત્રની પરતંત્રતા-વફાદારી ક્યારે પ્રગટે અને કયા વ્યક્તિને પ્રગટે ? શાસ્ત્ર સમર્પિતતા નહિ પ્રગટાવવાના કારણો કયા છે ? શાસ્ત્ર પ્રત્યે બિનવફાદાર વ્યક્તિના લક્ષણો કયા છે ?**

**ઉત્તર :** શાસ્ત્ર પ્રત્યેની પરતંત્રતા ચરમાવર્તકાળમાં અપુનર્બંધક અવસ્થાએ જ પ્રાપ્ત થાય છે. કારણ કે, ત્યાં આત્માને માર્ગાનુસારી પરિણામ પ્રાપ્ત થાય છે. મોક્ષમાર્ગને અનુસરતા પરિણામને માર્ગાનુસારી પરિણામ કહેવાય છે. **માર્ગાનુસારી પરિણામ પ્રાપ્ત થવાથી આત્મા મોક્ષમાર્ગને સન્મુખ બને છે. મોક્ષ તરફના પ્રયાણમાં એને કોઈકની સહાયની-માર્ગદર્શનની ઝંખના પેદા થાય છે. એના યોગે જ અરિહંત પરમાત્મા અને તેમના વચન (જિનવચન) પ્રત્યે અહોભાવ પેદા થાય છે. તેમાં જ તારકતાના દર્શન થાય છે. તેમાં જ પોતાનું આત્મકલ્યાણ દેખાય છે.** કયા વ્યક્તિને શાસ્ત્ર પરતંત્રતા પ્રગટે તે જણાવતાં **યોગબિંદુ**માં કહ્યું છે કે,

परलोकविधौ शास्त्रात् प्रायो नान्यदपेक्षते ।
आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ॥२२१॥

**શ્રદ્ધાધનથી યુક્ત, માર્ગાનુસારી પ્રજ્ઞાશાલી, આસન્નભવિક (નિકટ મોક્ષગામી) જીવ (સાધક) પારલૌકિક (પરલોકમાં હિત કરનાર) અનુષ્ઠાનમાં શાસ્ત્ર સિવાય બીજાની અપેક્ષા રાખતો નથી** (અર્થાત્ તેવા પ્રકારનો સાધક ધર્મના વિષયમાં શાસ્ત્રને જ આગળ કરે છે, પરંતુ સ્વતંત્રમતિ, બહુમતિ કે લોકરૂઢિ આદિને મહત્ત્વ આપતો નથી.)

**ટૂંકમાં જે આત્મા શ્રદ્ધાથી યુક્ત છે, માર્ગાનુસારી બુદ્ધિવાળો છે અને**

**નિકટમાં મોક્ષમાં જવાનો છે, તે જ આત્માને 'શાસ્ત્ર પરતંત્રતા' ગુણ પ્રગટ થાય છે. એમ પણ કહી શકાય કે, 'શાસ્ત્ર પરતંત્રતા' ગુણ હોય તો જ શ્રદ્ધા તાત્ત્વિક (સાચી) છે, બુદ્ધિ માર્ગાનુસારી છે અને આત્મા લઘુકર્મી છે અને તેથી જ નિકટ મોક્ષગામી છે.**

જે શ્રદ્ધાથી ભ્રષ્ટ થયા હોય, ભારે કર્મી હોય, માર્ગ વિરુદ્ધ અનુબંધોના સર્જક હોય, સ્વચ્છંદતાથી જીવનાર હોય, લોકસંજ્ઞા (લોકરંજન) માં અટવાયેલા હોય, મહત્ત્વાકાંક્ષાઓ સતાવતી હોય અને માનેચ્છાઓ તીવ્ર હોય તેવા જીવો શાસ્ત્રને પરતંત્ર રહી શકતા નથી અને કદાચ બહારથી શાસ્ત્ર સમર્પિત દેખાતા હોય તો પણ એ ગુણરૂપે ન હોય પણ અભવ્યની જેમ આભાસરૂપે હોય. **અહીં યાદ કરીએ કે, અભવ્ય ક્યારેય શાસ્ત્ર વિરુદ્ધ ન બોલે. કારણ કે, એને ખબર છે કે શાસ્ત્ર-વિરુદ્ધ કે મોક્ષ વિરુદ્ધ બોલવાથી મને નવગ્રૈવેયકના સુખો મળશે નહિ. જેને મોક્ષ જોઈતો નથી એ અભવ્ય પણ આટલી તકેદારી રાખતો હોય તો મોક્ષમાર્ગના મુસાફર તરીકેનો દાવો કરતા આપણી શું ફરજ હોય ! આપણી શું માન્યતા હોય ! શાંતિથી વિચારજો.**

**પ્રશ્ન : શાસ્ત્રની પરતંત્રતા (અપેક્ષા) ક્યાં સુધી રાખવાની છે ?**

**ઉત્તર : યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં ત્રણ યોગ જણાવ્યા છે. (૧) ઈચ્છાયોગ, (૨) શાસ્ત્રયોગ અને (૩) સામર્થ્યયોગ.** જ્યાં સુધી ઈચ્છાયોગ અને શાસ્ત્રયોગની સાધના હોય ત્યાં સુધી શાસ્ત્રની અપેક્ષા રાખવાની છે. સામર્થ્યયોગમાં શાસ્ત્રની અપેક્ષા નથી. કારણ કે, પૂર્વોક્ત બંને યોગોની સાધના કરીને આત્મા એવો સમર્થ અને પરિણત બની ગયો છે કે, તેને ગુણપરિણતિ-આત્મપરિણતિ આદિ તમામ આત્મસાત્ થયેલા હોય છે. તેથી તેમને શાસ્ત્રનું આલંબન લેવાની જરૂર પડતી નથી. શાસ્ત્રના અનુસંધાન વિના જ આત્મબળ દ્વારા ઘાતીકર્મોનો નાશ કરે છે અર્થાત્ શાસ્ત્રના અનુસંધાન વિના જ ગુણપરિણતિ દ્વારા આત્મરમણતાની ગાઢતા પ્રાપ્ત કરી અંતર્મુહૂર્તમાં ઘાતીકર્મોનો ક્ષય કરી દે છે.

વળી સામર્થ્યયોગ આઠમા ગુણસ્થાનકે આવે છે. તેથી આઠમા ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી ન મંડાય ત્યાં સુધી શાસ્ત્રને પરતંત્ર રહેવાનું છે. આથી જ પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાએ જ્ઞાનસાર ગ્રંથમાં "**साधवः शास्त्रचक्षुषः ।**" (૨૪-૧) કહ્યું છે, અર્થાત્ **સાધુની આંખ શાસ્ત્ર છે એટલે કે સાધુ જગતને શાસ્ત્રની નજરે જૂએ, આત્મહિતના ઉપાયો શાસ્ત્રની રીતિએ સેવે અને પ્રરૂપણા શાસ્ત્ર સામે રાખીને જ કરે.** આટલી ચોક્ખી વાત પણ આપણને જો મગજમાં ન ઉતરતી હોય તો ખરેખર શું આપણે મોક્ષમાર્ગથી ભટકી નથી ગયા !

**પ્રશ્ન : શાસ્ત્રવિરુદ્ધ કુવિકલ્પો શા માટે પેદા થાય છે અને ક્યાં સુધી પેદા થાય છે ?**

**ઉત્તર : જ્યાં સુધી આત્મામાં મિથ્યાત્વ પડ્યું છે, ત્યાં સુધી મિથ્યા વિકલ્પો ઊભા થવાની પૂરેપૂરી શક્યતા છે. મિથ્યાત્વનુ કાર્ય જ એ છે કે, મિથ્યા વિકલ્પો ઊભા કરવા. મિથ્યાત્વ નાશ પામે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય ત્યારે જ આત્મા કુવિકલ્પોથી બચી શકે છે. એમાં પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કાચના રમકડાં જેવું હોવાથી એને જાળવવું પડે છે, અન્યથા ત્યાંથી પતિત થઈ જવાય તો પુનઃ કુવિકલ્પો ઊભા થઈ શકે છે.**

સત્તામાંથી (આત્મામાંથી) પૂર્ણપણે મિથ્યાત્વ નાશ પામે ત્યારે આપણે નિશ્ચિંત બનીએ છીએ અર્થાત્ ક્ષાયિક સમકિત પ્રાપ્ત થાય ત્યારે કુવિકલ્પો પેદા થવાનો ભય ટળી જાય છે. તેથી મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી અને ટકાવી વહેલામાં વહેલા ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું આવશ્યક છે. એ માટે સમગ્ર સાધનાનો ઉપક્રમ જાણી લેવો અને એને અમલમાં મૂકવો આવશ્યક છે.

**પ્રશ્ન : જૈન શાસનમાં અંદરના અવાજ પ્રમાણે વર્તવાનું કોઈ સ્થાન ખરું કે નહિ ?**

**ઉત્તર :** લેશમાત્ર નહિ, જૈનશાસનમાં માર્ગાનુસારી-માર્ગસ્થ પ્રજ્ઞાને

સ્થાન છે. કોરા અંતરના અવાજને કોઈ સ્થાન નથી. પૂર્વે કહ્યું જ છે કે, **साधवः शास्त्रचक्षुषः।** સાધુઓની આંખ શાસ્ત્ર છે. શાસ્ત્રની ઉદ્‌ઘોષણા મુજબ જ વર્તાય. શ્રાવકોએ પણ શાસ્ત્રને સમર્પિત સાધુ ભગવંતોના માર્ગદર્શન મુજબ જ વર્તાય. આથી જૈનશાસનમાં અંદરના અવાજનું કોઈ સ્થાન નથી. સર્વોપરિ સ્થાન એકમાત્ર શાસ્ત્રનું જ છે.

**પ્રશ્ન : શું મોક્ષમાર્ગ માત્ર આગમ (શાસ્ત્ર) થી ચાલે છે ?**

**ઉત્તર :** હા, મોક્ષમાર્ગ આગમ-શાસ્ત્રથી જ ચાલે છે અને બીજા નંબરે શાસ્ત્રસાપેક્ષ સુવિહિત સામાચારીથી ચાલે છે.

**પ્રશ્ન : સુવિહિત સામાચારી કોને કહેવાય ?**

**ઉત્તર :** સુવિહિત સામાચારીનું સ્વરૂપ જણાવતાં **પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી** મહારાજા **યોગવિંશિકા**ની ટીકામાં કહે છે કે,

**यत्संविग्नजनाचीर्णं, श्रुतवाक्यैरबाधितम् ।**
**तज्जीतं व्यवहाराख्यं पारम्पर्यविशुद्धिमत् ॥**

– સંવિગ્ન (ભવભીરુ) પુરુષે જેનું આચરણ કર્યું હોય, જે શ્રુતવાક્ય (શાસ્ત્ર)થી બાધિત ન હોય અને જે પરંપરાથી શુદ્ધ હોય, તે જ જીત વ્યવહાર (સુવિહિત સામાચારી) કહેવાય છે.

**પ્રશ્ન : અવિહિત સામાચારી કોને કહેવાય ?**

**ઉત્તર :** એ જ ગ્રંથની ટીકામાં આગળ જણાવ્યું છે કે,

**यदाचीर्णमसंविग्नैः श्रुतार्थानवलम्बिभिः ।**
**न जीतं व्यवहारस्तदन्धसंततिसंभवम् ॥**

– શાસ્ત્રનો આશ્રય નહિ કરવાવાળા અસંવિગ્ન પુરુષોએ જેનું આચરણ કર્યું હોય, તે જીત વ્યવહાર (સુવિહિત વ્યવહાર) નથી, પણ તે તો અંધની પરંપરા જ છે.

(જીત વ્યવહારનું વિશેષ સ્વરૂપ આગળ પ્રશ્નોત્તરી વિભાગમાં આપેલ છે.)

**પ્રશ્ન : સંવિગ્ન પુરુષ શાસ્ત્રનો કેમ આશ્રય લે છે ?**

**ઉત્તર :** સંવિગ્ન પુરુષો મોક્ષાભિલાષી અને ભવભીરુ હોય છે. પોતાની મોક્ષાભિલાષાની પૂર્તિ મોક્ષમાર્ગની સુવિહિત સાધનાથી જ થવાની છે, એ વાત સંવિગ્ન પુરુષો બરાબર સમજે છે અને મોક્ષમાર્ગની સાધનાનું પરમ આલંબન માત્રને માત્ર શાસ્ત્ર જ છે અને આ વિષયમાં શાસ્ત્રની ઉપેક્ષા ભવપરંપરા વધારનાર છે, આ વાતની પણ એમને પૂરેપૂરી શ્રદ્ધા હોય છે. આથી સંવિગ્ન પુરુષો શાસ્ત્રવચનોની ઉપેક્ષા કરતા નથી. ભવભીરુ આત્માને ભવપરંપરા વધે તે લેશમાત્ર ઈષ્ટ નથી. તે જ કારણે તેઓ શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા પણ કરતા નથી.

**સમગ્ર ચર્ચાનો સાર એ જ છે કે, જૈનશાસનમાં બહુમતિ, સ્વમતિ, સ્વતંત્રમતિ, સ્વચ્છંદમતિ કે અંદરના અવાજને કોઈ સ્થાન નથી. પરંતુ શાસ્ત્રમતિનું જ પ્રાધાન્ય છે. આથી સર્વે તત્ત્વોનો નિર્ણય આગમ-શાસ્ત્ર દ્વારા જ કરવાનો દૃઢ નિર્ધાર કરવો અને આગમ-શાસ્ત્ર દ્વારા પ્રાપ્ત થયેલા તત્ત્વોના રહસ્યાર્થને પામવાનો પુરુષાર્થ કરવો, એ જ શ્રેયસ્કર છે.**

## (૩) તત્ત્વનિર્ણયને અનુકૂળ-પ્રતિકૂળ મધ્યસ્થભાવ :

તત્ત્વનિર્ણયનું સૌથી પ્રથમ સાધન આગમ = શાસ્ત્ર છે. બીજું સાધન મધ્યસ્થભાવ છે. તત્ત્વનિર્ણય કરનારી વ્યક્તિ મધ્યસ્થભાવને ધારણ કરે તો જ સાચો તત્ત્વનિર્ણય કરી શકે છે. તે સિવાય સાચો તત્ત્વનિર્ણય થઈ શકતો નથી.

**અહીં આપણે ચાર મુદ્દા ક્રમશઃ વિચારીશું.**

→ મધ્યસ્થભાવની કેમ જરૂરીયાત છે ?

→ મધ્યસ્થભાવ એટલે શું ?

→ અનુકૂળ મધ્યસ્થભાવ કેવો હોય ?

→ પ્રતિકૂળ મધ્યસ્થભાવ કેવો હોય ?

### ⇨ મધ્યસ્થભાવની કેમ આવશ્યકતા છે ?

દરેક દર્શનોની અલગ-અલગ માન્યતાઓના નિષ્કર્ષ સુધી પહોંચવા

માટે અને જૈનશાસ્ત્રોના જ્યારે અલગ-અલગ અર્થઘટન થતા હોય ત્યારે સાચા અર્થઘટનને પકડવા-નિષ્કર્ષ સુધી પહોંચવા અર્થાત્ દરેક વિષયમાં તત્ત્વનિર્ણય કરવા માટે મધ્યસ્થભાવની આવશ્યકતા છે.

**તદુપરાંત, આ વિષમકાળમાં તત્ત્વના નામે ઘણા તત્ત્વાભાસોનો તથા ધર્મના નામે અનેક ધર્માભાસોનો અપપ્રચાર જોરશોરથી ચાલે છે. તેવી અવસ્થામાં તત્ત્વ-ધર્મની પરીક્ષા કરવી ખૂબ અનિવાર્ય છે.** તત્ત્વ-ધર્મની પરીક્ષા શાસ્ત્રવચનોના આધારે જ કરવાની છે. પરંતુ શાસ્ત્રના નામે જ્યારે ઘણા પ્રવાદો ચાલતા હોય ત્યારે તે તમામ પ્રવાદોને મધ્યસ્થભાવે સાંભળીને-વિચારીને શ્રીજિનેશ્વરના વચનને અનુપાતી (અનુસરતો) કયો પ્રવાદ છે અને કયો પ્રવાદ શ્રીજિનેશ્વરના વચનને અનનુપાતી છે (અનુસરતો નથી) તે નક્કી કરવાનું હોય છે.

વળી, તત્ત્વ કે ધર્મ વિષયક જ્ઞાન પણ જ્યારે જિનવચનને (સર્વજ્ઞના વચનને) અનુપાતી (અનુસરતું) હોય ત્યારે જ તે સમ્યગ્ શ્રુતજ્ઞાન બને છે અને ભગવાનના વચનને અનુપાતી ન હોય તો તે મિથ્યાશ્રુત બને છે. આથી તત્ત્વ-ધર્મ-આચરણા વિષયક ક્યાંય પણ સાંભળવામાં આવે કે વાંચવામાં આવે, ત્યારે તે તત્ત્વ-ધર્મ, આચરણાની પરીક્ષા માટે પ્રયત્ન અવશ્ય કરવો જ જોઈએ. પરીક્ષા વિના બોધ તાત્ત્વિક = અભ્રાન્ત બનતો નથી અને અભ્રાન્ત બોધ વિના (ભ્રાન્ત બોધ સહિતની) ધર્મસાધના પણ ભ્રાન્ત બને છે અને એવી સાધના સંસારનાશક અને મોક્ષપ્રાપક બની શકતી નથી.

તથા પરીક્ષાનું પ્રકૃષ્ટ કારણ (સાધન) મધ્યસ્થભાવ છે. આથી **ધર્મપરીક્ષા** (ગાથા ૧ ની ટીકામાં) કહ્યું છે કે - **''माध्यस्थ्यमेव धर्मपरीक्षायां प्रकृष्टं कारणम् ।'' ધર્મપરીક્ષામાં મધ્યસ્થભાવ જ પ્રકૃષ્ટ કારણ છે.**

**અહીં ઉલ્લેખનીય છે કે...... જ્યારે ધર્મ-તત્ત્વના અર્થી જીવો ધર્મ-તત્ત્વને જાણવાનો પ્રયત્ન કરે છે, તે માટે મુનિવરો પાસે જાય, ધર્મનું શ્રવણ કરે, ધર્મશાસ્ત્રનું વાંચન કરે તથા પોતાની બુદ્ધિપ્રતિભા દ્વારા ધર્મશાસ્ત્ર કથિત તત્ત્વોને સમજવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તે સર્વે ધર્મપરીક્ષાના કારણ છે.**

**છતાં પણ ધર્મના અર્થી જીવો જો સ્વપક્ષના રાગી અને પરપક્ષના દ્વેષી હશે તો યથાર્થ ધર્મપરીક્ષા કરી શકશે નહીં તથા ધર્મના અર્થી જીવો જો સ્વપક્ષના રાગ અને પરપક્ષના દ્વેષથી રહિત મનોવૃત્તિ વાળા - મધ્યસ્થભાવને ધારણ કરનારા હશે તો યથાર્થ ધર્મપરીક્ષા કરી શકશે. તેથી તત્ત્વ-ધર્મની પરીક્ષામાં બીજા ગુણો કરતાં મધ્યસ્થભાવ પ્રકૃષ્ટ કારણ છે, તે ફલિત થાય છે. આથી જ ધર્મપરીક્ષામાં કહ્યું છે કે,**

**''सो धम्मो जो जीवं धारेइ भवण्णवे निवडमाणं ।**
**तस्स परिक्खामुलं मज्झत्थत्तं चिय जिणुत्तं ॥२॥''**

**અર્થ :** જે ધર્મ છે, તે ભવાર્ણવમાં (ભવસમુદ્રમાં) ડૂબતા એવા જીવને ધારણ કરે છે = રક્ષણ કરે છે. તે ધર્મની પરીક્ષાનું મૂલ મધ્યસ્થપણું જ શ્રીજિનેશ્વરોએ કહ્યું છે

**❁ મધ્યસ્થભાવનું સ્વરૂપ :**

→ જ્ઞાનસાર, યોગશાસ્ત્ર આદિ ગ્રંથોમાં 'મધ્યસ્થભાવ' અંગે નીચેની પરિભાષાઓ પ્રાપ્ત થાય છે.

[ A ] **जीवपुद्गलेषु शुभाशुभपरिणतेषु अरक्तद्विष्टतारुपापरिणति मध्यस्था । (ज्ञानसार-ज्ञानमंजरी टीका)**

[ B ] **नयेषु स्वार्थसत्येषु, मोघेषु परचालने ।**
**समशीलं मनो यस्य, स मध्यस्थो महामुनिः ॥१६/३॥**

**[ ज्ञानसार ]**

[ C ] **सुरेन्द्रवृन्दवन्दितचरणा अपि, तथा दीनजनैः- लुब्धकधीवरैः विडम्ब्यमाना अपि न रागं च द्वेषं च गच्छति स मध्यस्थः समचित्तः उच्यते।**

[ D ] **मध्ये रागद्वेषयोरन्तराले तिष्ठतीति मध्यस्थः ।**

**[ व्यवहारसूत्रवृत्ति/प्रवचनसारोद्धार ]**

[ E ] **माध्यस्थ्यम् = स्वपक्षानुरागपरपक्षद्वेषयोरन्तरालस्थायित्वम् ।**

**[ योगबिंदु-३०० टीका ]**

[ F ] क्रूरकर्मसु निःशङ्कम्, देवतागुरुनिन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम् ॥

હવે દરેક પરિભાષાનો અર્થ ક્રમશઃ વિચારીશું –

[ A-1 ] શુભાશુભ પરિણામને પામેલા જીવ-પુદ્ગલાદિને વિશે રાગ-દ્વેષથી રહિત પરિણતિને **મધ્યસ્થભાવ** કહેવાય છે.

[ B-1 ] પોતાને ઈચ્છિત મતના (અભિપ્રાયના) સ્થાપનમાં નિપુણ અને અન્યને ઈચ્છિત મતના (અભિપ્રાયના) સ્થાપનમાં નિષ્ફળ (ઉદાસ) એવા નયોમાં જેનું મન સમાન રહે છે (સ્વપક્ષપાતથી રહિત રહે છે) તે મહામુનિ **મધ્યસ્થ** કહેવાય છે.

[ C-1 ] સુરેન્દ્રના સમુહથી વંદાતો અને શિકારી-માછીમાર વગેરે દ્વારા વિડંબના પામતો પણ જે રાગ-દ્વેષ કરતો નથી, તે સમાન ચિત્તવાળો **મધ્યસ્થ** કહેવાય છે.

[ D-1 ] મધ્યમાં રહે છે તે મધ્યસ્થ કહેવાય છે. એકપણ પક્ષમાં ઢળ્યા વિના (સ્વપક્ષના રાગ અને પરપક્ષના દ્વેષમાં ખેંચાયા વિના) પક્ષપાતરહિતપણે જે તટસ્થ રહે છે, તે મધ્યસ્થ કહેવાય છે.

[ E-1 ] સ્વપક્ષના અનુરાગ અને પરપક્ષના દ્વેષની વચ્ચે રહેવું અર્થાત્ સ્વપક્ષનો રાગ અને પરપક્ષનો દ્વેષ છોડીને તટસ્થભાવે રહેવું એને માધ્યસ્થ્ય = મધ્યસ્થભાવ કહેવાય છે.

[ F-1 ] જે જીવો ક્રૂરકર્મો કરે છે, દેવ-ગુરુની નિંદા કરે છે અને દોષયુક્ત પોતાના આત્માની પ્રશંસા કરે છે, તે જીવો ઉપર જે ઉપેક્ષા કરાય છે, તેને મધ્યસ્થભાવ કહેવાય છે.

⇨ **પૂર્વોક્ત અલગ-અલગ પરિભાષાઓથી 'મધ્યસ્થભાવ' ના સ્વરૂપ અંગે ત્રણ વાત તરી આવે છે** –

(૧) સત્ય-અસત્ય, સિદ્ધાંત-અપસિદ્ધાંત, હેય-ઉપાદેય, આદિ પદાર્થોનો નિર્ણય કરતી વખતે પક્ષપાતરહિતપણે 'તટસ્થ' બની રહેવું એ **મધ્યસ્થભાવ** કહેવાય છે.

(૨) માન-અપમાન આદિ વિષમ પરિસ્થિતિમાં રાગ-દ્વેષથી રહિત બની સમભાવની પરિણતિ હોવી એને મધ્યસ્થભાવ કહેવાય છે.

(૩) સુધરી ન શકે તેવા અવિનયી-કુશીલ અને અધમ પરિણતિવાળા જીવોની (પોતાના પરિણામો મલિન ન થાય એ માટે) જે ઉપેક્ષા કરવી એને **મધ્યસ્થભાવ** કહેવાય છે.

→ પ્રથમ પ્રકારનો મધ્યસ્થભાવ તત્ત્વનિર્ણય વખતે આવશ્યક છે અને બીજા-ત્રીજા પ્રકારનો મધ્યસ્ભાવ ચિત્તશુદ્ધિ - ધર્મધ્યાન - સમતાને અખંડ રાખવા માટે જરૂરી છે. તે વાત પૂર્વે જોઈ જ છે.

**પ્રશ્ન : મધ્યસ્થ જીવનો સત્ય-અસત્ય, સિદ્ધાંત-અપસિદ્ધાંત, હેય-ઉપાદેય વગેરે પદાર્થોની (તત્ત્વોની) પરીક્ષા કરતી વખતે કેવા પ્રકારનો અભિગમ હોય છે ?**

**ઉત્તર :** મધ્યસ્થ જીવ કદાગ્રહી હોતો નથી. તેથી તેને પક્ષદૃષ્ટિ નથી હોતી પરંતુ તત્ત્વદૃષ્ટિ હોય છે. આથી તે ધર્મતત્ત્વની પરીક્ષાના અવસરે સ્વપક્ષના આગ્રહમાં ખેંચાયા વિના તત્ત્વને પ્રધાન બનાવવાનો અભિગમ ધરાવે છે.

વળી, મધ્યસ્થ જીવ તત્ત્વદૃષ્ટિવાળો હોવાના કારણે તેની મતિ આગમ અને સુયુક્તિ તરફ પ્રસરતી હોય છે. આગમવચન અને સુયક્તિ, પદાર્થના સ્વરૂપને જે રીતે સ્પષ્ટ કરતા હોય, તે જ રીતે નિહાળવાનો તેનો અભિગમ હોય છે. પરંતુ બદ્ધાગ્રહી બનીને પોતાની મતિ મુજબ યુક્તિને પોતાના મત તરફ ખેંચવાનો અભિગમ હોતો નથી. સાદી ભાષામાં જોઈએ તો વાછરડું ગાયની પાછળ પાછળ જાય છે. જ્યારે વાંદરો ગાયને પુંછડાથી ખેંચી પોતાની તરફ લઈ જાય છે. એ જ રીતે મધ્યસ્થ જીવનું મનરૂપી વાછરડું યુક્તિરૂપી ગાય પાછળ જાય છે અને કદાગ્રહી જીવનો મનરૂપી વાંદરો યુક્તિરૂપી ગાયને પુછડાથી ખેંચીને પોતાના તરફ લાવવાનો પ્રયત્ન કરે છે.

આ જ વાતને જ્ઞાનસાર ગ્રંથમાં નીચે મુજબ જણાવી છે –

**मनोवत्सो युक्तिगवीम्, मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनःकपिः ॥१६-२॥**

મધ્યસ્થનું મન કદાગ્રહથી રહિતપણે સ્વપક્ષના અને પરપક્ષના દ્વેષથી ઉપર ઉઠીને તત્ત્વદૃષ્ટિવાળું હોય છે અને કદાગ્રહી જીવનું મન સ્વપક્ષને જ સાચો માનવાની દૃષ્ટિવાળું હોય છે. તેથી તે યેન કેન પ્રકારે પોતાના મતને સાચો ઠેરવવા માટે કુયુક્તિઓ - કુતર્કો કરતો હોય છે.

**તદુપરાંત, મધ્યસ્થ જીવ તત્ત્વદૃષ્ટિવાળો હોવાના કારણે પોતે સ્વીકારેલા તત્ત્વની પરીક્ષા કરવા-કરાવવા નિરંતર તૈયાર હોય છે. તે દૃષ્ટિરાગને આધીન બનીને પરીક્ષાથી આઘોપાછો થતો નથી. પરીક્ષા કરવાથી આપણું ખોટું હશે તો ભૂલ સુધરશે અને સાચું હશે તો સત્યની દૃઢતા વધશે, આવી એની માન્યતા હોય છે.**

**તથા તે ક્યારેય કુલાચારાદિને આગળ કરીને આગમવચનને બાધિત કરતો નથી.**

વળી, **તેની સ્પષ્ટ માન્યતા હોય છે કે,** આગમિક પદાર્થોનો નિર્ણય આગમથી કરવાનો તથા આગમિક પદાર્થોને યુક્તિથી મનમાં બેસાડવાનો-સ્થિર કરવાનો પ્રયત્ન જરૂર કરવાનો, પરંતુ જ્યાં યુક્તિની મર્યાદા આવે ત્યાં આગમિક પદાર્થોમાં યુક્તિનો આગ્રહ ન રાખવો. પરંતુ આપ્તપુરુષ પ્રણીત આગમ વચનોને અનુસરીને તે તે પદાર્થોનો તે તે સ્વરૂપે સ્વીકાર કરી લે છે.

→ મધ્યસ્થ જીવ જે વિષયમાં આગમવચન અને યુક્તિ મળે છે, તે વિષયમાં પોતાનો મત વિરુદ્ધમાં જતો લાગે, તો પોતાનો મત છોડવાની તૈયારીવાળો હોય છે અને આગમ-યુક્તિથી સિદ્ધ થયેલ પ્રામાણિક મતને સ્વીકારવાની તૈયારીવાળો હોય છે. તે ક્યારેય કુતર્કો કરીને આગમ-યુક્તિથી સિદ્ધ તત્ત્વના સ્વરૂપને વિકૃત બનાવવાની કોશીશ ન કરે.

→ 'મધ્યસ્થભાવ' ની તાત્ત્વિકતા અને અતાત્ત્વિકતા અંગેની

વિચારણાથી આ વિષયમાં ઘણી સ્પષ્ટતાઓ થશે. તેથી કયો મધ્યસ્થભાવ તાત્ત્વિક છે અર્થાત્ તત્ત્વનિર્ણયને-ધર્મપરીક્ષાને અનુકૂળ છે અને કયો મધ્યસ્થભાવ અતાત્ત્વિક છે, અર્થાત્ ધર્મપરીક્ષા-તત્ત્વનિર્ણયને પ્રતિકૂળ છે, તેની શાસ્ત્રવચનોના આધારે વિચારણા કરવી જરૂરી છે. તે હવે કરીશું –

## ⇨ અનુકૂળ–પ્રતિકૂળ મધ્યસ્થભાવ :

પૂર્વે (ધર્મપરીક્ષા ગ્રંથના આધારે વિચાર્યું હતું કે ) ધર્મપરીક્ષામાં જો કોઈ પ્રકૃષ્ટ સાધન હોય તો તે મધ્યસ્થભાવ છે. તે મધ્યસ્થભાવ ધર્મપરીક્ષાને અનુકૂળ પણ હોઈ શકે છે અને પ્રતિકૂળ પણ હોઈ શકે છે. કયો મધ્યસ્થભાવ અનુકૂળ છે અને કયો મધ્યસ્થભાવ પ્રતિકૂળ છે, તેની વિચારણા **ધર્મપરીક્ષા, ગાથા-૨ ની ટીકામાં** નીચે મુજબ કરી છે.

“ननु सदसद्विषयं माध्यस्थ्यं प्रतिकूलमेव, तदुक्तम् - **सुनिश्चितं मत्सरिणो जनस्य न नाथ ! मुद्रामतिशेरते ते । माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समनुबन्धाः** ॥ (अयोगव्य० द्वा० २७)

इति कथं तद् भवद्भिः परीक्षानुकूलमुच्यते ? इति चेत् ? सत्यं, प्रतीयमानस्फुटातिशयशालिपरविपतिपत्तिविषयपक्षद्वयान्तरनिर्द्धारणानुकूल-व्यापाराभावलक्षणस्य माध्यस्थ्यस्य परीक्षाप्रतिकुलत्वेऽपि स्वाभ्युपगमहानि-प्रयोजकदृष्टिरागाभावलक्षणस्य माध्यस्थ्यस्य तदनुकूलत्वात् ॥२॥

**ભાવાર્થ :**

**શંકા :** સત્-અસત્ વિષયવાળો મધ્યસ્થભાવ પ્રતિકુળ જ છે. અર્થાત્ પરીક્ષા દ્વારા તત્ત્વપ્રાપ્તિમાં સત્-અસત્ વિષયવાળો મધ્યસ્થભાવ પ્રતિકૂળ જ છે. અર્થાત્ સત્-અસત્ વિષયમાં મધ્યસ્થભાવ પ્રતિકૂળ જ છે. **તેથી જ કહેવાયું છે કે –**

**“હે નાથ ! મધ્યસ્થભાવને સ્વીકારીને જે પરીક્ષકો મણિમાં અને કાચમાં સમાન અનુબંધવાળા = સમાન પરિણામવાળા છે, તેઓ મત્સરી**

**લોકોની મુદ્રાને = તત્ત્વ પ્રત્યે મત્સરવાળા જીવોની પ્રકૃતિને સુનિશ્ચિતપણે ઓળંગતા નથી.''**

તેથી કેવી રીતે તમે મધ્યસ્થપણાને (ધર્મપરીક્ષા પ્રત્યે) અનુકૂળ કહો છો ?

**સમાધાન** : તમારી વાત સાચી છે કે, કાચ-મણિમાં સમાનબુદ્ધિવાળા પરીક્ષકોનો મધ્યસ્થભાવ તત્ત્વપ્રાપ્તિમાં પ્રતિકૂળ જ છે. (છતાં પણ કયો મધ્યસ્થભાવ તત્ત્વપ્રાપ્તિમાં અનુકૂળ છે અને કયો મધ્યસ્થભાવ તત્ત્વપ્રાપ્તિમાં પ્રતિકૂળ છે તે અમે સ્પષ્ટ કરીએ છીએ)

(છતાં પણ, મધ્યસ્થભાવ ધર્મપરીક્ષાને અનુકૂળ છે) કારણ કે, પ્રતીયમાન સ્પષ્ટ, અતિશયશાલી એવા પર-વિપ્રતિપત્તિ વિષયવાળા બે પક્ષમાંથી અન્યતર પક્ષ (બેમાંથી એક પક્ષ), તેના નિર્ધારણને અનુકૂળ વ્યાપારના (પ્રયત્નના) અભાવરૂપ મધ્યસ્થભાવ પરીક્ષાને પ્રતિકૂળ હોવા છતાં પણ પોતાના વડે સ્વીકારાયેલા પક્ષની હાનિના ભયના પ્રયોજક એવા દૃષ્ટિરાગના અભાવ સ્વરૂપ મધ્યસ્થભાવ પરીક્ષાને અનુકૂળ છે અર્થાત્ એવો મધ્યસ્થભાવ પરીક્ષા દ્વારા તત્ત્વપ્રાપ્તિમાં અનુકૂળ છે. ।।૨।।

---

**સ્પષ્ટીકરણ :**

(૧) તત્ત્વપ્રાપ્તિનું અનન્ય સાધન ધર્મપરીક્ષા છે. ધર્મપરીક્ષાનું પ્રકૃષ્ટ સાધન *મધ્યસ્થભાવ છે. તે મધ્યસ્થભાવ ધર્મપરીક્ષાને અનુકૂળ પણ હોઈ શકે છે* અને પ્રતિકૂળ પણ હોઈ શકે છે. અનુકૂળ મધ્યસ્થભાવ જ તત્ત્વની યથાર્થ પરીક્ષા દ્વારા તત્ત્વપ્રાપ્તિનું કારણ બને છે. પ્રતિકૂળ મધ્યસ્થભાવ તત્ત્વની યથાર્થ પરીક્ષાથી દૂર રાખીને તત્ત્વપ્રાપ્તિનો પ્રતિબંધક બને છે.

(૨) તેથી મધ્યસ્થભાવ પણ બે પ્રકારનો છે. તેમાં પ્રતિકૂળમધ્યસ્થભાવ દોષરૂપ છે અને અનુકૂળ મધ્યસ્થભાવ ગુણરૂપ છે.

(૩) **દોષરૂપ મધ્યસ્થભાવ કેવો હોય ?**

જે જીવો તત્ત્વને જાણવા માટે તત્પર બન્યા છે, તે વખતે અલગ-

અલગ દર્શનો ભિન્ન-ભિન્ન સ્વરૂપે પદાર્થનું સ્વરૂપ બતાવતા હોય અથવા તો સ્વદર્શનમાં જ એક જ પદાર્થના (તત્ત્વના) વિષયમાં જુદી-જુદી વ્યક્તિઓ ભિન્ન-ભિન્ન નિરૂપણ કરતી હોય, ત્યારે બધા જ દર્શનો પ્રત્યે કે સ્વદર્શનના બધા જ પક્ષો પ્રત્યે જે મધ્યસ્થભાવ ધારણ કરે છે અર્થાત્ કાચ અને મણિની જેમ બધાને સમાન માનવાનું કામ કરે છે **તથા** કયો પક્ષ આગમ અને યુક્તિથી અતિશાયી છે (યુક્તિયુક્ત છે-પ્રામાણિક છે, અબાધિત છે) અને કયો પક્ષ આગમ-યુક્તિથી યુક્તિયુક્ત નથી-પ્રામાણિક નથી- બાધિત છે, તેના નિર્ધારણને અનુકૂળ મનોવ્યાપાર કરતો નથી, તે જીવનો મધ્યસ્થ-ભાવ તત્ત્વપ્રાપ્તિમાં પ્રતિકૂળ હોવાથી દોષરૂપ છે. કારણ કે, **તેવો મધ્યસ્થભાવ તત્ત્વ-અતત્ત્વને સમાન માનવારૂપ મિથ્યાત્વના ઉદયસ્વરૂપ છે.**

**અહીં ઉલ્લેખનીય છે કે**, તત્ત્વ-અતત્ત્વનું આગમ-યુક્તિથી નિર્ધારણ (નિશ્ચય) કરીને તત્ત્વનો પક્ષપાત અને અતત્ત્વનો અપક્ષપાત કેળવવામાં આવે તો જ સમ્યક્ત્વ છે. તત્ત્વ-અતત્ત્વને સમાન મનાવનારો અને તત્ત્વ પ્રત્યે અપક્ષપાત રખાવનાર મધ્યસ્થભાવ એ મિથ્યાત્વના ઉદય સ્વરૂપ હોવાથી દોષરૂપ છે.

### (૪) ગુણરૂપ મધ્યસ્થભાવ કેવો હોય ?

જે જીવો તત્ત્વને જાણવા માટે તત્પર બન્યા છે, તે જીવો તત્ત્વને જાણવાના પુરુષાર્થ દરમ્યાન પોતે સ્વીકારેલા સિદ્ધાંતની હાનિ થવાનો ભય ઉપસ્થિત થવાના અવસરે પણ દૃષ્ટિરાગને આધીન બનતા નથી. (સ્વપક્ષના રાગમાં ખેંચતા નથી) અને આગમ-યુક્તિથી કયા પક્ષ-દર્શનનું તત્ત્વ યથાર્થ છે અને કયા પક્ષ-દર્શનનું તત્ત્વ અયથાર્થ છે, તે બરાબર સમજવાનો પ્રયત્ન કરે છે **તથા પોતાનો સિદ્ધાંત અતત્ત્વરૂપે ભાસે તો ત્યાગ કરવામાં અને જે તત્ત્વરૂપે ભાસે તેનો સ્વીકાર કરવામાં આનંદ વર્તતો હોય, તો તે વખતે વર્તતો મધ્યસ્થભાવ ગુણરૂપ છે. કારણ કે, તેનાથી યથાર્થ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. જે ભ્રાન્તિઓને ખતમ કરીને સમ્યગ્દર્શનને શુદ્ધ કરે છે.**

**અહીં ઉલ્લેખનીય છે કે, સત્-અસત્ વિષયમાં (તત્ત્વ-અતત્ત્વના**

**વિષયમાં) માધ્યસ્થ્ય કેવી રીતે રાખવાનું ? આવો કોઈને પ્રશ્ન થાય, તો તેનો જવાબ એ છે કે - તત્ત્વ અને અતત્ત્વનો નિર્ણય કરવાનો અને એ થઈ ગયા પછી તત્ત્વમાં પક્ષપાત રાખવો એ સાચું માધ્યસ્થ્ય છે. તત્ત્વ-અતત્ત્વને અનિર્ણીત રાખવું અને બંનેનો નિર્ણય થઈ ગયા પછી પણ તત્ત્વનો પક્ષપાત અને અતત્ત્વનો અપક્ષપાત ન રાખવો તથા બંનેની ભેળસેળ કરવી અને ભેળસેળ થાય તે રીતે બોલવું એ માધ્યસ્થ્ય નથી.**

(૫) **આથી ધર્મપરીક્ષા ગ્રંથના પૂર્વનિર્દિષ્ટ વિધાનોથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે –**

**બધા દર્શનોને સમાન માનવા, સ્યાદ્વાદ સિદ્ધાંતના બહાને સાચા-ખોટાને સમાન માનવા, આગમવિરુદ્ધ પ્રવૃત્તિ-પ્રરૂપણા કરનારા અને આગમ મુજબ પ્રરૂપણા-પ્રવૃત્તિ કરનારા તમામને સમાન માનવા, એ સાચો મધ્યસ્થભાવ નથી. પરંતુ ખોટો મધ્યસ્થભાવ છે. એવો મધ્યસ્થભાવ મિથ્યાત્વ સ્વરૂપ છે, એ યાદ રાખવું.**

(૬) સાચા મધ્યસ્થભાવથી તત્ત્વનિર્ણય થાય છે અને તત્ત્વ નિર્ણય થયા પછી તત્ત્વનો પક્ષપાત અને અતત્ત્વનો અપક્ષપાત રાખવાનો હોય છે.

### (૭) તત્ત્વનિર્ણય પછીનું કર્તવ્ય :

મધ્યસ્થભાવપૂર્વક આગમ-યુક્તિ દ્વારા તત્ત્વનો સાચો નિર્ણય થઈ ગયા પછી.....

(૧) તત્ત્વનો (સત્યનો) સ્વીકાર કરવાનો છે અને અતત્ત્વ (અસત્ય)નો ત્યાગ કરવાનો છે.

(૨) તત્ત્વ પ્રત્યે નિરંતર પક્ષપાત રહે અને અતત્ત્વનો પક્ષપાત ન થાય તેની કાળજી રાખવાની છે. કારણ કે અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ મિથ્યાત્વસ્વરૂપ છે.

(૩) સત્યના પક્ષે જ બેસવું જોઈએ અને અસત્યનો ત્યાગ કરવો જોઈએ.

(૪) સત્યનું સમર્થન કરવુ જોઈએ. સત્યને જ પ્રોત્સાહન આપવું જોઈએ. તથા અસત્યને સમર્થન ન થઈ જાય તેની કાળજી રાખવાની છે.

(૫) શક્તિ હોય તો અસત્યનો - અપસિદ્ધાંતોનો પ્રતિકાર કરીને સત્ય-સિદ્ધાંતની સ્થાપના કરવી જોઈએ.

**→ અહીં ખાસ ખાસ ઉલ્લેખનીય છે કે, શાસ્ત્રના આધારે તત્ત્વનો નિર્ણય થઈ ગયા પછી મધ્યસ્થભાવ ન હોય, સાચા તત્ત્વની તરફેણ કરવાની હોય.**

## (૮) પ્રતિકૂલ મધ્યસ્થભાવના અનર્થો

→ સિદ્ધાંત-ધર્મ-તારક આલંબનો-પ્રભુની આજ્ઞાનો લોપ થતો હોય ત્યારે મધ્યસ્થભાવને ધારણ કરનારને કયા અનિષ્ટ પ્રાપ્ત થાય છે, તે જણાવતાં **સમર્થ શાસ્ત્રકાર શિરોમણિ પૂ.આ.ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા 'સંબોધ પ્રકરણ'** ગ્રંથમાં ફરમાવે છે કે -

''आणाभंगं दट्ठुं, मज्झत्था ठिंति जे तुसिणीयाए ।
अविहिअणुमोयणाए, तेसिं पि होइ वयलोवो ।।૪૬૭।।''

**ભાવાર્થ :** શ્રીતીર્થંકર પરમાત્માની આજ્ઞાનો ભંગ થતો જોઈ-જાણીને જે જીવો મધ્યસ્થભાવે મૌન રહે છે, તેમના પણ વ્રતનો અવિધિની અનુમોદના કરવાના કારણે લોપ થાય છે.

**→ આથી આજ્ઞાભંગના અવસરે, સિદ્ધાંતની હાનિના પ્રસંગે જે જીવો સમભાવ રાખવાની વાતો કરે છે, તટસ્થ રહેવાની વાતો કરે છે અને મૌન ધારણ કરે છે, તે જીવો એક યા બીજી રીતે અવિધિ-અપસિદ્ધાંતની અનુમોદના કરે છે અને તેના ફલસ્વરૂપે પોતાના વ્રતોનો નાશ કરે છે.**

— આ જ કારણસર પ્રભુમહાવીર સ્વામીના શાસનમાં જ્યારે જ્યારે અપસિદ્ધાંતોના પ્રચારથી સિદ્ધાંતોની હાનિનો પ્રસંગ ઉપસ્થિત થયો છે, ત્યારે ત્યારે તત્કાલીન મહાપુરુષોએ મૌન ધારણ કર્યું નથી, પરંતુ તે અપસિદ્ધાંતોને જગતમાં ખુલ્લા પાડીને સિદ્ધાંતોની રક્ષા કરી છે અને અનેક

ભવ્યાત્માઓને ઉન્માર્ગથી બચાવી લીધા છે. તે માટે તેઓએ અઢળક સંઘર્ષો કર્યા છે અને માન-અપમાન પણ સહી લીધા છે. તેના જ પ્રભાવે આપણને શાસન એના મૂળસ્વરૂપે પ્રાપ્ત થયું છે. જો એ વખતે બધાએ બનાવટી મધ્યસ્થભાવને ધારણ કરી મૌન રાખ્યું હોત તો અત્યારે શાસનની-માર્ગની શું સ્થિતિ હોત, તે વિચારતાં પણ ધ્રુજારી છૂટી જાય તેમ છે.

તે સુવિહિત મહાપુરુષોની શુભશ્રેણીમાં **પૂજ્યપાદ સિદ્ધસેન દિવાકર-સૂરિજી, કલિકાલ સર્વજ્ઞશ્રી, પૂ.મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા-પૂજ્ય આત્મારામજી મહારાજા આદિ અનેક મહાપુરુષોના શુભ નામો સ્મૃતિપથમાં ઉપસ્થિત થાય છે.**

→ પૂ. મહોપાધ્યાયશ્રીજીએ યતિઓ આદિની સામે જે સંઘર્ષો કર્યા, તે ન કર્યા હોત અને મૌન ધારણ કર્યું હોત, તો આજે આપણે કઈ સ્થિતિમાં હોત ? જરા વિચારી લેવાની જરૂર છે.

(૯) **બીજી એક વાત ખાસ નોંધનીય છે કે**, આ વિષમકાળમાં ધર્મના નામે કેટલાયે ધર્માભાસો અને તત્ત્વના નામે તત્ત્વાભાસો પ્રવર્તે છે. તેવા અવસરે ધર્મને સૂક્ષ્મબુદ્ધિથી જાણવાનું જ્ઞાનીઓ ફરમાવે છે. આથી જ **પૂજ્યપાદ આ.ભ. શ્રીહરિભદ્રસૂરિજી મહારાજાએ 'અષ્ટક પ્રકરણ'** ગ્રંથમાં કહ્યું છે કે - **सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो, धर्मो धर्मार्थिभिर्नरैः ।**

**अन्यथा धर्मबुद्ध्यैव, तद्विघातः प्रसज्यते ॥१६१॥**

**અર્થ :** ધર્મના અર્થી સાધકોએ સૂક્ષ્મબુદ્ધિ વડે ધર્મને જાણવો જોઈએ. અન્યથા (ધર્મને સૂક્ષ્મબુદ્ધિથી જાણવામાં નહીં આવે તો) ધર્મબુદ્ધિથી જ ધર્મનો નાશ થવાનો પ્રસંગ આવી જશે.

**પ્રશ્ન : તાત્ત્વિક મધ્યસ્થભાવમાં અવરોધક કોણ બને છે ?**

**ઉત્તર :** તાત્ત્વિક મધ્યસ્થભાવમાં કદાગ્રહ અવરોધક બને છે. કદાગ્રહથી ગ્રસ્ત મતિવાળા જીવોમાં તત્ત્વદૃષ્ટિ હોતી નથી પરંતુ પક્ષદૃષ્ટિ જ હોય છે.[૧]

---

૧. कदाग्रहमनसां पक्षदृष्टिरेव न तत्त्वदृष्टिरिति । (ज्ञानमञ्जरी, १६/२ टीका)

જેને તત્ત્વ પ્રત્યે પ્રીતિ હોય, તત્ત્વને પામવાની અભિલાષા હોય અને તત્ત્વ પ્રત્યેના પક્ષપાતથી જ આત્મકલ્યાણ થાય છે આવી દૃષ્ટિ હોય છે, તેનામાં તત્ત્વદૃષ્ટિ હોય છે. તત્ત્વના પક્ષપાતથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે અને શુદ્ધ બને છે તથા અતત્ત્વ પ્રત્યેના પક્ષપાતથી તથા ગુણ-દોષના મૂલ્યાંકન વિનાના સ્વપક્ષના આગ્રહથી મિથ્યાત્વ છે, આવી જેની સમજ હોય તેને સ્વપક્ષની દૃષ્ટિ (આગ્રહ) નથી હોતી, પરંતુ તત્ત્વનો જ આગ્રહ (તત્ત્વ દૃષ્ટિ) હોય છે.

**પ્રશ્ન : તાત્ત્વિક મધ્યસ્થભાવવાળા જીવનો પક્ષપાત ક્યાં હોય છે ?**

**ઉત્તર :** આનો સુંદર ઉત્તર ધર્મપરીક્ષામાં નીચે મુજબ આપ્યો છે.

**"मज्झत्थो अ अणिस्सियववहारी तस्स होइ गुणपक्खो ।**
**णो कुलगणाइणिस्सा इय ववहारंमि सुपसिद्धं ॥३॥"**

મધ્યસ્થ જીવ અનિશ્રિત વ્યવહારી હોય છે. તેને ગુણનો પક્ષ = પક્ષપાત હોય છે. કુલ-ગણાદિની નિશ્રા હોતી નથી. એ વ્યવહારસૂત્ર નામના આગમમાં સુપ્રસિદ્ધ છે.

**શ્લોક ૩ ની ટીકામાં સ્પષ્ટીકરણ કર્યું છે કે** - મધ્યસ્થ પુરુષ રાગ-દ્વેષ રહિત પરીક્ષારૂપ વ્યવહારને કરનાર છે. તેને ગુણનો પક્ષ છે = ગુણ જ આદરણીય છે, એ પ્રકારનો સ્વીકાર હોય છે. પરંતુ પોતાના કુલ-ગણ વગેરેથી તુલ્યના સદ્ભૂત દોષના આચ્છાદન વડે અને અસદ્ભૂત ગુણના ઉદ્ભાવન વડે પક્ષપાતરૂપ કુલ-ગણાદિની નિશ્રા (રાગ) હોતી નથી. **તથા** પોતાના કુલ-ગણાદિથી વિસદૃશના (વિપરીત કુલ-ગણાદિના) અવિદ્યમાન દોષના ઉદ્ભાવનથી અને વિદ્યમાન ગુણના આચ્છાદનથી ઉપશ્રા (દ્વેષ) પણ નથી.

**→ આથી મધ્યસ્થ પુરુષને ગુણનો જ પક્ષપાત હોય છે. તે મારા-પારકાના ટૂંકા ગણિતોમાં પડતો નથી.**

**⇨ જેની પાસે તાત્ત્વિક મધ્યસ્થભાવ હોય છે, તેનો હાર્દિક એકરાર કેવા**

**પ્રકારનો હોય અને તેમનો તત્ત્વ પ્રત્યે પક્ષપાત કેવો હોય ? તે જ્ઞાનસાર, લોકતત્ત્વનિર્ણય, અયોગ્યવચ્છેદ દ્વાત્રિંશિકા ગ્રંથમાં જોવા મળે છે.**

● પૂ. મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી મહારાજા 'જ્ઞાનસાર'** ગ્રંથમાં ફરમાવે છે કે, **स्वागमं रागमात्रेण, द्वेषमात्रात्परागमम् ।**

**न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ॥१६/७॥**

**અર્થ :** અમે રાગમાત્રથી અમારા આગમોનો (જૈનાગમોનો) આશ્રય કર્યો નથી અને દ્વેષમાત્રથી પરાગમોનો (અન્ય દર્શનના શાસ્ત્રોનો) ત્યાગ કર્યો નથી. પરંતુ મધ્યસ્થદષ્ટિથી અમે જિનાગમોનો સ્વીકાર કર્યો છે અને અન્ય શાસ્ત્રોનો ત્યાગ કર્યો છે.

→ મધ્યસ્થદષ્ટિએ વિચારતાં અમને જૈનાગમો કષ-છેદ-તાપથી શુદ્ધ જણાયા છે. તેથી તેનો સ્વીકાર કર્યો છે અને અન્યદર્શનના શાસ્ત્રો એ ત્રણથી શુદ્ધ જણાયા નથી એથી એનો ત્યાગ કર્યો છે. (કષ-છેદ-તાપની શુદ્ધિ અષ્ટક પ્રકરણ આદિ ગ્રંથોમાં આપી છે. જે પૂર્વે જોઈ જ છે.)

● પૂ.આ.ભ. **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા **લોકતત્ત્વનિર્ણય** ગ્રંથમાં જણાવે છે કે - **पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।**

**युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥३८॥**

**અર્થ :** મને વીર પરમાત્મા ઉપર પક્ષપાત (રાગ) નથી અને અન્ય-દર્શનના પ્રણેતા કપિલાદિ ઉપર દ્વેષ નથી. પરંતુ જેનું વચન યુક્તિયુક્ત હોય તેનું વચન સ્વીકારવું જોઈએ.

→ મને વીર પરમાત્માનું વચન અવિસંવાદી-પરસ્પર વિરોધાભાસથી રહિત અને યુક્તિયુક્ત લાગ્યું છે, એથી મેં વીર પરમાત્માને અવિસંવાદિ વચનત્વેન જ મહાન માન્યા છે. એટલે જ તેમનો મેં સ્વીકાર કર્યો. જ્યારે અન્ય દર્શનના પ્રણેતાઓના વચન વિસંવાદી-પરસ્પર વિરોધી-યુક્તિરહિત લાગ્યા છે. તેથી તેમનો ત્યાગ કર્યો છે.

● પૂ. આ. ભ. **શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિજી**એ પણ **અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા**માં કહ્યું છે કે –

**न श्रद्धयैव त्वयि पक्षपातो, न द्वेषमात्रादरुचिः परेषु ।**
**यथावदाप्तत्वपरीक्षया तु, त्वामेव वीरप्रभुमाश्रयामः ॥२९॥**

**ભાવાર્થ :** હે વીર પ્રભુ ! તમારા ઉપર શ્રદ્ધાથી જ પક્ષપાત (રાગ) નથી અને અન્ય દર્શનના પ્રણેતાઓ ઉપર દ્વેષમાત્રથી અરૂચિ નથી. પરંતુ યથાવત્ આપ્તપણાની પરીક્ષાથી (એ બધામાં સાચા આપ્તપુરુષ કોણ છે, તેની પરીક્ષા કરીને જ) મેં (જેમનામાં આપ્તપણું ઘટે છે, તે) વીરપ્રભુનો આશ્રય કર્યો છે.

→ **અહીં એક મહત્ત્વની વાત ઉલ્લેખનીય છે કે,**

ગ્રંથકાર મહર્ષિઓ મધ્યસ્થદષ્ટિથી સત્ય તત્ત્વ અને અસત્ય તત્ત્વનો નિર્ણય કરીને અટકી નથી ગયા. પરંતુ તેઓશ્રીએ તે પછીના બે મહત્ત્વના કાર્યો કર્યા છે -

(૧) અસત્ય તત્ત્વનો ત્યાગ કર્યો છે અને સત્ય તત્ત્વનો સ્વીકાર કર્યો છે તથા

(૨) મોક્ષમાર્ગના સાધકવર્ગ સમક્ષ સત્યનું સમર્થન અને અસત્યનું ખંડન પણ કર્યું છે. ક્યાંયે તેમણે ગોળગોળ વાતો નથી કરી કે આડકતરી રીતે પણ અસત્યને સમર્થન-પ્રોત્સાહન આપ્યું નથી. **આ જ મહાજનની નીતિ છે. તત્ત્વનિર્ણય થયા પછી તટસ્થ રહેવાનો દેખાવ કરવો તે દંભ છે. જગત સાથે દ્રોહ છે.**

→ ન્યાયાધીશ બંને પક્ષની દલીલો સાંભળતાં તટસ્થ રહે છે. પરંતુ ચૂકાદો આપતી વખતે કાયદાશાસ્ત્ર મુજબ એકની તરફેણમાં ચૂકાદો આપે છે. તે વખતે તટસ્થ રહેતો નથી. તે જ રીતે તત્ત્વની પરીક્ષાના પ્રસંગે તટસ્થ રહેવાનું. પરંતુ તત્ત્વનિર્ણય થઈ ગયા પછી જગતને સાચું જ તત્ત્વ બતાવવું તે ફરજ બની જાય છે. જે ફરજને ચૂકીને જગત સમક્ષ સાચું તત્ત્વ

બતાવતો નથી, તેની શાસ્ત્રકારોએ કડક શબ્દોમાં સમાલોચના કરી છે. આથી જ '**ઉપદેશમાલા**' ગ્રંથમાં કહ્યું છે કે –

**जह सरणमुवगयाणं, जीवाण सिरो निकिंतए जो उ ।**
**एवं आयरिओ वि हु उस्सुत्तं पण्णवेंतो य ।।૫૧૮।।**

– જેમ શરણમાં આવેલા જીવોનું જે મસ્તક કાપી નાંખે છે, તે વિશ્વાસઘાતી છે, તેમ સંસારથી ભયભીત અને સંસાર અટવીથી પાર ઉતરવાની ઈચ્છાથી શરણે આવેલા જીવોની આગળ જે આચાર્યો ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે, તે આચાર્યો (તે ભવ્યાત્માઓના ભાવપ્રાણોરૂપ મસ્તકને કાપનાર હોવાથી) વિશ્વાસઘાતી છે.

**फूडपागडमकहंतो, जहट्ठियं बोहिलाभमुवहणइ ।**
**जह भगवओ विसालो जरमरणहोयही आसी ।।૧૦૬।।**

– સ્ફુટ, પ્રગટ અને યથાવસ્થિત કથન ન કરનાર માણસ (ઉપદેશક સાધુ, શ્રાવક વગેરે) બોધિનો નાશ કરે છે અને જેમ મહાવીર પરમાત્માનો (મરીચિના ભવમાં અપ્રગટ-અસ્પષ્ટ કથન કરવા સ્વરૂપ ઉત્સૂત્ર પ્રરૂપણાથી) જન્મ-જરા-મરણરૂપ સંસારસાગર વિશાલ (મોટો) થયો હતો, તેમ સંસાર વધે છે.

**❖ મધ્યસ્થભાવ સ્થિર બનાવવાનો ઉપાય :**

**પ્રશ્ન** : મધ્યસ્થભાવ સ્થિર રાખવાનો ઉપાય શું છે ?

**ઉત્તર** : આનો સુંદર જવાબ **જ્ઞાનસારની જ્ઞાનમંજરી ટીકા**માં આપ્યો છે – "**माध्यस्थ्ये स्थिरत्वं निभर्यस्य भवति, भयमोहोदयात् परिणाम-चापल्यं भवति, अतो भयपरिहारः कार्यः ।**"

**અર્થ** : મધ્યસ્થભાવમાં સ્થિરતા નિર્ભય જીવને જ થાય છે. ભયમોહનીયના ઉદયથી પરિણામો ચંચળ થાય છે. આથી ભયનો પરિહાર કરવો જોઈએ.

**→ ફલિતાર્થ એ છે કે –**

– નિર્ભય જીવ જ મધ્યસ્થભાવમાં સ્થિર રહી શકે છે. કારણ કે, નિર્ભય જીવ જ તમામ પ્રકારના પ્રલોભનો-માનહાનિ આદિથી ઉપર ઉઠીને તત્ત્વદૃષ્ટિને જીવંત રાખી શકે છે.જે જીવને સત્તા-પદ-યશ-કીર્તિ-માન-સન્માન આદિનું પ્રલોભન છે અને ભૂલ સ્વીકારવામાં માનહાનિ-પ્રતિષ્ઠા-હાનિનો ભય છે, તે જીવ ગમે ત્યારે ગમે પક્ષમાં ઢળ્યા વિના રહેતો નથી.

– આથી સત્તા આદિ ન મળવાનો કે ચાલ્યા જવાનો ભય તથા પ્રતિષ્ઠા-હાનિનો ભય એને મધ્યસ્થ રહેવા દેતો નથી.

– જેનામાં સત્તા આદિનું પ્રલોભન છે કે પ્રતિષ્ઠાહાનિનો ભય છે, તે જીવ ગમે ત્યારે ગમે તે પ્રકારના સમાધાનો કરીને પક્ષરાગમાં ફસાયા વિના રહેતો જ નથી.

– આથી મધ્યસ્થભાવમાં સ્થિર રહેવા તમામ પ્રકારના ભયોનો ત્યાગ કરવો જરૂરી છે. માન-અપમાન, યશ-અપયશ, બાહ્ય લાભ-નુકશાન આદિ આત્માને કોઈપણ રીતે લાભદાયી કે નુકશાનકારક નથી. પરંતુ પક્ષરાગ-પક્ષદૃષ્ટિ-દૃષ્ટિરાગ આદિ મિથ્યાત્વના વર્ધક છે, જે આત્માને નુકશાનકારક છે અને સાચો મધ્યસ્થભાવ તત્ત્વપ્રાપ્તિ દ્વારા સમ્યક્ત્વની શુદ્ધિનું પરમ અંગ હોવાથી આત્માને લાભદાયી છે - આ વાત જેને સમજાઈ ગઈ છે, તે સત્ત્વ ફોરવીને તમામ ભયોને ઓળંગી જાય છે - ઘોળીને પી જાય છે અને તત્ત્વદૃષ્ટિ જ જીવંત રાખવાનો પુરુષાર્થ કરે છે.

**પ્રશ્ન : મધ્યસ્થભાવનો પ્રારંભ ક્યારે થાય છે ?**

**ઉત્તર :** મધ્યસ્થભાવનો પ્રારંભ અપુનર્બંધક અવસ્થાથી થાય છે. ક્રમશઃ તે ખીલતો જાય છે. સાતમા ગુણસ્થાનકથી તે પ્રકૃષ્ટ કોટીનો બને છે અને વીતરાગ અવસ્થામાં તે પૂર્ણતાને પામે છે અને સ્થિર બની જાય છે.

**પ્રશ્ન : મધ્યસ્થભાવવાળા જીવને પ્રશસ્ત રાગ-દ્વેષ હોય કે ન હોય ?**

**ઉત્તર :** છટ્ઠા ગુણસ્થાનક સુધી મધ્યસ્થભાવ અને પ્રશસ્ત રાગ-દ્વેષ બંને સાથે રહે છે. તે પછી પ્રશસ્ત રાગ-દ્વેષ ન હોય.

**પ્રશ્ન : મધ્યસ્થભાવ અને પ્રશસ્ત રાગ-દ્વેષ સાથે કઈ રીતે રહી શકે ?**

**ઉત્તર :** મધ્યસ્થભાવ અને પ્રશસ્ત રાગ-દ્વેષનું સ્વરૂપ સમજી લેવામાં આવે તો બંનેને સાથે રહેવામાં કોઈ બાધ જણાશે નહીં.

→ મધ્યસ્થભાવ તત્ત્વનિર્ણયના અવસરે સ્વપક્ષના રાગ અને પરપક્ષના દ્વેષથી રહિત પરિણામસ્વરૂપ છે. તત્ત્વનિર્ણયના પ્રસંગે એકપણ પક્ષ તરફ ઢળ્યા વિના તટસ્થ રહેવું તે મધ્યસ્થભાવ છે અને સુધરી ન શકે તેવા શાસનના વૈરીઓ અને ક્રૂરકર્મ કરનારાંઓ પ્રત્યેની ઉપેક્ષાભાવ સ્વરૂપ મધ્યસ્થભાવ છે.

→ પ્રશસ્ત આશયથી પ્રશસ્ત આલંબનો માટે થતા પ્રીતિ-અપ્રીતિના પરિણામને પ્રશસ્ત રાગ-દ્વેષ કહેવાય છે અને અપ્રશસ્ત આશયથી અપ્રશસ્ત આલંબનો માટે થતાં પ્રીતિ-અપ્રીતિના પરિણામને અપ્રશસ્ત રાગ-દ્વેષ કહેવાય છે.

→ સત્ય-અસત્યનો નિર્ણય કરવાના પ્રસંગે બંને પક્ષને સાંભળતી વખતે મધ્યસ્થભાવ ધારણ કરવાનો છે. આગમ અને યુક્તિના આધારે સત્ય-અસત્યનો નિર્ણય થઈ ગયા પછી સત્ય-તત્ત્વનો પક્ષપાત કરવાનો છે અને અસત્ય-અતત્ત્વનો પક્ષપાત ન થાય તેની કાળજી રાખવાની છે. સત્ય-તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત પ્રશસ્ત રાગથી જીવંત રહે છે અને અસત્ય-અતત્ત્વ પ્રત્યે પક્ષપાત ન થાય તે માટે પ્રશસ્ત દ્વેષની જરૂરીઆત છે. સત્ય-તત્ત્વ જ તારક છે - એ જ મને તારશે - મારા સમ્યગ્દર્શનને નિર્મલ બનાવશે. - એનાથી મારો ઉદ્ધાર થશે - આવું અનુકૂળપણે વેદન થવાથી સહજપણે પ્રશસ્ત રાગ થાય છે. તથા અતત્ત્વ-અસત્ય મારા સમ્યગ્દર્શનને મલિન બનાવશે અને મિથ્યાત્વમાં લઈ જશે, એવા તેના પ્રત્યેના પ્રતિકૂળપણે વેદનથી પ્રશસ્ત દ્વેષ થાય છે.

**→ બીજા નંબરે, મધ્યસ્થભાવમાં દૃષ્ટિરાગ અને અન્ય પ્રત્યેનો મત્સરભાવ છોડવાની વાત છે. પરંતુ પ્રશસ્ત રાગ-દ્વેષને છોડવાની વાત નથી. જો કે, તે છોડવાના જ છે. પરંતુ આગળની ભૂમિકાઓમાં છોડવાના છે.**

→ પ્રશસ્ત રાગ પ્રશસ્ત આલંબનો પ્રત્યેની પ્રીતિના પરિણામ સ્વરૂપ છે અને દૃષ્ટિરાગ સ્વપક્ષના આંધળા રાગ સ્વરૂપ છે. પ્રશસ્ત રાગમાં વસ્તુના ગુણ-દોષનું મૂલ્યાંકન ખંડિત થતું નથી. જ્યારે દૃષ્ટિરાગમાં ગુણ-દોષનું મૂલ્યાંકન રૂંધાય છે અને સ્વપક્ષનો આગ્રહ પ્રધાન બને છે.

→ પ્રશસ્તરાગમાં અન્ય પ્રત્યે અસૂયાગર્ભિત કે ઈર્ષ્યાગર્ભિત દ્વેષ નથી હોતો. જ્યારે દૃષ્ટિરાગમાં અન્ય પ્રત્યે અસૂયાગર્ભિત અને ઈર્ષ્યાગર્ભિત દ્વેષ હોય છે.

→ અસૂર્યાગર્ભિત અને ઈર્ષ્યાગર્ભિત દ્વેષમાં બીજાનું ખરાબ કરવાના ભાવ હોય છે, બીજાના તેજોવધની વૃત્તિ હોય છે, અન્ય પ્રત્યેનો મૈત્રીભાવ ખંડિત થયેલો હોય છે અને કરુણાભાવ પણ ખંડિત થયેલો હોય છે તથા અન્ય પ્રત્યે પ્રમોદભાવ પ્રગટતો નથી.

જ્યારે પ્રશસ્ત દ્વેષની હાજરીમાં જેના ઉપર દ્વેષ છે, તેનું ખરાબ કરવાના ભાવ હોતા નથી, હિતભાવના જીવંત હોવાના કારણે મૈત્રીભાવ અખંડિત હોય છે, કરુણા પણ જીવંત રહે છે અને કોઈક જિનાવચનાનુસારી ગુણો હોય તો પ્રમોદભાવ પણ પ્રગટે છે.

→ **ત્રીજા નંબરે**, તેવા પ્રકારના નિર્ગુણીઓ પ્રત્યે ઉપેક્ષાભાવ રાખવાનો છે, તેમાં પણ પ્રશસ્ત દ્વેષ હાજર હોય છે. માત્ર નિર્ગુણી પ્રત્યેના દુર્ભાવથી આપણા અધ્યવસાય ન બગડે તેવી કાળજી રાખવાની હોય છે. વળી, ઉપેક્ષાભાવમાં પણ તેનું ખરાબ કરવાનો ભાવ હોતો નથી.

→ **અહીં યાદ રહે કે**, મૈત્રીભાવ અને કરુણા ખંડિત થાય તો દ્વેષ અપ્રશસ્ત કોટીનો બની જાય છે અને એ બે જીવતા રહે, તો જ દ્વેષ પ્રશસ્ત કોટીમાં ગણાય છે.

→ **કોઈને પ્રશ્ન થાય કે**, જ્ઞાનીઓએ નિર્ગુણી પ્રત્યે ઉપેક્ષાભાવ રાખવાનું કેમ કહ્યું ? **તો તેનો જવાબ એ છે કે**, આપણા ગુણો-સમાધિની સુરક્ષા માટે તેનાથી દૂર રહેવું જરૂરી છે અને તેના પ્રત્યે અકલ્યાણભાવના ન થાય

તે પણ જરૂરી છે અને આ બંને કાર્ય ઉપેક્ષાભાવથી જ શક્ય બને છે. કારણ કે, ઉપેક્ષાભાવમાં મૈત્રી આદિ ભાવનાઓ ખંડિત થયેલી હોતી નથી. નિર્ગુણી પ્રત્યે પણ હિતબુદ્ધિ અને કરુણાભાવ જીવંત જ હોય છે.

**પ્રશ્ન : પ્રશસ્ત દ્વેષની હાજરીમાં મૈત્રીભાવના ટકી શકે ખરી ?**

**ઉત્તર :** હા, ટકી શકે. પ્રશસ્ત દ્વેષમાં શાસન-સત્ય-તારક આલંબનોના વૈરીઓ પ્રત્યે માત્ર અપ્રીતિનો પરિણામ હોય છે. કોઈનાયે પ્રત્યેની અકલ્યાણની ભાવના હોતી નથી. હા, અકલ્યાણની ભાવના આવે તો મૈત્રી ભાવના ન ટકે. એટલું જ નહીં એ દ્વેષ પણ અપ્રશસ્ત જ બની જાય.

→ **બીજી એક વાત નોંધનીય છે કે** – દૃષ્ટિરાગ અને અસૂયાગર્ભિત દ્વેષનો ત્યાગ કરવાનો કહ્યો છે અને અન્ય દર્શનના દેવાદિ પ્રત્યે 'અદ્વેષ' રાખવાનું પણ કહ્યું છે અને તેમની પ્રત્યે 'પ્રશસ્ત દ્વેષ' રાખવાનું પણ વિધાન છે. પ્રશસ્ત દ્વેષ રાખે તો જ સમ્યક્ત્વની ત્રણ શુદ્ધિ પૈકીની 'અન્ય કોઈને ન નમવા' અંગેની કાયશુદ્ધિ જળવાઈ રહે છે.

આ અંગેની વિશેષ વાતો આગળ કરવાની જ છે તેથી અટકીએ છીએ.

**⇨ સારાંશ :**

[A] તત્ત્વનિર્ણય મોક્ષસાધનાનું અગત્યનું અંગ છે અને તત્ત્વનિર્ણય કરવાના શ્રેષ્ઠ સાધનો છે – શાસ્ત્ર અને મધ્યસ્થભાવ. તેમાં... મધ્યસ્થભાવને ધારણ કરીને જે જીવો મણિ અને કાચમાં, કલ્પવૃક્ષ અને બાવળીયામાં, સમુદ્ર અને ખાબોચીયામાં સમાન પરિણામવાળા છે, તે જીવોનો મધ્યસ્થભાવ ધર્મપરીક્ષા (તત્ત્વનિર્ણય) પ્રત્યે પ્રતિકૂળ હોવાથી દોષરૂપ છે. કારણ કે, જ્યારે સુદેવ અને કુદેવ, તત્ત્વ અને તત્ત્વાભાસ, ધર્મ અને ધર્માભાસ, ગુણ અને ગુણાભાસ, સુવિહિત સામાચારી-અવિહિત સામાચારી, વિધિ-અવિધિ, ઉન્માર્ગ અને સન્માર્ગ, સત્ય-અસત્ય, સિદ્ધાંત-અપસિદ્ધાંત, ઉન્માર્ગી-સન્માર્ગી વગેરેની પરીક્ષા કરવા તૈયાર થયા હોઈએ, ત્યારે બધાને સમાન

માનવાનો પરિણામ ખૂબ બાધક બને છે. સુદેવાદિ અને કુદેવાદિ વચ્ચે લાખ્ખો યોજનનું અંતર છે. તેમ છતાં તેને સમાન માનવાનો પરિણામ હોવો એ મિથ્યાત્વ સ્વરૂપ છે. સમકિતિ આત્મા સુપરીક્ષિત તત્ત્વનો જ સ્વીકાર કરે છે. અર્થાત્ સારી રીતે પરીક્ષા કર્યા વિના તે કોઈપણ તત્ત્વનો સ્વીકાર કરતો જ નથી. **જો બધાને સમાન જ માનવાના હોય અને કોઈને સાચા-ખોટા કહેવાના-માનવાના જ ન હોય તથા સાચાનો સ્વીકાર અને ખોટાનો ત્યાગ કરવાનો જ ન હોય, તો તત્ત્વને જાણવાની-પરીક્ષા કરવાની જરૂરીયાત જ ક્યાં ઉભી થાય છે ?** તદુપરાંત, બધું જાણ્યા પછી પણ સુદેવ-કુદેવ, ઉન્માર્ગ-સન્માર્ગ, વિધિ-અવિધિ આદિ સર્વેને સમાન જ માનવાના હોય, તો તેવી ભેદરેખાઓ જાણવાની આવશ્યકતા જ ક્યાં છે ?

[ B ] **ખરી હકીકત તો એ છે કે...** સમ્યક્ત્વ ગુણને પામવા-ટકાવવા-શુદ્ધ કરવા માટે સુતત્ત્વોનો (સત્ તત્ત્વોનો) પક્ષપાત અને કુતત્ત્વોનો (અસત્ તત્ત્વોનો) અપક્ષપાત ખૂબ જરૂરી છે. તે માટે સુતત્ત્વ અને કુતત્ત્વની ઓળખાણ, તે માટે તેની પરીક્ષા તથા પરીક્ષાના પ્રસંગે (બધાને સમાન માનવા સ્વરૂપ) પ્રતિકૂળમધ્યસ્થભાવનો ત્યાગ અને (સ્વપક્ષના રાગથી રહિત અને પરપક્ષના દ્વેષથી રહિત મનઃપરિણામ સ્વરૂપ) અનુકૂળ મધ્યસ્થભાવનો સ્વીકાર કરવો જરૂરી છે.

[ C ] શાસ્ત્ર અને મધ્યસ્થભાવના સહારે તત્ત્વનિર્ણય-ધર્મપરીક્ષા થઈ ગયા પછી સુદેવ-તત્ત્વ-ધર્મ, ગુણ, સુવિહિત સામાચારી, વિધિ, સન્માર્ગ, સત્ય અને સિદ્ધાંતનો સ્વીકાર કરવાનો છે - તેના જ પક્ષે બેસવાનું છે અને તેને જ સમર્થન આપવાનું છે તથા કુદેવ-તત્ત્વાભાસ કે અતત્ત્વ, અધર્મ, ગુણાભાસ, અવિહિત સામાચારી, અવિધિ, ઉન્માર્ગ, અસત્ય અને અપસિદ્ધાંતનો ત્યાગ કરવાનો છે.

— **અહીં ઉલ્લેખનીય છે કે... ઉપદેશપદમાં ફરમાવ્યું છે કે...** કુદેવાદિ પ્રત્યે દ્વેષ નથી કરવાનો, પરંતુ તે બધાનો વિધિપૂર્વક પરિહાર કરવાનો છે. **લોકોત્તર શાસનમાં કોઈપણ વસ્તુનો સ્વીકાર કે ત્યાગ અંગત**

**રાગ-દ્વેષને આધીન બનીને નથી કરવાના પરંતુ સ્વ-પરના કલ્યાણને તથા માર્ગને સામે રાખીને કરવાનો છે.** શ્રીમહાવીર પ્રભુએ મહાદ્વેષી શ્રી ઈન્દ્રભૂતિજીને પણ શાસનમાં સમાવી લીધા હતા અને પોતાના સંસારી જમાઈ જમાલિજીને શાસનથી દૂર કરી દીધા હતા. માર્ગને સમર્પિત બન્યા એને સ્વીકાર્યા છે અને માર્ગની સામે પડ્યા એને દૂર પણ કર્યા છે. પ્રભુએ કે તે પછીના મહાપુરુષોએ કોઈને પણ શાસનમાંથી દૂર કર્યા એમાં ક્યાંયે અંગત દ્વેષ-પ્રદ્વેષ-વૈર નહોતા. પરંતુ જેમ કરંડીયાની એક બગડેલી કેરી બીજી કેરીઓને બગાડે નહીં તેથી દૂર કરાય, તેમ માર્ગને-માર્ગસ્થ જીવોને નુકશાન ન થાય એ માટે દૂર કર્યા હતા. કોઈપણ શાણો માણસ બગડેલી કેરી ઉપર મધ્યસ્થભાવ ન રાખે, એ તો સ્હેજે સમજી શકાય તેવી વાત છે.

[D] આથી (બધાને સમાન માનવા સ્વરૂપ) પ્રતિકૂળ મધ્યસ્થભાવ દોષરૂપ છે - મિથ્યાત્વના ઉદય સ્વરૂપ છે અને (સ્વપક્ષના અનુરાગ અને પરપક્ષના દ્વેષથી રહિત મનઃપરિણામસ્વરૂપ) અનુકૂળ મધ્યસ્થભાવ ગુણરૂપ છે - ધર્મપરીક્ષાનું પ્રકૃષ્ટ સાધન છે.

[E] જે તત્ત્વોના વિષયમાં શાસ્ત્રાધારે અને સુવિહિત પરંપરા (સામાચારી)ને અનુસારે સાચા-ખોટાનો નિર્ણય પ્રસિદ્ધ થઈ ગયો છે, તેમાં મધ્યસ્થભાવ રાખવો એ સમ્યક્ત્વનો ઘાતક અને મિથ્યાત્વનો વર્ધક મહાદોષ છે.

✵

# પ્રકરણ-૨ : મધ્યસ્થનું માર્ગકથન નિંદારૂપ નથી

ઘણા લોકોનું એવું માનવું છે કે - ''સુ-કુનો વિવેક કરવામાં, સન્માર્ગ-ઉન્માર્ગ અને સન્માર્ગી-ઉન્માર્ગીનો ભેદ બતાવવામાં, આચાર-અનાચારનું સ્વરૂપ સમજાવવામાં, સુવિહિત સામાચારી-અવિહિત સામાચારીની ભેદરેખા સ્પષ્ટ કરવામાં 'નિંદા' થઈ જવાની પુરેપુરી સંભાવના છે અને નિંદા દોષરૂપ છે. આથી તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં.''

– પરંતુ એ લોકોની આવી માન્યતા ભૂલ ભરેલી છે. મધ્યસ્થ વક્તાનું માર્ગકથન શ્રોતાના અજ્ઞાન-ભ્રમને ટાળીને સમ્યગ્જ્ઞાનનું પરમ કારણ બને છે. આથી મધ્યસ્થનું માર્ગકથન ક્યારેય નિંદારૂપ નથી.

→ વર્તમાનકાળમાં પ્રવર્તમાન વિચારધારાઓના પરિપ્રેક્ષ્યમાં અને આપણી પ્રસ્તુત ચર્ચાના અનુસંધાનમાં અહીં નીચેના બે મુદ્દાઓની વિચારણા કરવી છે -

[A] માર્ગકથનની આવશ્યકતા અને માર્ગકથકની જવાબદારી

[B] માર્ગકથન ક્યારે નિંદારૂપ બને ? અને ક્યારે ન બને ?

**[A-1] માર્ગકથનની આવશ્યકતા**

→ માર્ગાનુસારિતા (મોક્ષમાર્ગને અનુસરતી મતિ-પરિણતિ) વિના મોક્ષમાર્ગમાં પ્રવેશ-વિકાસ અને એની પૂર્ણતા પ્રાપ્ત થતી નથી અને અજ્ઞાન-ભ્રમની વિદ્યમાનતામાં માર્ગાનુસારિતા પ્રાપ્ત થઈ શકતી નથી. તેથી માર્ગાનુસારિતાને પામવા માટે અનાદિથી ઘર કરી ગયેલા અજ્ઞાન અને ભ્રાન્તિઓને દૂર કરવા અતિ અતિ જરૂરી છે. તે માટે માર્ગના જ્ઞાતા પાસેથી માર્ગનો સર્વાંગીણ બોધ મેળવવો આવશ્યક છે.

→ માર્ગજ્ઞાતાએ પણ માર્ગના કથન દ્વારા જીવોના અજ્ઞાન-ભ્રમોને દૂર કરવાના છે. તે માટે માર્ગકથકે શ્રી વીતરાગ પ્રરૂપિત મોક્ષમાર્ગનું યથાવસ્થિત-સ્પષ્ટ અને પ્રગટપણે સ્વરૂપ બતાવવાનું હોય છે.

→ **માર્ગકથકની એ જવાબદારી છે કે...** તેણે શ્રોતાઓને સન્માર્ગ અને ઉન્માર્ગનો તથા સન્માર્ગી-ઉન્માર્ગીનો ભેદ એકદમ સ્પષ્ટ કરી આપવાનો છે... સુદેવાદિ-કુદેવાદિનો વિવેક કરવામાં ક્યાંયે કચાશ રાખવાની નથી... આચાર-અનાચાર, સારા-નરસા, સુવિહિત સામાચારી-અવિહિત સામાચારી, હેય-ઉપાદેય પદાર્થો આદિની ભેદરેખા સ્પષ્ટ કરી આપવાની છે.

→ ગીતાર્થ, જયણાવંત, ભવભીરૂ અને ગુણોથી મહાન એવા ઉત્તમ માર્ગકથક પુરુષ પ્રભુના માર્ગને યથાવસ્થિત પ્રકાશિત કરીને ભવ્યાત્માઓના અજ્ઞાન-ભ્રમોને દૂર કરે છે અને પ્રભુનો સાચો માર્ગ પ્રદાન કરે છે. તેનાથી તે સ્વયં તરે છે અને સાંભળનારા જીવો પણ ભવસમુદ્રને પાર પામે છે.[૧]

## [B-1] મધ્યસ્થનું માર્ગકથન નિંદારૂપ નથી.

જે વક્તા (માર્ગકથક) સ્વપક્ષના રાગ અને પરપક્ષના દ્વેષથી રહિત મધ્યસ્થભાવમાં રમે છે, તેવા મધ્યસ્થનું માર્ગકથન (માર્ગની પ્રરૂપણા) નિંદારૂપ નથી. આથી જ પૂ.મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ ૩૫૦ ગાથાના સ્તવનમાં જણાવે છે કે -

**"નવિ નિંદા મારગ કહેતાં, સમપરિણામેં ગહગહતાં;**
**મુનિ અદ્રચરિત્ત મન રંગે, જોઈ લીજે બીજે અંગે."** (૪-૯)

**ભાવાર્થ :** રાગ-દ્વેષથી રહિત મધ્યસ્થભાવમાં રમણ કરતાં જે મોક્ષમાર્ગનો ઉપદેશ અપાય છે, તે નિંદા નથી. આ અંગે બીજા 'સુયડાંગ' નામના અંગ = આગમમાં આર્દ્રકુમાર મુનિનું ચરિત્ર (આર્દ્રકુમાર અને ગોશાલકનો વાર્તાલાપ-સંવાદ) આંતરિક શુદ્ધિ-માનસિક ઉલ્લાસપૂર્વક જોવો-સાંભળવો જરૂરી છે.

→ **કહેવાનો સાર એ છે કે** - પ્રભુના વચનોના રહસ્યોને પામીને પ્રભુએ દર્શાવેલા મોક્ષમાર્ગનું પ્રકાશન કરતાં.... હેય-ઉપાદેયનો વિવેક કરવો,

---

૧. ગીતારથ જયણાવંત, ભવભીરૂ જેહ મહંત,
તસ વયણેં લોકેં તરીઈં, જિમ પ્રવહણથી ભરદરીઈં (૪-૫)(૩૫૦ ગાથાનું સ્તવન)

સત્ય-અસત્યનું કથન કરવું, આચાર-અનાચારનું સ્વરૂપ સમજાવવું, સન્માર્ગ-ઉન્માર્ગ અને સન્માર્ગી-ઉન્માર્ગીનો ભેદ બતાવવો, દેવ-ગુરુ-ધર્મના વિષયમાં સુ-કુનો (સારા-ખરાબનો) વિવેક કરવો-કરાવવો, આચાર-વિચાર અને વાણીના સારા-નરસાપણાની ભેદરેખા રજૂ કરવી, એને જ્ઞાનીઓએ ક્યારે પણ નિંદા કહી નથી.

→ જો આવા પ્રકારનો વિવેક કરાવવામાં ન આવે તો ઉન્માર્ગને સન્માર્ગ માનીને દોટ મૂકનારની દશા શું થાય ? તેના આત્માની રક્ષા કોણ કરી શકે ?

→ શું કોઈ અંધ કે ભ્રાન્ત માણસ સર્પને દોરડું માનીને પકડવા જતો હોય, તો તેને 'આ સર્પ છે - ભયંકર છે- તને ડંખ મારશે ને તારા પ્રાણ લેશે' - એમ કહેવું, તેમાં સર્પની નિંદા કરી એમ કહેવાશે ? કે જે જેવું છે તેવું બતાવીને અંધ કે ભ્રાન્તને બચાવી લેવાનો ઉપકાર કર્યો એમ કહેવાશે ?

→ નાનું બાળક અગ્નિની તેજસ્વી જ્વાળાને જોઈ તેના તરફ આકર્ષિત થાય અને પકડવા ધસી જાય, ત્યારે 'આ અગ્નિ બાળનાર છે' - આવું સમજાવવું એ એના માતા-પિતાની ફરજ નથી ! અને એ પ્રકારે સમજાવે એમાં શું અગ્નિની નિંદા છે ?

→ કોઈ ભૂલો પડેલો વ્યક્તિ ઉન્માર્ગને સન્માર્ગ માનીને તે તરફ વેગથી જઈ રહ્યો હોય, ત્યારે માર્ગના જાણકારે તેને રોકવો જોઈએ કે નહીં ? અને એને રોકવા 'આ ઉન્માર્ગ છે' - એમ જણાવે તો શું એ માર્ગનો નિંદક છે ?

→ કોઈ માનવી વિષને ઔષધ માનીને ખાવાની તૈયારી કરતો હોય, ત્યારે તેના હિતસ્વીએ તેને તેમ કરતાં ન રોકવો જોઈએ ? અને રોકવા માટે 'આ સદ્યઘાતી વિષ છે' એમ કહેવું તો તે શું વિષનું સ્વરૂપ બતાવે છે કે તેની નિંદા કરે છે ?

→ જો બાહ્ય આપત્તિથી ઘેરાયેલા જીવને બચાવવા માટે, તે તે આપત્તિઓને ઉભી કરનારા પદાર્થોને ઓળખાવી, તેનાથી બચાવવાનો પ્રયત્ન કરનારો માનવી નિંદક નથી ગણાતો, તો પછી અનંતસંસારના સર્જક ઉન્માર્ગ તરફ ગમન કરતા આત્માને, ભવસાગરમાં ડૂબતો બચાવવા, તેને ઉન્માર્ગની ભયંકરતાનો બોધ કરાવી, સન્માર્ગની તારકતા સમજાવવામાં આવે અને એના દ્વારા સન્માર્ગે ચડાવવાની પ્રવૃત્તિ કરવામાં આવે, તો એને નિંદા કેમ કહેવાય ?

→ આથી જ સમર્થ શાસ્ત્રકાર શિરોમણી પૂ.આ.ભ.શ્રી **હરિભદ્ર-સૂરીશ્વરજી** મહારાજા સ્વરચિત '**લોકતત્ત્વ નિર્ણય**' ગ્રંથમાં જણાવે છે કે -

**नेत्रैर्निरीक्ष्य विष-कण्टक-सर्प-कीटान्,**
**सम्यग् यथा व्रजति तान् परिहृत्य सर्वान् ।**
**कुज्ञान-कुश्रुति-कुदृष्टि-कुमार्गदोषान्,**
**सम्यग् विचारयत कोऽत्र परापवादः ॥२९॥**

- વિષ, કંટક, સર્પ, કીડા વગેરેને નેત્રો દ્વારા જોઈને, (તે બધા નુકશાન ન કરે તે રીતે) તે બધાનો ત્યાગ કરીને, જેમ (સમજુ લોકો) સીધા માર્ગે જાય છે, તેમ (સન્માર્ગની જ સાધના કરવા ઈચ્છતો સાધક) કુજ્ઞાન = મિથ્યાજ્ઞાન, કુશ્રુતિ = મિથ્યા (વિપરીત) શ્રવણ, કુમાર્ગ = ઉન્માર્ગ અને કુદષ્ટિ = મિથ્યાદષ્ટિ વગેરે દોષોનો વિચાર કરે (અને તેનો ત્યાગ કરે તથા સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શ્રવણ, સન્માર્ગ અને સમ્યગ્દષ્ટિનો સ્વીકાર કરવા દ્વારા સન્માર્ગે ચાલે, તો તેમાં શું) પારકાની નિંદા થઈ ગણાય ?

→ **આથી ફલિતાર્થ એ છે કે** - શાસ્ત્રોક્ત સાચા માર્ગનું કથન કરવામાં લેશમાત્ર નિંદા દોષ નથી. પરંતુ સસૂત્ર પ્રરૂપણા જ છે.

→ હા, અહીં એક ભયસ્થાન જરૂર છે.તેથી જ સ્તવનકારશ્રી '**નવિ નિંદા મારગ કહેતાં**' - આટલું જ કહીને અટકી જતાં નથી તેઓશ્રી

ઉપદેશકોને પણ '**સમપરિણામે ગહગહતાં**' આ પંક્તિ દ્વારા તેમની જવાબદારી સમજાવવાનો પ્રયત્ન પણ કર્યો છે.

જ્યારે પણ ઉપદેશકોને સુ-કુનો વિવેક કરવાની કે ઉન્માર્ગ-સન્માર્ગની ભેદરેખા સ્પષ્ટ કરવાની જવાબદારી ઉભી થાય - ફરજ પડે, ત્યારે તેઓએ પણ સ્વપક્ષના રાગ અને પરપક્ષના દ્વેષને આધીન બનીને કોઈનું સારાપણું કે ખરાબપણું બતાવવાનું નથી. પરંતુ સ્વપક્ષના રાગ અને પરપક્ષના દ્વેષથી ઉપર ઉઠીને હૈયાને સમભાવથી વાસિત કરીને - જીવો પ્રત્યેની એકમાત્ર હિતભાવનાથી સુ-કુનો કે ઉન્માર્ગ-સન્માર્ગનો ભેદ બતાવવાનો છે. કોઈનું ખરાબ કરવાની કે કોઈને હલકા ચીતરવાની નબળી મનોવૃત્તિ ક્યારેય પણ ન હોવી જોઈએ. જો એવા પ્રકારની મનોવૃત્તિ હોય તો ઉપદેશકને ભયંકર નુકશાન થયા વિના રહેતું નથી. **પ્રભુએ ભવ્યાત્માઓના હિત માટે માર્ગ પ્રવર્તાવ્યો છે. આપણી દુકાન ચલાવવા કે આપણી નબળી ભાવનાઓને પોષવા નથી પ્રવર્તાવ્યો. નિર્દંભ-નિઃસ્વાર્થ હિતભાવના સિવાયની તમામ નબળી ભાવનાઓ દુર્ગતિઓનો માર્ગ જ ખુલ્લો કરી આપે છે.**

→ **અહીં ઉલ્લેખનીય છે કે,** સત્ય અને અસત્યનો વિવેક, સત્યનું મંડન અને અસત્યનું ખંડન તથા સત્યનો સ્વીકાર અને અસત્યનો ત્યાગ તો પૂર્વકાલીન અનેક મહાપુરુષોએ કરેલ છે. ભવિષ્યમાં પણ સિદ્ધાંતપ્રેમી જીવો એ કાર્ય કરશે જ. તે તમામ મહાપુરુષોએ એ અંગે પોતાની સ્પષ્ટ માન્યતા-અભિગમ જણાવ્યો છે અને સ્વરચિત ગ્રંથોમાં લખ્યું છે કે - અમે કોઈક સિદ્ધાંતને સાચો અને કોઈક સિદ્ધાંતને ખોટો કહીને, સાચાનો સ્વીકાર અને તેનું મંડન તથા ખોટાનો ત્યાગ અને તેનું ખંડન જરૂર કર્યું છે, પરંતુ તે રાગ-દ્વેષની પરિણતિને આધીન થઈને નહીં. પરંતુ વિવેકદષ્ટિથી-મધ્યસ્થભાવથી પ્રેરાઈને જ કર્યું છે.

એ મહાપુરુષોએ પોતાની આંતરિક વાતને પોતાના ગ્રંથોમાં શબ્દસ્થ પણ કરી છે. જે પૂર્વે પ્રથમ પ્રકરણમાં આપણે નોંધેલ જ છે. અહીં પણ જોઈશું –

→ આચાર્યદેવ **શ્રીહરિભદ્રસૂરિજી 'લોકતત્ત્વનિર્ણય'** માં જણાવે છે કે –

[૧]"તે ભગવાન શ્રીમહાવીર પરમાત્મા અમારા બંધુ નથી અને બીજાઓ અમારા શત્રુ નથી. આ બધામાંથી કોઈને પણ અમે સાક્ષાત્ જોયા પણ નથી, પરંતુ તેઓનાં વચન અને આચરણને સાંભળીને ગુણો પ્રત્યેની અત્યંત લોલુપતાના કારણે અમે શ્રી 'વીરવિભુ'નો વિશેષ પ્રકારે આશ્રય કર્યો છે."

[૨]સુગત એ અમારા પિતા નથી અને અન્યતીર્થિકો અમારા શત્રુ નથી. તેઓએ કે શ્રી જિનેશ્વરે અમને ધન આપ્યું નથી અને કણાદાદિએ અમારા ધનનું હરણ કર્યું નથી. પરંતુ જે કારણે પરમાત્મા શ્રી મહાવીર એકાંતે જગતનું હિત કરનારા છે અને નિર્મળ એવું તેમનું વાક્ય સર્વ પાપોનો ક્ષય કરનાર છે, તે કારણે જ અમે તેમના પ્રત્યે ભક્તિભાવવાળા છીએ."

→ કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ **શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજે **'અયોગ-વ્યવચ્છેદદ્વાત્રિંશિકા'**માં જણાવ્યું છે કે -

[૩]"હે ભગવન્ ! જ્યારે અમે નિષ્પક્ષ થઈને પરીક્ષા કરીએ છીએ, ત્યારે બન્નેની બન્ને વસ્તુઓ અપ્રતિમ-અદ્વિતીય દેખાય છે. આપનું યથાર્થરૂપે વસ્તુનું પ્રતિપાદન અને અન્ય દર્શનકારોનો પદાર્થોને વિપરીત રીતે કથન કરવાનો આગ્રહ.

[૪]હે વીર ! કેવળ શ્રદ્ધાના કારણથી અમને આપના તરફ પક્ષપાત નથી અને કેવળ દ્વેષના કારણે અમને અન્ય દેવો તરફ અપ્રીતિ નથી. કિન્તુ આપ્તપણાની યથાર્થ રીતે પરીક્ષા કરીને જ અમે આપનો આશ્રય કર્યો છે."

---

१. बन्धुर्न नः स भगवानरयोऽपि नान्ये, साक्षान्न दृष्टतर एकतमोऽपि चैषाम् । श्रुत्वा वचः सुचरितं च पृथग् विशेषं, वीरं गुणातिशयलोलतया श्रिताः स्म ।।३२।। २. नास्माकं सुगतः पिता न रिपवस्तीर्थ्या धनं नैव तैर्दत्तं नैव तथा जिनेन न हतं किंचित्कणादादिभिः। किंत्वेकान्तजगद्धितः स भगवान् वीरो यतश्चामलं, वाक्यं सर्वमलोपहर्तृ च यतस्तद्भक्तिमन्तो वयम् ।।३३।। (लोक-तत्त्वनिर्णय) ३. अपक्षपातेन परीक्षमाणा, द्वयं द्वयस्याप्रतिमं प्रतीमः । यथास्थितार्थप्रथनं तवैतदस्थाननिर्बन्धरसं परेषाम् ।।२२ ।। ४. न श्रद्धयैव त्वयि पक्षपातो, न द्वेषमात्रादरुचिः परेषु । यथावदाप्तत्वपरीक्षया तु, त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्म ।।२९।। (अयोगव्यवच्छेदद्वात्रिंशिका)

→ **અહીં એ જ વિચારવાનું છે કે** - સન્માર્ગોપદેશક મુનિઓ ગીતાર્થ-સંવિગ્ન-ભવભીરૂ હોય છે. તેઓએ વિશ્વના તમામ જીવોનું કર્માધીન સ્વરૂપ શાસ્ત્રીય આંખ દ્વારા નિહાળેલું હોય છે. તેથી તેમના પ્રત્યે તેમને રાગ-દ્વેષનો પરિણામ થતો જ નથી. તેના યોગે તેઓ મધ્યસ્થભાવમાં રમણતા કરતા હોય છે. આથી અંગત રાગ-દ્વેષને આધીન બનીને ક્યારેય કોઈની નિંદા કરતા નથી. સત્યના સમર્થન-પ્રતિષ્ઠા માટે જોરશોરથી સત્યનું મંડન અને અસત્યનું ખંડન કરતા હોય કે સન્માર્ગ-ઉન્માર્ગ અને સન્માર્ગી-ઉન્માર્ગીની ઓળખાણ કરાવતા હોય, ત્યારે પણ હૈયામાં જગતના જીવો પ્રત્યેની મૈત્રી-કરૂણા જીવંત જ હોય છે.

→ **અહીં ઉલ્લેખનીય છે કે**, ઉન્માર્ગ-ઉન્માર્ગીનું પ્રકાશન કરવું એ પણ એક પ્રકારની કરુણાભાવના છે. કારણ કે, ઉન્માર્ગાદિનું પ્રકાશન જ જીવોને મહાદુર્ગતિના કારણ એવા ઉન્માર્ગાદિથી બચાવવાનું કામ કરે છે.

આ જ કારણે તે તે શાસ્ત્રકાર મહર્ષિઓએ પ્રભુવીરનો સ્વીકાર કરી તેમના સિદ્ધાંતોનું મંડન કર્યું અને અન્યદર્શનકારોનો અસ્વીકાર (ત્યાગ) કરી તેમના સિદ્ધાતોનું ખંડન કર્યું. આ સ્વીકાર અને ત્યાગ, મંડન અને ખંડન, રાગ-દ્વેષથી પ્રેરિત ન હતું, પરંતુ વિવેક-સમભાવથી પ્રેરિત હતું. માટે તેઓશ્રીએ કરેલું અસત્ સિદ્ધાંતોનું (અપસિદ્ધાંતોનું) ખંડન પણ નિંદાના વચનરૂપ ન જ ગણી શકાય. આથી જ **પૂ.મહોપાધ્યાયશ્રીજી** પોતાની આંતરિક દશાનું વર્ણન કરતાં '**જ્ઞાનસાર**' ગ્રંથના **માધ્યસ્થ્યાષ્ટક**માં જણાવે છે કે –

**"स्वस्वकर्मकृतावेशाः, स्व-स्वकर्मभुजो नराः ।**
**न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ।।१६-४।।"**

– જીવો પોતપોતાના કાર્યોમાં આગ્રહ ધરનારા અને પોતપોતાના કર્મોના ફળોને ભોગવનારા હોય છે. તેથી મધ્યસ્થ પુરુષ તેઓમાં રાગ પણ કરતો નથી અને દ્વેષ પણ કરતો નથી.

→ ગ્રંથકાર મહર્ષિઓ અને ગીતાર્થ-સંવિગ્ન-ભવભીરૂ ઉપદેશકો એ

વાત નિશ્ચિતરૂપે સમજે છે કે - ઉન્માર્ગને પ્રવર્તાવનારા, મિથ્યા પ્રરૂપણા કરનારા તથા નિર્ભીક બનીને નિર્લજ્જપણે શિથિલ જીવન જીવનારા જીવો પણ બિચારા તીવ્રમિથ્યાત્વ અને ગાઢમોહનીય કર્મથી ઘેરાયેલા છે. એ બિચારા જીવો, આજ્ઞાવિરુદ્ધ આચરણા-વિચારણા અને વાણીના પ્રભાવે પોતાનો અને પરનો સંસાર વધારી રહ્યા છે - આ બધું વિચારતાં તેઓના અંતરમાં તેઓ ઉપર પણ પરમ-કરુણાનો શ્રોત વહેતો હોય છે. એ કરુણાના શ્રોતથી પરિપ્લાવિત હૃદયવાળા આ મહાત્માઓ જ્યારે જુવે છે કે - 'આ આત્માઓ પોતાનું તો અહિત કરે જ છે, પરંતુ જો તેમને રોકવામાં નહીં આવે તો તેઓ જગતના બીજા અનેક ભદ્રિક આત્માઓને પણ સંસાર સાગરમાં ડુબાડ્યા વિના નહિ રહે.' - ત્યારે ભાવકરુણાથી પ્રેરાયેલા તે ઉપકારકો પોતાની શક્તિ માપી પ્રથમ તેમને સમજાવીને સુધારવાનો અને એ શક્ય ન બને તો અને પોતાની શક્તિથી એના નુકસાનને રોકી શકાશે એમ તેઓને લાગે તો તે મિથ્યાપ્રરૂપકો, ઉન્માર્ગપ્રવર્તકો અને નિર્ભીકપણે શિથિલાચારને જીવીને શાસનનો ઉડ્ડાહ કરનારાઓને ઉઘાડા પાડવાનો (જાહેર કરવાનો) પ્રયત્ન પણ કરે છે. આ પ્રયત્નને શાસ્ત્રકારોએ પ્રશસ્ય કોટિનો ગણાવ્યો છે.

આવા પ્રશસ્ય પ્રયત્નો કરનારને સમર્થ શાસ્ત્રકાર મહર્ષિ આચાર્યવર્ય શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજે '**સંબોધપ્રકરણ**'માં 'ત્રણેય લોકમાં વંદન કરવા યોગ્ય' કહીને બિરદાવ્યા છે. આ વાતને સવિસ્તર જણાવતાં તેઓશ્રી ફરમાવે છે કે – "અહો ! આ કાળમાં નીચ = હલકા એવા અર્થ અને કામ દ્વારા વિષમય બનેલી દેશના આપવામાં તત્પર બનેલા હીનાચારી અને વેષવિબંડબકો દ્વારા આ ધર્મશાસન મલિન કરવામાં આવ્યું છે."[1]

"વર્ત્તમાનમાં વિષમકાળના પ્રભાવથી તેઓએ ધર્મગ્રંથોને ખતમ કર્યા છે. નાસ્તિકવાદના પ્રચંડવાયુથી તેઓના જ્ઞાનાદિરૂપ મેઘ નાશ પામ્યો છે

---

૧. हीणायारेहिं तह वेसविडंबगेहिं मलिणीकयं तित्थं ।
नियअत्थविसयविसमयदेसणाकज्जनिरएहिं ॥२९७॥ (संबोधप्रकरणम् । सुगुरुस्वरूपाधिकार)

અને કલહ વિગેરે દોષોથી તેઓ ભરેલા છે.''[૧]

''કેટલાક મુનિઓ તો (બાળ જીવોરૂપ માછલાઓને ફસાવવા) જાળ-પાસ જેવા છે, તેઓ આત્મોત્કર્ષ = અહંકારના ભાવથી ઉદ્દંડ બનીને ફરી રહ્યા છે અને અસંયતને સંયત કહી રહ્યા છે, તેઓ (માત્ર વેશ જોનારા) બાળ જીવોને જ ગમે તેવા છે.''[૨]

''જો તેઓના સ્વરૂપને પ્રગટ કરનારાં જિનવચન ન હોત અને શુદ્ધપ્રરૂપણા કરનારા (ગીતાર્થ) મુનિઓ ન હોત, તો આ (ઉપર વર્ણવેલા) સાધુઓને કઈ રીતે ઓળખી શકાત.''[૩]

''દુઃષમ કાળમાં પણ જે સાધુ આગમમાં કહ્યા પ્રમાણે પ્રરૂપણા કરે છે, તેના ઉપર અંતઃકરણથી શ્રદ્ધા ધરાવે છે અને શક્તિ મુજબ તેનું આચરણ કરે છે, તે સાધુ ત્રણેય લોકને માટે પૂજ્ય અને વંદનીય છે.''[૪]

(કારણ કે, આ પ્રવૃત્તિ કરવા પાછળ તેમના હૃદયમાં તે તે જીવો પ્રત્યે અંશ માત્ર પણ દ્વેષ હોતો નથી, પરંતુ તેમના પ્રત્યેની પ્રચુર ભાવકરુણાથી તેમનું હૃદય ભરેલું હોય છે.) આ કરુણાનું વર્ણન કરતાં કલિકાલ સર્વજ્ઞ આચાર્યદેવ **શ્રીહેમચંદ્રસૂરિજી** મહારાજ **યોગશાસ્ત્ર**માં જણાવે છે કે -

''જે કોઈ દીન હોય, આર્ત્ત હોય, ભયભીત હોય, જીવનની યાચના કરતો હોય, તેવા જીવોના વિષયમાં તેમનાં તે દુઃખોને દૂર કરવાની જે ભાવના, તે ભાવનાને કરુણાભાવના કહેવાય છે.''[૫]

---

१. उच्छेइयधम्मगंथा, नत्थिक्कपयंडवायनट्ठघणा ।
कलहाइदोससहिया, संपइकालाणुभावाओ ॥२९८॥ (संबोधप्रकरणम् । सुगुरुस्वरूपाधिकार)

२. केवि मुणिरुवपासा, फुरंति अत्तुक्करिसमुद्दामा ।
असंजयेत्ति संजयमालप्पा बालरम्मा य ॥२९९॥ (संबोधप्रकरणम् । सुगुरुस्वरूपाधिकार)

३. कहमण्णहा मुणिज्जइ ? तेसि सरुवं न होइ जिणवयणं ।
सुद्धपरूवगमुणिणो, गीयत्था जइ न हा ! हुज्जा ॥३००॥ (संबोधप्रकरणम् । सुगुरुस्वरूपाधिकार)

४. आगमभणियं जो पण्णवेइ, सद्दहइ कुणइ जहसत्तिं ।
तिलोक्कवंदणिज्जो, दुसमकाले वि सो साहू ॥३०१॥ (संबोधप्रकरणम् । सुगुरुस्वरूपाधिकार)

५. मूलः- दीनेष्वार्त्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतिकारपरा बुद्धिः, कारूण्यमभिधीयते ॥१२०॥ (योगशास्त्र प्रकाश-४)

આ વાતને સ્પષ્ટ કરતાં તેઓશ્રી જણાવે છે કે[૧] :-

"દીન = મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાનના બળથી પ્રવર્તાવેલાં કુશાસ્ત્રોથી જેઓ સ્વયં નષ્ટ થયા હોય અને અન્યનો પણ નાશ કરતા હોય, આ જ કારણે દયાનું ભાજન બનેલા હોય, તે **દીન** કહેવાય."

આર્ત્ત = નવા વિષયોને મેળવવા અને પહેલા મેળવેલા વિષયોનો પરિભોગ કરવાથી ઉત્પન્ન થયેલી તૃષ્ણાથી જેઓ બળી ઝળી રહ્યા હોય, હિતકર પ્રવૃત્તિનો સ્વીકાર અને અહિતકર પ્રવૃત્તિનો બહિષ્કાર કરવાને બદલે ઉંધું જ વર્તન કરતા હોય તથા ધન વગેરેનું અર્જન, રક્ષણ અને નાશના દુ:ખથી દુ:ખી હોય, તે આર્ત્ત કહેવાય છે. આ દીન વગેરે જીવો અંગેની નીચે મુજબની વિચારણાને પણ કરુણા ભાવના કહેવાય છે –

"ખરેખર કુશાસ્ત્રોનું પ્રણયન કરનારા આ બિચારાઓને જો કુમાર્ગ પ્રવર્તાવવાની પ્રવૃત્તિથી છોડાવવામાં નહિ આવે તો - 'જો ભુવનગુરુ ભગવાન પણ ઉન્માર્ગ-દેશનાથી કોટાકોટિ સાગરોપણ જેટલો કાળ સંસારમાં ભટક્યા" તો બિચારા બીજા જીવો કે - જેઓ પોતાના-પાપકર્મનો પ્રતિકાર કરવા અસમર્થ છે તેઓની શી દશા થશે ?

ખરેખર ! વિષયોને મેળવવા અને ભોગવવામાં જ જેઓનું હૃદય ઓતપ્રોત બન્યું છે, તેઓ ધિક્કારને = પરમદયાને પાત્ર છે. અનંતભવોમાં અનુભવેલા વિષયોમાં પણ જેઓનું મન અસંતૃપ્ત છે, તેઓને પ્રશમામૃતથી તૃપ્તિ કરાવી વીતરાગ દશા સુધી કઈ રીતે પહોંચાડી શકાય ? આ રીતે

---

१. टीकाः- दीनेषु मति-श्रुताज्ञान-विभङ्गबलेन प्रवर्तितकुशास्त्रेषु स्वयं नष्टेषु परानपि नाशयत्सु अत एव दयास्पदत्वाद्दीनेषु । तथाऽऽर्त्तेषु नवनवविषयार्जन-पूर्वार्जितपरिभोगजनिततृष्णाग्निना दन्दह्यमानेषु, हिताहितप्राप्तिपरिहारविपरीतवृत्तिषु अर्थार्जनरक्षणव्यय-नाश पीडावत्सु च ।xxx।

तेषु दीनादिषु 'अहो कुशास्त्रप्रणेतारः तपस्विनो यदि कुमार्गप्रणयनान्मोच्येरन्, भगवानमपि हि भुवनगुरुः उन्मार्गदेशनात् सागरोपमकोटिकोटिं यावद् भवे भ्रान्तः, तत् काऽन्येषां स्वपाप-प्रतीकारं कर्तुमशक्नुवतां गतिः ? तथा 'धिगमी विषयार्जनभोगतरलहृदया अनन्तभवानुभूतेष्वपि विषयेष्वसंतृप्तमनसः कथं नाम प्रशमामृततृप्ततया वीतरागदशां नेतुं शक्याः ?।xxx।'

તેઓની આ દશાનો પ્રતિકાર કરવાની ભાવના માત્રને પણ કરુણા ભાવના કહી શકાય. કારણ કે - દરેકને આ સ્થિતિમાંથી ઉગારવાનું શક્ય બનતું નથી, આથી પ્રતિકારની ભાવનાને પણ કરુણા કહેવાય.''

→ **આવી કરુણાને ધરાવતા મહાપુરુષો માટે જ્ઞાનીઓએ ત્યાં સુધી કહ્યું છે કે** - 'શાસનના પ્રત્યનીકોને ઘોર શિક્ષા કરનારા શાસન રક્ષકોના હૈયામાં તે પ્રત્યનીકોને શિક્ષા કરતી વખતે પણ તેઓ પ્રત્યે પોતાના તોફાની બાળકને શિક્ષા કરતી માતાના હૃદયમાં જેવો કરુણાનો ભાવ હોય છે તેના કરતાં કેઈ ગુણો ઉંચો કરુણાભાવનો શ્રોત તેમના અંતઃકરણમાં વહેતો હોય છે.

આ વાતને જો સ્વીકારવામાં ન આવે તો શાસનના પ્રત્યનીકોને શિક્ષા કરનારા આચાર્યોને આરાધક ન માનતાં વિરાધક માનવા પડે, પરંતુ આ રીતે શાસનના પ્રત્યનીકોને શિક્ષા કરનાર આત્માઓને તત્ત્વજ્ઞ શાસ્ત્રકાર મહર્ષિઓએ મહાઆરાધક અને શાસનસરંક્ષક કહીને બિરદાવ્યા છે, એટલું જ નહિ પણ આગળ વધીને એમ પણ કહ્યું છે કે - **જેઓ શક્તિ હોવા છતાં શાસનના પ્રત્યનીકોની ઉપેક્ષા કરે છે, કે માધ્યસ્થ્યભાવની વાતો કરીને મૌન રહે છે, તેઓ વીતરાગની આજ્ઞાના વિરાધક થાય છે. એમનો માધ્યસ્થ્ય ભાવ એ તો વાસ્તવમાં એમની નબળાઈ છે. એક પ્રકારનો દંભ છે, યા તો અજ્ઞાનતાનું જ રૂપાંતર છે. આથી જ એવા માધ્યસ્થ્ય ભાવના નામે મૌન રહેનાર આત્માનાં મહાવ્રતો પણ ખંડિત થાય છે, એમ જણાવ્યું છે.'**

## ⇨ આર્દ્રકુમાર અને ગોશાલકનો વાર્તાલાપ-સંવાદ

આ વાતને જો યર્થાથરૂપમાં સમજવી હોય, તો તે માટે સૂત્રકૃતાંગ (સૂયગડાંગ) સૂત્રમાં આર્દ્રકુમારનું વિસ્તારથી ચરિત્ર આપવામાં આવ્યું છે. આ ચરિત્રનો યોગ્યતાનુસાર-યથાર્થ અભ્યાસ કરવામાં આવે તો ''નવિ

---

इत्येवं प्रतीकारपरा या बुद्धिः, न तु साक्षात् प्रतिकार एव, तस्य सर्वेष्वशक्यक्रियत्वात्, सा कारुण्यमभिधीयते ॥१२०॥ (योगशास्त्र-प्रकाश ४)

નિંદા મારગ કહેતાં સમપરિણામે ગહગહતાં'' એ વાત સમજાયા વિના રહે નહિ. **સૂત્રકૃતાંગ** સૂત્રમાં દર્શાવેલ વિસ્તૃત ચરિત્રનો અલ્પાંશ અહીં રજુ કરવામાં આવે છે.

→ **''ગોશાલકે આર્દ્રક મુનિને કહ્યું કે** – હે આર્દ્રક ! મહાવીર સ્વામી પહેલાં જે આચરણ કરતા હતા તેને મારી પાસે સાંભળો ! પહેલાં તેઓ એકાંતમાં વિચરતા હતા અને તપસ્વી હતા. હવે તેઓ અનેક સાધુઓને ભેગા કરીને જુદી જુદી રીતે વિસ્તારથી ધર્મોપદેશ આપે છે.''[1]

''અસ્થિર એવા મહાવીરે તો આ ઉપદેશને પોતાની આજીવિકા બનાવી દીધી છે. તેઓ સભામાં જઈને અનેક સાધુ વગેરેના સમુદાયની વચ્ચે ધર્મોપદેશ આપે છે. તેમના આ વર્તમાન વ્યવહારોનો પૂર્વના વ્યવહાર સાથે મેળ ખાતો નથી.''[2]

''તેઓ પૂર્વમાં જે એકલા રહેતા હતા તે વ્યવહાર સારો અથવા અત્યારે જે અનેક લોકોની વચ્ચે રહે છે તે વ્યવહાર સારો, પરંતુ પહેલાંનો અને અત્યારનો એમ બન્નેય વ્યવહાર સારા કઈ રીતે કહી શકાય ?

→ **જવાબ આપતાં આર્દ્રક મુનિ જણાવે છે કે** – શ્રમણ ભગવાન મહાવીર પૂર્વકાળમાં, વર્ત્તમાનમાં અને ભવિષ્યકાળમાં એમ સદાને માટે એકાંતવાસનો જ અનુભવ કરે છે. આથી તેઓશ્રીના દરેક આચરણમાં બરાબર મેળ બેસે છે.''[3]

[4]''બાર પ્રકારના તપની સાધના કરવા દ્વારા આત્મશુદ્ધિ માટે શ્રમ

---

१. पुराकडं अद्द ! इमं सुणेह, एगंतचारी समणे पुराऽऽसी ।
से भिक्खुणो उवणेत्ता उणेगे, आइक्खतेण्हं पुढो वित्थरेणं ॥१॥

२. साऽऽजीविया पट्ठवियाऽथिरेणं, सभागतो गणतो भिक्खुमज्झे ।
आइक्खमाणो बहुजण्णमत्थं, न संधयाती अवरेण पुव्वं ॥२॥

३. एगंतमेव अदुवा वि इण्हिं, दोवऽण्णमण्णं न समेंति जम्हा ।
पुव्विं च इण्हिं च अणागतं वा, एगंतमेव पडिसंधयाति ॥३॥

४. समेच्च लोगं तस-थावराणं, खेमंकरे समणे माहणए वा ।
आइक्खमाणओ वि सहस्समज्झे, एगंतयं सारयति तहच्चे ॥४॥

કરવાવાળા હોવાથી શ્રમણ, કોઈ પણ જીવોને 'મારો નહિ' એવો ઉપદેશ આપનારા હોવાથી માહણ એવા ભગવાન શ્રી મહાવીર સ્વામી કેવળજ્ઞાનથી સમગ્ર લોકને યથાસ્થિત રૂપે જાણીને ત્રસ-સ્થાવર જીવોની રક્ષા માટે હજારો લોકોની વચ્ચે રહીને ધર્મપદેશના આપવા છતાં પણ એકાન્તવાસનો અનુભવ કરે છે.''

''ક્ષાન્ત = ક્ષમાશીલ, પરીષહોના વિજેતા, દાન્ત = મનોવિજેતા, જિતેન્દ્રિય અને ભાષાદોષોનો ત્યાગ કરનારા ભગવાન શ્રીમહાવીરદેવ જે ધર્મોપદેશ આપે છે, તેમાં કાંઈ જ દોષ નથી, પરંતુ તેઓ જે ભાષાનો પ્રયોગ કરે છે તે ગુણકારક છે.''[૫]

''શ્રમણ ભગવાન શ્રીમહાવીર પ્રભુ ઘાતીકર્મોથી સર્વથા મુક્ત છે, તેઓ પાંચમહાવ્રતો અને પાંચ અણુવ્રતોના પાલનનો અને પાંચ આશ્રવના સંવરનો ઉપદેશ આપે છે, તથા પૂર્ણશ્રામણ્ય માટે વિરતિનો (અથવા પુણ્ય, પાપ, બંધ, નિર્જરા અને મોક્ષ વગેરે તત્ત્વજ્ઞાનનો) ઉપદેશ આપે છે એમ મારું કહેવું છે.''[૬]

**→ હવે ગોશાલક આર્દ્રક મુનિને કહે છે કે -**

''કોઈ સચિત્ત પાણીનો, બીજકાયનો, આધાકર્મી આહારનો અને સ્ત્રીઓનો ઉપભોગ ભલે કરતું હોય, પરંતુ જો તે એકાન્તમાં વિચરણ કરવાવાળો તપસ્વી સાધક હોય, તો તેને અમારા ધર્મમાં પાપ લાગતું નથી.''[૭]

→ આ વાતનો જવાબ આપતાં આર્દ્રકમુનિ કહે છે કે -

---

૫. धम्मं कहेंतस्स उ णत्थि दोसो, खंतस्स दंतस्स जितेंदियस्स ।
भासाय दोसे य विवज्जगस्स, गुणे य भासाय णिसेवगस्स ॥५॥

६. महव्वते पंच अणुव्वते य, तहेव पंचासवसंवरे यं ।
विरतिं इह स्सामणियम्मि पण्णे, लवावसक्की समणए त्ति बेमि ॥६॥

७. सीओदगं सेवउ बीयकायं, आहायकम्मं तह इत्थियाओ ।
एगंतचारिस्सिह अम्ह धम्में, तवस्सिणो णाऽहिसमेति पावं ॥७॥

८. सीतोदगं वा तह बीयकायं, आहायकम्मं तह इत्थियाओ ।
एयाइं जाणं पडिसेवमाणा, अगारिणो अस्समणा भवंति ॥८॥

"સચિત્તપાણી, બીજકાય, આધાકર્મી આહાર અને સ્ત્રીઓનો ઉપભોગ કરનાર તો ગૃહસ્થ કહેવાય, પરંતુ શ્રમણ ન કહેવાય."[૮]

"જો બીજકાય, સચિત્તપાણી અને સ્ત્રીઓનો ઉપભોગ કરનારો પુરુષ પણ શ્રમણ કહેવાય, તો ગૃહસ્થ શા માટે શ્રમણ ન કહેવાય ? તે પણ પૂર્વોક્ત વિષયોનું સેવન કરે છે = તે પણ પરદેશ આદિમાં એકલો ફરે છે અને કાંઈને કાંઈ કષ્ટભોગ વગેરે તપ પણ કરે છે."[૯]

"જે કોઈ ભિક્ષુ બનીને સચિત્તજળ, બીજકાય, આધાકર્મી આહાર વગેરેનું સેવન કરે છે, તે માત્ર જીવન નિર્વાહ માટે જ સાધુ બન્યો છે. તે પોતાના જ્ઞાતિજનોનો ત્યાગ કરીને પોતાના શરીરનું જ પોષણ કરે છે. તે પોતાના કર્મોનો કે જન્મ-મરણની પરંપરાનો નાશ કરી શકતો નથી."[૧૦]

→ **આ સાંભળીને વળી ગોશાલક કહે છે -**

"હે આર્દ્રક ! આ પ્રકારનાં બીજાઓના ધર્માચારનાં ખંડન કરનારાં વચનો દ્વારા તમે પ્રત્યેક ધર્મના વ્યાખ્યાતાઓની નિંદા કરી રહ્યા છો. ભિન્ન ભિન્ન ધર્મની વ્યાખ્યા કરનારા વ્યાખ્યાકારો પોત-પોતાના ધર્મસિદ્ધાન્તોની પોત-પોતાની રીતે વ્યાખ્યા કરે છે. પોત-પોતાની દષ્ટિ-માન્યતા રજૂ કરે છે."[૧૧]

→ ગોશાલકને પ્રત્યુત્તર આપતાં આર્દ્રક મુનિ કહે છે કે -

**"હે ગોશાલક ! તે તે ધર્મના વ્યાખ્યાકાર શ્રમણો અને બ્રાહ્મણો એક બીજાની નિંદા કરે છે અને પોત-પોતાના ધર્મની પ્રશંસા કરે છે.**

---

९. सिया य बीओदगइत्थियाओ, पडिसेवमाणा समणा भवंतु ।
अगारिणो वि समणा भवंतु, सेवंति उ तंऽवि तहप्पगारं ॥९॥

१०. जे यावि बीओदगभोति भिक्खू, भिक्खं विहं जायति जीवियट्ठी ।
ते णातिसंजोगमविप्पहाय, कायोवगाऽणंतकरा भवंति ॥१०॥

११. इमं वयं तु तुमं पाउकुव्वं, पावाइणो गरिहसि सव्व एव ।
पावाइणो उ पुढो किट्टयंता, सयं सयं दिट्ठि करेंति पाउं ॥११॥

१२. ते अण्णमण्णस्स वि गरहमाणा, अक्खंति उ समणा माहणा य ।
सतो य अत्थी असतो य णत्थी, गरहामो दिट्ठिं ण गरहामो किंचि ॥१२॥

**પોતાના ધર્મમાં કહેલાં અનુષ્ઠાનોથી પુણ્ય અને મોક્ષ થશે અને બીજાનાં ધર્મમાં કહેલાં અનુષ્ઠાનોથી પુણ્ય અને મોક્ષ નહીં થાય એમ કહે છે. જ્યારે અમે તો તેમની એકાન્ત દૃષ્ટિની નિંદા કરીએ છીએ. કોઈ વ્યક્તિ વિશેષની નિંદા કરતા નથી.''[૧૨]**

**''અમે કોઈના પણ રૂપ, વેષ આદિની નિંદા કરતા નથી. પરંતુ અમે તો અમારા અનેકાંત દૃષ્ટિમાર્ગને પ્રગટ કરીએ છીએ. આ અનેકાન્ત-માર્ગ સર્વોત્કૃષ્ટ છે અને આર્યસત્પુરુષોએ આ માર્ગને જ નિર્દોષ માર્ગ ગણાવ્યો છે.''[૧૩]**

**''ઉર્ધ્વદિશા, અધોદિશા અને પૂર્વાદિ તીર્ચ્છિ દિશાઓમાં જે જે ત્રસ અથવા સ્થાવર જીવો છે, તે જીવોની હિંસાની ઘૃણા કરવાવાળા સંયમી પુરૂષો આ લોકમાં કોઈની પણ નિંદા કરતા નથી. આથી યથાર્થ વસ્તુનું કથન એ નિંદારૂપ નથી.''[૧૪]**

→ માટે જ આચાર્યદેવ **શ્રીશાંતિસૂરિજી** મહારાજે પણ '**ચૈત્યવંદન મહાભાષ્ય**'માં જણાવ્યું છે કે -

''જે જે શ્રુત વિષયક મિથ્યાગ્રહો હોય અથવા જે જે શ્રુતનો નાશ કરનારા હોય, તેનો તેનો પ્રતિપક્ષ કરવો જોઈએ અર્થાત્ મિથ્યાવિધાનો વગેરેનું પ્રતિવિધાનો દ્વારા ખંડન કરવું જોઈએ. (વ્યવહારમાં પણ) જે તરફથી પવન આવે છે, તે તે તરફની બારી બંધ કરવામાં આવે છે.''[૧૫]

→ તેમજ 'ઘણું બોલવું તે નિંદારૂપ છે' એમ કહેવું એ પણ સત્યથી અને શાસ્ત્રથી વેગળું છે. કારણ કે, હિતકર ઘણું બોલવામાં આવે તો પણ

---

१३. ण किंचि रूवेणऽभिधारयामो, संदिट्ठिमग्गं तु करेमो पाउं ।
मग्गे इमे किट्टिते आरिएहिं, अणुत्तरे सप्पुरिसेहिं अंजू ॥१३॥

१४. उड्ढं अहेयं तिरियं दिसासु, तसा य जे थावर जे य पाणा ।
भूयाभिसंकाए दुगुंछमाणा, णो गरहति बुसिमं किंचि लोए ॥१४॥
- १७ थी ३० सूत्रकृतांगसूत्र, श्रुतस्कंध-२, अध्य०-६ ॥

१५. जो जो अ सुअग्गाहो, पडिवक्खो तस्स तस्स भणियव्वो ।
जत्तो वायइ पवणो, परियत्थी दिज्जए तत्तो ॥१३०॥ - चैत्यवंदनमहाभाष्य ॥

તે નિંદારૂપ નથી ગણાતું અને અહિતકર થોડું પણ બોલવામાં આવે તો તે નિંદારૂપ બને છે. તેમજ તત્ત્વના જ્ઞાતા ગીતાર્થપુરુષો સ્વ-પરના હિતને લક્ષ્યમાં રાખીને જે કાંઈ અને જેટલું બોલે છે; તે સઘળું ય વચનસમિતિરૂપ હોઈ વચનગુપ્તિમાં પણ ગણાય છે.

શાસ્ત્રકારોએ જેમ અજ્ઞાનીને મૌન રહેવાની આજ્ઞા કરી છે; તેમ જ્ઞાનીને અવસરોચિત હિતકર વચન બોલવાની પણ આજ્ઞા કરી છે.

→ શ્રીમદ્ '**દશવૈકાલિક**' સૂત્રની સાતમા '**વાક્યશુદ્ધિ**' અધ્યયનની '**નિર્યુક્તિ**'માં જણાવ્યું છે કે -

"બોલવા યોગ્ય અને નહિ બોલવા યોગ્ય વચનના પ્રકારોને ન જાણવાના કારણે વચનપ્રયોગ કરવામાં અકુશળ તથા વચન સંબંધી ઉત્સર્ગ-અપવાદ વગેરે ભેદોથી અજાણ જો કાંઈ પણ ન બોલે અને મૌનધારણ કરે, છતાં પણ પરમાર્થથી તે '**વચનગુપ્તિયુક્ત**' ન કહેવાય."[૧૬]

જ્યારે એથી ઉલ્ટી રીતે કહીએ તો -

[૧૭]"બોલવા યોગ્ય અને ન બોલવા યોગ્ય વચનના પ્રકારોનું જ્ઞાન હોવાના કારણે વચનપ્રયોગ કરવામાં કુશળ તથા વચન સંબંધી ઉત્સર્ગ-

---

૧૬. **मूलः- वयणविभत्ति-अकुसलो, वओगयं बहुविहं अयाणंतो ।**
**जइ वि न भासइ किंची, न चेव वयगुत्तयं पत्तो ॥२९०॥**

**टीका**:- 'वचनविभक्त्यकुशलो' वाच्येतरप्रकाशनाभिज्ञः, 'वाग्गतं बहुविधम्' उत्सर्गादिभेद-भिन्नमजानानः, यद्यपि न भाषते किञ्चित् मौनेनैवास्ते, न चैव वाग्गुप्ततां प्राप्तः, तथाप्यसौ अवाग्गुप्त एवेति गाथार्थः ॥२९०॥

अव०- व्यतिरेकमाह-

१७. **मूलः- वयणविभत्तीकुसलो, वओगयं बहुविहं वियाणंतो ।**
**दिवसंपि भासमाणो, तहा वि वयगुत्तयं पत्तो ॥२९१॥**

**टीका**:- 'वचनविभक्तिकुशलो' वाच्येतरप्रकाशनाभिज्ञः, 'वाग्गतम्' बहुविधमुत्सर्गादिभेदभिन्नं विजानन् 'दिवसमपि भाषमाणः' सिद्धान्तविधिना तथापि वाग्गुप्ततां प्राप्तः, वाग्गुप्त एवासाविति गाथार्थः ॥२९१॥

१६,१७ - दशवैकालिकसूत्रनिर्युक्ति, हारिभद्रीय-वृत्तियुता, वाक्यशुद्धि-अध्ययनम्-७॥

અપવાદ વગેરે ભેદોના જ્ઞાતા આખો દિવસ શાસ્ત્રોક્ત વિધિમુજબ બોલે, તો પણ તે '**વચનગુપ્તિયુક્ત**' કહેવાય છે.''

**કદાચ શંકા થાય કે** – 'વચનનો સુયોગ્ય પ્રયોગ કરનારને વચન-સમિતિયુક્ત કહી શકાય, પરંતુ વચનગુપ્તિ યુક્ત શી રીતે કહી શકાય ?' આ વાતનું સુંદર સમાધાન કરતાં શ્રી '**ઉપદેશપદ**' ગ્રંથરત્નમાં જણાવ્યું છે કે –

''સમિતિ યુક્ત હોય તે અવશ્ય ગુપ્તિયુક્ત કહેવાય છે. જ્યારે ગુપ્તિયુક્ત હોય તે સમિતિયુક્ત પણ હોય અને ન પણ હોય, જે વ્યક્તિ કુશળવચન બોલે છે; તે સમિતિયુક્ત પણ છે અને ગુપ્તિયુક્ત પણ છે.''[૧૮]

→ આ શ્લોકની વિવેચના કરતાં આચાર્યદેવશ્રી **મુનિચંદ્રસૂરિજી** મહારાજ જણાવે છે કે –

[૧૯]''સમ્યગ્ પ્રકારની યોગની શ્રેષ્ઠતાના કારણે ચાલવાની, બોલવાની પ્રવૃત્તિથી યુક્ત મુનિ અવશ્યમેવ ગુપ્તિમાન = સ્વપરની રક્ષા કરનારો હોય છે. જ્યારે જે ગુપ્તિમાન હોય, ત્યારે તે સમિતિમાન હોય જ એવું નથી...

**તેનો હેતુ આ મુજબ છે** – કુશળતા, મધુરતા આદિ ગુણ વિશિષ્ટ-વાણીને બોલતો સાધુ વચન ગુપ્તિવાળો પણ કહેવાય અને સમિતિવાળો પણ કહેવાય.

આ કથન દ્વારા સમિતિયુક્ત અવશ્ય ગુપ્તિયુક્ત ગણાય તે રજૂ કર્યું, પરંતુ ગુપ્તિમાન માનસ ધ્યાન વગેરે અવસ્થામાં રહેલો હોય ત્યારે તેનામાં

---

૧૮. **मूलः- समिओ नियमा गुत्तो, गुत्तो समियत्तणम्मि भइयव्वो ।**
**कुशलवइमुदीरंतो,जं वइगुत्तो वि समिओ वि ॥६०५॥**

१९. **टीका**:- 'समितः' सम्यग्योगप्रधानतया गमनभाषणादावर्थे इतः प्रवृत्तः सन् मुनि 'र्नियमाद्' अवश्यम्भावेन 'गुप्तः' स्वपरयो रक्षाकरो वर्त्तते । गुप्तः समितत्वे 'भजनीयो' विकल्पनीयः ।
अथ हेतुमाह- 'कुशलवाच' कुशलमधुरत्वादिगुणविशेषणां 'वाचं' गिरमुदीरयन्नुद्-गिरन् सन् यद्यस्मात् 'वइ' ति वाचा-गुप्तोऽपि समितोऽपि स्यात् ।
अनेन च समितो नियमाद् गुप्त इत्येतद् भावितं, गुप्तस्तुमानसध्यानाद्यवस्थासु प्रवीचाररूपकायचेष्टाविरहेऽपि गुप्तः स्यादेव ॥६०५॥ १८,१९-उपदेशपद, भाग-२ ॥

હલન-ચલન રૂપ કાયચેષ્ટાનો અભાવ હોવાથી ગુપ્તિમાન કહેવાય છે.''

આ રીતે જો આ દરેક વાત ઉપર વિમર્શ કરવામાં આવે, તો 'બહુ બોલ્યું તે નિંદા ઠામ' એવું વિધાન કરીને મોક્ષમાર્ગનું પ્રકાશન કરનાર મહર્ષિઓને બોલતા બંધ કરવાની પ્રપંચ-લીલા અને સમપરિણામમાં તરબોળ બનીને સન્માર્ગનું પ્રકાશન કરતા મહર્ષિઓની મહાનતા પ્રગટ થયા વિના રહેતી નથી.

---

## ⇨ સત્યકથન-એ સમ્યગ્દર્શનની સેવા

'શ્રીઅરિહંત એ જ મોક્ષદાતા દેવ છે' એવો નિર્ણય થયા પછી કુદેવોને જગત સમક્ષ દાંડી પીટીને જાહેર કરવા-એ પણ એક પ્રકારની સમ્યગ્-દર્શનની સેવા છે.

'જે શ્રીજિનેશ્વરદેવની જ આજ્ઞામાં રહે અને બીજાને પણ તેમની આજ્ઞામાં રહેવાનો ઉપદેશ આપે' એવા નિર્ગ્રંથ એજ ગુરુ છે પરંતુ જેઓ સર્વજ્ઞ પ્રણિત શાસ્ત્રો, મહાવ્રતો અને તેમની આજ્ઞાને આઘી મૂકે તેઓને પણ જરૂર પડ્યે તે સ્વરૂપે જનતા સમક્ષ ઉઘાડા કરવા, એ પણ એક પ્રકારની સમ્યગ્દર્શનની સેવા છે.

શાસ્ત્ર કહે છે કે - સુગુરુનું સ્વરૂપ બતાવી લોકોને કુગુરુના ફંદામાંથી બચાવવા એ પણ છ કાયની રક્ષા છે.

યોગ્યની રક્ષા અને પ્રકાશન માટે અયોગ્યનું સ્વરૂપ બતાવતાં અયોગ્યને દુઃખ થાય એમાં છ કાયની રક્ષાને જરાય હાનિ પહોંચતી નથી. એ જ રીતે જનતાને સુધર્મ સમજાવવા કુધર્મોનું ઉન્મૂલન કરવું, એ ધર્મોને એના વાસ્તવિક સ્વરૂપમાં ખુલ્લો કરવા, એ પણ સમ્યગ્દર્શનની સેવાનો એક પ્રકાર છે.

શાસ્ત્ર કહે છે કે, જે શક્તિ હોવા છતાં અયોગ્યતા વધવા દે અને એને રોકવાનો પ્રયત્ન ન કરે, તે આત્મા વિરાધક ભાવ પામે છે.

(પૂજ્યપાદ વ્યા.વા. ગચ્છાધિપતિ આ.દે.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા.)

✺

# પ્રકરણ-૩ : પ્રશ્નોત્તરી

## સાંપ્રત પ્રશ્નોના ગ્રંથકાર મહર્ષિઓએ આપેલા ઉત્તરો

[ વર્તમાનમાં જૈનસંઘમાં અનેક પ્રશ્નોની વારંવાર ચર્ચા થયા કરતી હોય છે. એમાં ક્યાંક મનફાવતી વાતો થતી હોય તેમ દેખાય છે અને ક્યાંક કશુંક છુપાવવાનું કાર્ય થતું હોય તેમ જોવા મળે છે અને ક્યાંક શાસ્ત્રને સંપૂર્ણપણે બાજું ઉપર મૂકવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં અનેક પ્રકારની ભ્રમણાઓ પ્રવર્તે છે. તેના કારણે ઘણા ભવ્યાત્માઓ મુંઝાતા હોય છે. આવા અવસરે આપણા માટે 'શાસ્ત્ર' જ પરમ આધાર-શરણરૂપ છે. તેથી સાંપ્રત દરેક પ્રશ્નોનો જવાબ શાસ્ત્રપંક્તિઓના આધારે ક્રમશઃ જોઈશું. ]

### ⇨ સંઘનું સ્વરૂપ

**પ્રશ્ન-૧ :** સંઘ કોને કહેવાય ? સંઘમાં કોનો સમાવેશ થાય અને કોનો ન થાય ?

**ઉત્તર :** આ પ્રશ્નનો ઉત્તર ૧૪૪૪ ગ્રંથના રચયિતા પૂજ્યપાદ આ. ભ. **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજ **'સંબોધ પ્રકરણ'** ગ્રંથમાં નીચે મુજબ આપે છે.

**"एगो साहू एगा, य साहूणी सावयो य सड्ढी वा ।**
**आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ।।७९४।।"**

**અર્થ :** આજ્ઞાથી યુક્ત એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા પણ સંઘ છે અને એ સિવાયનો (આજ્ઞાથી રહિત) મોટો પણ સમુદાય (આજ્ઞા રહિત હોવાથી) સંઘ નથી, પરંતુ હાડકાનો ઢગલો છે.

**ટિપ્પણી-૧ :** ગ્રંથકારશ્રીએ 'સંઘ' તરીકેની ઓળખાણમાં આજ્ઞાને પ્રધાનતા આપી છે. જે પ્રભુની આજ્ઞાને માને છે અને યથાશક્તિ

આજ્ઞાનુસારી પાલન કરે છે, તેનો જ સંઘમાં સમાવેશ થાય છે. ભલે તે એક-બે વ્યક્તિ હોય તો પણ. મોટો સમુદાય પણ પ્રભુની આજ્ઞાને (શાસ્ત્રને) માનતો નથી તો તેનો સંઘમાં સમાવેશ થતો નથી.

**ટિપ્પણી-૨ :** 'આજ્ઞા' ને પ્રધાનતા આપવાનું કારણ એ છે કે....

આજ્ઞાની આરાધના જ તારે છે અને આજ્ઞાની વિરાધના સંસારમાં ડુબાડે છે. આથી જ કલિકાલ સર્વજ્ઞ પૂ.આ.ભ. **શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાએ **વીતરાગ સ્તોત્ર** માં કહ્યું છે કે –

**"वीतराग: सपर्याया-स्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥१९-४॥"**

હે વીતરાગ પરમાત્મા ! તમારી પૂજાથી (પણ) તમારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. (કારણ કે,) આરાધાયેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે અને વિરાધાયેલી આજ્ઞા સંસાર માટે થાય છે.

**ટિપ્પણી-૩ :** આજ્ઞાયુક્ત સંઘ તીર્થંકરોને પણ પૂજ્ય છે. તે બતાવતાં '**સંબોધ પ્રકરણ**' ગ્રંથમાં આગળ જણાવ્યું છે કે –

**निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्तगुणवंतो ।**
**तित्थयराय य पुज्जो, वुच्चइ एयारिसो संघो ॥२८९॥**

**અર્થ :** નિર્મલ જ્ઞાનની પ્રધાનતાવાળો, સમ્યગ્દર્શનથી યુક્ત અને ચારિત્ર-ગુણથી યુક્ત હોય એવો સંઘ શ્રીતીર્થંકરોને પણ પૂજ્ય છે એમ કહેવાય છે.

**ટિપ્પણી-૪ :** જે સંઘ નિર્મલજ્ઞાનવાળો, મિથ્યાત્વનો ત્યાગી-મિથ્યાત્વના કાર્યોનો ત્યાગી અને સમ્યગ્દર્શનથી યુક્ત હોય તથા દેશ કે સર્વ ચારિત્ર ગુણથી યુક્ત હોય એવો પવિત્ર સંઘ યાવત્ શ્રીતીર્થંકરોને પણ પૂજ્ય હોય છે. ગમે તેવો સંઘ તીર્થંકરોને પૂજ્ય હોય એવું માનવાનું નથી અને તેથી ગુણોથી વિભૂષિત સમુદાયમાં જ 'સંઘ' શબ્દનો અર્થ ઘટે છે, તે બતાવતાં '**સંબોધપ્રકરણ**' ગ્રંથમાં કહ્યું છે કે –

**"सव्वो वि नाणदंसणचरणगुणविभूसियाणं समणाणं ।**
**समुदायो होइ संघो गुणसंघाउत्ति काऊणं ॥२९०॥"**

**અર્થ** : જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ગુણોથી વિભૂષિત સાધુઓનો સઘળો ય સમુદાય સંઘ છે. કેમ કે, તેમાં ગુણોનો જે સંઘાત (સમુહ) હોય તે સંઘ કહેવાય, એવો સંઘ શબ્દનો અર્થ તેમાં ઘટે છે.

**ટિપ્પણી-૫** : આથી ભાવથી સંઘ કોને કહેવાય તેની સ્પષ્ટતા કરતાં **'સંબોધ પ્રકરણ'** ગ્રંથમાં કહ્યું છે કે –

**इक्को वि नीइवाई, अवलंबंतो विसुद्धववहारं ।**
**सो होइ भावसंघो, जिणाण आणं अलंघंतो ॥२९१॥**

**અર્થ** : શ્રી જિનેશ્વરોની આજ્ઞાનું ઉલ્લંઘન નહીં કરનારો, વિશુદ્ધ વ્યવહારનું આલંબન લેતો અને (એથી જ) નીતિવાદી = ન્યાયને કહેનારો, તે એક હોય તો પણ ભાવથી સંઘ છે.

**ટિપ્પણી-૬** : જે આત્મા જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, તે જ આત્મા વિશુદ્ધ વ્યવહારનું આલંબન લે છે અને તેથી તે જ આત્મા ન્યાયયુક્ત બોલનાર હોય છે. આથી આ વિષયમાં વિશેષ ખુલાસો કરતાં ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથના બીજા ઉલ્લાસમાં કહ્યું છે કે - જ્યારે સંઘમાં આ મુમુક્ષુ કોનો શિષ્ય ગણાય ? આ ક્ષેત્રની માલિકી કોની ગણાય ? અમુક સાધુ વગેરે અમુક પ્રવૃત્તિ કરે છે તે યોગ્ય છે કે નહિ ? ઈત્યાદિ વિવાદ ઉપસ્થિત થાય ત્યારે રાગ-દ્વેષ વિના (= કોઈનો પક્ષપાત કર્યા વિના) ન્યાયથી જે યોગ્ય હોય તે જ કહે તે નીતિવાદી છે. આ રીતે ન્યાય આપવાની પ્રવૃત્તિને જૈનશાસનમાં લોકોત્તર વ્યવહાર કહેવાય છે.

**ટિપ્પણી-૭** : જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરનાર ક્યારેય ભાવસંઘ કહી શકાય નહીં.

**ટિપ્પણી-૮** : આજ્ઞાયુક્ત સંઘને જ તીર્થ કહેવાય છે. શ્રુત તથા પ્રથમ ગણધરને પણ તીર્થ કહેવાય છે. તે જણાવતાં **'સંબોધ પ્રકરણ'**

માં કહ્યું છે કે –

**तित्थं चाउव्वण्णो, संघो संघो वि इक्कगो पक्खो ।**
**चाउव्वण्णो वि संघो, सायरिओ भण्णए तित्थं ॥२९२॥**
**तित्थं तित्थे पवयणेण संगोवंगे य गणहरे पढमे ।**
**जो तं करेइ तित्थंकरो य अण्णे कुतित्थिया ॥२९३॥**

**અર્થ** : સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચાર પ્રકારનો સંઘ તીર્થ કહેવાય છે. એકલો પણ સંઘ સમુદાય છે. આચાર્ય સહિત ચારે પ્રકારનો સંઘ તીર્થ કહેવાય છે. (૨૯૨)

તીર્થ (= ચાર પ્રકારનો સંઘ), અંગ-ઉપાંગ સહિત શ્રુત અને પ્રથમ ગણધર તીર્થ કહેવાય. આવા તીર્થને જે કરે તે તીર્થંકર કહેવાય, બીજાઓ કુતીર્થિક છે. (૨૯૩)

**ટિપ્પણી-૯** : વર્તમાનમાં શ્રીસંઘની હાલત કેવી છે ? તેમાં કોણ તરશે અને કોણ નહીં તરે ? જિનાગમો વિના જીવોની અનાથતા તથા સુવિહિત ગચ્છ કેવો હોય તેની વિગતો જણાવતાં **'સંબોધ પ્રકરણ'** માં આગળ જણાવ્યું છે કે –

**जो उस्सुत्तं भासइ, सद्दहइ कुणइ कारवे अण्णं ।**
**अणुमन्नइ कीरंतं, मणसा वाया वि काएणं ॥२९४॥**
**मिच्छद्दिट्ठी नियमा, सावएहिं पि सो वि मुणिरूवो ।**
**परिहरियव्वो जं दंसणे वि पच्छित्तं तस्स चउगुरुयं ॥२९५॥**

**અર્થ** : જે ઉત્સૂત્ર (= સૂત્ર વિરુદ્ધ) બોલે છે, શ્રદ્ધા કરે છે, આચરે છે, બીજાની પાસે કરાવે છે = આચરાવે છે, કરતા એવા બીજાની મન, વચન કે કાયાથી અનુમોદના કરે છે, તે નિયમા મિથ્યાદૃષ્ટિ છે. શ્રાવકોએ પણ તે કુસાધુનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે, તેનું દર્શન કરવામાં પણ ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત કહ્યું છે. (૨૯૪-૨૯૫)

**कत्थ अम्हारिसा पाणी दूसमादोसदूसिया ।**
**हा अणाहा कहं हुंता न हुंतो जइ जिणागमो ॥२९६॥**

**અર્થ :** અવસર્પિણીના પાંચમા આરારૂપ દુષમકાળના દોષથી દૂષિત બનેલા અમારા જેવા જીવો ક્યાં ? હા ! જો જિનાગમ ન હોત તો અનાથ એવા અમે કેવી રીતે હોત ? = અમારું શું થાત ? (૨૯૬)

**हीणायारेहिं तह, वेसविडंबगेहिं मलिणीकयं तित्थं ।**
**नियअत्थविसयविसमयदेसणाकज्जनिरएहिं ॥२९७॥**

**અર્થ :** પોતાના સ્વાર્થ માટે વિષમય દેશનારૂપ કાર્યમાં તત્પર, શિથિલાચારી અને વેષની વિડંબના કરનારાઓથી તીર્થ મલિન કરાયું છે. (૨૯૭)

**उच्छेइयधम्मगंथा, नत्थिक्कपयंडवायनट्ठघणा ।**
**कलहाइदोससहिया, संपइ कालाणुभावाओ ॥२९८॥**

**અર્થ :** હમણાં કાળના પ્રભાવથી કલહ વગેરે દોષોથી યુક્ત અને નાસ્તિકતારૂપ પ્રંચડ વાયુથી ચારિત્રરૂપ વાદળોનો નાશ કરનારા કુસાધુઓએ ધર્મગ્રંથોનો ઉચ્છેદ કરી નાંખ્યો છે અર્થાત્ ધર્મગ્રંથો પ્રમાણે દેશના આપતા નથી અને આચરતા નથી. (૨૯૮)

**केवि मुणिरूवपासा, फुरंति अतुक्ककरिसमुद्दामा ।**
**असंजयेत्ति संजयमालप्पा बालरम्मा य ॥२९९॥**

**અર્થ :** નિરંકુશ હાથીના જેવા ઉચ્છૃંખલ કેટલાક મુનિના વેષમાં દુષ્ટમુનિઓ દેખાઈ રહ્યા છે. સંયત (= સાધુ) ન હોવા છતાં 'સંયત' રીતે બોલાવાય છે અને બાળ જીવોને માટે મનોહર લાગે છે. (૨૯૯)

**कहमण्णहा मुणिज्जइ, तेसि सरूवं न होइ जिणवयणं ।**
**सुद्धपरूवगमुणिणो, गीयत्था जइ न हा हुज्जा ॥३००॥**

**અર્થ :** હા ! જો જિનવચન ન હોય અને શુદ્ધ પ્રરૂપણા કરનારા ગીતાર્થ સાધુઓ ન હોય, તો દુષ્ટમુનિઓનું સ્વરૂપ કેવી રીતે જાણી

શકાય ? અર્થાત્ જિનવચન છે અને શુદ્ધ પ્રરૂપક ગીતાર્થ મુનિઓ છે, તેથી દુષ્ટ મુનિઓનું સ્વરૂપ જાણી શકાય છે. (૩૦૦)

**आगमभणियं जो पण्णवेइ सद्दहइ कुणइ जहसत्तिं ।**
**तिल्लोक्कवंदणिज्जो, दूसमकाले वि सो साहू ॥३०१॥**

**અર્થ :** જે સાધુ આગમમાં કહેલાની પ્રરૂપણા કરે છે, શ્રદ્ધા કરે છે અને યથાશક્તિ પાલન કરે છે, તે સાધુ દુઃષમકાળમાં પણ ત્રણ જગતના લોકોને વંદનીય છે. (૩૦૧)

**सम्मत्तरयणकलिया, गीयत्था सव्वसत्थणयकुसला ।**
**धम्मत्थियवेसधरा, अत्थिक्काभरणसव्वंगा ॥३०२॥**
**पवयणमग्गसुदिट्ठी, दिट्ठीहि अत्तदोसपासणया ।**
**सत्तिकयाणुट्ठाणा, संविग्गा तइयपक्खधरा ॥३०३॥**

**અર્થ :** *ત્રીજા પક્ષને (= સંવિગ્ન પાક્ષિકપણાને) ધારણ કરનારા જીવો સમ્યક્ત્વરૂપ રત્નથી યુક્ત, ગીતાર્થ, સર્વશાસ્ત્રોમાં અને નયોમાં* કુશળ, ધર્મને માટે જ વેષને ધારણ કરનારા, શરીરનાં સર્વ અંગોમાં આસ્તિક્યરૂપ આભરણોવાળા, પ્રવચનમાં જ સુદૃષ્ટિ રાખનારા, આત્મનિરીક્ષણથી પોતાના દોષોને જોનારા, શક્તિ પ્રમાણે અનુષ્ઠાન કરનારા અને સંવિગ્ન હોય છે.

**વિશેષાર્થ :** સાધુ અને શ્રાવક એ બેની અપેક્ષાએ ત્રીજો પક્ષ સંવિગ્નપાક્ષિક છે. સંવિગ્ન એટલે મોક્ષાભિલાષી સુસાધુઓ, પાક્ષિક એટલે પક્ષ (= સહાય) કરનારા. જે સંવિગ્નસાધુઓનો પક્ષ કરે તે સંવિગ્નપાક્ષિક. સંવિગ્નપાક્ષિકો પોતે શિથિલ હોવા છતાં સંયમ પ્રત્યે રાગવાળા હોય છે, એથી સુસાધુઓને સહાય કરે છે. સર્વવિરતિરૂપ સાધુધર્મ પ્રથમ મોક્ષમાર્ગ છે. દેશવિરતિરૂપ શ્રાવકધર્મ બીજો મોક્ષમાર્ગ છે અને સંવિગ્નપાક્ષિક ત્રીજો મોક્ષમાર્ગ છે. (એ સિવાયના બાકીના સંસારમાર્ગ છે.) (૩૦૨-૩૦૩)

**सुज्झइ जई सुचरणो, सुज्झइ सुसावओ वि गुणकलिओ।**
**उसन्नचरणकरणो वि, सुज्झइ संविग्नपक्खरुई ॥३०४॥**

**અર્થ :** સારા ચારિત્રવાળો યતિ (= સાધુ) શુદ્ધ થાય છે. જ્ઞાનાદિક ગુણોથી યુક્ત સુશ્રાવક પણ શુદ્ધ થાય છે, તથા શિથિલ છે ચરણ અને કરણ જેનું એવો સંવિગ્નપાક્ષિક = સંવિગ્નપક્ષની રૂચિવાળો પણ શુદ્ધ થાય છે. (સંવિગ્ન એટલે મોક્ષની અભિલાષાવાળા સાધુઓ. તેમના પક્ષમાં એટલે તેમની ક્રિયામાં જેની રૂચિ છે તે પણ શુદ્ધ થાય છે.) (૩૦૪)

**પ્રશ્ન-૨ :** સર્વદર્શનને સરખા માનવાની જેમ સ્વપક્ષની અંદર પણ તમામને સરખા માનવાથી કોઈ દોષ લાગે ? તેનો કોઈ શાસ્ત્રપાઠ મળે ?

**ઉત્તર :** તમામ ધર્મોને, તમામ દર્શનોને અને જૈન શાસનના તમામ પક્ષોને એક માનવાથી મિથ્યાત્વદોષ લાગે છે. ધર્મસંગ્રહ અને ધર્મપરીક્ષામાં આ અંગે જણાવ્યું છે કે –

**"अनाभिग्रहिकं प्राकृतजनानाम्, सर्वे देवा वन्द्या न निन्दनीया, एवं सर्वे गुरवः, सर्वे धर्मा इतीत्याद्यनेकविधम् । (धर्मसंग्रहः)। अनाभिग्रहिक किञ्चित् सर्वदर्शनविषयम् - यथा 'सर्वाणि दर्शनानि शोभनानि' इति किञ्चिद् देशविषयम् - यथा सर्व एव श्वेताम्बर-दिगम्बरादिपक्षाः शोभनाः इत्यादि ।"**

**ભાવાર્થ :** "સર્વે દેવ સારા છે - વંદનીય છે, સર્વે ગુરુઓ આરાધ્ય છે." - આવા પ્રકારની માન્યતા ધરાવતા અજ્ઞાની જીવોનું મિથ્યાત્વ અનાભિગ્રહિક મિથ્યાત્વ છે.

તદુપરાંત, "સર્વે દર્શનો સારા છે અથવા (એક જ પક્ષમાં) શ્વેતાંબરો અને દિગંબરો વગેરે સારા છે." આવી માન્યતા હોવી એ અનાભિગ્રહિક મિથ્યાત્વ છે.

→ આથી તમામને સમાન રીતે સારા-સાચા માનવામાં મિથ્યાત્વ

દોષ લાગતો હોવાથી સર્વેને સારા-સાચા કહી-માની શકાય નહીં.

**અહીં ઉલ્લેખનીય છે કે, ગુણ-દોષની વિચારણા કરવી એ કોઈ નિંદનીય પ્રવૃત્તિ નથી. સમકિતિ આત્મા દરેક સ્થળે ગુણ-દોષની વિચારણા કરીને દોષયુક્તનો ત્યાગ કરે છે અને ગુણયુક્તનો સ્વીકાર કરે છે.**

**દોષયુક્તનો ત્યાગ કરવો અને ગુણયુક્તનો સ્વીકાર કરવો એ અન્યાયી પ્રવૃત્તિ પણ નથી કે પક્ષપાતભર્યો વ્યવહાર પણ નથી. પરંતુ તે જ સાચી શાસ્ત્રનીતિ છે અને શાસ્ત્રનીતિ મુજબ વર્તે એ જ મહાજન કહેવાય છે અને એવા મહાજનને અનુસરવામાં જ લાભ છે.**

**પ્રશ્ન-૩ :** અનુષ્ઠાન આજ્ઞા સાપેક્ષ છે કે નહીં ? અનુષ્ઠાન વિધિ મુજબ થયું છે કે નહીં ? આવું વિચારીને શું કામ છે ? **महाजनो येन गतः स पन्थाः।** આ શાસ્ત્રવચન ઘણા લોકો જે કરતા હોય, તે કરવું જોઈએ - આવું જે ઘણે સ્થળે કહેવાય છે, તે યોગ્ય છે ?

**ઉત્તર :** [A] એકદમ અયોગ્ય છે. કારણ કે, શાસ્ત્રકાર મહર્ષિઓએ તેનું ખંડન કરીને અનુષ્ઠાનને આજ્ઞાસાપેક્ષ વિધિ મુજબ બનાવવા ઉપર ખૂબ ભાર મૂક્યો છે. વચનનિરપેક્ષ ધર્મવ્યવહારથી સંસાર વધે છે - એવું ભારપૂર્વક જણાવીને જિનવચન સાપેક્ષ અનુષ્ઠાનની જ તારકતા વર્ણવી છે. તે શબ્દો આ રહ્યા -

**વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,**
**વચન સાપેક્ષ વ્યવહાર સાચો,**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ,**
**સાંભળી આદરી કાંઈ રાંચો (૪)**

**(શ્રી આનંદઘનજી મહારાજા, અનંતનાથ પ્રભુનું સ્તવન)**

[B] 'ઘણા લોકો જે કરતા હોય તે કરવું જોઈએ.' આવું કહેનારને પૂ. મહોપાધ્યાયશ્રીજી એકદમ સચોટ જવાબ આપતાં **'જ્ઞાનસાર'** ગ્રંથમાં

જણાવે છે કે –

**"लोकमालम्ब्य कर्त्तव्यं, कृतं बहुभिरेव चेत् ।**
**तदा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात्कदाचन ॥२३-४॥**

**અર્થ :** 'લોકનું આલંબન લઈ બહુજન કરે તે કરવું જોઈએ' - આવું જ કરવાનું હોય તો ક્યારે પણ મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ છોડી શકાશે નહીં.

**એટલે જો તમને શાસ્ત્રમતિ નિરપેક્ષ અને જનમત આધારિત એકતા અને બહુમતિ જ ઈષ્ટ હોય, તો મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ શા માટે ત્યાજ્ય કહો છો ? કારણ કે, અત્યારે જગતમાં મિથ્યાદૃષ્ટિઓની જ બહુમતિ છે. આથી જ શાસ્ત્રકારોએ એકતા, બહુમતિ કરતાં શાસ્ત્રનીતિને વધુ મહત્ત્વ આપ્યું છે.**

[C] પૂ. મહોપાધ્યાયશ્રીજી **"महाजनो येन गतः स पन्थाः"** આ શાસ્ત્રવચનનું રહસ્ય જણાવતાં **યોગવિંશિકા** ગ્રંથની ટીકામાં જણાવે છે કે –

**एकोऽपि शास्त्रनीत्या यो, वर्तते स महाजनः ।**
**किमज्ञसार्थैः ? शतमप्यन्धानां नैव पश्यति ॥**

**અર્થ :** એક પણ વ્યક્તિ કે જે શાસ્ત્રનીતિ મુજબ વર્તે છે, તે મહાજન છે. અજ્ઞાનીઓના ટોળા વડે શું ? સો આંધળાં ભેગા થાય, તો પણ માર્ગને જોઈ શકતા નથી.

આથી શાસ્ત્રનીતિ મુજબ વર્તે છે, તે મહાજન છે અને એવા મહાજનને અનુસરવામાં આત્મકલ્યાણ હોવાથી જ્ઞાનીઓએ મહાજનને અનુસરવાનું વિધાન કર્યું છે. માટે ખોટી ભ્રમણાઓથી દૂર રહેવું.

**પ્રશ્ન-૪ : ઘણા લોકો ઉપમિતિ ગ્રંથના નામે કહે છે કે – કેવલજ્ઞાની ગુરુ** 'શ્રુતજ્ઞાનનો પાર ક્યારે પામી શકાય' - **એવા શિષ્યના પ્રશ્નમાં જણાવે છે** – "જે દિવસે તને આ દુનિયાના તમામ દર્શનો, તમામ મત-પંથ-સંપ્રદાયમાં રહેલું તત્ત્વ, જેમ બધી નદીઓ સાગરમાં મળતી

દેખાય, તેમ બધી તત્ત્વજ્ઞાનની વિચારધારા જૈનધર્મમાં મળતી દેખાશે, તે દિવસ તું જૈનશાસ્ત્રના રહસ્યને પામીશ. દુનિયાના તમામ ધર્મોનું તત્ત્વ ઝરણારૂપે વહી જિનશાસનરૂપી સાગરમાં મળી જતું દેખાશે, તે દિવસે તું શ્રુતજ્ઞાનનો પાર પામીશ, સાચા શાસ્ત્રજ્ઞ થયેલાની આ નિશાની છે.'' – **શું આવું 'ઉપમિતિ ભવપ્રપંચા કથા' ગ્રંથમાં કહ્યું છે ?**

**ઉત્તર :** તમે પ્રશ્નમાં જણાવ્યો તેવો પાઠ ઉપમિતિ ભવપ્રપંચા કથા ગ્રંથમાં ક્યાંયે જોવા મળતો નથી. પરંતુ તેના પ્રસ્તાવ-૮માં નીચેનો પાઠ જોવા મળે છે.[૧] (નોંધ : વાચકોને વાંચનમાં રસભંગ ન થાય તેથી સંસ્કૃત શાસ્ત્રપાઠ ટિપ્પણીમાં આપીશું.)

[A] ''હે પુંડરીક ! તેં સવાલ પુછ્યો કે, અન્ય તીર્થિકો પોતાના તીર્થને વ્યાપક કહે - વ્યાપક હોવાનો દાવો કરે, તો તેનો ઉત્તર શું છે ? તે સંબંધમાં જે ઉત્તરની સામે કોઈપણ પ્રતિઘાત ન કરી શકે એવો જે ઉત્તર હતો તે તને જણાવ્યો. વાત એમ છે કે - **દૃષ્ટિવાદ નામનું બારમું અંગ છે. તે મોટા દરિયા જેવું છે. તે સઘળા નયોના સાગર જેવું છે. તે સાગરમાં કુદૃષ્ટિઓ રૂપી સર્વે નદીઓ આવી જાય છે. તે સઘળું તું સ્ફુટ જોઈ શકીશ. જ્યારે તું એનો અભ્યાસ બરાબર કરીશ ત્યારે તારા સર્વ સંદેહો દૂર થઈ જશે. અને તને તે વખતે પાકી ખાતરી થશે કે, સર્વજ્ઞ મહારાજના વચનથી વધારે શ્રેષ્ઠ કોઈપણ વચન નથી.**

[B] પૂર્વે જે ગુરુ ભગવંતે ખુલાસો કર્યો છે, તે ઉપસંહારરૂપે છે. તેની પૂર્વે ઘણા પ્રશ્નોત્તર થયા છે. તેમાં સર્વજ્ઞ ભગવંતે કુદૃષ્ટિઓને (અન્યદર્શનકારોને) ઉંટવૈદ્ય જેવા ગણાવ્યા છે. પ્રસ્તાવ-૮માં શ્લોક ૭૩૫

---

१. अतो यदुक्तं भवता यदुत – स्वतीर्थं व्यापि चेत्तीर्थ्या, ब्रूयुस्तत्र किमुत्तरम् ? तदिदं ते मयाऽऽख्यातं, प्रतिघातविवर्जितम् ॥९१२॥ यावद्दृष्टिविवादाङ्गे, निःशेषनयसागरे कुदृष्टिसरितः सर्वाः पतन्तीर्द्रस्यसि स्फुटम् ॥९१३॥ तावत्ते सर्वसन्देहा, यास्यन्ति प्रलयं तदा । ज्ञास्यसि त्वं यथा नास्ति, सर्वज्ञवचनात्परम् ॥९१४॥ (प्रस्ताव-८)

થી ૯૧૪ વચ્ચે જે મહત્વની વાતો સર્વજ્ઞભગવંતે કરી છે તે અહીં પ્રસ્તુત છે –

[B-1] → સર્વજ્ઞ ભગવંત જે દેશના ફરમાવે છે, તે અનેક પ્રકારના દૃષ્ટિકોણો(નયો)થી ભરપૂર હોય છે. એ દેશના સાંભળીને કેટલાક મંદબુદ્ધિવાળા જીવો, કે જેમની ચેતના મિથ્યાત્વથી ભરેલી છે, તેઓ ઉલટા પ્રકારની કલ્પનાઓ કરે છે અને ત્યારપછી ત્યાંથી બહાર નીકળીને પોતે જે વાત સાંભળી હોય તેનો કોઈક ભાગ પકડી લઈને પોતાનાં શાસ્ત્રો બનાવે છે. આવા મંદબુદ્ધિ જીવો ઊંટવૈદ્ય સમાન સમજવા. એમાં કેટલાક સાંખ્ય વગેરે (જે આસ્તિક દર્શનો કહેવાય છે, તેમણે) પોતાના ગ્રંથોમાં કેટલીક વાત જિનવાક્ય પ્રમાણે લખી અને કેટલીક પોતાની કલ્પના પ્રમાણે લખી દીધી. આમ છતાં એમને પોતાના પાંડિત્યનું અભિમાન આખા ગ્રંથ માટે રહ્યું - એમને ઊંટવૈદ્ય સાથે સરખાવવા. x x x x x એમણે પોતાના બનાવેલા શાસ્ત્રો પોતાના શિષ્યોને કહી બતાવ્યાં અને પોતપોતાના તીર્થો પ્રવતાવ્યાં અને શિષ્યો - અનુયાયીઓ માટે એક મોટી અનુષ્ઠાનમાળા પણ બતાવી. આવી રીતે જુદી જુદી વૈદ્યશાળાઓ ઉભી થઈ.

[B-2] **હવે આગળ જણાવ્યું છે કે** – ''જેમ સર્વ રોગોની ઉત્પત્તિનું કારણ વાત, પિત્ત અને કફ છે અને જેનાથી વાતાદિનું શમન થાય અને જીવને આરોગ્ય પ્રાપ્ત થાય, તે લોકમાં ઉત્તમ ઔષધ કહેવાય છે. તેવી રીતે કેટલીકવાર ઊંટવૈદ્યે કરેલી દવા પણ જો તે પરમાર્થથી સાચા વૈદ્યની દવા સાથે સંમત હોય અને તેમની કહેલી હોય તો ઘુણાક્ષર ન્યાયે આરોગ્ય આપનાર થાય છે. તેટલા માટે જે જે અનુષ્ઠાનો રાગ-દ્વેષ-મોહ રૂપ વ્યાધિઓનો નાશ કરનારાં થાય છે, સર્વ મળથી ભરપૂર આત્માઓને નિર્મલ કરનાર થાય છે, તે જૈનમતમાં હોય કે અન્ય તીર્થોમાં હોય, ગમે ત્યાં હોય, ત્યાં તે સર્વજ્ઞના મતને સમ્મત છે અને અનુકૂળ છે, એમ સમજવું.

[B-3] **આગળ જણાવ્યું છે કે** – "x x x x તેટલા માટે કુતીર્થિઓએ જે ધ્યેયના અનેક ભેદો કહ્યા છે, તે જિનમત રૂપ સમુદ્રના ઝરેલા એક બિંદુ માત્ર જેટલાં સમજવાં. **એ અન્ય-દર્શનની શ્રેણીઓ ઊંટવૈદ્યની શાળાની જેમ સ્વરૂપથી તો કર્મરોગને વધારનારી જ સમજવી. પરંતુ એમાં રહેનારનો કોઈ કોઈવાર કર્મરોગ નાશ થતો જોવામાં આવે, કર્મરૂપ વ્યાધિ ઘટતો જતો જોવામાં આવે, તો તે ગુણ સર્વજ્ઞનાં વચનો કે જે તેમાં (કંઈક પ્રમાણમાં) રહેલાં છે, તે વચનોનો છે, એમ સમજવું.**

આથી સાચા વૈદ્યની શાળાની જેમ આ સર્વજ્ઞ મતની શાળા છે. અને દ્વાદશાંગી રૂપ સુંદર સંહિતા (ગ્રંથો) છે, તે કર્મરોગને હણનારા જાણવા. લોકમાં જે કોઈ સારાં વચનો હોય, કે જે દોષનાશક અને ગુણપ્રાપક બનતાં હોય, તે વચનો પણ દ્વાદશાંગીના અંશો જ જાણવા. દ્વાદશાંગી ગુણોની ખાણ છે. તેમાં સુંદર અને દોષનાશ કરનારાં વચનો રહેલા છે.

**બાકી કેટલાક તીર્થીઓ (દર્શનકારો) બુદ્ધિ વિના હિંસા કરવાનું સારું પરિણામ જણાવે છે અને દેવ-દેવીના સ્મરણમાત્રથી સર્વ પાપનો નાશ બતાવે છે, તે સર્વ તીર્થીઓ તત્ત્વથી તદ્દન બહાર ચરનારા છે. તેઓનું વચન યુક્તિ વગરનું છે. અને વિવેકી માણસોને હાસ્ય ઉપજાવે તેવું છે. આથી આવા કથનો અસત્ છે એમ સમજવું.**"

---

## ⇨ પ્રસ્તુત વિચારણાનો સારાંશ

- જૈનદર્શન જ વ્યાપક છે – સમુદ્ર જેવું છે. તેનો સર્વોત્તમ ગ્રંથ દૃષ્ટિવાદ છે. તે નયોનો સાગર છે. તે સાગરમાં કુદૃષ્ટિઓ રૂપી નદીઓ આવીને મળે છે, એમ ઉપમિતિકાર પરમર્ષિ કહે છે.
- બીજી વાત, દૃષ્ટિવાદ નયોનો સાગર છે. **અનંત ધર્માત્મક વસ્તુના અભિપ્રેત (ઈચ્છિત) અંશને પ્રધાન બનાવીને વસ્તુનું નિરૂપણ કરવાના અભિપ્રાયવિશેષને નય કહેવાય છે.** વસ્તુના નિરૂપણ અવસરે જ્યારે

વસ્તુમાં રહેલા ઈચ્છિત અંશોને (ધર્મોને) પ્રધાન બનાવવામાં આવે અને વસ્તુમાં રહેલા એ સિવાયના અનભિપ્રેત (ઈચ્છિત ન હોય - પોતાને માન્ય ન હોય તેવા) અંશો-ધર્મોને ગૌણપણે સ્વીકારવામાં આવે પણ અપલાપ (નિષેધ) કરવામાં ન આવે ત્યારે એ 'સુનય' બને છે અને અનભિપ્રેત ધર્મોનો અપલાપ કરવામાં આવે ત્યારે તે દૃષ્ટિ = અભિપ્રાય = અધ્યવસાય કુનય = કુદૃષ્ટિ બને છે.

- **અન્યદર્શનો કુદૃષ્ટિ રૂપ છે.** કારણ કે... એકાંત પકડીને વસ્તુગત (વસ્તુમાં રહેલા) અન્ય ધર્મોનો અપલાપ કરે છે અને પોતે સ્વીકારેલા ધર્મોને એકાંતે પ્રરૂપે છે.
- **અન્યદર્શનકારોએ સ્વીકારેલો 'અભિગમ' પણ દ્વાદશાંગીનો જ અંશ છે. પરંતુ તે એકાંતે સ્વીકાર્યો હોવાથી કુનય = કુદૃષ્ટિ સ્વરૂપ છે.** એટલે એનું મૂળ દ્વાદશાંગી રૂપ સમુદ્ર છે. સમ્યગ્દૃષ્ટિ જ્યારે એ અભિગમને પકડે છે, ત્યારે એકાંતવાસના દૂર થયેલી હોય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ માટે તે જ અભિગમ = નય = દૃષ્ટિ સુદૃષ્ટિ બને છે અને તે દ્વાદશાંગીને મળે છે તેમ કહેવાય છે.
- **અહીં ઉલ્લેખનીય છે કે,** જ્યાં એકાંતવાસના છે ત્યાં મિથ્યાત્વ છે અને જ્યાં અનેકાંત (સ્યાદ્વાદ) ની વાસના છે, ત્યાં સમ્યગ્દર્શન છે. ઉપદેશ રહસ્ય ગ્રંથમાં સ્યાદ્વાદને સમ્યક્ત્વનો પ્રાણ કહ્યો છે. વીતરાગ પરમાત્માએ જેવું તત્ત્વ બતાવ્યું છે - જેવો અનંતધર્માત્મક પદાર્થ બતાવ્યો છે, તેવો જ માનવો એ સમ્યગ્દર્શન છે. અને અનંત-ધર્માત્મક પદાર્થની સદહણા સ્યાદ્વાદની રૂચિ વિના હોઈ શકતી નથી.
- **કુદૃષ્ટિરૂપ અન્યદર્શનકારો ઊંટવૈદ્ય જેવા છે. તેમની દવા વાસ્તવમાં તો કર્મરોગને વધારનારી જ છે. ક્યાંક કર્મરોગ ઘટતો દેખાતો હોય તો તે એની અંદર ભળેલાં સર્વજ્ઞના વચનોનો પ્રભાવ છે.**
- **તેથી કર્મરોગની દવા સર્વજ્ઞરૂપ સાચા વૈદ્ય પાસે જ કરાવાય અને**

**બીજાને પણ સાચા વૈદ્ય પાસે જવાની જ ભલામણ કરાય. ઊંટવૈદ્યો પાસે જવાની ભલામણ ન કરાય.**

- પૂર્વોક્ત ઉપમિતિની વાતો વર્તમાનમાં પ્રવર્તતી ઘણી ઘણી ભ્રમણાઓનું નિરસન કરવા પર્યાપ્ત પ્રકાશ પાથરે છે. તે આખા પ્રસ્તાવને શાંત ચિત્તે વાંચવા જેવો છે. તેનાથી સર્વજ્ઞના દર્શનની મહાનતા પ્રતીત થશે અને પ્રશ્નમાં જે ભ્રમણાઓ ઉભી કરાઈ છે તે નિરાધાર-ખોટી હોવાનું પણ સમજાઈ જશે.

**પ્રશ્ન-૫** : શાસનનો ઉચ્છેદ થયો ક્યારે કહેવાય ?

**ઉત્તર** : આ પ્રશ્નનો વિસ્તારથી જવાબ **યોગવિંશિકા ગ્રંથ**ની ટીકામાં પૂ.મહોપાધ્યાયશ્રી **યશોવિજયજી મહારાજા**એ આપ્યો છે.

→ ગાથા ૧૪-૧૫ની ટીકામાં ઘણી ચર્ચાના અંતે કહ્યું છે કે –

''**अविधिस्थापने च विपर्ययात्तीर्थोच्छेद एव** । – અવિધિની સ્થાપનામાં (પૂર્વે જણાવ્યાથી) વિપરીત થતું હોવાથી તીર્થનો ઉચ્છેદ જ થાય છે.

આગળ જણાવ્યું છે કે - પરહિતમાં તત્પર એવા ધર્માચાર્ય વડે સર્વ પ્રકારના પુરુષાર્થથી અવિધિના નિષેધપૂર્વક વિધિમાં જ શ્રોતાઓને પ્રવર્તાવવા જોઈએ. એ રીતે કરવાથી શ્રોતાઓનો માર્ગમાં પ્રવેશ થશે. નહીંતર (અવિધિના નિષેધપૂર્વક વિધિમાં પ્રવર્તાવ્યા વિના, જેમ કરતા હોય તેમ અવિધિ કરવા દેવાથી તો) તેઓનો ઉન્માર્ગમાં પ્રવેશ થશે અને તેના દ્વારા તેમનો નાશ થશે.

આથી (વિધિનો આગ્રહ રાખીશું તો વિધિપૂર્વક આરાધના કરનાર કોઈ મળશે નહીં - રહેશે નહીં અને અંતે તીર્થનો ઉચ્છેદ થશે, એવો ભય રાખવાવાળા જીવોએ પણ) યાદ રાખવું જોઈએ કે - વિધિના વ્યવસ્થાપન વડે જ એકપણ જીવને સમ્યગ્ બોધિનો લાભ થતે છતે ચૌદરાજલોકમાં અમારીની ઉદ્ઘોષણાથી તીર્થની ઉન્નતિ થશે. બાકી,

અવિધિની સ્થાપનામાં તો મૂળથી જ તીર્થનો ઉચ્છેદ થઈ જશે.

→ શાસન-તીર્થની અવિચ્છિન્નતા ક્યારે રહે તે જણાવતાં ગ્રંથકારશ્રીએ કહ્યું છે કે -

**तस्माद्विधिश्रवणरसिकं श्रोतारमुद्दिश्य विधिप्रापणेनैव गुरुस्तीर्थ-व्यवस्थापको भवति, विधिप्रवृत्त्यैव व तीर्थमव्यवच्छिन्नं भवतीति सिद्धम् ।**

**અર્થ :** તેથી વિધિશ્રવણના રસિક શ્રોતાને ઉદ્દેશીને વિધિ પ્રાપ્ત કરાવવા દ્વારા જ ગુરુ તીર્થના વ્યવસ્થાપક થાય છે અને વિધિપૂર્વકની પ્રવૃત્તિથી જ તીર્થ અવ્યવચ્છિન્ન થાય છે.

→ **કહેવાનો સાર એ છે કે,** અવિધિની સ્થાપનામાં તીર્થ = શાસનનો ઉચ્છેદ છે અને વિધિપૂર્વકની પ્રવૃત્તિથી જ શાસનની ઉન્નતિ થાય છે. આથી જ પ્રભુના શાસનમાં જ્યારે જ્યારે જેણે જેણે શાસ્ત્રોક્ત વિધિનો ત્યાગ કરીને સ્વતંત્રમતિથી અવિધિ પ્રવર્તાવી, ત્યારે ત્યારે શાસનના ધૂરી આચાર્ય ભગવંતોએ અવિધિના પ્રવર્તકોનો વિરોધ કર્યો છે - અવિધિનું ખંડન અને શાસ્ત્રોક્ત વિધિનું મંડન કર્યું છે - તેમની સાથેના સંબંધો કાપી નાંખ્યા છે - સ્વગચ્છથી દૂર કર્યા છે અને જગતમાં એની જાહેરાત પણ કરી છે. એનો આખો ઈતિહાસ વિવિધ ગ્રંથોના પાને આલેખાયેલો છે.

⇨ આથી જ **પૂ. મહોપાધ્યાયશ્રી**એ વર્તમાનના વિષમકાળમાં અમારો-આપણો **દર્શનપક્ષ** (શ્રદ્ધાન પક્ષ) કયો હોઈ શકે, તે **અધ્યાત્મસાર**માં નીચે મુજબ જણાવ્યો છે.

**"अवलम्ब्येच्छायोगं, पूर्णाचारासहिष्णवश्च वयम् ।**
**भक्त्या परममुनीनां, तदीयपदवीमनुसरामः ॥२०-२९॥**
**अल्पापि याऽत्र यतना, निर्दम्भा सा शुभानुबन्धकरी ।**
**अज्ञानविषव्ययकृद्, विवेचनं चात्मभावानाम् ॥२०-३०॥**

सिद्धान्ततदङ्गानां शास्त्राणामस्तु परिचयः शक्त्या ।
परमालम्बनभूतो, दर्शनपक्षोऽयमस्माकम् ॥२०-३१॥
विधिकथनं विधिरागो विधिमार्गे स्थापनं विधीच्छूनाम् ।
अविधिनिषेधश्चेति, प्रवचनभक्तिः प्रसिद्धा नः ॥२०-३२॥"

**ભાવાર્થ :** – પૂર્ણ આચાર પાળવામાં અમે અસમર્થ છીએ. એટલે ઈચ્છાયોગને અવલંબીને પરમ મુનિઓની ભક્તિ વડે તેમના માર્ગને અનુસરીએ છીએ.

– એમાં (ઈચ્છાયોગની સાધનામાં) જે અલ્પ પણ નિર્દંભ યતના થાય છે, તે શુભ અનુબંધ કરનારી છે. વળી આત્માના ભાવોનું વિવેચન અજ્ઞાનવિષનો નાશ કરનારું છે.

– સિદ્ધાંત અને તેના અંગરૂપ શાસ્ત્રોનો અમને (ભલે) શક્તિ પ્રમાણે પરિચય હોય, પરંતુ અમારે આલંબનભૂત તો આ દર્શનપક્ષ (તત્ત્વશ્રદ્ધાન) જ છે.

– વિધિ (માર્ગનું) કહેવું, વિધિ પ્રત્યે રાગ, વિધિની ઈચ્છા રાખનારને વિધિમાર્ગમાં સ્થાપવા (પ્રવર્તાવવા) અને અવિધિનો નિષેધ કરવો – આ અમારી પ્રસિદ્ધ પ્રવચનભક્તિ છે.

**→ અહીં ખાસ નોંધનીય છે કે –**

આ કાળમાં દર્શનપક્ષ આલંબનભૂત છે અને દર્શનપક્ષ વાળાની પ્રવચનભક્તિ કેવી હોય તે ઉપરના અધ્યાત્મસારના પાઠમાં જોવા મળે છે. દર્શનપક્ષને અનુસરનારો જીવ વિધિમાર્ગ જ બતાવે છે – વિધિમાર્ગનું જ સ્થાપન કરે છે અને અવિધિનો નિષેધ કરે છે. તે ક્યારેય અવિધિનું સમર્થન ન કરે કે અવિધિનું સ્થાપન ન કરે.

– જે વિધિની પ્રરૂપણા કરે છે અને વિધિમાર્ગનું સ્થાપન કરે છે તે જ પ્રવચનભક્ત છે.

**પ્રશ્ન-૬ : કેટલાક લોકો માને છે કે,** આચરણા ગૌણ છે, જેને જે અનુકૂળ લાગે તે પાળે. આચરણાને મુખ્ય કરીને મતભેદો ઉભા ન કરાય – **તો આવું કહેવું યોગ્ય છે ?**

**ઉત્તર :** આવું કહેવું લેશમાત્ર યોગ્ય નથી. કારણ કે, આ પાંચમા આરાના અંત સુધી પ્રભુશાસન શુદ્ધ વ્યવહારથી (શુદ્ધ આચરણાથી) જ ચાલવાનું છે, પરંતુ અશુદ્ધ વ્યવહારથી (અશુદ્ધ આચરણાથી) નહીં. આથી આચરણા પણ ગમે તે ન અપનાવાય, પરંતુ શાસ્ત્રસાપેક્ષ શુદ્ધ આચરણા જ અપનાવાય.

**આ વાતનો ખુલાસો કરતાં પૂ. મહોપાધ્યાયશ્રીજીએ ૩૫૦ ગાથાના સ્તવનમાં સોળમી ઢાળની અઢારમી ગાથામાં કહ્યું છે કે..** ''સંવિગ્ન ગીતાર્થ તેને કહેવાય કે જે શાસ્ત્રના અક્ષરો જુએ એટલે પોતાનો કદાગ્રહ મૂકી દે અને ક્યારેય હઠાગ્રહમાં પડે નહીં અને તેથી તેઓ શાસ્ત્રાનુસારી સુવિહિત આચરણાને જ સેવે છે.''

આ વિષયની અલગ પ્રશ્નોત્તરમાં વિચારણા કરી જ છે. તેથી અહીં પુનઃ લખતા નથી.

→ વર્તમાનમાં જે તિથિ વગેરેના વિવાદો ચાલે છે તેમાં પૂર્વોક્ત પૂ. મહોપાધ્યાયશ્રીજીના વિધાનો ઘણો પ્રકાશ પાથરે છે. યતિઓએ ચાલું કરેલી અશુદ્ધ આચરણા સંવિગ્ન ગીતાર્થો ક્યારેય આદરવા જેવી ન માને, એ તપાગચ્છની ઉત્તમ નીતિ છે. શુદ્ધવ્યવહાર (જીવવ્યવહાર) કોને કહેવાય તેની વિચારણા આગળ કરી જ છે.

**પ્રશ્ન-૭ : જે લોકો એકલા નિશ્ચયનયની સાધનાથી જ મોક્ષ માને છે, તે યોગ્ય છે કે અયોગ્ય છે ? તેઓની આ માન્યતા અંગે કોઈ શાસ્ત્રમાં ખુલાસા કર્યા છે કે નહીં ?**

**ઉત્તર :** ''નિશ્ચયનયની સાધનાથી જ મોક્ષ છે, વ્યવહાર તો નકામો છે.'' આવુ માનનારા ઉત્સૂત્ર બોલી રહ્યા છે. કારણ કે, શાસ્ત્રકારોએ

**ज्ञान-क्रियाभ्यां मोक्षः ।** જ્ઞાન-ક્રિયાથી મોક્ષ થાય છે - એમ સ્પષ્ટ ફરમાવેલ છે. જેની વિચારણા આગળ વિસ્તારથી કરવાની જ છે. ક્રિયાનો અપલાપ કરીને એકલા નિશ્ચયનયને માનનારાઓની પૂ. મહોપાધ્યાયશ્રીજીએ ૩૫૦ ગાથાના સ્તવનમાં અને અધ્યાત્મસારમાં કડક શબ્દોમાં સમાલોચના કરી છે. જે અહીં પ્રસ્તુત છે -

**(A) અધ્યાત્મસાર - અધિકાર ૧૮ :**

**जनानामल्पबुद्धीनां, नैतत्तत्वं हितावहम् ।**
**निर्बलानां क्षुधार्त्तानां, भोजनं चक्रिणो यथा ॥१८-१९४॥**
**ज्ञानांशदुर्विदग्धस्य, तत्त्वमेतदनर्थकृत् ।**
**अशुद्धमन्त्रपाठस्य, फणिरत्नग्रहो यथा ॥१८-१९५॥**
**व्यवहाराविनिष्णातो, यो ज्ञीप्सति विनिश्चयम् ।**
**कासारतरणाशक्तः, सागरं स तितीर्षति ॥१८-१९६॥**
**व्यवहारं विनिश्चित्य, ततः शुद्धनयाश्रितः ।**
**आत्मज्ञानरतो भूत्वा, परमं साम्यमाश्रयेत् ॥१८-१९७॥**

**ભાવાર્થ :**

- જેમ (જેની હોજરી નબળી છે એવા) નિર્બળ ક્ષુધાતુરને ચક્રવર્તીનું ભોજન હિતાવહ = લાભદાયી નથી, તેમ અલ્પબુદ્ધિવાળા માણસોને આ તત્ત્વ હિતાવહ નથી. (૧૯૪)

- અશુદ્ધ મંત્રનો પાઠ કરનારને માટે નાગના રત્નને ગ્રહણ કરવું જેમ અનર્થકારી છે, તેમ જ્ઞાનના અંશથી દુર્વિદગ્ધોને (પોતાની જાતને મોટા પંડિત માનનારાઓને) માટે આ તત્ત્વ (નિશ્ચયનયની માન્યતાને જણાવનારું તત્ત્વ) અનર્થકારી છે. (૧૯૫)

- વ્યવહારને વિશે જે નિષ્ણાત નથી, અને નિશ્ચયને જાણવા ઈચ્છે

છે, તો તે તળાવમાં તરવામાં અશક્ત (હોવા છતાં) સાગરને તરી જવાની ઈચ્છા કરે છે. (૧૯૬)

– (આથી સાધનાનો આ ક્રમ છે કે –) વ્યવહારનયનો સારી રીતે નિશ્ચય કરીને પછી જ શુદ્ધ નયનો આશ્રય કરવો અને એમ કરનારે (તે પછી) આત્મજ્ઞાનમાં રત (ઓતપ્રોત) થઈને પરમ સમતાનો આશ્રય કરવો. (૧૯૭)

**→ કહેવાનો સાર એ છે કે –**

**જે હજું વ્યવહાર ધર્મમાં ય નિષ્ણાત નથી અને નિશ્ચયને જાણવાની ઈચ્છા કરે છે, તે આમ તો તળાવમાં પણ તરવા સમર્થ નથી, છતાં પણ સાગરને તરી જવાની ઈચ્છા કરે છે.** આવી ઈચ્છા ક્લેશ જ આપે - સંસાર જ વધારે. માટે મોક્ષ સાધનાનો સાચો ક્રમ આ છે - પહેલા વ્યવહારધર્મનો બરાબર અભ્યાસ કરો. એને જીવનમાં જીવંત બનાવો. એને આત્મસાત્ કરો. સાથે હૃદયમાં નિશ્ચયનો આશ્રય કરો. એથી આત્મજ્ઞાનમાં મગ્ન બની જશો અને પરમ સમભાવમાં લીન પણ બની જશો.

**અહીં યાદ રાખવું કે, સમભાવની પ્રાપ્તિમાં આત્મજ્ઞાન છૂટી જતું નથી. આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં નિશ્ચય છૂટી જતો નથી અને નિશ્ચયની પ્રાપ્તિમાં વ્યવહાર બાધક બનતો નથી. વ્યવહારત્યાગ જ નિશ્ચયની પોકળતાને સિદ્ધ કરે છે.**

**(B) ૩૫૦ ગાથાનું સ્તવન : ઢાળ-૧૬ : બાલાવબોધ સહિત**

**→ શુદ્ધ નય ધ્યાન તેહને સદા પરિણમે,**
**જેહને શુદ્ધ વ્યવહાર હીયડે રમે,**
**મલિન વસ્ત્રે યથા રાગ કુંકુમ તણો,**
**હીન વ્યવહાર ચિતિ એહથી નવિ ગુણો.** ૩૨૭ (૧૬-૧૨)

**બા૦** એતલી વાર શુદ્ધ નયની મુખ્યતાઈ વાત કહી. હવઈ કોઈક ઈમ સાંભલી એકાંત નિશ્ચયનય જ અંગીકાર કરે અને વ્યવહારનય લેખામાં

ગણે જ નહીં તેહને શિક્ષા કરે છે. **શુદ્ધ નય ધ્યાન** ક૦ પૂર્વોક્ત પ્રકારે શુદ્ધ નયનું જે ધ્યાન તે તો તેહને **સદા પરિણમે** ક૦ તે પ્રાણીને સદા નિરંતર પરિણમે, નિપજે. જેહને ક૦ જે પ્રાણીને શુદ્ધ વ્યવહાર સંયમાનુષ્ઠાન પ્રવૃત્તિ રૂપ **હિયડે રમે** ક૦ હૃદયને વિષે રમ્યો હોય. તે ઉપરી દૃષ્ટાંત કહે છે. **યથા** ક૦ જિમ **મલિન વસ્ત્રે** ક૦ મેલા વસ્ત્રને વિષે, **રાગ કુંકુમ તણો** ક૦ કંકુનો રંગ અર્થાત્ મેલે વસ્ત્રે કંકુનો રંગ ન લાગે, તિમ **હીન વ્યવહાર** ક૦ હીણા વ્યવહારવંતના **ચિતિ** ક૦ ચિત્તને વિષે, **નવિ ગુણો** ક૦ ગુણ ન હોય, એતલે વ્યવહાર વિના નિશ્ચય પરિણમે (નહીં), ઈતિ ભાવ. ૩૨૭ (૧૬-૧૨)

**ભાવાર્થ :** સોળમી ઢાળની અગીયારમી ગાથા સુધી શુદ્ધ નયની મુખ્યતાની વાત કરી. હવે આ સાંભળીને કોઈ કેવળ નિશ્ચયનય જ સ્વીકારે અને વ્યવહારનયને ગણનામાં લે જ નહીં અને તેનો અપલાપ કરે, તેને માટે આ શિખામણ છે -

જે પ્રાણીને સંયમ-ક્રિયા રૂપ, શુદ્ધ વ્યવહાર હૈયામાં રમતો હોય, તેને જ શુદ્ધનયનું ધ્યાન નિરંતર પરિણમે. તેને માટે આ દૃષ્ટાંત છે - જેમ મલિન વસ્ત્રને કંકુનો રંગ ન લાગે, તેમ હીન વ્યવહાર આચરનારના ચિત્તને વિશે ગુણ ન હોય. અર્થાત્ જે જીવ સંયમાદિ સ્વરૂપ શુદ્ધ વ્યવહાર પાળતો નથી અને શુદ્ધ વ્યવહારના અભાવમાં અશુદ્ધ-હીન વ્યવહારમાં રહ્યો હોય છતાં નિશ્ચયની વાતો કરે, તો તેને નિશ્ચય પરિણમતો નથી. એટલે વ્યવહાર વિના નિશ્ચય પરિણમે નહીં.

→ **જેહ વ્યવહાર સેઢી પ્રથમ છાંડતા,**
**એક એ આદરે આપ મત માંડતા,**
**તાસ ઉતાવલેં નવિ ટલે આપદા,**
**ક્ષુધિત ઈચ્છાઈ ઉંબર ન પાચેં કદા.** ૩૨૮ (૧૬-૧૩)

**બા૦** જેહ પ્રાણી **વ્યવહાર સેઢી** ક૦ વ્યવહાર શ્રેણિ જે અનુક્રમે તે તો પ્રથમ છાંડે છે તથા **એક આદરે** ક૦ એકલો નિશ્ચયનય આદરે

છે. **આપ મત માંડતા** ક૦ પોતાનો મત દઢ કરતા. એક ભવસ્થિતિ ઉપરિ દઢ થયા છે, પણ ઉદ્યમ નથી કરતા પણિ તેહની ઉતાવલે આપદા ટલે નહીં એતલે એકલો નિશ્ચય પોકારે થકે આપદા જે સંસારપરિભ્રમણ તે ન ટલે. જિમ **ક્ષુધિત** ક૦ ભૂખ્યાની ઈચ્છાઈ ઉંબરના ફલ કદાપિ ન પાકે, એતલે ઉંબર ફલ જલસેકાદિક ક્રિયાઈ પાકે પણ ઈચ્છા માત્રે ન પાકે. ઈતિ ભાવ. ૩૨૮ (૧૬-૧૩)

**ભાવાર્થ** : જે જીવ વ્યવહારશ્રેણીનો ક્રમ છાંડીને એકલો નિશ્ચય નય આદરે છે, પોતાનો મત એક ભવસ્થિતિ ઉપર દઢ કરે છે, પણ કશો ઉદ્યમ કરતા નથી, તેની આપદા (ભવસંકટ) ઉતાવળે ટળે નહીં. કેવળ નિશ્ચયનય પોકારવાથી ભવભ્રમણ ટળે નહીં. જેમ ભૂખ્યાની ઈચ્છા માત્રથી ઉંબર ફળ પાકે નહીં, એને માટે તો જલસિંચન જેવી ક્રિયા જરૂરી બને.

**→ ભાવ લવ જેહ વ્યવહાર ગુણથી ભલે,**
**શુદ્ધ નય ભાવના તેહથી નવિ ચલે,**
**શુદ્ધ વ્યવહાર ગુરુયોગ પરિણતપણું.**
**તેહ વિણું શુદ્ધ નયમાં નહીં તે ઘણું. ૩૨૯ (૧૬-૧૪)**

બા૦ **ભાવ લવ** ક૦ રૂડા અધ્યવસાયનો લવ, જે અંશ તે પણિ **વ્યવહાર ગુણથી ભલે** ક૦ વ્યવહાર પડિનાલિકા ગુણે ભલતો હોય એતલે વ્યવહાર સહિત હોય તો **શુદ્ધ નય ભાવના** ક૦ શુભ અધ્યવસાયના જે ભાવના = ઘોલના **તેહથી** ક૦ તે પ્રાણીથી **નવિ ચલે** ક૦ ખલે નહીં, એતલે શુદ્ધ નયની ભાવના થિર તો થાય જો વ્યવહાર યુક્ત હોય. અન્યથા 'ક્ષણ તોલો ક્ષણ માસો' થાય ઈતિ ભાવ.

**ગુરુયોગિ** ક૦ ગુરુનિ સંયોગિ **શુદ્ધ વ્યવહાર** ક૦ નિર્મલ વ્યવહાર હોય, એતલે ગુરૂકુલવાસિ શુદ્ધ વ્યવહાર થાય તે શુદ્ધ વ્યવહારથી **પરિણતપણું** ક૦ પરિપક્વપણું હોય. એતલે શુદ્ધ નયમાં પરિપક્વ હોય એતલે શુદ્ધ વ્યવહારવંત હોય તેહ શુદ્ધ નયમાં પક્વ થાય, અન્યથા

શુદ્ધ વ્યવહાર વિના શુદ્ધ નય ઠરી ન શકે. **તેહ વિણુ** ક૦ તે ગુરુ જોગેં શુદ્ધ વ્યવહાર વિના **શુદ્ધ નયમાં** ક૦ અધ્યાતમમાં **નહીં તે ઘણું** ક૦ તે જે પરિણતપણું તે ઘણું ન હોય, એતલે એ અર્થ ગુરુકુલવાસે શુદ્ધ વ્યવહાર, શુદ્ધ વ્યવહારે પરિપક્વપણું, નિશ્ચયમાં નિશ્ચલપણું હોય. ઈતિ, એટલે શુદ્ધ નયમાં ઘણું પરિપક્વતા તો હોય જો ગુરુ જોગિ વ્યવહાર શુદ્ધ હોય. ઈતિ ભાવ. ૩૨૯ (૧૬-૧૪)

**ભાવાર્થ :** શુદ્ધ નય-નિશ્ચયનયની ભાવના તો જ સ્થિર થાય જો તે વ્યવહારયુક્ત હોય. અન્યથા 'ક્ષણમાં તોલો ને ક્ષણમાં માસો' ની જેમ બધું અસ્થિર થઈ જાય.

આવો શુદ્ધ વ્યવહાર ગુરુસંયોગે-ગુરુકુલવાસથી થાય. એનાથી શુદ્ધનયમાં પરિપક્વતા આવે, નિશ્ચયનયમાં નિશ્ચલતા આવે.

→ **કેઈ નવિ ભેદ જાણે અપરિણતમતિ,**
**શુદ્ધ નય અતીહિં ગંભીર છે તે વતી,**
**ભેદ લવ જાણતા કોઈ મારગ તજે,**
**હોય અતિ પરિણતિ પર સમય થિતિ ભજે, ૩૩૦ (૧૬-૧૫)**

**બા૦** એ રીતે, **કેઈ** ક૦ કેતલાઈક પ્રાણી, **અપરિણતમતિ** ક૦ અપરિણામી, **નવિ ભેદ જાણે** ક૦ અનેક પ્રકારની ખબરિ ન પડે, ઈહાં ભેદ તે ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર પ્રમુખ જાણવા તે ન જાણંઈ, અપરિણતમતિ શબ્દે વ્યવહારનયવાલા લીજીઈ, તે કાં ન જાણે તે માટિ કહે છે **શુદ્ધ નય અતીહિ ગંભીર છે** ક૦ ઉપલો નય તે અત્યંત ગંભીર છેઈ, એતલે એ ભાવ. જે અગિલા નૈગમ, સંગ્રહ, વ્યવહાર એ ૩ નય યદ્યપિ અપરિણતમતિ જાણે, પણ નિશ્ચયનય તો અતિ ગંભીર, તે ઉપયોગરૂપ નયની ખબરિ ન પડે. ઈતિ ભાવ.

એ વ્યવહારનય એકલો માને તેહને ઠબકો દીધો. હવે એકલો નિશ્ચયનય માને તેહને ઠબકો દીઈ છે. કેતલાઈક પ્રાણી **ભેદ લવ જાણતા**

ક૦ ભેદનો લવ જાણતા, **મારગને તજે** ક૦ મારગ છાંડી દીઈ એતલે અંશ માત્ર કાંયક શીખ્યું સાંભલ્યું છે. (તે) વચન જાણે, તેહમાં મહા અહંકાર ધરતા ઈમ જાણે તે 'નિશ્ચય સ્વરૂપની વાતો આપણ જાણીઈ છીઈ, એહવી કોણ જાણે છે ? અને આપણે આત્મસ્વરૂપ જાણ્યું એતલે ક્રિયાનું સ્યું કામ છે ? ક્રિયા તો જ્ઞાનની દાસી છે.' ઈત્યાદિક વચન બોલી ક્રિયા ન કરે અને માર્ગ છાડે. ઈતિ ભાવ.

**હોય અતિ પરિણતિ** ક૦ એ રીતે અતિપરિણામી થાય. એહવા અતિપરિણામી સ્યું કરે તે કહે છઈ. **પરસમય થિતિ ભજે** ક૦ સમય જે સિદ્ધાંત તેહની પર જે ઉત્કૃષ્ટી સ્થિતિ, જે મર્યાદા તેહને ભજે, એતલે સિદ્ધાંતમાં ઉત્કૃષ્ટી સ્થિતિ જે નિશ્ચયની વાતો કરવી તે **ભજે** ક૦ કરે, અથવા **પરસમય થિતિ ભજે** ક૦ અન્યદર્શનીની સ્થિતિને ભજે, એતલે એકાંત નિશ્ચયનયવાદી તે પરદર્શની કહિઈ, તિવારે ઈણિ પરદર્શનની સ્થિતિ ભજી. ઈતિ ભાવ. ૩૩૦ (૧૬-૧૫)

**ભાવાર્થ :** કેટલાક અપરિણામી (વ્યવહારનયવાળા) જીવોને વિવિધ ભેદોની ખબર જ નથી પડતી. તેઓ ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહારના ભેદ જાણતા નથી. કેમકે શુદ્ધનય અતિ ગંભીર છે. અપરિણતમતિ જીવો આગળના નૈગમ, સંગ્રહ, વ્યવહાર એ ત્રણ નય યદ્યપિ જાણે, પણ નિશ્ચયનયની ખબર તેમને ન પડે. કેવળ વ્યવહારનય જાણનારને આ ઠપકો.

હવે કેવળ નિશ્ચયનયને માનનારને ઠપકો છે. કેટલાક જીવો ભેદનો અંશ માત્ર, ક્યાંકથી શીખ્યું-સાંભળ્યું વચન જાણે તેમાં તો ભારે અભિમાન રાખતા કહેવા માંડે કે 'અમે જે નિશ્ચય સ્વરૂપની વાતો જાણીએ છીએ એવી કોણ જાણે છે ? વળી આત્મસ્વરૂપ જાણ્યું એટલે ક્રિયાનું શું કામ છે ? ક્રિયા તો જ્ઞાનની દાસી છે' આવાં વચનો બોલી ક્રિયા ન કરીને માર્ગ ત્યજે, આવા અતિપરિણામી જીવો સિદ્ધાંતમાં ઉત્કૃષ્ટ સ્થિતિની, નિશ્ચયની વાતો કરે, કે અન્યદર્શનની સ્થિતિ પર પહોંચે. **આવા એકાંતિક નિશ્ચયનયવાદીઓ પરદર્શની છે.**

→ **તેહ કારણ થકી સર્વ નય નવિ કહ્યા,**
**કાલિક શ્રુત માંહિ તીન પ્રાઈ લહ્યા,**
**દેખી 'આવશ્યકે' શુદ્ધ નય ધુરિ ભણી,**
**જાણીઈં ઊલટી રીતિ બોટિક તણી. ૩૩૧ (૧૬-૧૬)**

**બા૦ તેહ કારણ થકી** ક૦ નિશ્ચય પરિણામી એકલી પરિણામની વાતો કરીને મારગ ઉપાડી નાખસ્યેં એહવું જાણીને **સર્વ નય** ક૦ નૈગમ ૧, સંગ્રહ ૨, વ્યવહાર ૩, ૠજુ સૂત્ર ૪, શબ્દ ૫, સમભિરૂઢ ૬, એવંભૂત ૭ ઈત્યાદિક સર્વ નય નથી કહ્યાં. કિહાં નથી કહ્યાં તે કહે છે. **કાલિક શ્રુત માંહિ** ક૦ **આચારાંગાદિક** કાલિક શ્રુતને વિષે **તીન પ્રાહી લહ્યા** ક૦ પ્રાઈ બહુલતાઈં ત્રણે નૈગમ ૧, સંગ્રહ ૨, વ્યવહાર ૩ એ ત્રણિ લહ્યા છે એ વાત ગ્રંથકાર શિષ્યને કહે છે. જે દેખી **આવશ્યકેં** ક૦, **આવશ્યક નિર્યુક્તિ**માં દેખજો, એતલે કાલિક શ્રુતમાં પ્રાઈ તીન નય કહ્યા છે, ઈમ **આવશ્યક નિર્યુક્તિ** (ગા.૭૬૦) માં કહ્યું છે. યતઃ-

**'एएहिं दिट्ठिवाए, परूवणा सुत्तअत्थकहणाए ।**
**इह पुण अणब्भुवगमो, अहिगारो तीहि ओसन्नं.' ॥१॥**
**'पायं संववहारो, ववहारं तेहिं तिहिं उ जं लोए ।**
**तेणं परिकम्मणत्थ, कालियसुत्ते तदहिगारो' ॥२॥**

**ઈત્યાવશ્યકે** (વિશેષાવશ્યક ભાષ્યે ગા. ૨૨૭૫-૭૬)

એ રીતિ તો શ્વેતાંબર પક્ષે છે જે પૂર્વે વ્યવહાર સમજાવીને પછેં નિશ્ચય વાત સમઝાવે. ઈતિ તથા હવે દિગંબરની પ્રક્રિયા દૂષવે છે જે **શુદ્ધ નય ધુરિ ભણી** ક૦ નિશ્ચયનય ધુરિ છે **તે ભણી** ક૦ તે માટે, **બોટિક** ક૦ દિગંબરની રીતિ તે **ઊલટી** ક૦ વિપરીત રીતિ જાણીઈં. જે માટે આગલી (લિ)થી નિશ્ચયનય સમઝાવે એતલે વ્યવહારમાં દૃષ્ટિ ઠરઈ નહીં, માટે વિપરીત. ઈતિ ભાવ. ૩૩૧ (૧૬-૧૬)

**ભાવાર્થ :** કહેવાનો સાર એ છે કે - નિશ્ચય પરિણામી એકલા પરિણામની વાતો કરીને માર્ગ ઉખાડી નાખશે એમ જાણીને 'આચારાંગ' આદિ કાલિક શ્રુતમાં બહુલતાએ નૈગમ, સંગ્રહ, વ્યવહાર એ ત્રણ નય લખ્યા છે. સર્વ નયો નથી કહ્યા. આમ 'આવશ્યક' નિર્યુક્તિમાં કહ્યું છે.

આ નીતિ-રીતિ શ્વેતાંબર પક્ષે છે કે, જે પ્રથમ વ્યવહાર સમજાવીને પછી નિશ્ચયની વાત કરે છે. જ્યારે 'નિશ્ચયનય પહેલો છે' એ માટે દિગંબર વિપરીત નીતિ-રીતિ અજમાવે છે. અને પ્રારંભમાં જ નિશ્ચયનય સમજાવે એટલે વ્યવહારનયમાં દૃષ્ટિ ઠરે જ નહિ.

→ **શુદ્ધ વ્યવહાર છે ગચ્છ કિરિયા થિતિ,**
**દુપ્પસહ જાવ તીરથ કહ્યું છે નિતિ,**
**તેહ સંવિગ્ન ગીતાર્થથી સંભવે,**
**અવર એરંડ સમ કોણ જગિ લેખવે. ૩૩૨ (૧૬-૧૭)**

**બા૦** તે માટે વ્યવહાર તે પ્રધાન છે. તે શુદ્ધ વ્યવહાર ગચ્છ તે સુવિહિત સાધુસમુદાય, તેહની ક્રિયાની જે સ્થિતિ તેહમાં છે. એતલે-શુદ્ધ વ્યવહાર સુવિહિત ગચ્છમાં હોય. **'દુપ્પસહ જાવ તીરથ' કહ્યું છે નિતિ** ક૦ દુઃપ્રસહ આચાર્ય પંચમ આરાને છેહડે થસ્યે, યાવત્ તિહાં લગે નિત્યે નિરંતર તીરથ કહ્યું છે તે માટે. યતઃ -

**'इह सव्वोदयजुगपवरसूरिणो चरणसंजुए वंदे ।**
**चउरुत्तदुसहस्स दुप्पसहंते सुहमाइ.' ।।१।।**

- ઇતિ **દુસમસંઘસ્તોત્રે**

તથા

**'वासाण वीससहस्सा, नवसय ति मास पंच दिण पहरा'।**
**इक्का घडिया दो पल अक्खरइगुआल जिणधम्मो.' ।।१।।**

- ઇતિ **દિવાલી કલ્પે.**

તેહ તીરથ તો ગીતારથ સંવિગ્ન હોય તેહથી સંભવે, એતલે એ ભાવ જે **'नाणकिरियाहिं मुक्खो'** ઈતિ **ભાષ્ય** (ગા.૩) વચનાત્ -

જ્ઞાનક્રિયાથી મોક્ષ તે જ્ઞાનક્રિયા તો ગુણ છે અને ગુણ તે ગુણીથી અભેદ છે. તે માટે 'સંવિગ્ન' શબ્દે ક્રિયાવંત આવ્યા, 'ગીતાર્થ' શબ્દે જ્ઞાનવંત આવ્યા. ઈતિ ભાવ.

તે સંવિગ્ન, ગીતાર્થથી બીજા અપર રહ્યા તે એરંડા સરીખા, જગતને વિષે કોણ લેખામાં ગણે છે ? ૩૩૨ (૧૬-૧૭)

**ભાવાર્થ :** કહેવાનો સાર એ છે કે – વ્યવહાર પ્રધાન છે. આવો શુદ્ધ વ્યવહાર સુવિહિત સાધુગચ્છમાં હોય. દુઃપ્રસહ આચાર્ય પંચમ આરાને છેડે થશે, ત્યાં સુધી જેને 'નિરંતર તીર્થ' કહ્યું છે તે તીર્થ તો 'ગીતાર્થ સંવિગ્ન' હોય તેનાથી જ સંભવે. 'જ્ઞાનક્રિયાથી મોક્ષ છે' એમ કહ્યું છે. 'સંવિગ્ન' શબ્દથી ક્રિયાવંત અને 'ગીતાર્થ' શબ્દથી જ્ઞાનવંત સમજવા. આવા 'સંવિગ્ન' અને 'ગીતાર્થ' થી જે ઈતર તે બધા એરંડા સમાન સમજવા. જગતમાં એમની કશી ગણના નથી.

**→ શાસ્ત્ર અનુસાર જે નવિ હઠેં તાણીઈં,**
**નીતિ તપગચ્છની તે ભલી જાણીઈં;**
**જીત દાખે જિહાં સમય સારું બુધા,**
**નામ ને ઠામ કુમતેં નહીં જસ મુધા. ૩૩૩ (૧૬-૧૮)**

**બા૦** તે પરમાર્થે સંવિગ્ન ગીતાર્થે તેહને કહિઈં જે શાસ્ત્રને અનુસારે હઠેં ન તાણે, અક્ષર શાસ્ત્રના દેખે એતલે પોતાનો કદાગ્રહ મૂકી દીઈં. એહની નીતિ તપગચ્છની **ભલી** ક૦ ઘણી ઉત્તમ છે, એતલે તપગચ્છમાં પંચાંગી પ્રકરણાદિક સુવિહિતના કર્યા ગ્રંથ તે સર્વ પ્રમાણ છે ઈમ જાણીઈં. ઈતિ ભાવઃ **જિહાં** ક૦ જે તપગચ્છ, તેહને વિષે **બુધા** ક૦ પંડિતલોક તે **સમય સારુ** ક૦ સિદ્ધાંત પ્રમાણે **જીત દાખે** ક૦ વર્તમાનકાલનો જીત દેખાડે છે. જે તપાગચ્છનાં **નામ અને ઠામ** ક૦ સ્થાનક તે, **કુમતે** ક૦ કદાગ્રહે, **મુધા** ક૦ ફોકટ, **જસ** ક૦ જેહનાં **નહીં** ક૦ નથી, એતલે નામઠામ સર્વ ગુણનિષ્પન્ન છે. ૩૩૩ (૧૬-૧૮)

**ભાવાર્થ :** સંવિગ્ન ગીતાર્થ પરમાર્થથી તેને કહેવાય, કે જે શાસ્ત્રના અક્ષર જુએ એટલે પોતાનો હઠાગ્રહ-મમત છોડી દે. તપગચ્છની આ ઉત્તમ નીતિ છે. એટલે જ તપગચ્છમાં પંચાંગી પ્રકરણ આદિ ગ્રંથો પ્રમાણ છે. આ તપગચ્છમાં પંડિતજનો સિદ્ધાંત (શાસ્ત્ર) અનુસારે વર્તમાનકાળનો જીત = સામાચારી = આચરણા દર્શાવે છે. આ તપગચ્છનાં નામ, સ્થાનક વૃથા નથી, પણ ગુણનિષ્પન્ન છે.

**→ નામ નિર્ગ્રંથ છે, પ્રથમ એહનું કહ્યું,**
**પ્રથમ અડપાટ લગેં ગુરુ ગુણે સંગ્રહ્યું,**
**મંત્ર કોટી જપી નવમ પાટે યદા,**
**તેહ કારણ થયું નામ કૌટિક તદા. ૩૩૪ (૧૬-૧૯)**

**ભાવાર્થ :** હવે આરંભથી તપાગચ્છનાં ગુણનિષ્પન્ન નામ અનુક્રમે કહે છે - પ્રથમ **શ્રી સુધર્માસ્વામી.** આઠમી પાટ સુધી એમના નિઃસ્પૃહતા આદિ મોટા ગુણોથી સુગ્રાહ્ય થયા. નવમી પાટે **સુસ્થિત/સુપ્રતિબુદ્ધ** નામે બે આચાર્યોએ કરોડ વખત સૂરિમંત્ર જપ્યો. આ હેતુએ તેમના સમુદાયનું **કૌટિક** નામ કહેવાયું.

**→ પનરમે પાટિ શ્રી ચંદ્રસૂરેં કર્યું,**
**ચંદ્રગચ્છ નામ નિર્મલપણે વિસ્તર્યું;**
**સોલમે પાટિ વનવાસી નિર્મમ મતિ,**
**નામ વનવાસી સામંતભદ્રો યતી. ૩૩૫ (૧૬-૨૦)**

**ભાવાર્થ :** આ કૌટિક ગચ્છ ચૌદ પાટ સુધી ચાલ્યો. ૧૫ મી પાટે શ્રી વજ્રસેન આચાર્યના ચાર શિષ્ય થયા. લાખ રૂપિયાના ચોખા રંધાશે તેના બીજે દિવસે સુકાળ થશે, એમ કહીને પોતાને જીવાડ્યા, તેનો ઉપકાર માની વેપારી અને તેના ચાર પુત્રોએ ચારિત્ર લીધું. **એ ચાર શિષ્યો તે નાગેંદ્ર, ચંદ્ર, વિદ્યાધર અને નિવૃત્તિ.** તે ચારેય આચાર્ય થયા. ૧૫ મી પાટે ચંદ્રસૂરિ આચાર્ય. તેથી ત્રીજું **'ચંદ્ર'** ગચ્છ એવું

નામ પડ્યું. ૧૬ મી પાટે '**વનવાસી**' આચાર્ય થયા તે સામંતભદ્ર. તેથી ચોથું વનવાસી નામ પડ્યું.

→ **પાટિ છત્રીસમે સર્વદેવાભિધા,**
**સૂરિ વડગચ્છ તિહાં નામ શ્રવણે સુધા;**
**વડ તલે સૂરિપદ આપીઉ તે વતી,**
**વલીય તસ બહુ ગુણેં જેહ વાધ્યા યતી. ૩૩૬ (૧૬-૨૧)**

**ભાવાર્થ** : આ વનવાસી બિરુદ ૩૫ પાટ સુધી રહ્યું. ૩૬ મી પાટે **સર્વદેવ** આચાર્ય થયા. તે **વડગચ્છ** કહેવાયા. કેમકે વડ હેઠળ સૂરિપદ અપાયું. **વડગચ્છ** નામનું બીજું કારણ એ છે કે આ આચાર્યનો ઘણો મોટો શિષ્યસમુદાય વડની પેઠે વિસ્તર્યો.

→ **સૂરિ જગચંદ જગિ સમરસ ચંદ્રમા,**
**જેહ ગુરુપાટિ ચઉ અધિક ચાલીસમા;**
**તેહ પામ્યું તપા નામ બહુ તપ કરી,**
**પ્રગટ આઘાટ પુરિં વિજયકમલા વરી. ૩૩૭ (૧૬-૨૨)**

**ભાવાર્થ** : પછી સમતારસે ભર્યા **શ્રીજગતચંદ્રસૂરિજી** ચંદ્રમા સરીખા ૪૪ મી પાટે થયા. તેઓ સળંગ વર્ધમાન તપ કરતા હતા. એક વાર ઉદયપુરના રાણા હાથી ઉપર ચઢીને આવતાં આ મહાત્મા સામે મળ્યા. રાણાએ પ્રધાનને એમને વિશે પૃચ્છા કરતાં પ્રધાને મોટા તપસ્વી સાધુ તરીકે ઓળખ આપી. ત્યારે રાણાએ હેઠે ઉતરી, નમસ્કાર કરીને, એમને 'મહાતપા' નું બિરુદ આપ્યું. પ્રધાને 'મહા' તપ કાઢી નાખવા સૂચવ્યું. કેમકે લોકો 'મહાતપા' ને બદલે 'મહાતમા' કહેશે. પછી રાણાએ 'તપા' નામ આપ્યું. ત્યારથી છઠ્ઠું '**તપાગચ્છ**' નામ થયું.

→ **એહ ખટ નામ ગુણઠામ તપ ગણ તણાં,**
**શુદ્ધ સદ્દહણ ગુણરયણ એહમાં ઘણાં,**
**એહ અનુગત પરંપર ભણી સેવતા,**
**જ્ઞાનયોગી વિબુધ પ્રગટ જગિ દેવતા. ૩૩૮ (૧૬-૨૩)**

**ભાવાર્થ** : તપાગચ્છનાં આ છ નામ ગુણયુક્ત છે. તપાગચ્છમાં ગુણરત્નો ઘણાં છે. એની પરંપરા તૂટી નથી. **તેથી તેને અનુગત પરંપરા કહીએ. જ્ઞાનસંયોગી પંડિતો આ પરંપરાની સેવા કરે છે. જગતમાં તેઓ પ્રગટપણે દેવતા જ છે. તેથી તેઓ આ શુદ્ધ પરંપરાની જ સેવા કરે.** હવે પુનઃ મૂળ વાતને આગળ જણાવતાં કહે છે કે -

→ **કોઈ કહે મુગતિ છે વીણતાં ચીથરાં,**
**કોઈ કહે સહજ જિમતાં ઘરિ દહિથરાં,**
**મૂઢ એ દોય તસ ભેદ જાણે નહીં,**
**જ્ઞાનયોગે ક્રિયા સાધતા તે સહી. ૩૩૯ (૧૬-૨૪)**

**બા૦** હવે સર્વ અધિકાર કહીને છેહડે નિશ્ચય -વ્યવહારનય ફલાવવા તે ફલાવે છે. **કોઈ કહે** ક૦ વ્યવહારવાદી કહે છે જે **મુગતિ છે** ક૦ મુગતિ પામીઈ. **વીણતાં ચીથરાં** ક૦ પડિલેહણ ‘પડિકમણાં’, ફાટાંત્રૂટાં વસ્ત્રાદિક પહેરવાં ઈત્યાદિક કષ્ટ કરતાં મુક્તિ પામીઈ, તથા વ્યવહારનય ઈમ કહે. **કોઈ કહે** ક૦ નિશ્ચયનયવાદી કહે છે, સહજ રીતિ ઘરને વિષે દહીથરાં જિમતાં, ઉપલક્ષણથી ઘેબર મોદક પ્રમુખ લીજીઈ એતલઈ એ ભાવ જે એ નયવાલા કહે છે જે કષ્ટ કરે સ્યું થાય ? ખાઈઈ પીજીઈ પણ તત્ત્વજ્ઞાન થયું એટલે સિદ્ધિ. **મૂઢ એ દોય** ક૦ એ બેહુ મૂર્ખ છે. નિશ્ચયનયવાદી તથા ક્રિયાનયવાદી એ બેહું મૂર્ખ છે. **તસ ભેદ જાણે નહીં** ક૦ તે મોક્ષ સાધવાનો ભેદ-પ્રકાર જાણતા નથી, જે કારણે જ્ઞાનને સંયોગે ક્રિયા સાધતાં, **તે સહી** ક૦ તે જે મુક્તિ તે સહી છે, સત્ય છે યતઃ

**‘नाणकिरियाहिं मुक्खो’ इति भाष्य (वि.भा.गा.३) वचनात्,**

તથા :

**हयं नाणं क्रियाहीणं, हया अन्नाणओ किया ।**
**पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ’ ॥१॥**

આ.નિ. (ગા.૧૦૧) તથા (વિ.ભા.ગા. ૧૧૫૯)

'एवं सव्वे वि नया, मिच्छादिट्ठी सपक्खपडिबद्धा ।
अन्नोन्ननिस्सिया उण, हवंति ते चेव सम्मत' ॥२॥

ઈત્યાદિ **આવશ્યક નિર્યુક્તિ** વચનાત્. ૩૩૯ (૧૬-૨૪)

**ભાવાર્થ :** વ્યવહાર નયવાદી કહે છે કે – પ્રતિક્રમણ, ફાટ્યાતૂટ્યાં વસ્ત્રો વગેરે કષ્ટ કરીને મુક્તિ પમાય. નિશ્ચયવાદી કહે છે કે – ઘરે મિષ્ટાન્ન વગેરે જમવું. કષ્ટ કર્યે શું થાય ? ખાવુંપીવું, તત્ત્વજ્ઞાન થયું એટલે સિદ્ધિ.

આ બન્ને મૂર્ખ છે. **મોક્ષસાધનાનો સાચો પ્રકાર તેઓ જાણતાં જ નથી. જ્ઞાન સહિતની ક્રિયા સાધતાં જ સાચી મુક્તિ મળે.**

→ **સરલ ભાવેં પ્રભો શુદ્ધ ઈમ જાણતાં,**
**હું લહું સુજસ તુઝ વચન મન આણતાં,**
**પૂર્વ સુવિહિત તણા ગ્રંથ જાણી કરી,**
**મુઝ હુયો તુઝ કૃપા ભવપયોનિધિ તરી. ૩૪૦ (૧૬-૨૫)**

**બા૦** એ રીતે **સરલ ભાવે** ક૦ સરલ સ્વભાવે જાણતાં એતલે શુદ્ધ સરલ સ્વભાવે કરી ઈમ જાણતાં, બિહુનયે સિદ્ધિ એ રીતે જાણતાં પણિ કપટે નહીં, જે કહે કાંય અને ચિત્તમાં જાણે કાંય. તથા **તુઝ વચન મન આણતાં** ક૦ પૂર્વે 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' ઈમ જાણતાં તથા મન આણતાં એતલે પ્રતીત કરતાં **હું લહું. સુજસ** ક૦ ભલો જે જસ તે હું પામું, એતલે સ્યાદ્વાદ દૃષ્ટિ થઈ. મુનિરાજ પ્રમુખ સુવિહિત લોક ભલો જસ જ બોલે એહવી સ્યાદ્વાદદૃષ્ટિ કિમ થઈ તે કહે છે. **પૂર્વ સુવિહિત તણાં** ક૦ પૂર્વાચાર્ય **હરિભદ્ર, ધર્મદાસગણિ, ભાષ્યકારજી ઉમાસ્વાતિ વાચક** પ્રમુખના જે ગ્રંથ તે **જાણી કરી** ક૦ સમ્યગ્જ્ઞાને કરીને સ્યાદ્વાદ દૃષ્ટિ થઈ. ઈતિ ભાવ. એહવી દૃષ્ટિ તો પ્રભુકૃપાથી થાય. તે માટે પ્રભુ પાસે પ્રાર્થના કરે છે. **ભવપયોનિધિ** ક૦ જે સંસારસમુદ્ર, તેહને વિષે, **તુઝ કૃપા** ક૦ તુમ્હારી દયા, તદ્રૂપ **તરી** ક૦ જિહાજ,

**મુઝ હોયો** ક૦ માહરે થાજ્યો એતલે સંસારસમુદ્રમાં તુમ્હારી કૃપા રૂપ જિહાજ માહરે થાજ્યો. ઈતિ ભાવઃ, ૩૪૦ (૧૬-૨૫)

**ભાવાર્થ** : આ રીતે સરલ સ્વભાવે જાણતાં વ્યવહાર અને નિશ્ચય એમ બન્ને નયથી સિદ્ધિ છે. પણ કપટથી નહીં. 'જ્ઞાન-ક્રિયાથી મોક્ષ છે' એમ જાણી, પ્રતીત કરીને હું સાચો યશ પામું. આ સ્યાદ્વાદદષ્ટિ થઈ. શ્રીહરિભદ્રસૂરિજી, શ્રીધર્મદાસગણિ, શ્રીઉમાસ્વાતિજી વાચક આદિ પૂર્વાચાર્યોના ગ્રંથો જાણીને આ સ્યાદ્વાદદષ્ટિ થઈ. હે પ્રભુ ! આ સંસારસમુદ્ર પાર કરવા તમારી કૃપારૂપ જહાજ મને પ્રાપ્ત થજો.

**પ્રશ્ન-૮ : આજે જે શ્રી દેવસૂરિજી મ.ની સામાચારી કહેવાય છે તે શું છે ?**

**ઉત્તર** : અમે શ્રીદેવસૂરિજી મ.ની કોઈ સ્વતંત્ર સામાચારી હોવાનો પ્રામાણિક આધાર જોયો નથી અને શ્રી કસ્તુરભાઈ શેઠ દ્વારા આયોજિત લવાદી ચર્ચાના નિર્ણયમાં પણ તેવી સામાચારી ન હોવાનું ભારપૂર્વક જણાવાયું છે. જો કે, શાસ્ત્રમાં પરંપરા (કે જેનું બીજું નામ સામાચારી-જીતવ્યવહાર છે, તે સુવિહિત પરંપરા)ના જે લક્ષણો બતાવ્યા છે, તે અહીં પ્રસ્તુત છે.

જીતકલ્પ ભાષ્ય, બૃહત્કલ્પભાષ્ય, ઉપદેશ રહસ્ય, યોગ વિંશિકાની ટીકા, ગુરુતત્ત્વ વિનિશ્ચય, ભગવતી સૂત્રની ટીકા, પ્રવચન પરીક્ષા, તત્ત્વતરંગિણી આદિ ગ્રંથોમાં જીત વ્યવહારના લક્ષણો નીચે મુજબ બતાવ્યા છે.

### ⇨ જીતવ્યવહારના લક્ષણો :

### (૧) જીતકલ્પ-ભાષ્યનો પાઠ :

વૃત્ત એટલે એક વાર પ્રવૃત્ત, અણુવૃત્ત એટલે બીજી વાર પ્રવૃત્ત, પ્રવૃત્ત એટલે ત્રીજીવાર પ્રવૃત્ત અને મહાપુરુષોએ અનેકવાર આચરેલો એવો જે વ્યવહાર, તે વ્યવહાર જેમ બહુવાર બહુશ્રુતોએ આચરેલો હોય, તેમ

બહુશ્રુતોથી નિષેધ કરાએલો ન હોય તો જ તે જીતકૃત ગણાય છે, એ વાત **શ્રી જીતકલ્પ-ભાષ્ય**માં નીચેની ગાથા દ્વારા જણાવવામાં આવી છે.

**बहुसो बहुस्सुए हि जो वत्तो ण य णिवारितो होंति ।**

***वत्तणुपवत्तमाणं (वत्तणुवत्तपवत्तो), जीएण कतं हवति एयं ॥६७७॥***

**(૨) બૃહત્કલ્પસૂત્ર ભાષ્યનો પાઠ :**

અશઠ એટલે રાગદ્વેષરહિત, પ્રમાણસ્થ પુરૂષે યુગપ્રધાન આચાર્ય ભગવાન્ શ્રીમત્ કાલિકસૂરીશ્વરજી મહારાજા જેવા સંવિગ્ન ગીતાર્થાદિગુણભાક્ પુરૂષે દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિને વિષે તેવા પ્રકારનું પુષ્ટાલંબનસ્વરૂપ કારણ પ્રાપ્ત થયે છતે, જે અસાવદ્ય એટલે પંચ મહાવ્રતાદિ જે મૂલ ગુણો તથા પિંડવિશુદ્ધિ આદિ જે ઉત્તર ગુણો, તે મૂલોત્તર ગુણોની આરાધનાને બાધ કરવાના સ્વભાવથી રહિત આચરણ કર્યું હોય અને તે આચરણને જો તત્કાલવર્તી તથાવિધ ગીતાર્થોએ નિષેધ્યું ન હોય, એટલું જ નહિ પણ બહુમત કર્યું હોય, તો તે આચરણને **'આચીર્ણ' 'આચરણા'** અગર તો **'જીત'** તરીકે માની, કહી અને આદરી શકાય છે. **શ્રી બૃહત્કલ્પસૂત્ર-ભાષ્યમાં આ વાત જીતનું લક્ષણ દર્શાવતાં જણાવવામાં આવી છે.**

**''असढेण समाइण्णं, जं कत्थइ कारणे असावज्जं ।**

**ण णिवारियमण्णेहिं य, बहुमणुमयमेत्तमाइण्णं ॥४४९९॥**

**'अशठेन' रागद्वेषरहितेन कालिकाचार्यादिवत् प्रमाणस्थेन सता 'समाचीर्णम्' आचरितं यद् भाद्रपदशुक्लचतुर्थीपर्युषणापर्ववत् 'कुत्रचित्' द्रव्यक्षेत्रकालादौ 'कारणे' पुष्टालम्बने 'असावद्यं' प्रकृत्या मूलोत्तरगुणाराधनाया अबाधकम् 'न च' नैव निवारितम् 'अन्यैः' तथाविधैरेव तत्कालवर्तिभिर्गीतार्थैः, अपि तु बहु यथा भवति एवमनुमतमेतदाचीर्णमुच्यते ॥४४९९॥''**

**(૩) ઉપદેશ રહસ્યનો પાઠ :**

પૂ. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા ફરમાવે છે કે,

**આચરણાને માન્ય કરવાની શ્રી જૈનશાસ્ત્રોની અથવા તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા છે - એ સાચું, પણ તે જ આચરણાને માન્ય કરવાની શ્રી જિનાજ્ઞા છે, કે જે આચરણા આજ્ઞાથી વિરુદ્ધ ન હોય. અસંવિગ્નાચારણા, કે જે અસદ્ આલંબનથી કરાએલી હોય છે, તે આચરણાને માન્ય કરવાની શ્રી જિનાજ્ઞા છે જ નહિ.** અસંવિગ્નો દુઃષમાકાલાદિ દોષોના આલંબન દ્વારા પોતાના પ્રમાદને માર્ગ તરીકે વ્યવસ્થાપિત કરે છે, એ યુક્ત નથી. કારણ કે, દુઃષમાકાલમાં જેમ વિષાદિમાં રહેલી નાશકતા વિદ્યમાન જ છે, તેમ પ્રમાદની પણ અનર્થ કરવાની શક્તિ નાશ નથી પામી પણ વિદ્યમાન જ છે. શ્રી જિનાજ્ઞાથી અવિરુદ્ધ આચરણાનું લક્ષણ '**अशढेण**' વાળી ગાથામાં દર્શાવ્યું છે તેવું માનવામાં આવ્યું છે. **આ પ્રકારે આચરણાને અંગે પણ આજ્ઞાની સિદ્ધિ કર્યા પછીથી, શાસ્ત્રકાર મહાપુરુષે એમ પણ કહ્યું છે કે, પરપક્ષની વાત તો દૂર રહી પણ સ્વપક્ષમાં પણ દુઃષમાકાલના દોષથી એવા શ્રમણ વેષધારી મુંડો ઘણા દેખાય છે, કે જેઓ શ્રમણગુણોના વ્યાપારથી મુક્ત છે. ઉદ્દામ અશ્વો જેવા છે અને નિરંકુશ હાથીઓ જેવા છે. તે બધાને દૂરથી જ વિષની જેમ તજવા જોઈએ અને આજ્ઞાશુદ્ધ એવા સાધુઓ તથા શ્રાવકોને વિષે બહુમાન કરવું જોઈએ.**

→ જુઓ શ્રી ઉપદેશ રહસ્યમાં –

"जयणा खलु आणाए, आयरणावि अविरुद्धगा आणा ।
णासंविग्गायरणा, जं असयालंबणकया सा ॥१४५॥

यतना खलु निश्चयेन, आज्ञया निशीथादिसूत्रादेशेन भवति, न तु स्वाभिप्रायेण लोकाचारदर्शनेनैव वा, नन्वाचरणाप्याज्ञैव पंचसु व्यवहारेषु जितस्यापि परिगणनात्, तथा च कथं नेयं यतनायां प्रमाणमित्यत्राह । आचरणारप्यविरुद्धैवाज्ञा न पुनरसंविग्नाचरणा, यद् यस्माद्, असदालंबनकृता सा, ते हि दुःषमाकालादिदोषावलंबनेन

स्वकीयं प्रमादं मार्गतया व्यवस्थापयन्ति, न चैतद् युक्तम्, विषादेरिव दुःषमायां प्रमादस्याप्यनर्थकरणशक्त्यविघातात्, तदुक्तम् "मारेंति दुस्समाए, विसादओ जह तहेव साहूणं । निक्कारणपडिसेवा, सव्वत्थ विना सई चरणं ॥" अविरुद्धाचरणायाश्चेत्थं लक्षणमामनंति । "असढेण समाइन्नं, जं कत्थइ केणइ असावज्जं । न निवारियमन्नेहिं, जं बहुमयमअमायरिअं ॥" अशठेनामायाविना सता समाचीर्णमाचरितम्, यद्धाद्रपदशुक्लचतुर्थीपर्युषणापर्ववत्, कुत्रचित्काले क्षेत्रे वा केनचित्संविग्नगीतार्थत्वादिगुणभाजा कालिकाचार्यादिनाऽसावद्यं मूलोत्तर-गुणाराधनाविरोधि तथा न नैव निवारितमन्यैश्च तथाविधैरेव गीतार्थैः अपि तु बहु यथा भवत्येवं मतं बहुमतमेतदाचरितम् ॥१४५॥

दीसंति बहू मुंडा दूसमदोसवसओ सपक्खेवि ।
ते दूरे मोत्तव्वा आणासुद्धेसु पडिबंधा ॥१४६॥

एवंविधाज्ञासिद्धिः सांप्रतं यथा भवति तथा हि दृश्यंते, स्वपक्षेऽपि किं पुनः परपक्ष इत्यपि शब्दार्थः, बहवो मुंडा श्रमणगुणमुक्तयोगिनो हया इवोद्दामा गजा इव निरंकुशाः शिरोमुंडा, दुषमादोषवशतः पंचमारकवैगुण्यबलात्, तदुक्तम्, "कलहकरा डमरकरा असमाहिकरा अणिव्वुइकरा य । होहंति भरहवासे बहुमुंडा अप्पसमणा य ॥" ते दूरेण मोक्तव्या विषवत् परिहर्त्तव्याः तथा आज्ञाशुद्धेन सम्यगधीतजिनागमाचारवशात् शुद्धिमागतेषु साधुषु श्रावकेषु वा, प्रतिबंधो बहुमानः कार्यः ॥१४६॥"

## (૪) યોગવિંશિકાનો પાઠ :

પૂ.સુવિહિતશિરોમણિ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાએ રચેલા શ્રી યોગવિંશિકા નામના ગ્રંથની પૂ. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે જે વ્યાખ્યા લખી છે, **તે વ્યાખ્યામાં તેઓશ્રી**

**જણાવે છે કે, શાસ્ત્રની નીતિથી જે વર્તનારો હોય, તે એક પણ મહાજન છે. અજ્ઞાન સાર્થોથી ફાયદો શો ? કારણ કે, આંધળા સો હોય તો પણ તે જોઈ શકતા નથી. સંવિગ્નજનોએ જેનું આચરણ કર્યું હોય, શ્રુતવાક્યોથી જે અબાધિત હોય અને જે પારમ્પર્ય વિશુદ્ધિપણું હોય, તે આચરણ એ જીતવ્યવહાર કહેવાય છે. શ્રુત અને તેના અર્થનું આલમ્બન નહિ કરનારા અસંવિગ્નોએ જે આચરણ કર્યું હોય, તે જીત વ્યવહાર નથી પણ અંધપરંપરા છે.** આકલ્પ વ્યવહારને માટે શ્રુત એ વ્યવહારક નથી, એવું કહેનારને માટે શાસ્ત્રમાં મોટું પ્રાયશ્ચિત્ત દર્શાવેલું છે. આથી એક માત્ર જ્ઞાનિઓએ ફરમાવેલા વિધિના રસિક જનોએ, શ્રુતાનુસારે કરીને સંવિગ્નજીત આલંબન કરવા યોગ્ય છે, એવી ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા છે. જુઓ –

"एकोऽपि शास्त्रनीत्या यो, वर्तते स महाजनः ।
किमज्ञसार्थैः शतम-प्यन्धानां नैव पश्यति ॥४॥
यत्संविग्नजनाचीर्णं, श्रुतवाक्यैरबाधितम् ।
तज्जीतं व्यवहाराख्यं, पारम्पर्यविशुद्धिमत् ॥५॥
यदाचीर्णमसंविग्नैः, श्रुतार्थानवलम्बिभिः ।
न जीतं व्यवहारस्त-दन्धसंततिसम्भवम् ॥६॥
आकल्पव्यवहारार्थं, श्रुतं न व्यवहारकम् ।
इति वक्तुर्महत्तन्त्रे, प्रायश्चित्तं प्रदर्शितम् ॥७॥
तस्मांच्छ्रुतानुसारेण, विध्येकरसिकैर्जनैः ।
संविग्नजीतमवलम्ब्य-मित्यज्ञा पारमेश्वरी ॥८॥"

**(૫-૬) ગુરુતત્ત્વ વિનિશ્ચય :**

પૂ. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા શ્રી ગુરુતત્ત્વ વિનિશ્ચય નામના ગ્રંથમાં ફરમાવે છે કે, જીતવ્યવહાર તીર્થ પર્યન્ત હોય છે જ : કારણ કે દ્રવ્યાદિના વિમર્શ-વિચારપૂર્વક અવિરુદ્ધ એવી જે ઉત્સર્ગાપવાદ-યતના, તેનું જ પ્રાયઃ જીતરૂપપણું છે. માત્ર આગમાદિના

કાલમાં સૂર્યપ્રકાશમાં જેમ ગ્રહપ્રકાશનો અન્તર્ભાવ થાય છે, તેમ જીતવ્યવહારનો આગમાદિ વ્યવહારમાં અંતર્ભાવ થાય છે, અહીં પ્રશ્ન ઉઠાવે છે કે – 'તો પછી શ્રુતકાલીન જીત એ પણ તત્ત્વતઃ શ્રુત જ છે, એમ કહેવામાં દોષ શો છે ?' આ પ્રશ્નના ઉત્તરમાં ગ્રંથકાર પરમર્ષિ ફરમાવે છે કે – **'જ્યારે તેનું (જીતનુ) પ્રાધાન્ય હોય ત્યારે તેનો (જીતનો) ઉપયોગ કરવાનો છે, એ કારણથી જે અંશમાં જીતમાં શ્રુતની અપ્રાપ્તિ હોય, તે અંશે તેનું જ (જીતનું જ) પ્રાધાન્ય છે.'**

**"किञ्च जीतव्यवहारस्तावदातीर्थमस्त्येव, द्रव्यादिविमर्शा-विरुद्धोत्सर्गापवादयतनाया एव प्रायो जीतरुपत्वात्, केवलमागमादि-काले सूर्यप्रकाशे ग्रहप्रकाशवत्तत्रैवान्तर्भवति न तु प्राधान्यमश्नुते । तथा च श्रुतकालीनं जीतमपि तत्त्वतः श्रुतमेवेति को दोषः ? कदा तर्हि तस्योपयोगः ? इति चेत्, यदा तस्य प्राधान्यम्, अत एव यदंशे जीते श्रुतानुपलम्भस्तदंशे इदानीं तस्यैव प्रामाण्यमिति ॥"**

(૬) એ જ ગ્રંથમાં, આગળ ચાલતાં – 'જો જીતનો આદર કરાશે તો દુનિયામાં કઈ એવી આચરણા છે કે જે પ્રમાણ નહિ બને ? કારણ કે, સર્વે જ સ્વપરમ્પરાગત જીતનો આશ્રય કરનારા છે.' એવી શંકાનું નિરાકરણ કરતાં, ગ્રંથકાર પરમર્ષિએ ફરમાવ્યું છે કે, **જે જીત સાવદ્ય છે, તેનાથી વ્યવહાર થતો નથી. જે જીત અસાવદ્ય છે, તેનાથી જ વ્યવહાર થાય છે.**

ગ્રંથકાર પરમર્ષિએ આગળ ચાલતાં એ વાત પણ રજૂ કરી છે કે, **પાસત્થા અને પ્રમત્ત સંયતોએ આચીર્ણ અને એથી જ અશુદ્ધિકર એવું જે જીત, તે જીત યદ્યપિ મહાજનાચીર્ણ હોય, તો પણ તે જીતથી વ્યવહાર નહિ કરવો જોઈએ. જે જીત એક પણ સંવેગપરાયણ દાન્ત પુરુષે આચરેલું હોય, તે જીત શુદ્ધિકર છે, માટે તેનાથી વ્યવહાર કરવો જોઈએ. તે પાઠ આ પ્રમાણે છે** –

"यदि जीतमाद्रियते तदा किं न प्रमाणीस्यात् ? सर्वैरपि स्वपरम्परागत-जीताश्रयणादित्यत आह –

जं जीअं सावज्जं, ण तेण जीएण होइ व्यवहारो
जं जीअमसावज्जं, तेण उ जीएण ववहारो ॥४७॥"

તથા –

"जं जीअमसोहिकरं, पासत्थपमत्तसंजयाईणं ।
जइ वि महाणा इन्नं, ण तेण जीएण ववहारो ॥५२॥
जं जीअं सोहिकरं, संवेगपरायणेण दंतेणं ।
इक्केण वि आइन्नं, तेण उ जीएण ववहारो ॥५३॥"

**(૭) ભગવતીસૂત્રની ટીકા :**

**શ્રીભગવતીજી સૂત્રની વૃત્તિમાં પૂ. આચાર્ય ભગવાન્ શ્રીમદ્ અભયદેવસૂરિશ્વરજી મહારાજા ફરમાવે છે કે**, કાલની અપેક્ષાએ બહ્વાગમ એટલે બહુ આગમના જાણ પુરુષ. એવા બહુશ્રુત પ્રાવચિનકોમાં એક આમ કરે છે અને બીજા તેમ કરે છે, તેમાં તત્ત્વ શું છે ? તેનું સમાધાન એ છે કે, ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ વિશેષથી તથા ઉત્સર્ગાપવાદના ભાવિતપણાથી પ્રાવચનિકોની વિચિત્ર પ્રવૃત્તિ હોય છે, પણ પ્રાવચનિકોની તેવી વિચિત્ર પ્રવૃત્તિ સર્વથા પ્રમાણ જ છે એમ નથી, કારણ કે, આગમથી અવિરુદ્ધ એવી જે પ્રવૃત્તિ હોય, તે જ પ્રમાણ છે. તે પાઠ આ રહ્યો –

"प्रवचनमधीते वेत्ति वा प्रावचनः कालापेक्षया बह्वागमः पुरुषः, तत्रैकः प्रावचनिक एवं कुरुते अन्यस्त्वेवमिति किमत्र तत्त्वमिति, समाधिश्चेहचारित्रमोहनीयक्षयोपशमविशेषेण उत्सर्गापवादादिभावितत्वेन च प्रावचनिकानां विचित्राप्रवृत्तिरिति नासौ सर्वथाऽपि प्रमाणम्, आगमाविरुद्धप्रवृत्तेरेव प्रमाणत्वादिति ।"

**(૮) પ્રવચનપરીક્ષા :**

**પ્રવચનપરીક્ષા નામના ગ્રંથમાં મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજ**

**ફરમાવે છે કે,**

(i) **જે આચાર્ય શ્રીજિનમતને યથાવસ્થિત રૂપે પ્રકાશે છે, તે જ આચાર્ય જિનસદૃશ છે. એથી વિપરીત પ્રકારનો આચાર્ય તો, પાપના પુંજ જેવો હોવાથી, સમ્યગ્દૃષ્ટિ જીવોને માટે દૂરથી જ તજવા યોગ્ય છે.** સૂરિ-આચાર્યે પ્રવર્તાવેલું એવું પણ તે જ પ્રમાણ છે, કે જે માયારહિતપણે સમ્યક્ પર્યાલોચના કરવાપૂર્વક વિહિત કરાએલું હોય, તે પણ પ્રવચનનો-શાસ્ત્રનો ઉપઘાત કરનારૂં નહિ હોવું જોઈએ અને તત્કાલવર્તી બહુશ્રુતોથી પ્રતિષેધાએલું નહિ હોવું જોઈએ. એટલું જ નહિ, પણ તત્કાલવર્તી સર્વ ગીતાર્થોને પર્યુષણાની ચતુર્થીની માફક સમ્મત હોવું જોઈએ.

(ii) જે કાંઈ આચાર્યપ્રવર્તિત હોય તે પ્રમાણ ગણાય, એવું સ્વીકારવાથી તો સઘળા જ પ્રવચનના ઉચ્છેદની આપત્તિ આવી લાગશે.

(iii) **શ્રુતવ્યવહારમાં શ્રુતવ્યવહારને ઉલ્લંઘીને પ્રવર્તનારો દર્શનને માટે પણ યોગ્ય નથી. જે જે પુરુષ જે જે વ્યવહારવાળો હોય, તે તે વ્યવહારને પુરસ્કૃત કરીને ચાલતો થકો જ શ્રી જિનાજ્ઞાનો આરાધક થાય છે, પણ અન્ય પ્રકારે શ્રી જિનાજ્ઞાનો આરાધક થતો નથી.**

(iv) તત્કાલવર્તી બહુશ્રુતોએ સમ્મત કરેલું અને અન્યોએ આચરેલું પ્રાયઃ તે જ હોય છે, કે જે આગમવ્યવહારી અને યુગપ્રધાનાદિએ પ્રથમતઃ આચરેલું હોય, અર્થાત્-આગમવ્યવહારી અગર યુગપ્રધાનાદિએ પ્રવર્તાવેલું હોય, જેમ કે પર્યુષણા ચતુર્થી, અન્યથા, 'જેને જે પરંપરાગત, તેને તે પ્રમાણ' - એ વગેરે વચનોનો અસંભવ માનવો પડશે. એટલે કે-'જેને જે પરંપરાગત, તેને તે પ્રમાણ' ઈત્યાદિ વચનોથી, કોઈને પણ અયોગ્ય પરંપરા માનવામાં રહેલી જે આપત્તિ જણાવાય છે, તે જણાવી શકાશે નહિ. કારણ કે, પરંપરા પણ શું ગમે તે પુરુષે શરૂ કરેલી સ્વીકૃત કરાય છે ? પરંપરાગત એવું પણ જે સાતિશાયી પુરુષમુલક ન હોય, તેને પરંપરાગત તરીકે કહેવું એ શક્ય જ નથી.

(v) **શ્રીભગવતીજી સૂત્રમાં પ્રાવચનિક પુરુષોથી સર્વ પણ પ્રવૃત્તિઓ**

પ્રમાણ છે, એમ કહ્યું નથી. કારણ કે, શ્રુતવ્યવહારિએ જે પ્રવર્તાવેલું હોય તેમાં તે જ પ્રમાણ થાય, કે જે આગમને અનુસરનારું હોય, નહિ તો પ્રવચનવ્યવસ્થાનો વિપ્લવ ઉત્પન્ન થવા પામે.

(१) तस्मात् स एवाचार्यो जिनसदृशः यो जिनमतं सम्यक् यथावस्थितं प्रकाशयति, इतरथा स पापपुञ्जः - केवलपापात्मा परित्याज्यः - दूरं दूरेण परिहरणीयः, कैः ? पुण्यसंज्ञैः पुण्या-मिथ्यात्वादिकालुष्याप्रतिहता संज्ञा येषां ते तथा, यद्वा पूर्णसंज्ञाः सम्यग्दृष्टयः इत्यर्थस्तैः पुरुषैर्जिनवचनवितथप्ररुपको दर्शमात्रतोऽपि त्याज्य इति ।

सूरिकृतमपि-आचार्यप्रवर्तितमपि चिअत्ति एवकारार्थे तदेव प्रमाणं सत्यतयाऽभ्युपगन्तव्यं यदशठभावेन-निम्मायितया ऋजु-भावेनेत्यर्थः संजनितं सम्यक् पर्यालोचनया विहितं, तदपि निरवद्यं-निष्पापं प्रवचनानुपघाति तथाऽन्यैरनिवारितं-'मा इत्थं कुरु' इत्येवं-रुपेण नान्यैर्बहुश्रुतै-स्तत्कालवर्तिभिः प्रतिषिद्धम्, एवंविधमपि बहुश्रुतानामनुमतं तत्कालवर्तिसर्वगीतार्थसम्मतं तथा पर्युषणाचतुर्थी।

(२) यत्किंचिदाचार्यप्रवर्तितस्य प्रामाण्यमभ्युपगमे प्रवचन-मात्रस्याप्युच्छेदापत्तेः ।

(३) श्रुतव्यवहारे च श्रुतव्यवहारमुल्लङ्घ्य प्रवर्त्तमानो द्रष्टुमप्य-कल्पः, यो यो यद्यद् व्यवहारवान्, स स तं तं व्यवहारं पुरस्कृत्य प्रवर्त्तमानो जिनाज्ञाराधको, नान्यथा ।

(४) बहुसम्मतमन्याचरितं च प्रायस्तदेव भवति यदागम-व्यवहारियुगपधानादिमूलकं स्याद्, यथा पर्युषणाचतुर्थी, अन्यथा "'जस्स जं परंपरागयं तस्स तं पमाणं" इत्यादिवचनानुपपत्तेः, यतः परम्पराऽपि किं यत्किंचित्-पुरुषादारभ्याभ्युपगम्यते ?, नहि सातिशयपुरुषमूलकमन्तेरेण परम्परागतमिति भणितुं शक्यते ।

**(५) प्रवचनमधीते... प्रमाणत्वादिति व्याख्यानं श्रीभगवती-वृत्तौ, तत्र सर्वापि प्रवृत्तिः प्रमाणतया न भणिता, यतः श्रुतव्यवहारिणा प्रवर्तितं तदेव प्रमाणं स्याद्यदागमानुपातिः, अन्यथा प्रवचनव्यवस्था-विप्लवः प्रसज्येत ।**

(૯) **તત્ત્વતરંગિણી :**

**તત્ત્વ તરંગિણી નામના ગ્રંથમાં પણ મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી મહારાજ ફરમાવે છે કે –**

(અ) આચાર્ય પરંપરાથી આવેલી એવી પણ જે સામાચારી, પોતાના દોષને કારણે સિદ્ધાન્તના-શાસ્ત્રના લેશમાત્ર પણ દોષને દેખાડનારી ન હોય તે જ સામાચારી પ્રમાણ છે.

(આ) **અશઠ પુરુષ દ્વારા આચરિત આદિ લક્ષણોથી રહિત એવી જે સામાચારી, તે પ્રશસ્ત નામવાળી હોય તો પણ, અંગીકાર કરવા યોગ્ય નથી. એટલું જ નહિ, પણ વિષમિશ્રિત દૂધનો જેમ ત્યાગ કરાય છે, તેમ આગમવિરુદ્ધ સામાચારીનો મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદવાથી પણ ત્યાગ કરવો જોઈએ.** અર્થાત્ મન, વચન અને કાયાથી આગમવિરુદ્ધ સામાચારીનો પોતે પણ ત્યાગ કરે, બીજાની પાસે તેવી આગમવિરુદ્ધ સામાચારીને આચરાવે નહિ અને જે કોઈ એવી આગમવિરુદ્ધ સામાચારીને આચરતા હોય, તેમની અનુમોદના પણ કરે નહિ.

**(अ) तल्लक्खणं तु आयरियपारंपरएण आगया संती ।**
**सिद्धन्तदोषलेसं दंसेइ न अत्तदोसेणं ॥४६॥**

**तस्याः सामाचार्या लक्षणं तल्लक्षणं, तु पुनः किं ? या आचार्य-परंपरया आगता सती आत्मदोषेण सिद्धान्तदोषलेशं न दर्शयति, अयं भावः - आचार्यपरंपरागतत्वे स्वात्मदोषेण सिद्धान्तदोषा-दर्शकत्वं सामाचार्याः प्रामाण्यमिति, आत्मदोषेणेति पदं सिद्धान्त-**
*शुद्धत्वज्ञापनार्थम्, आधुनिककालवर्तिस्वल्प-सिद्धान्तानुसारेण*

स्वमतिकल्पितायाः प्रामाण्यपराकरणार्थं परंपरागतत्वे सतीति सप्तम्यन्तविशेषेणं, निह्नवपरंपरायातनिह्नवसामाचारीनिवृत्तये सिद्धान्तदोषादर्शकत्वमिति, निह्नवसामाचारी हि सिद्धान्तदोषं दर्शयत्येव, आस्तां स्थूलतरदोषदूषितत्वं, स्वल्पेनाप्यागमविरोधेन दूषिता प्रमाणं न भवतीति ज्ञापनार्थं लेशपदमिति, अत एव नास्माकं सामाचार्या आगमेन सह महान् विरोधः, किन्तु द्वित्र्यादिविचारैः, स च न दोषोऽल्पत्वादित्याशयस्य प्रशस्तं निरस्तं, प्राणदेशं प्राप्य मृत्युदायकस्य स्वल्पस्यापि हलाहलस्य कंठविवरदेशं प्राप्य मृत्युदायकत्वनियमादिति को भावः आगमनैष्ठिकवचनस्याप्यपलापिनो वचनमात्रश्रवणे समीपावस्थाने चानन्तानि जन्ममरणानि लभते, किं न पुनस्तदाचरितसामाचारीकरणेनेति रहस्यम् ।

(आ) इहरा पसत्थनामावि पंडिआणं पमाणमिह न जओ ।
विसमिस्सपायसं वा तिविहं तिविहेण वज्जिज्जा ॥४७॥

इतरथा एतल्लक्षणरहिता सामाचारी प्रशस्तनाम्न्यपि, नाङ्गीकार्येत्यध्याहार्यं, कुतो ?, यतः पंडितानामिह प्रवचने सा प्रमाणं न भवति, तर्हि किं कर्त्तव्यमित्युत्तरार्द्धमाह आगमविरुद्ध-सामाचारीमिति गम्यं, विषमिश्रपायसमिव त्रिविधं त्रिविधेनमनोवाक्कायकरणकारणानुमितिभिर्वर्जयेदिति ।

⇨ ઉપર રજૂ કરવામાં આવેલા શાસ્ત્રપાઠો જોવાથી તમે સમજી શકશો કે, વૃત્તાનુવૃત્તપ્રવૃત્તના શબ્દાર્થ માત્રને ગ્રહણ કરીને, ગમે તેવી 'આચરણા'ને શ્રી જિનશાસને જે આચરણાને શ્રીજિનવચનની માફક માનવા લાયક જણાવેલી છે, તેવી 'આચરણા' તરીકે માની લેવામાં આવે, તો ભારે અનર્થ નિષ્પન્ન થયા વિના રહે નહિ. **જે કોઈ પણ આચરણા, આચરણાનાં લક્ષણોથી યુક્ત હોય, પણ આચરણાના એક**

**પણ લક્ષણની અવગણના કરનારી ન હોય, તે આચરણા શ્રીજિનાજ્ઞાની માફક જ માન્ય કરવા લાયક છે અને તેમ કરવામાં પણ વસ્તુતઃ તો શ્રી જિનાજ્ઞાની જ આરાધના છે, કારણ કે, આચરણાને માનવી જોઈએ, એવું પણ ભગવાન શ્રીજિનેશ્વરદેવોએ ફરમાવેલું છે. માટે જ માન્ય કરાય છે અને એ રીતિએ વિચારણા કરતાં પણ સમજી શકાય છે કે, જે આચરણામાં ભગવાન શ્રીજિનેશ્વરદેવોની આજ્ઞાની વિરુદ્ધતા હોય, તેવી આચરણાને માનવાની કલ્પના પણ ભવભીરુ શાસનાનુસારિઓથી થઈ શકે નહિ.** એ *હેતુથી પણ, પરમ ઉપકારી મહાપુરુષોએ આચરણાના વિષયમાં ઘણી* ઘણી સ્પષ્ટતા કરેલી છે.

**⇨ સારાંશ :**

ઉપર જણાવેલા શાસ્ત્રપાઠોમાં સ્પષ્ટ શબ્દોમાં એમ જણાવવામાં આવ્યું છે કે –

(૧) જે આચરણા સંવિગ્નગીતાર્થાદિ ગુણથી યુક્ત પ્રામાણિક પુરુષે પ્રવર્તાવેલી ન હોય, તેવી ગમે તેટલી જુની પણ આચરણાને વાસ્તવિક સ્વરૂપની આચરણા કહી શકાય જ નહિ.

(૨) સંવિગ્નગીતાર્થાદિ ગુણથી યુક્ત પ્રામાણિક પુરુષે પ્રવર્તાવેલી એવી પણ આચરણા, જો રાગ-દ્વેષથી અથવા માયાથી રહિતપણે પ્રવર્તાવેલી ન હોય, અર્થાત્ રાગ-દ્વેષ કે માયાથી પ્રર્તાવેલી હોય તો તો તેવી આચરણાને વાસ્તવિક સ્વરૂપની આચરણા કહી શકાય જ નહિ.

(૩) સંવિગ્નગીતાર્થાદિ ગુણથી યુક્ત પ્રામાણિક પુરુષે અશઠપણે પ્રવર્તાવેલી એવી પણ આચરણા, જો નિરવદ્ય ન હોય એટલે કે સર્વથા હિંસાવિરમણ આદિ મહાવ્રતો રૂપ મૂલગુણો અને પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણોનો વિઘાત કરનારી હોય અગર તો શાસ્ત્રવચનોનો વિઘાત કરનારી હોય, તો પણ તેને વાસ્તવિક સ્વરુપની આચરણા કહી શકાય જ નહિ.

(૪) સંવિગ્નગુતાર્થાદિ ગુણથી યુક્ત પ્રામાણિક પુરુષે અશઠપણે પ્રવર્તાવેલી અને નિરવદ્ય એવી પણ આચરણા, જો તત્કાલીન તથાવિધ ગીતાર્થોથી નિષિદ્ધ કરાયેલી હોય, તો પણ તેને વાસ્તવિક સ્વરૂપની આચરણા કહી શકાય નહિ.

(૫) સંવિગ્નગીતાર્થાદિ ગુણથી યુક્ત પ્રામાણિક પુરુષે અશઠપણે પ્રવર્તાવેલી અને નિરવદ્ય હોય અને તત્કાલીન તથાવિધ ગીતાર્થોથી નિષિદ્ધ કરાયેલી પણ ન હોય, એવી પણ આચરણા જો તત્કાલીન તથાવિધ બહુશ્રુતોએ બહુમત કરેલી ન હોય, તો પણ, તેને વાસ્તવિક સ્વરુપની આચરણા કહી શકાય જ નહિ.

(૬) જે પરંપરાનું મૂળ સાતિશાયી પુરુષ ન હોય, તેને વસ્તુતઃ પરંપરાગત તરીકે કહી શકાય નહિ.

(૭) શ્રુતવ્યવહારી કોઈ પણ આચરણા શ્રુતનું ઉલ્લંઘન કરીને કરી શકે જ નહિ. તથા **પંચકલ્પ ભાષ્યમાં કહ્યું છે કે** - પાંચમા આરાના છેડા સુધી શાસનનો વ્યવહાર ચલાવવા માટે 'શ્રુત'એ ઉપયોગી નથી, એમ બોલવાવાળાને શાસ્ત્રમાં મોટું પ્રાયશ્ચિત્ત બતાવેલું છે.

(૮) જેને માટે શ્રુતની પ્રાપ્તિ હોય, તેને માટે જીતની પ્રધાનતા હોઈ શકે નહિ.

(૯) જે આચરણા આગમથી વિરુદ્ધ હોય, એ કારણે સાવદ્ય તથા અશુદ્ધિકર હોય, તે આચરણાનો સ્વીકાર તો થઈ શકે જ નહિ, પણ તેવી આચરણાનો (મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદવા રૂપે) ત્રિવિધે ત્રિવિધે ત્યાગ જ કરવો જોઈએ.

**સંક્ષેપમાં....** સંવિગ્ન, ગીતાર્થ, અશઠ પુરુષે પ્રવર્તાવેલી નિરવદ્ય પ્રવૃત્તિ, કે જે તત્કાલીન ગીતાર્થોએ નિષેધેલી ન હોય તથા તત્કાલીન બહુશ્રુતોએ બહુમાન (સંમત) કરેલી હોય, તેવી આગમ(શાસ્ત્ર)થી અવિરુદ્ધ પ્રવૃત્તિને જીતવ્યવહાર કહી શકાય છે.

તદુપરાંત, જેમાં શાસ્ત્રવચન મળતું હોય, તેમાં શાસ્ત્રવચનથી ભિન્ન (અલગ) પ્રવૃત્તિ કરવાનું કોઈ કારણ નથી. છતાં પણ કોઈ ત્રાહિત વ્યક્તિ કે સમષ્ટિ શાસ્ત્રવચનની ઉપેક્ષા કરીને મનોકલ્પિત 'આચરણા' ચાલું કરે, તો તે જીતવ્યવહાર બની શકે જ નહીં. **આથી જ શ્રીદેવસૂરિજી મ.ના નામે, જે સામાચારીની વાતો થાય છે, તે શાસ્ત્રવિરુદ્ધ આચરણાઓ હોવાથી 'જીતવ્યવહાર' સ્વરૂપ નથી** અને તેથી તેને ક્યારેય મોક્ષનું કારણ કહી શકાય નહીં.

⇨ **અહીં ઉલ્લેખનીય છે કે** - વર્તમાનમાં **શ્રીદેવસૂરિજી** મ.ની '**સામાચારી**'ના નામે જે આચરણાઓ પ્રચારાય છે - તે કહેવાતી આચરણાઓ (પ્રભુવીરની **૫૦મી** પાટે બિરાજમાન **પૂ.શ્રીસોમસુંદરસૂરિજી** મ.ના શિષ્યરત્ન **પૂ.શ્રીહર્ષભૂષણવિ.** ગણીવર્ય દ્વારા વિરચિત) **પયુર્ષણા સ્થિતિ વિચાર ગ્રંથ**, (પ્રભુવીરની ૫૨મી પાટે બિરાજમાન **પૂ.આ.શ્રીરત્ન-શેખરસૂરિજી** મ.સા. દ્વારા રચિત) **શ્રાદ્ધવિધિ ગ્રંથ**, (**પૂ.શ્રીદેવસૂરિમ.**ના દાદા ગુરુદેવ **શ્રીહીરવિજયસૂરિજી** મહારાજા દ્વારા અપાયેલા પ્રશ્નોત્તરોના સંગ્રહરૂપ) **હીરપ્રશ્નોત્તર ગ્રંથ**, (**પૂ.દેવસૂરિજીમ.**ના ગુરુજી **પૂ.શ્રીસેનસૂરિજી** મહારાજા દ્વારા અપાયેલા પ્રશ્નોત્તરોના સંગ્રહરૂપ) **સેનપ્રશ્ન ગ્રંથ**, (**શ્રીહીરસૂરિજી મ.**ના સામ્રાજ્યવર્તી મહોપાધ્યાય **શ્રીધર્મસાગરજી** મ. દ્વારા વિરચિત) **તત્ત્વતરંગિણી ગ્રંથ**, (**મહોપાધ્યાયશ્રી શ્રીમાનવિજયજી** મ. દ્વારા વિરચિત અને **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મ. દ્વારા સંશોધિત) **ધર્મસંગ્રહ ગ્રંથ**, (**પૂ.દેવસૂરિજી મ.**ની સ્વગુરુ પરંપરામાં થયેલા **પૂ.શ્રીજ્ઞાનવિમલસૂરિ** મ. દ્વારા વિરચિત) **શ્રીપાક્ષિક પર્વસાર વિચાર ગ્રંથ**, (**પૂ.મહો.ધર્મસાગરજી મ.** વિરચિત) **શ્રીકલ્પસૂત્ર-કિરણાવલી ટીકા** અને **પ્રવચનપરીક્ષા** (**શ્રીહીરસૂરિજી મ.**ના પ્રશિષ્ય પંડિત **શ્રીજયવિજયજી** ગણી દ્વારા વિરચિત) **શ્રીકલ્પસૂત્ર-કલ્પદીપિકા ટીકા**, (**શ્રીહીરસૂરિજી** મ.ના શિષ્ય પૂ.મહો. **શ્રીવિનયવિજયજી** મ. દ્વારા વિરચિત) **શ્રીકલ્પસૂત્ર-સુબોધિકાટીકા, જગદ્ગુરુ કાવ્ય, વિજયદેવ માહાત્મ્ય,** વગેરે ૧૫-૧૬-

૧૭મા સૌકામાં રચાયેલા ગ્રંથો અને ઐતિહાસિક ઉલ્લેખોથી વિરુદ્ધ છે. **આવી શાસ્ત્રવિરુદ્ધ કહેવાતી આચરણાઓને શ્રીદેવસૂરિજી મ.ની 'સામાચારી'નું નામ આપવું તે કેટલું યોગ્ય છે ? પૂ. શ્રીદેવસૂરિજી મ. પોતાના પૂ.વડીલોને સમર્પિત હતા. તેઓશ્રી તેમની ગુરુપરંપરાના અને સ્વગુરુપરંપરામાં થયેલા મુનિપ્રવરોના ગ્રંથોથી (શાસ્ત્રોથી) વિરુદ્ધ આચરણાઓ પ્રવર્તાવે એ કોઈ કાળે માની શકાય તેમ નથી.**

**પ્રશ્ન-૯ : પૂ. મહોપાધ્યાયશ્રીજીએ ચારે ફિરકામાં સમકિતની સામગ્રી છે, એવું કહ્યું છે, એવું કેટલાક લોકો કહેતા હોય છે, આ વાતને કઈ રીતે સંગત કરવી ? તમારી ઉપર જણાવેલ વાત સાથે અને આ વાતને વિરોધાભાસ આવશે ને ?**

**ઉત્તર :** ચારે ફિરકામાં સમકિતની સામગ્રી છે, એવું કહેવામાં-માનવામાં લેશમાત્ર વાંધો નથી. અને અમારી પૂર્વોક્ત વાત સાથે કોઈ વિરોધાભાસ પણ નથી.

**- અન્ય લિંગે (જૈન સિવાયના અન્ય વેશે) પણ સિદ્ધ થઈ શકે છે. પરંતુ અન્ય લિંગ સિદ્ધત્વ (સિદ્ધપણા) નું કારણ ન કહી શકાય. તેમ અન્ય ફિરકામાં સમકિતની સામગ્રી અને યાવત્ સમકિત પણ હોઈ શકે છે, પરંતુ અન્ય ફિરકા સમકિતના કારણ ન કહેવાય. આ વાતને વિસ્તારથી વિચારવી જરૂરી છે.**

→ **પ્રથમ નંબરે...** સમકિતને (સમ્યગ્દર્શનને) પ્રાપ્ત કરવા માટેની મુખ્ય સામગ્રી અસદ્ગ્રહનો ત્યાગ છે. કારણ કે, અસદ્ગ્રહના ત્યાગથી જ મિથ્યાત્વનો નાશ થાય છે અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, એમ અધ્યાત્મસારમાં કહ્યું છે.[૧] આથી જેણે પણ સમ્યક્ત્વ પામવું હોય, તેમણે

---

૧. (i) मिथ्यात्वदावानलनीरवाहमसद्ग्रहत्यागमुदाहरन्ति ।
अतो रतिस्तत्र बुधैर्विधेया, विशुद्धभावैः श्रुतसारवद्भिः ॥१४-१॥

**અર્થ :** મિથ્યાત્વરૂપી દાવાનલમાં અસદ્ગ્રહના ત્યાગને મેઘ સમાન કહ્યો છે. એટલે વિશુદ્ધ ભાવવાળા અને શ્રુતસાગરના સારને જાણનારા પ્રાજ્ઞજનોએ તેમાં (અસદ્ગ્રહના ત્યાગમાં) રતિ કરવી જોઈએ.

અસદ્ગ્રહનો ત્યાગ કરવો જોઈએ. જેવું સર્વજ્ઞ ભગવંતે કહ્યું નથી, તેવું માનવું અને તેનો આગ્રહ રાખવો તેને અસદ્ગ્રહ કહેવાય છે. આ અસદ્ગ્રહ = અતત્ત્વનો અભિનિવેશ = કદાગ્રહ મિથ્યાત્ત્વની જડ છે અને તેનું બળ છે. તેના આધારે જ મિથ્યાત્વ ટકી રહ્યું છે.

આથી જીવ ગમે ત્યાં રહ્યો હોય, પણ કોઈક નિમિત્તથી કે સ્વાભાવિકપણે અસદ્ગ્રહ નિવૃત્ત થઈ જાય તો મિથ્યાત્વનો નાશ થાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય છે. સાતમી નરકમાં પણ જ્ઞાનીઓએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માની છે અને પ્રત્યેકબુદ્ધ આદિ પણ મેઘધનુષ્યનું રચાવું અને વિખરાવું વગેરે નિમિત્તોને પામીને ઉહાપોહ દ્વારા સમ્યગ્દર્શનને પામે છે. ત્યાં સર્વ સ્થળે નિયમ તો એ જ છે કે, અસદ્ગ્રહના ત્યાગથી જ મિથ્યાત્વ નાશ થયું છે અને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે.

→ **બીજા નંબરે...** જ્યારે સમકિતના કારણોની વિચારણા કરવામાં આવે, ત્યારે કહેવું જ પડે કે, શાસ્ત્રકાર મહર્ષિઓએ એવા ૬૭ કારણો બતાવ્યા છે. તેને સમકિતના ૬૭ બોલ તરીકે ઓળખવામાં આવે છે.[૧] સમકિતની ૬૭ બોલની સજ્ઝાયમાં પૂ. મહોપાધ્યાયશ્રીજીએ કહ્યું છે કે -

**"દર્શનમોહ વિનાશથી, જે નિર્મલ ગુણઠાણ,**
**તે નિશ્ચય સમકિત કહ્યું, તેહનાં એ અહિઠાણ.૪"**

**અર્થ :** દર્શન મોહનીય કર્મના વિનાશથી (ક્ષય-ક્ષયોપશમ-ઉપશમથી) જે નિર્મલ શ્રદ્ધા ગુણ (શ્રદ્ધાની પરિણતિ) પ્રાપ્ત થાય છે, તેને નિશ્ચયથી સમ્યક્ત્વ કહેવાય છે. અને આ ૬૭ બોલ તેનાં કારણો છે.

---

(ii) असद्ग्रहव्ययाद् वान्तमिथ्यात्वविषविप्रुषः ।
सम्यक्त्वशालिनोऽध्यात्मशुद्धेर्योगः प्रसिध्यति ॥१५-१॥

**અર્થ :** અસદ્ગ્રહના નાશથી મિથ્યાત્વરૂપી વિષનાં બિંદુઓનું જેમણે વમન કર્યું છે, એવા સમ્યક્ત્વથી શોભનારા જીવને અધ્યાત્મની શુદ્ધિથી યોગ સિદ્ધ થાય છે.

૧. પૂ. આ.શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાએ સમ્યક્ત્વ સપ્તતિ અને પૂ. મહોપાધ્યાયશ્રીજીએ સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાય બનાવી છે.

આથી સમકિતનાં કારણો તો ૬૭ બોલ છે.

→ **ત્રીજા નંબરે...** મોટાભાગના જીવોને સમકિતના કારણોના સેવનથી જ મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. તે ૬૭ બોલમાં જે છોડવા જેવું છે તેને છોડવામાં આવે અને આદરવા જેવું આદરવામાં આવે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. અને જેઓ એમાં દર્શાવેલી હેય વસ્તુને છોડતા નથી અને આદરવા યોગ્ય વસ્તુને આદરતા નથી, તેને સમ્યગ્દર્શન પ્રાપ્ત ન જ થાય.

→ **ચોથા નંબરે...** ૬૭ બોલમાં નિર્દિષ્ટ આત્મા છે ઈત્યાદિ સમ્યક્ત્વના છ સ્થાનક પૈકીના એક પણ સ્થાનકને ન માનનાર અર્થાત્ 'આત્મા કર્મનો કર્તા છે' એવા ત્રીજા સ્થાનકને ન માનનારાઓ અને 'આત્મા કર્તા નથી' એવું માનનારા અને આગ્રહ રાખનારા સાંખ્યોને સમ્યગ્દર્શન પ્રાપ્ત ન જ થાય. એ જ રીતે અન્ય સ્થાનકની શ્રદ્ધા ન કરતા અન્યદર્શનના અનુયાયીઓ પણ સમ્યક્ત્વ ન જ પામે. હા, ત્યાં રહેલો કોઈક આત્મા પોતાના ગ્રંથોના કોઈક જિનવચનને સંવાદી વચનના યોગે અસદ્ગ્રહને નિવૃત્ત કરીને છએ સ્થાનકોની શ્રદ્ધા ધરાવનારો બને તો સમ્યક્ત્વ પામી પણ શકે છે.

આથી અન્ય દર્શનોમાં રહેલો જીવ ક્વચિત્ સમ્યક્ત્વ પામી શકે છે. પરંતુ અન્યદર્શનો સમ્યક્ત્વના કારણ નથી. અન્યદર્શનો તો અસદ્ગ્રહને વધારનારા હોવાથી મિથ્યાત્વના જ કારણ છે.

→ **પાંચમા નંબરે...** બીજા ફિરકાઓમાં સમ્યક્ત્વની સામગ્રી હોઈ શકે છે. ત્યાં રહેલો કોઈક જીવ સમ્યક્ત્વ પામી શકે છે. પરંતુ અન્ય ફિરકાઓ સમ્યક્ત્વના કારણ ન કહેવાય. કારણ કે - તે બધા ફિરકાઓ સ્વ-આગ્રહથી (અસદ્ગ્રહથી = મિથ્યા-અભિનિવેશથી) નિકળેલા છે. તેમનો સમાવેશ જ્ઞાનીઓએ ક્યાં તો પાર્શ્વસ્થાદિમાં કર્યો છે અથવા તો કુતીર્થિકો તરીકે કર્યો છે. ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારમાં યથાછંદાપણું હોય છે અને ધર્મસંગ્રહ ગ્રંથમાં દિગંબરોને કુતીર્થિકો કહ્યા છે. આથી સમકિતના

કારણોમાં (૬૭ બોલમાં) એમના પરિચયનો પણ ત્યાગ કરવાનું કહ્યું છે. સમકિતના ૬૭ કારણોમાં જેનો ત્યાગ કરવાનો કહ્યો છે, તેને કોઈ દિવસ સમકિતનું કારણ તો ન જ કહી શકાય - એ તો સ્હેજે સમજી શકાય તેવી વાત છે.

— સમકિતની ચાર સદ્દહણા પૈકીની ત્રીજી સદ્દહણામાં પાર્શ્વસ્થાદિનો ત્યાગ કરવાનો કહ્યો છે. ચોથી સદ્દહણામાં અન્યદર્શનીનો ત્યાગ કરવાનું કહ્યું છે અને સમકિતના પાંચ દૂષણોમાં મિથ્યામતિની પ્રશંસા અને પરિચયનો નિષેધ કર્યો છે. - એ યાદ રાખવું.

**આથી ફિરકાઓ સમ્યક્ત્વના કારણ ન કહી શકાય. તેમ છતાં પણ ત્યાં રહેલા નિરાગ્રહી જીવો જિનાગમોના પરિશીલન દ્વારા સાચા-ખોટાનો નિર્ણય કરીને અસદ્ગ્રહના ત્યાગી બને તો સમ્યગ્દર્શન પામી શકે છે. પરંતુ એ પણ યાદ રાખવાનું છે કે, કાચ-મણિની સમાન બધાને સમાન માનવા સ્વરૂપ પ્રતિકૂળ મધ્યસ્થભાવને ધારણ કરે, તો તે પરિણામ મિથ્યાત્વસ્વરૂપ હોવાથી સમ્યગ્દર્શન ન પામી શકે.**

→ સમ્યગ્દર્શન પામવાની મુખ્ય શરત યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથમાં એ બતાવી છે કે — અવેદ્યસંવેદ્યપદનો ત્યાગ કરવો અને મહામિથ્યાત્વના કારણભૂત અવેદ્યસંવેદ્યપદનો નાશ કરવાના ઉપાય તરીકે સંવિગ્ન-ભવભીરૂ આગમજ્ઞ ગીતાર્થ પુરુષોનો સંગ અને તેમની પાસેથી આગમનું જ્ઞાન મેળવવું તે છે.[1]

**આના ઉપરથી સમજી શકાશે કે,** જે આગમોનો મૂળથી અપલાપ કરે છે, અમુક આગમો માનતા નથી, માત્ર સૂત્રને જ માને છે અને પંચાગીને માનતા નથી, આગમોક્ત વાતોનો અપલાપ કરે છે, આગમ

---

१. **अवेद्यसंवेद्यपदमान्ध्यं दुर्गतिपातकृत् । सत्सङ्गागमयोगेन, जेयमेतन्महात्मभिः ॥८५॥**

**અર્થ :** અંધભાવસ્વરૂપ (આત્મામાં-જીવનપથમાં અજ્ઞાનનો અંધકાર ફેલાવનાર) દુર્ગતિમાં પાડનારા અવેદ્યસંવેદ્યપદને સત્પુરુષોના સંગ અને આગમના યોગથી જીતવું જોઈએ. (યોગદષ્ટિસમુચ્ચય)

વિરુદ્ધ અપસિદ્ધાંતોનો પ્રચાર કરે છે અને પાછો એ બધાનો મિથ્યાભિનિવેશ હોય, ત્યાં સમ્યક્ત્વની કારણતા ન હોય એ સ્હેજે સમજી શકાય છે.

→ **છઠ્ઠા નંબરે...** અન્યદર્શનોના ગ્રંથાદિમાં જે કોઈ સારી-સાચી વાતો છે, તેનું મૂળ તો જિનાગમો જ છે. તે સારી-સાચી વાતોને પકડીને અને જિનાગમ વિરુદ્ધ પોતાની ખોટી વાતોનો આગ્રહ છોડીને કોઈ જીવ સમ્યગ્પુરુષાર્થ કરે તો ત્યાં પણ સમ્યગ્દર્શન પામી શકે છે. પરંતુ જિનાગમ વિરુદ્ધ પોતાની ખોટી વાતોનો (અપસિદ્ધાંતોનો) આગ્રહ રાખતો હોય, તેનો જ પ્રચાર કરતો હોય, જિનાગમોની સાચી વાતોની ઠેકડી ઉડાવતો હોય, શાસ્ત્રકાર મહર્ષિઓની આશાતના કરતો હોય, લોકોની મતિને જિનાગમો પ્રત્યે સંશયગ્રસ્ત બતાવતો હોય, તો તેને તો કોઈકાળે સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ શકે નહીં. તેનો સંસાર જ વધે.

આથી જ્યાં શાસ્ત્રોથી વિરુદ્ધ પ્રરૂપણા-પ્રવૃત્તિ થતી હોય, ત્યાં સમકિતની કારણતા ક્યારેય ન મનાય. આથી જેણે સમકિત પામવું હોય તેણે સમકિતના ૬૭ બોલમાં જેનો ત્યાગ કરવાનું અને જેનો સ્વીકાર કરવાનું કહ્યું છે, તે કરવું જ પડે.

→ **સાતમા નંબરે...** તપાગચ્છની નીતિ-રીતિ શાસ્ત્રાનુસારી હોવાથી સુવિહિત છે, તે બતાવતાં ૩૫૦ ગાથાના સ્તવનની ૧૬ મી ઢાળમાં કહ્યું છે કે –

**શાસ્ત્ર અનુસાર જે નવિ હઠેં તાણીઈં,**
**નીતિ તપગચ્છની તે ભલી જાણીઈં,**
**જીત દાખે જિહાં સમય સારુ બુધા,**
**નામ ને ઠામ કુમતેં નહીં જસ મુધા.** ૩૩૩ (૧૬-૧૮)

**સરળ અર્થ :** 'સંવિગ્ન ગીતાર્થ' પરમાર્થથી તેને જ કહેવાય, કે જે શાસ્ત્રના અક્ષર દેખે એટલે પોતાના હઠાગ્રહ-કદાગ્રહ છોડી દે. આવી નીતિ તપગચ્છની છે. અને તે ખૂબ ઉત્તમ છે. તેથી તપાગચ્છમાં પંચાંગી-

તેને અનુસારે બનેલા પ્રકરણાદિ ગ્રંથો પ્રમાણભૂત છે. આ તપાગચ્છમાં સંવિગ્ન પંડિત જીવો સિદ્ધાંત અનુસારે વર્તમાનકાળનો 'જીત' બતાવે છે. તદુપરાંત, આ તપાગચ્છના નામ અને સ્થાનક કદાગ્રહને વશ થયાં ન હોવાથી ફોગટ = નિરર્થક નથી, પરંતુ ગુણનિષ્પન્ન છે.

**ટિપ્પણી** : પૂ. મહોપાધ્યાયશ્રીજીએ અહીં ઘણી અગત્યની વાતો જણાવીને વર્તમાનમાં પ્રવર્તેલા ઘણા ભ્રમોનું ઉન્મૂલન કરી આપેલ છે.

(i) સંવિગ્ન ગીતાર્થ પરમાર્થથી તેને કહેવાય, કે જે શાસ્ત્રને અનુસરતો હોય.

(ii) સંવિગ્ન ગીતાર્થ શાસ્ત્રના અક્ષરો જુએ એટલે શાસ્ત્રના અક્ષરોથી વિરુદ્ધ પોતાનો આગ્રહ છોડી દે છે. આગ્રહથી ખોટી વાતને પકડી રાખતો નથી.

(iii) તપાગચ્છના સંવિગ્ન ગીતાર્થોની આ નીતિ-રીતિ હોવાથી તે ઉત્તમ છે.

(iv) તપાગચ્છે માનેલા આગમો-પ્રકરણ ગ્રંથો પ્રમાણભૂત છે. તેથી વિધિ-નિષેધ, ઉત્સર્ગ-અપવાદ, વ્યવહાર-નિશ્ચય, સન્માર્ગ-ઉન્માર્ગ, સુવિહિત સામાચારી-અવિહિત સામાચારી આદિના નિર્ણય માટે તે જ આધારભૂત છે.

(v) તપાગચ્છના સંવિગ્ન ગીતાર્થો વર્તમાનકાળમાં શાસ્ત્રાનુસારી 'જીત' જ બતાવે છે. શાસ્ત્રનિરપેક્ષ જીત = વ્યવહાર બતાવતા નથી.

(vi) તપાગચ્છના નામ અને સ્થાનક ગુણનિષ્પન્ન છે.

→ **આ બધાનો સાર કહેવો જ પડશે કે**, તપાગચ્છીય તરીકે ઓળખાવનારાએ શાસ્ત્રવચનોથી વિરુદ્ધ વાતોનો આગ્રહ લઈને બેસાય નહીં.

→ **આઠમા નંબરે...** અન્યલિંગીઓને (અન્યદર્શનના સંન્યાસી વગેરેને) અને પાર્શ્વસ્થાદિ કુલિંગીઓને બત્રીસી ગ્રંથમાં પૂ.મહોપાધ્યાયશ્રીજીએ સંસારમાર્ગમાં ગણાવ્યા છે. મોક્ષમાર્ગમાં જણાવ્યા નથી, એ યાદ રાખવાની જરૂર છે.

→ **નવમાં નંબરે... 'કુતર્કગ્રહનિવૃત્તિ'** નામક ત્રેવીસમી બત્રીસીમાં કહ્યું છે કે - સમ્યક્ત્વના અર્થી જીવે... આગમમાં દૃષ્ટિ સ્થિર કરવી જોઈએ. તેનાથી જ અવેદ્યસંવેદ્યપદ નાશ પામશે અને વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થશે તથા આગમમાં દૃષ્ટિ સ્થિર રાખીને કુતર્કનો આગ્રહ છોડી દેવો. આગમ ગ્રંથોમાં જે રીતે પદાર્થનું સ્વરૂપ બતાવ્યું છે, તેને તે સ્વરૂપે સદહવાનો પુરૂષાર્થ કરવો. હા, આગમિક પદાર્થોને મગજમાં બરાબર બેસાડવા માટે સુયુક્તિઓ-સુતર્કોનો સદુપયોગ કરીએ તે જુદી વાત છે, પરંતુ કુતર્કો દ્વારા આગમિક પદાર્થોને તોડવાનો પુરુષાર્થ ક્યારેય કરવો નહીં.

**કુતર્ક આત્માનો ખૂબ મોટો આંતરશત્રુ છે, એમ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં જણાવ્યું છે.** તે બોધનો નાશ કરે છે, શ્રદ્ધાથી ભ્રષ્ટ કરે છે, પ્રશમભાવને હાનિ પહોંચાડે છે અને અભિમાનનો જનક છે. તેથી તેનો સહારો ક્યારેય ન લેવો.

→ **દસમા નંબરે...** શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા-પ્રવૃત્તિ કરનારને કોઈ રોકી ન શકે અને તેઓનું અસ્તિત્વ-મહત્ત્વ જગતમાં દેખાતું હોય, એટલા માત્રથી તેઓ મોક્ષમાર્ગમાં છે એમ માનવાની ભૂલ કરવા જેવી નથી. ખુદ ભગવાન મહાવીર સ્વામી પણ જમાલિજી વગેરેને રોકી શક્યા નથી. છતાં પણ માર્ગને નુકશાન ન થાય એ માટે શ્રીગૌતમ સ્વામી ભગવંત આદિએ એવા લોકોને શાસન બહાર કર્યા છે અને એની જાહેરાત પણ કરી છે તથા તેમના મતોનું વારંવાર ખંડન પણ કર્યું છે. તે પછી પ્રભુના શાસનમાં થયેલા ધર્મધુરંધરોએ એ જ નીતિ-રીતિને અપનાવી છે. કાળના પ્રભાવે ઘણું ઉત્સૂત્ર રોકી શકાયું નથી એ પણ હકીકત છે. તેમ છતાં કેટલાક લોકો મધ્યસ્થભાવને નામે સાચા-ખોટા અને ઉત્સૂત્ર-સસૂત્રની ભેળસેળ કરવાનું કામ કરે છે, તે ખૂબ ચિંતાનો વિષય છે.

**બીજી વાત,** કોઈકવાર કોઈક વસ્તુને નભાવી લીધી હોય અને સંક્લેશ વધે નહીં એ માટે મૌન રાખવામાં આવ્યું હોય, એટલા માત્રથી એ બધું સાચું જ હતું એવું માનવાની-કહેવાની ભૂલ ક્યારેય ન કરાય.

**તપાગચ્છની નીતિ-રીતિ તો એવી છે કે - જે બતાવીએ તે શાસ્ત્રાનુસારી જ હોય. શાસ્ત્રથી વિરુદ્ધ હોય તેવું સ્વયં ન આદરે અને બીજો આદરતો હોય તેને ટેકો ન આપે તથા એવી પ્રરૂપણા ન કરે, કે જેથી સત્ય-અસત્ય, સિદ્ધાંત-અપસિદ્ધાંત, કુશીલ-સુશીલ, વિધિ-અવિધિ આદિની ભેદરેખા જ ભુંસાઈ જાય. જ્ઞાનીઓએ તો અસ્પષ્ટ વચનને પણ 'ઉત્સૂત્ર' કહેલ છે એ યાદ રાખવું જરૂરી છે.**

## ⇨ શાસ્ત્રકારોની દૃષ્ટિએ નવા પંથો

**પ્રશ્ન-૧૦ : કેટલાક વર્ષોથી શ્રીમદ્ રાજચંદ્ર અને તેની અંતર્ગત રાકેશભાઈનો પંથ, દાદાભગવાનનો પંથ, કાનજીસ્વામીનો પંથ આદિ અનેક નવા પંથો પ્રવર્તેલા જોવા મળે છે. તે બધા પંથો માર્ગસ્થ કહેવાય કે નહીં ? તેમનો સમાવેશ સંઘમાં થાય કે નહીં ? તેઓ જૈનધર્મના અનુયાયી કહેવાય કે નહીં ?**

**ઉત્તર :** તમે જણાવેલા તમામ નવા પંથો માર્ગસ્થ નથી. કારણ કે, તે સર્વેએ એકાંત પકડીને શાસ્ત્રવચનોનો અપલાપ કર્યો છે. **પ્રભુનો મોક્ષમાર્ગ જ્ઞાન-ક્રિયાથી અનુવિદ્ધ છે.[1] જ્યારે આ તમામ નવા પંથોએ એક યા બીજી રીતે ક્રિયાઓનો અપલાપ કર્યો છે અને દુનિયાને અનાદેય ન થઈ જવાય એ માટે જે કંઈ ક્રિયાઓ અપનાવી છે, તે સ્વમતિકલ્પનાથી ઉભી કરેલી છે, શાસ્ત્રાનુસારી નથી.**

જ્યાં શાસ્ત્રમતિ નથી અને શાસ્ત્રાનુસારી નિશ્ચયદૃષ્ટિ પૂર્વકની શુદ્ધક્રિયા નથી, ત્યાં મોક્ષમાર્ગ ક્યારેય ન હોય. ભલે તેની બહુમતિ હોય. પરંતુ ત્યાં પ્રભુની આજ્ઞા નથી. આજ્ઞાની વિરાધના સંસાર માટે જ થાય છે, એવું જ્ઞાનીઓ ભારપૂર્વક ફરમાવે છે.

તમે જણાવેલા નવા પંથના પ્રવર્તકોએ એક યા બીજી રીતે ક્રિયામાર્ગનો લોપ કર્યો છે – સુવિહિત ગ્રંથકારોની આશાતના કરી છે-

---

૧. ज्ञान-क्रियाभ्यां मोक्षः ।

ગૃહસ્થાવસ્થામાં ગુરુ તરીકે પૂજાવાની ક્યાંક ઘેલછા છે, તો ક્યાંક પૂજાનો નિષેધ નથી- સર્વજ્ઞ હોવાનો જુઠ્ઠો દાવો કર્યો છે – વગેરે બાબતો ખૂબ ગંભીર છે. પ્રભુના મૂળ માર્ગને ભયંકર હાનિ કરનાર છે અને અનેક ભવ્યાત્માઓના ભાવધનને લુંટનાર છે. લોકો આમેય સુખશીલીયા છે અને એમાંયે આ કરાલ કલિકાલમાં સ્વચ્છંદતાનો કારમો વિલાસ પ્રવર્તે છે. એવી અવસ્થામાં 'કશું કર્યા વિના કષ્ટો વેઠ્યા વિના આત્મકલ્યાણ થઈ જશે.' આવી ગમતી વાતોથી ખૂબ લોકો ભ્રમિત થયા છે. ખુદ ભગવાનને કૈવલ્ય પામવા સાડા બાર વર્ષ ઘોર સાધના કરવી પડી છે અને આ કલિકાલના સ્વચ્છંદમતિઓ મફતમાં મોક્ષ આપવાની વાતો કરે છે ઘણા આશ્ચર્યની વાત છે !!! આના મૂળમાં સ્વચ્છંદમતિ અને પ્રમાદની બહુલતા જ જોર કરતી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. **પ્રવર્તકોને માનની ભૂખ પોષવી હોય અને અનુયાયીઓને સુખશીલીયાપણું પોષવું હોય ત્યારે આવા કુમતોને ખૂબ પ્રોત્સાહન મળતું હોય છે.** આથી જ પૂજ્યપાદ **શ્રીભદ્રબાહુસ્વામીજી**એ ઓઘનિર્યુક્તિ આગમ ગ્રંથમાં કહ્યું છે કે –

**"निच्छयं अवलंबंता णिच्छयओ णिच्छयं अयाणंता ।**
**णासंति चरणकरणं बाहिरकरणालसा केई ॥७६१॥"**

**ભાવાર્થ :** કેટલાક જીવો એવા હોય છે, કે જેઓ નિશ્ચયનું અવલંબન તો કરે છે, પણ નિશ્ચયથી નિશ્ચયને જાણતા નથી. (અર્થાત્ વાસ્તવિકપણે નિશ્ચય શું છે તે તેમને ખબર નથી) એના જ કારણે એવા જીવો ચરણ-કરણનો (અર્થાત્ પંચમહાવ્રત, અષ્ટપ્રવચનમાતા, તપસ્યા વગેરે ધર્મોનો) નાશ કરે છે - ખંડન કરે છે, જેના મૂળમાં સંયમ-તપ-વ્રતપાલન આદિ પ્રત્યેની તેમની આળસ છે - એલર્જી છે.

→ આવા લોકોને **પૂ.મહોપાધ્યાયશ્રીજીએ ૧૨૫ ગાથાના સ્તવનમાં** પુણ્યરહિત આધાર વિનાના કહ્યા છે. તે શબ્દો આ રહ્યા –

**"નિશ્ચય નવિ પામી શકે, નવિ પામે વ્યવહાર,**
**પુણ્ય રહિત જે એહવા, તેહને કવણ આધાર !॥"**

❀ હવે આપણે એવા નવા પંથના પ્રવર્તકોના શાસ્ત્રનિરપેક્ષ વચનો વગેરે ક્રમશઃ (આંશિક રીતે) જોઈશું. આમ તો તેઓએ અઢળક શાસ્ત્રવિરુદ્ધ વચનો પોતાના પ્રવચનો-વાર્તાલાપો-સંવાદોમાં ઉચ્ચાર્યા છે અને તે તેમના પુસ્તકમાં લખાયા છે, પરંતુ તેમાંથી થોડાક અંશો અહીં ક્રમશઃ જોઈશું.

---

**(A) કહેવાતા દાદા ભગવાનના ઉત્સૂત્ર વચનો**

"જેને મોક્ષે જવું હોય, તેને ક્રિયાઓની જરૂર નથી. જેને દેવગતિમાં જવું હોય, ભૌતિક સુખો જોઈતા હોય, તેને ક્રિયાઓની જરૂર છે. મોક્ષે જવું હોય, તેને તો જ્ઞાન અને જ્ઞાનીની આજ્ઞા બેની જ જરૂર છે. મોક્ષમાર્ગમાં તપ-ત્યાગ કશું કરવાનું હોય નહીં." (દાદા ભગવાનનું આત્મવિજ્ઞાન, પૃ.૫૭-૫૮)

**(A-1) દાદા ભગવાનનો સર્વજ્ઞ ભગવાન હોવાનો દાવો**

"આ જ્ઞાન પ્રાપ્ત થયા પછી અમારી પાંચ આજ્ઞા પાળે તો ભગવાન મહાવીર જેવા અહીં રહી શકે તેમ છે. અમે પોતે જ રહીએ છીએ ને ?" (દાદા ભગવાનનું આત્મવિજ્ઞાન, પૃ.૫૯)

**(A-2) દાદા ભગવાનનો સર્વજ્ઞ હોવાનો દાવો પોકળ છે.**

"દાદા, આપને જ્ઞાન થયું, એ કઈ તારીખ હતી ? એ સાલ તો અઠ્ઠાવનની હતી, પણ તારીખની, આપણને શું ખબર કે આની નોંધ કરવાની જરૂર પડશે ? અને કોઈ નોંધ માંગશે, એની ય ખબર નહીં ને ?" (પૃ.૪૪-૪૫, પૂ. દાદા ભગવાન)

**(B) કાનજી સ્વામીના ઉત્સૂત્ર વચનો**

(i) "આ ક્રિયાકાંડ મોક્ષમાર્ગ નથી, બાહ્ય વ્રત નિયમો તો અધૂરાશની-કચાશની પ્રગટતા છે." (પૃ.૨, ૩, ગુરુદેવશ્રીના વચનામૃતમ્)

(ii) વ્યવહારથી નિશ્ચય કદી ય ન થાય અને નિમિત્તથી ઉપાદાનમાં કદીય કાર્ય ન થાય. આવું જ વસ્તુ સ્વરૂપ છે.(પૃ.૬૫)

## (C) શ્રીમદ્ રાજચંદ્રના ઉત્સૂત્ર વચનો

(i) વ્યવહાર સંબંધી કંઈ પણ લખતા તે અસારભૂત અને સાક્ષાત્ ભ્રાંતિરૂપ લાગવાથી તે સંબંધી જે કંઈ લખવું કે કહેવું તે તુચ્છ છે. આત્માને વિકળતાનો હેતુ છે. (શ્રીમદ્ રાજચંદ્ર આત્મકથા, પૃ.૮૪)

(ii) સર્વ વ્યવહારથી નિવૃત્ત થયા વિના ચિત્ત ઠેકાણે બેસે નહીં ? (પૃ.૭૮)

## (C-1) શ્રીમદ્ રાજચંદ્રનો વીતરાગ-સર્વજ્ઞ હોવાનો દાવો.

* અમારામાં અને વીતરાગમાં ભેદ ગણશો નહીં. (શ્રી રા.જીવનકળા પૃ.૨૧૬)
* અમારા પ્રત્યે અખંડ વિશ્વાસ રાખજો. અમારામાં ને શ્રી મહાવીરદેવમાં કંઈ પણ ફેર નથી. ફક્ત આ પહેરણનો ફેર છે. (પૃ.૨૧૬)
* કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ. (સ્વાત્મદશા, હાથનોંધ)

## (C-2) એક બાજુ વીતરાગ હોવાનો દાવો-બીજી બાજુ અનંત દોષનું ધામ હોવાનો એકરાર.

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું. દીનાનાથ દયાળ ।
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ ।।
(શ્રી રા.જીવનકળા પૃ.૧૩૫)

## (C-3) શ્રીમદ્ રાજચંદ્રના પૂજ્યોની આશાતના કરનારા વચનો અને ચિત્તભ્રમ ઉપજાવનારા વિધાનો

"xxx અહીં મોહનલાલજીએ પ્રશ્ન કર્યો કે શાસ્ત્રમાં એમ કહેવામાં આવેલ છે કે જે જિનકલ્પીનો સ્થવિરકલ્પમાં આવ્યા પછી મોક્ષ થાય છે, તે શી રીતે ? ત્યાં પોતે (શ્રીમદ્) હસીને બોલ્યા કે **સ્થવિરકલ્પીઓ જિનકલ્પી ઉપર દાઝે બળ્યા, તેથી બોલ્યા કે તમે સ્થવિરકલ્પી થશો**

**ત્યારે અમારો મોક્ષ છે. આમ આનંદપૂર્વક જવાબ આપ્યો.** (શ્રી રા.જીવનકળા પૃ.૧૭૯)

[**સમીક્ષા :** હકીકત આવી નથી. જિનકલ્પ એક આજીવન અભિગ્રહ છે. જેને જીવનપર્યંત છોડવાનો હોતો નથી. તથાવિધ ભવસ્થિતિ, કર્મગુરુત્વના કારણે જિનકલ્પી મહાત્મા તે જ ભવે મોક્ષે જતા નથી. અંતિમ ભવમાં સ્થવિર કલ્પના શ્રમણપણાની આરાધના કરીને તેઓ મોક્ષમાં જાય છે. આ એક શાશ્વત સિદ્ધાંત છે. જેને સ્થવિરકલ્પી પૂજ્યોએ બનાવેલ નથી.

ભલે શ્રીમદ્ રાજચંદ્ર હાસ્ય-મજાકમાં આવું બોલ્યા છે. પણ તેનાથી મૃષાવાદનું સેવન તથા પૂજ્યોની આશાતના થઈ છે, તે એક વાસ્તવિકતા છે.]

**બીજું ઉદાહરણ** – ઘણા જીવો તો સત્પુરુષનું સ્વરૂપ પણ સમજતા નથી. કાં તો છકાયના રક્ષપાળ સાધુને, કાં તો શાસ્ત્રો ભણ્યા હોય તેને, કાં તો કોઈ ત્યાગી હોય તેને અને કાં તો ડાહ્યો હોય તેને સત્પુરુષ માને છે. પણ તે યથાર્થ નથી. (વચનામૃત પૃ.૬૮૬)

[**સમીક્ષા :** જિનાજ્ઞાનુસારી આરાધક આત્માઓ પ્રત્યે પણ સંશય ઉપજાવનાર આવા વચનો તે આરાધકોની આશાતનાસ્વરૂપ તો છે જ, સાથે જ બાળ જીવોને ચિત્તવિભ્રમ ઉપજાવનાર પણ છે.]

---

⇨ **સમીક્ષા :**

(૧) ત્રણેય નવા પંથોએ ક્રિયામાર્ગનો લોપ કર્યો છે અને પોતાના પ્રવચનો-સંવાદો-વાર્તાલાપોમાં અનેક ઉત્સૂત્ર પ્રરૂપણાઓ કરી છે.

(૨) શ્રીમદ્ રાજચંદ્રએ અને કહેવાતા દાદા ભગવાને, એક સામાન્ય જ્ઞાની જેટલું પણ જ્ઞાન ન હોવા છતાં પોતે સર્વજ્ઞ હોવાનો પોકળ દાવો કર્યો છે અને આરંભ-સમારંભ-પરિગ્રહ-વિષયોની વચ્ચે રહેવા છતાં પણ પોતે વીતરાગ હોવાનો નિરર્થક દાવો કર્યો છે. આ એક મહામૃષાવાદ છે. જગતનો મહાદ્રોહ છે.

(૩) જ્ઞાનીઓની આશાતના પણ ઘણી કરી છે અને લોકોને ભ્રમણામાં નાંખવાનું કામ કર્યું છે.

(૪) આમ છતાં જૈનશાસનના મૂળભૂત શુદ્ધમાર્ગને દૂષિત કરનારા એ ત્રણેયને જૈનધર્મના અનુયાયી કહેવા એ મિથ્યાભિનિવેશ જન્ય પ્રલાપ માત્ર છે.

(૫) આથી દરેક આત્માએ શાસ્ત્રકારો દ્વારા નિર્દિષ્ટ મોક્ષસાધનાનો આકાર (ક્રમ) જાણી લેવો જોઈએ. અનેક ગ્રંથોમાં વિવિધ શૈલીથી મોક્ષમાર્ગની સાધનાનો આકાર વર્ણવ્યો છે. અનેક ગ્રંથોના સહારે અમારા **'આત્માનો વિકાસક્રમ'** પુસ્તકમાં ૧૪ ગુણસ્થાનક અને આઠ યોગ દૃષ્ટિના માધ્યમે મોક્ષસાધનાના તમામ તબક્કા સ્પષ્ટ કર્યા છે. બધાનો સંક્ષિપ્ત સાર એક જ છે કે જ્ઞાન અને ક્રિયા ઉભયથી જ મોક્ષ થાય છે. અને નિશ્ચયદૃષ્ટિ સહિતના વ્યવહારથી આજ સુધીમાં અનંતા આત્માઓ મોક્ષે ગયા છે. **હવે અહીં અવસર પ્રાપ્ત જ્ઞાન-ક્રિયાથી મોક્ષ, નિશ્ચયવાદીઓની મિથ્યા દલીલો અને તેનો પ્રત્યુત્તર, મોક્ષસાધનાનો ક્રમ અને શાસ્ત્રનિર્દિષ્ટ ક્રિયાઓ ક્યાં સુધી કરવાની તેની વિચારણા કરી લઈશું.**

### ⇨ જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ :

**મોક્ષસાધનાના પ્રથમ તબક્કે જ એક વાત હૈયામાં સ્થિર કરી દેવાની છે કે, જ્ઞાન અને ક્રિયાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી. એકલા જ્ઞાનને કે એકલી ક્રિયાને મોક્ષનું કારણ માનવું એ મિથ્યાત્વ છે. મોક્ષને સાધવા માટે બંનેની જરૂર છે. વળી બંને એકબીજા વિના રહી શકતા નથી. જ્ઞાન ક્રિયાને ઝંખે છે અને ક્રિયા જ્ઞાનનું સાહચર્ય ઈચ્છે છે.**

અનાદિ સંસારપરિભ્રમણ દરમ્યાન મોહને આધીન બની જીવે જે પરિણતિ-વૃત્તિ અને પ્રવૃત્તિઓ સેવી, તેના યોગે આત્મા ઉપર અસત્-

ક્રિયાના અને અજ્ઞાનના સંસ્કારોનું સિંચન થયેલું છે. અસત્ક્રિયાના સંસ્કારો અસત્ ક્રિયાઓ (પાપયુક્ત પ્રવૃત્તિઓ) તરફ ખેંચી જાય છે અને અજ્ઞાનના સંસ્કારો વિપરીત માન્યતાઓ, ડોલાયમાન મનની સ્થિતિ અને અનુપયોગદશામાં રાખે છે. (અજ્ઞાનના ત્રણ પ્રકાર છે. (૧) સંશય, (૨) વિપર્યય અને (૩) અનધ્યવસાય. વિપરીત જ્ઞાનને વિપર્યય કહેવાય છે. વિપર્યય અજ્ઞાનથી વિપરીત માન્યતાઓ-વિચારધારાઓ ઉત્પન્ન થાય છે. મનની ડોલાયમાન સ્થિતિને (આ સાચું કે તે સાચું ? એવા પ્રકારની મનની અવઢવવાળી સ્થિતિને) સંશય કહેવાય છે. આ અજ્ઞાનથી મન સંશયગ્રસ્ત રહે છે અને તત્ત્વના નિર્ણય ઉપર આવી શકતું નથી. **અનધ્યવસાય**થી મન કોઈ ચોક્કસ વિષયમાં એકાગ્ર બની શકતું નથી.)

**બંને પ્રકારના સંસ્કારોને નાશ કરવામાં આવે તો જ આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય છે. અસત્ક્રિયાના સંસ્કારોને નાશ કરવા માટે સત્ક્રિયા (વીતરાગ પ્રરૂપિત ધર્મક્રિયા) અને અજ્ઞાનના સંસ્કારોને નાશ કરવા માટે જ્ઞાનસાધના આપવામાં આવી છે. ધર્મક્રિયાથી પ્રવૃત્તિની નિર્મલતા થાય છે અને જ્ઞાનથી પરિણતિની નિર્મલતા થાય છે. પ્રવૃત્તિની નિર્મલતા એ વ્યવહારધર્મ છે અને પરિણતિની નિર્મલતા એ નિશ્ચયધર્મ છે. બંને પ્રકારના ધર્મના સંયોજનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.**

સત્ક્રિયાથી આત્મવીર્યની શુદ્ધિ થાય છે અને તેનાથી પ્રવૃત્તિની નિર્મલતા પ્રાપ્ત થાય છે. પ્રવૃત્તિની નિર્મલતાથી અસત્ક્રિયાના સંસ્કારોનું ઉન્મૂલન થાય છે. સાથોસાથ સત્ક્રિયાના સંસ્કારોનું સિંચન થાય છે. જ્ઞાનની આરાધનાથી પરિણતિઓ વિશુદ્ધ બને છે અને તેનાથી અજ્ઞાનના સંસ્કારોનું ઉન્મૂલન થાય છે અને જ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય છે.

**⇨ જ્ઞાન-ક્રિયાનું સ્વરૂપ[1] :**

**આત્મસ્વરૂપને અનુકૂલ દર્શન-જ્ઞાનશક્તિના બોધરૂપ વ્યાપારને જ્ઞાન**

---

१. स्वरुपाभिमुखदर्शनज्ञानोपयोगता ज्ञानम्, स्वरुपाभिमुखवीर्यप्रवृत्तिः क्रिया, एवं ''ज्ञान-क्रियाभ्यां

**કહેવાય છે.** અર્થાત્ આત્મસ્વરૂપને અનુકૂળ જે બોધ છે, તે બોધના વ્યાપારને જ્ઞાન કહેવાય છે. હેયોપાદેયનો જે બોધ છે, તે બોધના વ્યાપારને (હેયને હેયરૂપે અને ઉપાદેયને ઉપાદેયરૂપે સંવેદન કરવા સ્વરૂપ વ્યાપારને) જ્ઞાન કહેવાય છે.

જ્ઞાન સ્વ-પરના અવભાસન સ્વરૂપ છે. અર્થાત્ સ્વ અને પરનું (ઉપલક્ષણથી સ્વકીય-પરકીયનું) અવભાસન (પ્રકાશન) કરનાર છે. એટલે કે હું કોણ છું ? હું કોણ નથી ? મારું શું છે ? મારું શું નથી ? ઈત્યાદિ આત્મલક્ષી પદાર્થોનું અવભાસન કરાવે તેને **જ્ઞાન** કહેવાય છે. **અહીં યાદ રાખવું કે,** વિચારણા અને વેદન (સંવેદન) બંને વચ્ચે ભેદ છે. હેયોપાદેય પદાર્થનું યથાર્થ વેદન થવું તે જ જ્ઞાન છે. માત્ર "હું આત્મા છું-શરીર નથી, જ્ઞાનાદિ મારા છે - પરિવારાદિ મારા નથી." આવી વિચારણા એ જ્ઞાન નથી.

**ક્રિયા સ્વરૂપમાં રમણ કરવારૂપ છે.** તેમાં ચારિત્ર અને વીર્યગુણની અભેદ પરિણતિ તે **ક્રિયા** છે. આવી ક્રિયા મોક્ષસાધક છે. અભેદપરિણતિને સાધી આપે તેવી ક્રિયાઓ પણ ઉપાદેય છે. અનાદિ સંસારમાં કાયિકી વગેરે (આશ્રવના કારણભૂત ૨૫ ક્રિયાઓ છે. તે કાયિકી વગેરે) અશુદ્ધ ક્રિયાની પ્રવૃત્તિથી સંસાર થયો છે અને તે જ સંસાર વિશુદ્ધ સમિતિ-ગુપ્તિ વગેરે તથા વિનય-વૈયાવૃત્ત્યાદિ સત્ક્રિયા વગેરે કરવાથી નિવૃત્ત થાય છે. તેથી સંસારનો નાશ કરવા માટે સંવર-નિર્જરારૂપ ક્રિયાઓ કરવી જોઈએ.

**આથી જ્ઞાન-ક્રિયા બંનેના સંયોજનથી જ મોક્ષ થાય છે. જ્ઞાન ક્રિયામાં પ્રાણ પૂરે છે અને ક્રિયાથી જ્ઞાન સાર્થક બને છે.** જે જાણ્યું છે

---

मोक्षः", तत्र ज्ञानं स्वपरावभासनरूपम्, क्रिया स्वरुपरमणरूपा । तत्र चारित्रवीर्यगुणैकत्वपरिणतिः क्रिया, सा साधका अत्र अनादिसंसारे अशुद्धकायिक्यादिक्रियाव्यापारनिष्पन्नः संसारः । स एव विशुद्धसमितिगुप्त्यादिविनयवैयावृत्त्यादिसत्क्रियाकरणेन निवर्तते । अतः संसारक्षपणाय क्रिया संवरनिर्जरात्मिका करणीया । **(ज्ञानसार-ज्ञानमञ्जरी टीका-९/१)**

તે પામવા માટે ક્રિયા કરવી આવશ્યક છે. જેમ કે, સુંદર રસવતી તૃપ્તિનું કારણ છે તેમ જાણ્યા પછી તૃપ્તિને પામવા માટે જમવાની ક્રિયા કરવી પડે છે. તે જ રીતે ક્રિયાને સાર્થક બનાવવા જ્ઞાન જરૂરી છે. ચાલવાની ક્રિયાનો પ્રારંભ થઈ ગયો, પરંતુ ગન્તવ્ય (જવા યોગ્ય) સ્થાનનું જ્ઞાન ન હોય તો ચાલવાની ક્રિયા સફળ બનતી નથી. અન્ય ઉદાહરણ આપી **અધ્યાત્મસાર ગ્રંથ**માં પણ આ વિષય સ્પષ્ટ કરતાં કહ્યું છે કે,

**ज्ञानं शुद्धं क्रिया शुद्धे-त्यंशौ द्वाविह सङ्गतौ ।**
**चक्रे महारथस्येव, पक्षाविव पतत्त्रिणः ॥१-२-१२॥**

– જેમ મહારથનાં બે ચક્રો (ગન્તવ્ય સ્થાન તરફ ગતિ કરવામાં) સહાયક થાય છે (અથવા) પક્ષીની બે પાંખો (ઉડવામાં) સહાયક થાય છે, તેમ અધ્યાત્મમાર્ગમાં (મોક્ષમાર્ગમાં) શુદ્ધજ્ઞાન અને શુદ્ધક્રિયા, એ પ્રકારના બે અંશો જીવને ગમન કરવામાં સહાયક બને છે - કારણરૂપ છે.

**જે રીતે મહારથને ગન્તવ્ય સ્થાન તરફ ગતિ કરવામાં બે ચક્ર સહાયક બને છે અને જો તેમાં ખામી હોય તો મહારથ ગન્તવ્ય સ્થાને પહોંચી શકતો નથી. તે જ રીતે મોક્ષમાર્ગમાં પ્રગતિ સાધવા માટે શુદ્ધજ્ઞાન અને શુદ્ધક્રિયા બંને આવશ્યક છે. તેમાંના ગમે તે એકથી અધ્યાત્મમાર્ગમાં વિકાસ સાધી શકાતો નથી.** તેથી શુદ્ધજ્ઞાન અને શુદ્ધક્રિયા સ્વરૂપ બે અંશોના સમુદાયરૂપ અધ્યાત્મ છે. આથી અધ્યાત્મસ્વરૂપ અધિકારના અંતિમ શ્લોકોમાં પણ પુનઃ તે જ વાતને દોહરાવી છે –

**अध्यात्माभ्यासकालेऽपि, क्रिया काप्येवमस्ति हि ।**
**शुभौघसंज्ञानुगतं, ज्ञानमप्यस्ति किञ्चन ॥२८॥**
**अतो ज्ञानक्रियारुप-मध्यात्मं व्यवतिष्ठते ।**
**एतत्प्रवर्द्धमानं स्यान्निर्दम्भाचारशालिनाम् ॥२९॥**

– અધ્યાત્મના અભ્યાસકાલમાં પણ, કાંઈક ક્રિયા પણ હોય છે અને શુભ ઓઘસંજ્ઞાથી યુક્ત જ્ઞાન પણ હોય છે. (મારે સંસારથી પાર

ઉતરવું છે અને એ માટે ચારિત્રનું પાલન કરવું છે, આવી શુભ ઓઘસંજ્ઞાથી યુક્ત જ્ઞાન પણ હોય છે.) એટલે અધ્યાત્મના અભ્યાસકાળમાં જ્ઞાન અને ક્રિયા બંને હોય છે. આથી કરીને જ્ઞાન-ક્રિયારૂપ અધ્યાત્મ નક્કી થાય છે. નિર્દંભ આચારવાળાને અધ્યાત્મ પ્રવર્ધમાન થાય છે. અર્થાત્ જે વ્યક્તિ નિર્દંભ આચારવાળો છે, તેની ક્રિયા અને જ્ઞાન ઉત્તરોત્તર શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ બનતા જાય છે. (પાંચમા આદિ ગુણસ્થાનકમાં સમ્યગ્જ્ઞાન-સમ્યક્‌ક્રિયા રૂપ અધ્યાત્મ છે. અપુનર્બંધકને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ક્રિયાના કારણભૂત એવું દ્રવ્યજ્ઞાન અને દ્રવ્યક્રિયા (પ્રધાન દ્રવ્યક્રિયા) છે, તેથી તે સ્વરૂપ અધ્યાત્મ છે.)

શુદ્ધજ્ઞાન-શુદ્ધક્રિયા સ્વરૂપ અધ્યાત્મ છે. તો અહીં પ્રશ્ન થાય કે, કયું જ્ઞાન શુદ્ધ છે ? અને કયું જ્ઞાન અશુદ્ધ છે ? તથા કઈ ક્રિયા શુદ્ધ છે ? અને કઈ ક્રિયા અશુદ્ધ છે ? આ પ્રશ્નનું સમાધાન ભિન્ન-ભિન્ન ગ્રંથોના આધારે હવે જોઈશું.

➪ **શુદ્ધજ્ઞાન :**

જે જ્ઞાન આત્મસ્વરૂપનો બોધ કરાવે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવાની વાસના (તીવ્ર ઈચ્છા) જાગ્રત કરે, તે માટેનો પુરુષાર્થ કરાવે, તે માટેના જ વિચારો મનોરથો અને પ્રવૃત્તિઓ કરાવે, તેને શુદ્ધજ્ઞાન કહેવાય છે. તદુપરાંત, હેયનું હેયરૂપે અને ઉપાદેયનું ઉપાદેયરૂપે વેદન કરાવે, હેયને છોડવાની ને ઉપાદેયને આદરવાની તાલાવેલી જગાડે અને એ માટેનો પુરુષાર્થ કરવા તત્પર બનાવે, તે **શુદ્ધજ્ઞાન** છે.

એક બાજુ જ્ઞાન વધતું જાય અને બીજી બાજુ પરપુદ્‌ગલની આસક્તિ વધતી જાય, વિષયગૃદ્ધિ અને કષાયવૃદ્ધિ થતી જાય, રસ-ૠદ્ધિ અને શાતાની લોલુપતા વધતી જાય, યશ-કીર્તિ આદિની મહત્ત્વાકાંક્ષાઓ વધતી જાય, સ્વોત્કર્ષ ને પરાપકર્ષની ભાવના પ્રબળ બનતી જાય અને જીવનમાં દંભ વધતો જાય તો તે જ્ઞાન અશુદ્ધ છે, એમ સમજવું. **શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ સમજાવતાં જ્ઞાનસાર ગ્રંથમાં જણાવ્યું છે કે,**

**स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।**

**ध्यान्ध्यमात्रमतस्त्वन्यत् तथा चोक्तं महात्मना ॥५३॥**

— આત્મસ્વભાવ (આત્મસ્વરૂપ)ની પ્રાપ્તિના સંસ્કાર (વાસના) નું કારણભૂત જ્ઞાન ઈચ્છાય છે. (તે જ શુદ્ધજ્ઞાન છે.) તે સિવાયનું અન્યજ્ઞાન બુદ્ધિનો અંધાપો માત્ર છે. તે પ્રમાણે મહાત્માએ કહેલું છે.

**સંક્ષેપમાં**, જે જ્ઞાન સઘળાય પરપુદ્ગલો (પુદ્ગલસુખો અને પૌદ્ગલિક ભાવો)થી ઉદ્વિગ્ન બનાવે, સ્વસ્વભાવનું અર્થી બનાવે અને આત્માને યથાર્થ રીતે જણાવે છે, તે **શુદ્ધજ્ઞાન** છે. મોક્ષની પ્રાપ્તિ માટે તેવા પ્રકારના શુદ્ધજ્ઞાનને મેળવવામાં જ ઉદ્યમ કરવા જેવો છે.[1] વળી જે જ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ સ્વ-પરનો વિવેક પ્રાપ્ત થતો નથી, આત્મામાં એકતા (તન્મયતા) લાધતી નથી અને પરવસ્તુના ત્યાગ માટે તે જ્ઞાન થતું નથી, તે સર્વે અરણ્યરુદન સમાન છે.[2]

**અહીં યાદ રાખવું** કે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવા માટે આત્મા ઉપર પડેલાં કર્મો અને અશુભ અનુબંધોનાં આવરણો દૂર કરવા ખૂબ જરૂરી છે. શુદ્ધજ્ઞાન જેમ આત્મસ્વરૂપની પ્રાપ્તિની ઝંખના કરાવે છે, તેમ પ્રતિબંધક કર્મો-સંસ્કારોના ઉન્મૂલન માટેની સત્ક્રિયાઓમાં પુરુષાર્થ કરવાની ખેવના પણ પેદા કરાવે છે. **આત્મસ્વરૂપની ઉપલબ્ધિ કરવાની સાધનાની શરૂઆત કરતાં પહેલાં અસત્ ક્રિયાના સંસ્કારો અને અજ્ઞાનના સંસ્કારોનું ઉન્મૂલન કરવું જરૂરી છે.** તે માટે અસત્ક્રિયાઓના સંસ્કારોને ઉત્તેજિત કરતી અપ્રશસ્ત ક્રિયાઓનો ત્યાગ કરી પ્રશસ્તક્રિયાઓને જીવનમાં ગોઠવવી જરૂરી છે. તદુપરાંત, અજ્ઞાનના સંસ્કાર વધારનારી (ભ્રાન્તિમૂલક) અજ્ઞાન અને અજ્ઞાન જન્ય ક્રિયાઓનો ત્યાગ કરી જ્ઞાનનું અને જ્ઞાનજન્ય ક્રિયાઓનું

---

१. यस्तु सकलपुद्गलोद्विग्नः स्वस्वभावार्थी आत्मानं यथार्थावबोधेन जानाति तज्ज्ञानम्, तत्रोद्यमः कार्यः स्वसाध्यसिद्धये । **(ज्ञानसार-ज्ञानमञ्जरी ५/३ टीका)**

२. यदात्मपरविभजनाऽऽत्मैकत्वपरपरित्यागाय न भवति तत्सर्वं विलापरुपमरण्ये ।
**(ज्ञानसारज्ञानमञ्जरी- ५/३ टीका)**

સેવન પણ કરવું આવશ્યક છે. - **આ સર્વે સાધનાની શરૂઆત કરી આપે તે શુદ્ધજ્ઞાન છે.**

**જ્ઞાનસાર ગ્રંથમાં તો ત્યાં સુધી કહ્યું છે કે,** અમારે વધારે જ્ઞાનનો આગ્રહ નથી. નિર્વાણસાધક એક પદ (અધ્યયન-પ્રકરણ) ની જે વારંવાર ભાવના કરાય, તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. અર્થાત્ નિર્વાણ સાધક એવા એકપદનું પણ શ્રવણ, વાંચન, મનન, ચિંતન, નિદિધ્યાસન થાય, તે જ્ઞાન ઉત્કૃષ્ટ છે.[1]

**શુદ્ધજ્ઞાન શુદ્ધક્રિયાને ખેંચી લાવે છે. બંનેના મિલનથી અધ્યાત્મ-માર્ગમાં પ્રગતિ થાય છે.** મુખ્યપણે જ્ઞાન પરિણતિને વિશુદ્ધ બનાવે છે અને ક્રિયા પ્રવૃત્તિને નિર્મલ બનાવે છે. બાહ્ય-અભ્યંતર વિશુદ્ધિથી કષાયોનો હ્રાસ (ક્રમશઃ ઘટાડો) થતો જાય છે અને આત્મા વિશુદ્ધ બનતો જાય છે.

### ➪ શુદ્ધક્રિયા :

શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ કરવી તે સાધ્ય છે. સાધ્યને અનુકૂળ જે ધર્મક્રિયાઓ છે, તે **શુદ્ધક્રિયા** છે. અર્થાત્ જે ક્રિયા સાક્ષાત્ કે પરંપરાએ શુદ્ધ આત્મતત્ત્વનું કારણ બને છે, તે **શુદ્ધક્રિયા** છે. જે ધર્મક્રિયાઓ શુદ્ધ આત્મતત્ત્વનું કારણ બનતી ન હોય તે અશુદ્ધક્રિયા છે.

જેમ ગન્તવ્ય સ્થાન (જવા યોગ્ય ઈષ્ટ સ્થાન) તરફ થતી ગમનક્રિયા શુદ્ધ છે અને ગન્તવ્ય સ્થાનથી વિપરીત દિશામાં થતી ગમનક્રિયા અશુદ્ધ છે, તેમ શુદ્ધ આત્મતત્ત્વને (મોક્ષને) અનુકૂલ ભાવો પ્રગટાવવામાં સહાયક બને તેવી ક્રિયા શુદ્ધ છે અને તેનાથી વિપરીત ક્રિયા અશુદ્ધ છે. **આથી જેમ સાધ્ય ઉપાદેય છે, તેમ તેના સાધનભૂત શુદ્ધક્રિયા પણ ઉપાદેય છે.**

### ➪ દ્રવ્યક્રિયા-ભાવક્રિયા :

હેય-ઉપાદેયના યથાર્થ વેદનપૂર્વક થતી ધર્મક્રિયાને ભાવક્રિયા કહેવાય છે.

---

૧. निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः । तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥५-२॥

જે સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર આદિ જીવોને હોય છે.

ભાવક્રિયાની કારણભૂત ધર્મક્રિયાને **દ્રવ્યક્રિયા** કહેવાય છે અર્થાત્ જે ધર્મક્રિયા ભાવક્રિયાનું સાક્ષાત્ કે પરંપરાએ કારણ બનવાની હોય, તેને **દ્રવ્યક્રિયા** કહેવાય છે. આવી દ્રવ્યક્રિયાને **પ્રધાનદ્રવ્યક્રિયા** કહેવાય છે. જે ધર્મક્રિયા સાક્ષાત્ કે પરંપરાએ પણ ભાવક્રિયાનું કારણ ન બનવાની હોય તે ધર્મક્રિયા **અપ્રધાનદ્રવ્યક્રિયા** કહેવાય છે. પ્રધાનદ્રવ્યક્રિયા ઉપાદેય છે. કારણ કે, પ્રધાનદ્રવ્યક્રિયા સમ્યગ્દર્શનની સન્મુખ બનાવી તેને પામવાનો પુરુષાર્થ કરાવે છે અને સમયાંતરે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય ત્યારે તે જ ક્રિયા ભાવક્રિયા બને છે. તથા પ્રધાનદ્રવ્યક્રિયાથી આત્મા ઉપરથી અસત્ ક્રિયાઓના સંસ્કારોનું ઉન્મૂલન પણ થાય છે. તેથી ઉપાદેય છે. જ્યારે અપ્રધાનદ્રવ્યક્રિયા તેવા પ્રકારના અંતરંગ પુરુષાર્થની પ્રયોજક ન હોવાથી હેય છે. આથી '**ज्ञानक्रियाभ्यां मोक्षः**' કહ્યું છે, ત્યાં મોક્ષની કારણભૂત ક્રિયાથી ભાવક્રિયા અને તેની કારણભૂત પ્રધાનદ્રવ્યક્રિયા ગ્રહણ કરવાની છે.

### ⇨ મોક્ષસાધનાનો ક્રમ :

જ્ઞાન-ક્રિયાના સંમિલનથી અર્થાત્ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના સંમિલનથી મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે. સાધકે મોક્ષમાર્ગમાં પ્રવેશવા અને પ્રગતિ સાધવા માટે કયા પ્રકારે સાધના કરવાની છે, તેની આછેરી રૂપરેખા બતાવતાં સવાસો ગાથાના સ્તવનમાં કહ્યું છે કે,

**નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરીજી, પાળે જે વ્યવહાર,**
**પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર.**
**સોભાગી જિન, સીમંધર સુણો વાત (૫૫)**

– નિશ્ચયદષ્ટિને હૈયામાં ધારણ કરીને (તેને પામવા માટે તેના ઉપાય એવા) ધર્મવ્યવહારોને જે સાધક પાળે (સેવે) છે, તે પુણ્યવંત સાધક ભવસમુદ્રનો પાર પામે છે.

આત્માના શુદ્ધસ્વરૂપને પામવાનું અને તેના માટે નિસંગદશા (નિસંગ અનુષ્ઠાન) ને પામવાનું લક્ષ્ય રાખવું તે નિશ્ચયદૃષ્ટિ છે. તે લક્ષ્ય-ધ્યેયને અવિચલિતપણે હૈયામાં ધારણ કરીને શાસ્ત્રાનુસારી વિધિ મુજબ પંચાચારનું પાલન, પાંચ સમિતિ-ગુપ્તિનું પાલન, પાંચ મહાવ્રતનું પાલન, સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરવી તે વ્યવહારદૃષ્ટિ છે.

→ **શાસ્ત્રાનુસારી ધર્મક્રિયાઓથી વિષય-કષાયના બંધનો તૂટે છે, અનાદિના કુસંસ્કારોનું ઉન્મૂલન થાય છે, પાપકર્મોનો નાશ થાય છે, મોહનીયાદિ કર્મોનો ક્ષયોપશમ થાય છે, પરિણતિ-પ્રવૃત્તિ-વૃત્તિ ત્રણે નિર્મલ બને છે. સકામ નિર્જરા થાય છે અને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે.** આ સર્વેથી નિસંદગશાની ભૂમિકા સર્જાય છે. મોહનીયાદિ ઘાતીકર્મોનો વિશિષ્ટ ક્ષયોપશમ થતાં જ્ઞાનદશા અને અપ્રમત્તભાવની પ્રાપ્તિ થાય છે. તેના યોગે સાધક નિસંગદશાની નજીક જાય છે અને કાલાંતરે તેને પામે છે.

→ **નિશ્ચયદૃષ્ટિ સાધ્ય છે. ધર્મક્રિયાઓ સાધન છે અને ધર્મક્રિયાઓનું સેવન કરનાર સાધક છે. સાધક સાધ્યના લક્ષ્યપૂર્વક સાધનનું સેવન કરે છે, ત્યારે તેના જીવનમાં સાધ્ય-સાધનદાવનું અનુસરણ આવે છે અને તેવું અનુસરણ આત્મા ઉપરથી કર્મમળનો નાશ કરી આત્મામાં સત્તારૂપે રહેલી શુદ્ધતાનો આવિર્ભાવ કરે છે અર્થાત્ પરમપદને પ્રાપ્ત કરે છે.**

**અહીં યાદ રાખવું કે, સાધ્ય-સાધનદાવના અનુસરણ વિનાની લુખ્ખી નિશ્ચયદૃષ્ટિ મોક્ષનું કારણ બનતી નથી અને સાધ્યને વિમુખ વ્યવહારદૃષ્ટિ (વ્યવહારોનું પાલન) પણ મોક્ષને આપી શકતી નથી.** (ધર્મવ્યવહાર સાધ્યસાધક હોય તો આદરણીય છે અને સાધ્યબાધક હોય તો હેય છે. **જગતના વ્યવહારોમાં પણ જોવા મળે છે** કે, સાધ્યને અભિમુખ એવા સાધનના વ્યવહાર વિના સાધ્યની સિદ્ધિ થતી નથી. ધન કમાવવું હોય તો તેના સાધન (નોકરી-ધંધા) માં લોકો પ્રવર્તે છે. વળી માત્ર નોકરી-ધંધામાં પ્રવર્તવાથી ધનપ્રાપ્તિ થઈ જતી નથી. પરંતુ ધનપ્રાપ્તિ થાય તેવા

નફાના માર્ગે તે થાય તો જ ધનપ્રાપ્તિ થાય છે, માત્ર વકરાથી ધનપ્રાપ્તિ ન થાય. પરંતુ નફાથી ધનપ્રાપ્તિ થાય છે. તેમ માત્ર ધર્મક્રિયાઓ કરવાથી નિશ્ચયધર્મ પ્રાપ્ત ન થઈ જાય. પરંતુ નિશ્ચયધર્મની અભિમુખ લઈ જનારી ધર્મક્રિયાઓથી જ તે પ્રાપ્ત થાય છે. તદુપરાંત, ધન કમાવવાની ઈચ્છાવાળો જો ધંધો કે નોકરી આદિ ન કરે તો પણ તેને ધનપ્રાપ્તિ થતી નથી. **આ રીતે જે જીવો નિશ્ચયદષ્ટિને હૈયામાં ધારણ કરીને ધર્મવ્યવહારોને પાળે તે જીવો ભવસમુદ્રનો પાર પામે છે.**

→ નિશ્ચય-વ્યવહારની સાધ્ય-સાધનતાને ઉદાહરણ સહિત સમજાવતાં આગળ કહ્યું છે કે,

**તુરંગ ચઢી જિમ પામીએજી, વેગે પુરનો પંથ,**
**મારગ તિમ શિવનો લહેજી, વ્યવહારે નિર્ગ્રંથ. (૫૬)**
**મહેલ ચઢંતાં જિમ નહીંજી, તેહ તુરંગનું કાજ,**
**સફળ નહીં નિશ્ચય લહેજી, તેમ તનુ કિરિયા સાજ (૫૭)**

જેમ મુસાફરીએ નીકળેલા કોઈ એક મુસાફરને એક નગરથી દૂર બીજા નગરમાં જવું છે. તે મુસાફરને ઘોડો (કે અન્ય વાહન) જલ્દી જલ્દી નગર સુધી પહોંચવામાં સહાયક બને છે, તેમ નિર્ગ્રન્થ મુનિવરોને મોક્ષનો પંથ કાપવામાં વ્યવહાર (ધર્મક્રિયાઓનું સેવન) સહાયક-ઉપકારક છે.

વળી જેમ તે નગરે પહોંચ્યા પછી નગરના ઈષ્ટ મહેલના સાતમા માળે ચઢતાં તે ઘોડાનું કોઈ પ્રયોજન નથી હોતું, તેથી તે ઘોડાનો ત્યાગ કરી દેવાય છે, તેમજ જે સાધક ધર્મક્રિયાઓના સેવન દ્વારા કર્મમળને કાપીને નિશ્ચયધર્મને પામી જાય છે, તેવા સાધકને પછી ધર્મક્રિયાઓનું પ્રયોજન હોતું નથી, તેથી તેનો ત્યાગ કરી દે છે.

**આથી શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ ન થાય. ત્યાં સુધી તેના ઉપાયભૂત ધર્મક્રિયાઓનો અવશ્ય આદર કરવો જોઈએ.** શ્રીવીતરાગ પરમાત્માના શાસનમાં પ્રથમ ગુણસ્થાનકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધી ઉત્તરોત્તર ભૂમિકાને પામવા માટે વિભિન્ન પ્રકારની ક્રિયાઓ બતાવી છે અને સાધક

જેમ જેમ ઉત્તરોત્તર ભૂમિકા પામતો જાય છે, તેમ તેમ પૂર્વની ભૂમિકાની ક્રિયાઓને છોડતો જાય છે. પરંતુ તે તે ભૂમિકામાં રહીને તે ભૂમિકાને ઉચિત ક્રિયાઓ તો અવશ્ય કરવી જ પડે છે અને તો જ આગલી ભૂમિકામાં પહોંચી શકાય છે.

**પ્રથમ ગુણસ્થાનકથી ચોથા ગુણસ્થાનકે પહોંચનારા સાધકે મિથ્યાત્વનો ત્યાગ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવનારી ધર્મક્રિયાઓ કરવી જોઈએ. ચોથાથી પાંચમા, પાંચમાથી છટ્ઠા, છટ્ઠાથી સાતમા ગુણસ્થાનકે જવા માટે તે તે ભૂમિકામાં શાસ્ત્રએ નિર્દિષ્ટ કરેલી ક્રિયાઓ કરવી જોઈએ. યોગશતક[૧] નામના ગ્રંથમાં પણ તે તે ગુણસ્થાનકથી આગળ વિકાસ કરવા માટે વિભિન્ન ધર્મક્રિયાઓનો ઉપદેશ આપવામાં આવ્યો છે.**

→ આથી નિશ્ચય પામવા માટે વ્યવહાર (ધર્મક્રિયા) અત્યંત આવશ્યક છે. જેઓ માત્ર નિશ્ચયને જ સ્વીકારે છે, તેઓ વ્યવહાર વિના નિશ્ચય પ્રાપ્ત કરી શકતા નથી, તે જણાવતાં આગળ જણાવ્યું છે કે,

**નિશ્ચય નવિ પામી શકેજી, પાળે નવિ વ્યવહાર,**
**પુણ્યરહિત જે એહવાજી, તેહને કવણ આધાર. (૫૮)**

**નિશ્ચય સાપેક્ષ વ્યવહાર આદરવાથી જ સાધ્યની સિદ્ધિ થાય છે અને નિશ્ચય નિરપેક્ષ એકલો વ્યવહાર જડક્રિયા સ્વરૂપ છે, જે સાધ્યસિદ્ધિ કરવા અસમર્થ છે. તે જ રીતે વ્યવહાર વિનાનો એકલો નિશ્ચય શુષ્કજ્ઞાન સ્વરૂપ હોવાથી સાધ્યની સિદ્ધિમાં અસમર્થ છે.**

→ જ્ઞાન સાચું છે કે નહીં ? અને (જ્ઞાનના પરિપાકથી પ્રાપ્ત થતી) જ્ઞાનદશા તાત્ત્વિક છે કે નહિ ? તેની પરીક્ષા પણ જીવનમાં પ્રવર્તેલી (વ્યાપેલી) ધર્મક્રિયાઓથી થાય છે, આ વાતને જણાવતાં આગળ જણાવે છે કે,

---

१. पढमस्य लोगधम्मे परपीडावज्जणाए ओहेणं । गुरु-देवा-ऽतिहिपूयाइ दीणदाणाइ अहिगिच्च ॥२५॥ बीयस्स उ लोगुत्तरधम्मम्मि अणुव्वाइ अहिगिच्च । परिशुद्धाणायोगा तस्स तहाभावमासज्ज ॥२७॥ तइयस्स पुण विचित्तो तहुत्तरसुजोगसागहो णेओ । सामाइयाइविसओ णयनिउणं भावसारो त्ति ॥२९॥ (योगशतकम्)

**હેમ પરીક્ષા જિમ હુએજી, સહત હુતાશન તાપ,**
**જ્ઞાનદશા તિમ પરખીએજી, જિહાં બહુ કિરિયાવ્યાપ. (૫૯)**

– જેમ સુવર્ણ અગ્નિના ઘણા તાપને સહન કરે છે, ત્યારે જ તેની પરીક્ષા થાય છે. (નિર્મલ બનીને બહાર આવે છે.) તેવી જ રીતે જેના જીવનમાં ઘણી ધર્મક્રિયાઓ વ્યાપકપણે આવી હોય, તે આત્મા સાચી જ્ઞાનદશાને પામ્યો છે એમ કહેવાય છે. (અર્થાત્ ધર્મક્રિયાઓથી જ્ઞાનદશાની પરીક્ષા થાય છે.)

જે આત્માએ જે વસ્તુને જેવી જાણી છે, તેવા પ્રકારે તેનો વ્યવહાર તેના જીવનમાં થાય, તો તે જ્ઞાન સાચું છે. જેમ જે વ્યક્તિ સાપને વિષમય-ભયંકર જાણે છે, તે વ્યક્તિ તેનાથી નિવૃત્ત (દૂર) થવાની ક્રિયા અવશ્ય કરે જ છે. તેમ જે સાધક જ્યારે હેયને હેયરૂપે જાણે છે, ત્યારે તેનાથી નિવૃત્ત થવાની અને ઉપાદેયને ઉપાદેયરૂપે જાણે છે, ત્યારે તેને આદરવાની ક્રિયા અવશ્ય કરવી જ જોઈએ. તો જ તેનું જ્ઞાન સાચું છે.

→ **અહીં યાદ રાખવું કે, સાચા જ્ઞાનના બે કાર્યો છે. (૧) પાપથી નિવર્તન અને (૨) પશ્ચાત્તાપ.** જેની પાસે જ્ઞાન છે, તે વ્યક્તિ અવશ્ય પાપને પાપ તરીકે અને તેની ભયંકરતાને ઓળખે છે. તેથી તે પાપથી પાછો ફરી જાય છે. કદાચ તેવા પ્રકારના કર્મસંયોગે જીવનમાં પાપ કરવું પડતું હોય, તો પણ તેને તે ગમતું ન હોય, ન છૂટકે કરતો હોય, છૂટવાની તક શોધતો હોય અને પાપસેવનનો પશ્ચાત્તાપ હોય.

→ **સવાસો ગાથાના સ્તવનમાં આગળ જણાવ્યું છે કે,**

**આલંબન વિણ જિમ પડેજી, પામી વિષમી વાટ,**
**મુગ્ધ પડે ભવકૂપમાંજી, તિમ વિણ કિરિયા ઘાટ (૫-૯)**

ભોમીયાના આલંબન વિના જેમ મુસાફર ખોટા માર્ગે ચઢી જાય છે અને ભયંકર અટવીના માર્ગે આવી પડે છે. તેવી રીતે પરમાર્થને નહીં જાણતા લોકો જીવનમાં ધર્મક્રિયાઓના સમૂહ વિના ભવકૂપમાં (સંસારરૂપી કુવામાં) પડે છે.

આવા જીવોને સાધ્યની ઈચ્છા હોવા છતાં સાધ્યસાધક ધર્મક્રિયાઓ રૂપી આલંબન જીવનમાં ન હોવાથી સાધ્યસાધનદાવના અભાવે ઈચ્છિત ફળને પામી શકતા નથી. બલ્કે, વ્યવહારમાર્ગનો ઉચ્છેદ કરવાના કારણે અને એકાંત નિશ્ચયની પ્રરૂપણા કરી ઉત્સૂત્રભાષી બનવાના કારણે અનંત સંસારફળને પામનારા બને છે. **આથી જ સવાસો ગાથાના સ્તવનમાં કહ્યું છે કે,**

**કિરિયા ઉત્થાપી કરીજી, છાંડી તેણે લાજ,**
**નવિ જાણે તે ઉપજેજી, કારણ વિણ નવિ કાજ. (૫૩)**
**નિશ્ચયનય અવલંબતાંજી, નવિ જાણે તસ મર્મ,**
**છોંડે જે વ્યવહારનેજી, લોપે તે જિન ધર્મ. (૫૪)**

→ શુદ્ધ વ્યવહારો સાધ્યસિદ્ધિના ઉપાયો છે અને તે ઉપાયો દ્વારા મોહનીયાદિ કર્મોનો ક્ષય કરી આત્માને શુદ્ધ કરવો તે સાધ્યસિદ્ધિ છે. આ રીતે વ્યવહાર એ કારણ છે અને નિશ્ચય એ કાર્ય છે. આવા મર્મને નહીં જાણતા લોકો તુચ્છ દલીલો કરીને માત્ર એક નિશ્ચયનયનું જ અવલંબન પકડે છે અને વ્યવહારનયનો ત્યાગ કરે છે, તે પરમાર્થથી જૈનધર્મનો લોપ કરનારા છે.

### ⇨ નિશ્ચયનયવાદીઓની મિથ્યા દલીલો :

(૧) ધર્મક્રિયાઓ કરવી તે મન-વચન-કાયાની શુભ યોગપ્રવૃત્તિ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદ જેમ કર્મબંધના કારણ છે, તેમ યોગ (પ્રવૃત્તિ-ક્રિયા) પણ કર્મબંધનું કારણ છે. માટે તે ધર્મક્રિયાઓ કરવાની જરૂર નથી.

(૨) જ્ઞાન જેવા પ્રકારનો આત્મધર્મ છે, ક્રિયા તેવા પ્રકારનો આત્મધર્મ નથી. બલ્કે આત્મપ્રદેશોની અસ્થિરતા (પ્રવૃત્તિ) રૂપ છે. તેથી કર્ત્તવ્ય નથી. મન-વચન-કાયાની પ્રવૃત્તિથી (ક્રિયાથી) આત્મપ્રદેશો ઉકળતા પાણીની જેમ ચંચલ બનતા હોય છે.

(૩) ધર્મક્રિયા આશ્રવરૂપ છે. શુભ અને અશુભ એમ બે પ્રકારના આશ્રવમાં શુભ આશ્રવ પણ કર્મના બંધરૂપ છે. તેથી કર્ત્તવ્ય નથી.

(૪) ચૌદમે ગુણસ્થાનકે અંતે અયોગી જ થવાનું છે. તેથી અંતે યોગપ્રવૃત્તિઓ છોડવાની જ છે. તો તે ધર્મક્રિયાઓ પ્રથમથી જ શા માટે ન છોડી દેવી ?

(૫) ધર્મક્રિયાઓ તો જીવે ભવાંતરમાં અનંતીવાર કરી છે. છતાં પણ જ્ઞાન વિના તે જડક્રિયાઓથી આજપર્યંત આત્મકલ્યાણ થયું નથી. તેથી તેવી જડક્રિયાઓ કરવાથી શું લાભ ?

(૬) મરુદેવા માતા, ભરત મહારાજા, ઈલાચીપુત્ર, ચિલાતી પુત્ર, પૃથ્વીચંદ્ર-ગુણસાગર આદિએ ક્યાં ધર્મક્રિયાઓ કરી હતી ? તેઓ માત્ર જ્ઞાનની નિર્મલતાથી જ તરી ગયા છે. તેથી ક્રિયાઓ કરવાની જરૂર નથી. (આવી અનેક દલીલો દ્વારા વ્યવહારમાર્ગનો જેઓ ત્યાગ કરે છે અને કરાવે છે, તેઓએ જૈનધર્મના રાજમાર્ગનો લોપ કર્યો છે, એમ સમજવું.)

→ હવે ક્રમશઃ નિશ્ચયનયવાદીઓની મિથ્યા દલીલોનો પ્રત્યુત્તર વિચારીશું.

### ⇨ મિથ્યા દલીલોનો પ્રત્યુત્તર :

(૧) તારક તીર્થંકરોએ શુદ્ધ આત્મતત્ત્વમાં રમણતા કરવી તેને પરમ ઉપાદેય જણાવેલ છે. તે અવસ્થાએ પહોંચવા માટે અનાદિના અશુભમાર્ગમાં ચાલ્યા જવાના સંસ્કારો કાપવા આવશ્યક છે. શુભયોગોનું સેવન કરતો જીવ અશુભમાર્ગમાંથી બહાર આવે છે અને શુભમાર્ગમાં સ્થિર બની પોતાના કષાયો ઉપર ક્રમશઃ વિજય મેળવતો જાય છે તથા ઉપયોગની શુદ્ધિ કરતો જાય છે અને ઉપયોગશુદ્ધિ માટે શુભયોગોનું સેવન અત્યંત જરૂરી છે. આમેય જીવ મન-વચન-કાયાની પ્રવૃત્તિ (યોગ) વિના રહી શકવાનો નથી. યાવત્ તેરમા ગુણસ્થાનક સુધી યોગ તો રહેવાનો જ છે. વળી ઉપયોગશુદ્ધિના (નિશ્ચયદૃષ્ટિના) લક્ષ્યપૂર્વક થતી પ્રશસ્ત ક્રિયાઓ

પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરાવે છે. જે ભોમિયા જેવું છે. જેમ ભોમિયો અટવી પાર કરાવી રાજમાર્ગ સુધી પહોંચાડી પાછો ફરી જાય છે, તેમ પુણ્યાનુબંધી પુણ્ય પણ ચારિત્રમાર્ગે ચઢાવી સ્વયં નાશ પામી જાય છે. **આથી 'ધર્મક્રિયાઓ તો યોગપ્રવૃત્તિ છે' આવી વાતો ફેલાવી ધર્મક્રિયાઓનો નિષેધ કરવો લેશમાત્ર ઉચિત નથી.**

(૨) ધર્મક્રિયાઓ ભલે આત્મધર્મ (આત્મપરિણામ) સ્વરૂપ નથી. પરંતુ તે આત્મધર્મનું કારણ તો છે જ. તેથી વિવક્ષિત ઈષ્ટ સ્થળની પ્રાપ્તિ કરવા જેમ રથ વગેરે વાહનની આવશ્યકતા છે, તેમ આત્મધર્મના સાધનરૂપે ધર્મક્રિયાઓ અવશ્ય આદરણીય છે.

(૩) ધર્મક્રિયાઓથી શુભ આશ્રવ થાય છે તે વાત સાચી. પરંતુ એનાથી મોહનો નાશ થાય છે, પૂર્વે બાંધેલા કર્મોની સ્થિતિ-રસનો ઘાત થાય છે, તેથી નિર્જરાનો પણ હેતુ છે. તેમાં બંધ અલ્પ છે અને નિર્જરા અનંતી છે. તેથી કર્ત્તવ્ય છે.

(૪) **''જે અંતે છોડવાનું છે, તેને પ્રથમથી જ છોડી દેવું જોઈએ.''** આ નિયમ સાચો નથી. કારણ કે, મૃત્યુ કાળે શરીરનો ત્યાગ જ કરવાનો હોય છે. એટલા માત્રથી તેને પ્રથમથી જ છોડવાનું કોઈ સુજ્ઞ માણસ કહી શકતો નથી. પૂર્વે જણાવ્યા મુજબ તે તે ભૂમિકાએ તે તે શાસ્ત્રનિર્દિષ્ટ ક્રિયાઓ કરવા દ્વારા ઉત્તરભૂમિકા પ્રાપ્ત થાય ત્યારે તે પૂર્વભૂમિકાની ક્રિયાઓ છોડી જ દેવાની હોય છે અને ઉત્તરવર્તી ભૂમિકાની ક્રિયાઓ કરવાની હોય છે. મોક્ષે જતાં પહેલાં પણ યોગનિરોધ-સર્વસંવરની ક્રિયા કરવાની જ હોય છે. તેથી પ્રથમ ગુણસ્થાનકથી માંડીને યાવત્ ચૌદમા ગુણસ્થાનક સુધી ક્રિયા રહેલી છે.

(૫) ભૂતકાળમાં અનંતી જડક્રિયાઓ કરી છતાં કલ્યાણ ન થયું. આ વાત પણ અપેક્ષાએ સાચી જ છે. **અકલ્યાણમાં કારણ જડક્રિયાઓ છે, પરંતુ ચેતનવંતી ક્રિયાઓ નહીં.** જે સાધકોએ ચેતનવંતી ક્રિયાઓ કરી તેઓનું અવશ્ય કલ્યાણ થયું છે. આથી ક્રિયાઓ છોડવાની જરૂર

નથી. ક્રિયામાં રહેલી જડતા છોડીને તેમાં ચૈતન્ય (જ્ઞાન) ભેળવવાની જરૂર છે. વસ્ત્ર મલિન છે, તો વસ્ત્રની મલિનતા ત્યજવાની છે. પરંતુ વસ્ત્ર છોડવાનું નથી. તેમ ક્રિયામાંથી જડતાને દૂર કરવાની છે. પરંતુ ક્રિયા છોડવાની નથી.

(૬) ભરત મહારાજા આદિ ઉદાહરણો અપવાદરૂપ છે. તે રીતે કોઈક જ જીવો મોક્ષે જાય છે. મોટાભાગના જીવો તો વ્યવહારમાર્ગનું સેવન કરીને જ નિશ્ચય પામી મોક્ષે જાય છે. **આથી સવાસો ગાથાના સ્તવનમાં કહ્યું છે કે,**

**ચરિત ભણી બહુ લોકમાંજી, ભરતાદિકનાં જેહ,**
**લોપે શુભ વ્યવહારને જી, બોધિ હણે નિજ તેહ. (૬૧)**
**બહુ દલ દીસે જીવનાં જી, વ્યવહારે શિવયોગ,**
**છીંડી તાકે પાધરોજી, છોડી પંથ અયોગ. (૬૨)**

**અહીં ઉલ્લેખનીય છે કે** – ભરત મહારાજા આદિએ પૂર્વના ભવમાં ક્રિયામાર્ગની ઘણી સાધના કરી છે – વ્યવહારમાર્ગનું દીર્ઘકાલપર્યન્ત પાલન કર્યું છે. તેના ફલસ્વરૂપે જ છેલ્લા ભવમાં ક્રિયા વગર ફલને પામ્યા છે. પ્રભુ મહાવીરે પણ સાડા બાર વર્ષ ઘોર સાધના કરી જ છે. મરૂદેવા માતા જેવા તો એકાદ જ દાખલા મળે. મોટાભાગના જીવો તો વ્યવહાર-માર્ગનું સેવન કરીને જ નિશ્ચય પામવા દ્વારા મોક્ષે જાય છે.

→ આથી નિશ્ચયનયનું અવલંબન લઈ વ્યવહારમાર્ગનો ક્યારેય લોપ કરવો નહીં. **આવશ્યકસૂત્રમાં વ્યવહારધર્મના આચરણના ફળનો સંદેહ કરવામાં પણ અનંત સંસાર કહ્યો છે.**

**આવશ્યકમાં ભાખીયોજી, એહી જ અર્થ વિચાર.**
**ફળસંશય પણ જાણતાંજી, જાણીજે સંસાર. (૬૩)**

→ આથી ધ્યેયરૂપે નિશ્ચયને રાખીને વ્યવહારમાર્ગનું યથોચિત આચરણ કરવું જોઈએ. એકલો જ્ઞાની પણ તરી શકતો નથી કે એકલો

ક્રિયાશીલ પણ તરી શકતો નથી. **જ્ઞાનસાર ગ્રંથ**ના ક્રિયાષ્ટકમાં જ્ઞાની અને ક્રિયાશીલ આત્મા જ સ્વયં તરે છે અને બીજાને તારે છે, એમ સ્પષ્ટ કહ્યું છે.

**ज्ञानी क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः ।**
**स्वयं तीर्णो भवाम्भोधेः, परं तारयितुं क्षमः ॥९-१॥**

જ્ઞાની, ક્રિયામાં તત્પર, શાંત (કષાયના તાપથી રહિત), ભાવિતાત્મા (શુદ્ધસ્વરૂપમાં રમમાણ) અને જિતેન્દ્રિય આત્મા સ્વયં સંસારસાગરથી તરે છે અને (ઉપદેશ દ્વારા) બીજાને તારે છે.

**→ જ્ઞાનસાર ગ્રંથના ક્રિયાષ્ટકમાં ક્રિયાની અનન્ય કારણતા અને તેની ઉપર થયેલા આક્ષેપોનો સુંદર પરિહાર કરતાં કહ્યું છે કે,**[1]

(૧) ક્રિયા વિનાનું એકલું જ્ઞાન નિરર્થક છે. કોઈ વ્યક્તિ ઈષ્ટ નગરે જવાનો માર્ગ જાણે છે અર્થાત્ તેની પાસે માર્ગનું જ્ઞાન છે. પરંતુ જો તે ગતિ (ચાલવાની ક્રિયા) જ ન કરે, તો શું ઈષ્ટ નગરે પહોંચી શકે છે ? ન જ પહોંચી શકે. આથી એકલા જ્ઞાનથી સ્વસાધ્યની સિદ્ધિ થઈ જતી નથી. તે માટે સાધ્યને અનુકૂળ ક્રિયા પણ જોઈએ જ.

(૨) જ્ઞાનથી પૂર્ણ જીવને (સ્વ-પરના ભેદને બરાબર જાણનાર જીવને) પણ અવસરે (સ્વકાર્યને સાધવાના અવસરે) કાર્યને અનુકૂલ ક્રિયાની અપેક્ષા હોય જ છે. જેમ દીપક પોતે સ્વપ્રકાશ રૂપ છે. છતાં પણ જેમ તે તેલ પુરવા વગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે. તેમ જ્ઞાની

---

१. क्रियाविरहितं हन्त ! ज्ञानमात्रमनर्थकम् । गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ॥२॥ स्वानुकूलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते। प्रदीपः स्वप्रकाशोऽपि तैल-पूर्त्यादिकं यथा ॥३॥ बाह्यभावं पुरस्कृत्य, ये क्रियाऽव्यवहारतः। वदने कवलक्षेपम्, विना ते तृप्तिकाङ्क्षिणः ॥४॥ गुणवद्बहुमानादेर्नित्यस्मृत्या च सत्क्रिया । जातं न पातयेद् भावमजातं जनयेदपि ॥५॥ क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया। पतितस्यापि तद्भावप्रवृद्धिर्जायते पुनः ॥६॥ गुणवृद्ध्यै ततः कुर्यात् क्रियामस्खलनाय वा । एकं तु संयमस्थानं जिनानामवतिष्ठते ॥७॥ वचोऽनुष्ठानतोऽसङ्गक्रियासंगतिमङ्गति। सेयं ज्ञानक्रियाऽभेदभूमिरानन्दपिच्छला ॥८॥

પણ અવસરે ક્રિયાની અપેક્ષા રાખે છે. પૂર્ણજ્ઞાનીને પણ અવસરે સ્વભાવને અનુકૂલ ક્રિયાની આવશ્યકતા છે.

→ સમ્યગ્જ્ઞાની-સમ્યગ્દૃષ્ટિ આત્મા પ્રથમ સંવરની ક્રિયાઓની રુચિ રાખે છે અને દેશવિરતિ-સર્વવિરતિ ગ્રહણરૂપ ક્રિયાનો આશ્રય કરે છે. ચારિત્રયુક્ત સાધક પણ કેવલજ્ઞાનરૂપ કાર્ય પ્રાપ્ત કરવામાં રસિક હોય છે અને તેના માટે શુક્લધ્યાનમાં આરોહણ કરવારૂપ ક્રિયાનો આશ્રય કરે છે. કેવલજ્ઞાની પણ સર્વસંવર-પૂર્ણાનંદરૂપ કાર્યના અવસરે યોગનિરોધરૂપ ક્રિયાને કરે છે – **આથી જ કહ્યું છે કે, જ્ઞાની પણ ક્રિયાની અપેક્ષા રાખે છે.**

(૩) જે જીવો ક્રિયા તો બાહ્યભાવરૂપ છે, તેથી ક્રિયા કરવાથી શું લાભ થાય ! આપણે તો અંતર્ભાવોમાં યત્ન કરવાનો છે - આવું કહીને ક્રિયાઓનો નિષેધ કરે છે, તેઓ મુખમાં કોળીયો નાંખ્યા વિના તૃપ્તિને (ભૂખની શાંતિને) ઈચ્છનારા જીવો છે. જેમ મુખમાં કોળીયો નાંખ્યા વિના તૃપ્તિ મળી શકતી નથી. તેમ ધર્મક્રિયાઓ કર્યા વિના અંતર્ભાવોની પ્રાપ્તિ થતી નથી.

*(૪) તેથી અંતર્ભાવોની પ્રાપ્તિ કરવા અને તેને સ્થિર બનાવવા* માટે વીતરાગ પ્રરૂપિત ધર્મક્રિયાઓ અવશ્ય કરવી જોઈએ.

(૫) **સંપ્રાપ્ત શુભભાવોના સંરક્ષણ માટે સત્ક્રિયાની ખૂબ આવશ્યકતા છે.** સત્ક્રિયાથી અભિનવ શુભભાવોની પ્રાપ્તિ થાય છે અને સંપ્રાપ્ત શુભભાવોનું સંરક્ષણ થાય છે. **આથી જ શુભભાવોના સંરક્ષણ માટે જ્ઞાનીઓએ નીચેની સાત[૧] ક્રિયાઓ બતાવી છે** –

**(૧) નિત્યસ્મૃતિ** : જીવનમાં સ્વીકારેલા સમ્યક્ત્વ-વ્રતો-મહાવ્રતોનું હંમેશાં સ્મરણ કરવું. **(૨) બહુમાન** : સ્વીકારેલાં સમ્યક્ત્વ-વ્રતાદિ ઉપર

---

१. तम्हा णिच्चसइए बहुमाणेणं च अहिगयगुणिंमि पडिवक्खदुगंछाए, परिणइआलोयणेणं च ॥३६॥ तित्थंकरभत्तीए, सुसाहुजणपज्जुवासणाए य । उत्तरगुणसद्धाए इत्थ सया होइ जइयव्वं ॥३७॥ एवमसंतो वि, इमो जायइ जाओवि न पडइ कयाइ । ता एत्थं बुद्धिमया, अपमाओ होइ कायव्वो ॥३८॥ (पञ्चा.प्र.पञ्चा.१)

બહુમાન રાખવું. (૩) **પ્રતિપક્ષ જુગુપ્સા** : સમ્યક્ત્વ-મહાવ્રતોના પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ-હિંસાદિ ઉપર જુગુપ્સા ભાવ રાખવો. (૪) **પરિણતિ આલોચન** : સમ્યક્ત્વાદિ ગુણોના અને તેના પ્રતિપક્ષ મિથ્યાત્વાદિ દોષોના પરિણામની વિચારણા કરવી જોઈએ. (૫) **તીર્થંકરભક્તિ** : શ્રીતીર્થંકર પરમાત્માની ભક્તિ કરવી જોઈએ. (૬) **સુસાધુઓની સેવા** : સુસાધુઓની સેવા કરવી જોઈએ. (૭) **ઉત્તરગુણની શ્રદ્ધા** : જે ગુણોનો સ્વીકાર કર્યો હોય તેનાથી અધિક ગુણો ઉપર શ્રદ્ધા રાખવી જોઈએ. તેને પ્રાપ્ત કરવાની રુચિ કેળવવી જોઈએ. જેમ કે, સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો હોય તો દેશવિરતિની ઈચ્છા રાખવી જોઈએ. દેશવિરતિવાળાએ સર્વવિરતિની ઈચ્છા રાખવી જોઈએ. આ સાત ઉપાયોનું હંમેશાં સેવન કરવું જોઈએ.

(૫) **ક્ષાયોપશમિક ભાવમાં** (ચારિત્રના અનુયાયી વીર્યના ક્ષયોપશમ-ભાવમાં) **વર્તતાં જે વંદનાદિ ક્રિયા કરાય છે, તે ક્રિયાથી પતિતને** (સમ્યક્ત્વાદિ ગુણોથી પડેલાને) **પણ પુનઃ સમ્યક્ત્વાદિગુણ-ભાવની વૃદ્ધિ થાય છે.**[૧] (અહીં યાદ રાખવું કે, ઘાતી કર્મોના ક્ષયોપશમભાવમાં વર્તતાં જે વંદનાદિ ક્રિયા થાય તે ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિને કરનારી થાય છે અને તે જ વંદનાદિ ક્રિયાઓ ઔદયિકભાવમાં કરવામાં આવે તો તેવા પ્રકારના આત્મગુણને કરનારી થતી નથી.)

(૬) **તેથી (સત્ક્રિયાઓ આત્મગુણની કારણ હોવાથી) જ્ઞાનાદિ ગુણની વૃદ્ધિ માટે અવશ્ય સત્ક્રિયાઓ કરવી જોઈએ અને સ્વીકૃત ધર્મસ્થાનથી નીચે પડી ન જવાય તે માટે પણ ક્રિયાઓ કરવી જોઈએ.** જીવ અનાદિથી અશુભમાં પ્રવૃત્ત હતો. સત્ક્રિયાઓનું આલંબન ન હોય તો અશુભમાં રહેવાના સંસ્કારો તેને નીચે પાડવાનું કામ કરે છે. તેથી સત્ક્રિયાઓનું આલંબન પકડીને ઉપર ચઢવાનો પ્રયત્ન કરવો જોઈએ.

---

૧. खओवसमिगभावे, दढजत्तकयं सुहं अणुट्ठाणं । परिवडियं पि हु जायइ, पुणोवि तब्भाववुड्ढिकरं ॥३४॥ (पञ्चा. प्र.पञ्चा. ३)

(૭) **શ્રીજિનેશ્વર પરમાત્માના વચનાનુસારે અનેકવાર અનુષ્ઠાન (ધર્મક્રિયા) કરવાથી અસંગ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે.** દીર્ઘકાલ પર્યન્ત વચનાનુષ્ઠાનના સેવનથી ઘાતી કર્મોનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે. ત્યારે અસંગ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. અસંગ અનુષ્ઠાનમાં જ્ઞાનક્રિયાનો અભેદભાવ સધાય છે. શુદ્ધ ઉપયોગમાં શુદ્ધવીર્યોલ્લાસનો અભેદ સધાય છે.

**આથી સમગ્ર ચર્ચાનો સાર એક જ છે** કે, સત્ક્રિયાઓનો આદર-સેવન કરવો જોઈએ. તત્ત્વને જાણનારાઓ ક્રિયાનો ક્યારેય નિષેધ ન કરે. **ધર્મ આત્મામાં છે. પરંતુ આત્મામાં રહેલા રત્નત્રયીની પરિણતિરૂપ ધર્મને પ્રગટાવવા રત્નત્રયીની ક્રિયા કારણ છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને (નિશ્ચયને અભિમુખ) રત્નત્રયીની ક્રિયાઓ પણ ધર્મ છે અને તેથી ઉપાદેય છે.**[1]

### ➪ અનુષ્ઠાન (ક્રિયા) શુદ્ધિ :

**નિશ્ચયદષ્ટિ વિનાનું માત્ર બાહ્યદષ્ટિએ સેવાતું ધર્માનુષ્ઠાન શુદ્ધ નથી, નિશ્ચયદષ્ટિ સહિતનું અનુષ્ઠાન જ શુદ્ધ અનુષ્ઠાન છે.** શાસ્ત્રકાર મહર્ષિઓએ એક જ અનુષ્ઠાનના-ક્રિયાના આશયની શુદ્ધિ અને અશુદ્ધિના ભેદથી પાંચ પ્રકાર બનાવ્યાં છે. યોગબિંદુ ગ્રંથમાં આ મુજબ પાંચ પ્રકાર બતાવ્યા છે –

विषं गरोऽननुष्ठानं तद्धेतुरमृतं परम् ।
गुर्वादिपूजानुष्ठानमपेक्षादिविधानतः ॥१५५॥

– અપેક્ષાદિના વિધાનથી (અપેક્ષા-આશયોની ભિન્નતાના કારણે) ગુરુપૂજાદિ અનુષ્ઠાનના પાંચ ભેદ છે. (૧) વિષાનુષ્ઠાન, (૨) ગરલાનુષ્ઠાન, (૩) અનનુષ્ઠાન, (૪) તદ્દહેતુ અનુષ્ઠાન અને (૫) અમૃત અનુષ્ઠાન.[1]

---

१. तत्त्वज्ञाः क्रियानिषेधकाः, किन्तु क्रिया हि शुद्धरत्नत्रयीरुपवस्तुधर्मसाधने कारणम्, न धर्मः। धर्मत्वम् आत्मस्थमेव । उक्तं च श्रीहरिभद्रपूज्यैः दशवैकालिकवृत्तौ- 'धर्मसाधनत्वात् धर्म इति'। अतः द्रव्यक्रियां धर्मत्वेन गृह्णान्ति तत्कारणे कार्योपचार एव, नान्यः । (ज्ञानसार-ज्ञानमञ्जरी टीका ९-८)

* **(૧) વિષાનુષ્ઠાન** : આલોકના કીર્તિ-લબ્ધિ આદિની સ્પૃહાથી કરાતા ધર્મને **વિષાનુષ્ઠાન** કહેવાય છે. કીર્તિ આદિની સ્પૃહા (રાગાદિને ઉત્પન્ન કરવા દ્વારા ભાવપ્રાણોની નાશક હોવાના કારણે) વિષ સમાન હોવાથી એવી સ્પૃહાથી કરાતું ધર્માનુષ્ઠાન **વિષાનુષ્ઠાન** કહેવાય છે. એનાથી સત્ચિત્તનું મારણ થાય છે. **સંસારની વિમુખતા, મોક્ષની સન્મુખતા અને શુભભાવોની સંપત્તિ એ સત્ચિત્તનું સ્વરૂપ છે.** વિષાનુષ્ઠાનથી શુભભાવો ખતમ થાય છે અને સંસારસુખની રુચિ પ્રગટી જવાના કારણે મોક્ષની સન્મુખતા નંદવાઈ જાય છે. ચિત્તવૃત્તિઓ અત્યંત મલિન બની જાય છે. તદુપરાંત, શ્રીવીતરાગ પ્રરૂપિત અનુષ્ઠાન અનંત સુખમય મોક્ષનું પરમ કારણ હોવાથી મહાન છે. મહાન અનુષ્ઠાનનો અતિતુચ્છ કીર્તિ-લબ્ધિ અને ભોગો માટે ઉપયોગ કરવાથી અનુષ્ઠાનની લઘુતા થાય છે. જે અનુષ્ઠાનની મહાઆશાતના છે. તેના યોગે જીવને ખૂબ નુકશાન થાય છે. મહાન વસ્તુની કિંમત ઘટાડનારને મહાનવસ્તુ દુર્લભ બને તેવો કર્મબંધ થાય છે. આથી વિષાનુષ્ઠાન હેય છે.

* **ગરલાનુષ્ઠાન** : દિવ્ય ભોગોની અભિલાષાથી (પરલોકના દૈવી સુખોની અભિલાષાથી) કરાતા ગુરુપૂજાદિ અનુષ્ઠાનને ગરલાનુષ્ઠાન કહેવાય છે. કારણ કે, પૂર્વે કહ્યા મુજબની નીતિ અનુસાર ગરલાનુષ્ઠાન કાલાંતરે સત્ચિત્તનું મારણ કરે છે. (વિષ તુરંત મારવાનું કામ કરે છે. 'ગરલ' કુદ્રવ્યોના સંયોગથી બનતું એક પ્રકારનું વિષ જ છે, જે કાલાંતરે મારે છે.)

* **અનનુષ્ઠાન** : સન્નિપાતથી ઉપદ્રુત જીવને જેમ કોઈ અધ્યવસાય હોતો નથી, તેમ અત્યંત મુગ્ધ જીવના (કોઈ ચોક્કસ) અધ્યવસાય વિનાના અનુષ્ઠાનને **અનનુષ્ઠાન** કહેવાય છે. અર્થાત્ અત્યંત મુગ્ધ જીવ આત્મશુદ્ધિના કે આલોક-પરલોકના સુખ આદિ કોઈપણની અપેક્ષા વિના જે ગુરુપૂજાદિ ધર્મ સમૂચ્છિમપણે ગતાનુગતિકતાથી કરે છે, તેને અનનુષ્ઠાન કહેવાય છે. આ **અનુષ્ઠાન** નિષ્ફળ જાય છે.

* **તદ્હેતુ અનુષ્ઠાન** : તાત્ત્વિક અનુષ્ઠાનના (સદનુષ્ઠાનના) રાગથી

આદિધાર્મિક કાળમાં કરાતા દેવપૂજાદિ ધર્મને તદ્હેતુ અનુષ્ઠાન કહેવાય છે. **મુક્તિ પ્રત્યેના અદ્વેષથી કે આંશિક મુક્તિના રાગથી કરાતું તદ્હેતુ અનુષ્ઠાન આંશિક શુભભાવથી પ્રયુક્ત હોવાથી સદનુષ્ઠાનનું કારણ બને છે.**

*** અમૃત અનુષ્ઠાન :** ''શ્રીજિનેશ્વર પરમાત્માએ ફરમાવેલો માર્ગ જ તાત્ત્વિક છે - સાચો છે.'' - આવી જિનોદિત માર્ગની શ્રદ્ધાપૂર્વક તીવ્ર સંવેગના પરિણામ સાથે કરાતા અનુષ્ઠાનને **અમૃત અનુષ્ઠાન** કહેવાય છે.

**તદ્હેતુ અનુષ્ઠાનમાં મુક્તિ પ્રત્યે અનુકૂળભાવ હોય છે અને અમૃત અનુષ્ઠાનમાં મુક્તિ પ્રત્યે ગાઢ રાગ હોય છે.** પૂર્વોક્ત પાંચે અનુષ્ઠાનોમાં વિષ, ગરલ અને અનનુષ્ઠાન, આ ત્રણ અનુષ્ઠાનો ધ્યેયથી વિમુખ કરનારા હોવાથી હેય છે અને તદ્હેતુ અને અમૃત અનુષ્ઠાન ધ્યેયને પમાડનારા હોવાથી ઉપાદેય છે. આથી એ બે જ આદરણીય છે.

**પ્રશ્ન-૧૧ : ધ્યેયસાધક ધર્મવ્યવહારો આદરણીય છે, એ વાત તો અમને સમજાઈ છે. પરંતુ વાસ્તવમાં કયા ધર્મવ્યવહારો ધ્યેયસાધક-સાચા છે અને કયા ધર્મવ્યવહારો ધ્યેયબાધક-ખોટા છે ?**

**ઉત્તર :** પૂજ્ય અધ્યાત્મયોગી **શ્રીઆનંદઘનજી મહારાજા** સરળ શબ્દોમાં પૂર્વોક્ત પ્રશ્નનો ઉત્તર આપતાં સ્તવનમાં જણાવે છે કે,

**''વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો,**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઈ રાચો**
**ધાર તલવારની સોહિલી દોહિલી, ચૌદમા જિનતણી ચરણ સેવા.''**

**શ્રીજિનવચનથી નિરપેક્ષ ધર્મવ્યવહાર ધ્યેયબાધક હોવાથી ખોટો છે. તેનાથી સંસારવૃદ્ધિ થાય છે અને જિનવચનથી સાપેક્ષ વ્યવહાર ધ્યેયસાધક હોવાથી સાચો છે. તેનાથી સંસાર કપાય છે.**

આથી મોક્ષમાર્ગના દરેક સાધકે નિશ્ચય-વ્યવહારના સમન્વયસ્વરૂપ એવી જિનવચનાનુસારી ધર્મક્રિયાઓનો અવશ્ય આદર કરવો.

આ રીતે જિનશાસન અનુસારે જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે. એકલા જ્ઞાનને માને છે, તેઓની એ એકાંતદષ્ટિ છે. બંનેને માને છે, તેઓની એ અનેકાંતદષ્ટિ છે. અનેકાંતદષ્ટિ જ તારક છે. એકાંતદષ્ટિ મારક છે, આ ખાસ યાદ રાખવું. જગતના વ્યવહારો પણ ગવાહી પૂરે છે કે - જ્ઞાન-ક્રિયા ઉભયથી જ કોઈપણ કાર્યની સિદ્ધિ થાય છે.

**✵ ધર્મક્રિયાઓનો આદર ક્યાં સુધી કરવાનો ?**

જ્યાં સુધી જીવનમાં પ્રમાદ છે અને તેના કારણે વિભાવમાં ચાલ્યા જવાના સંસ્કારો વિદ્યમાન છે અને તેના જ કારણે નિરંતર નિરાલંબન ધ્યાનમાં રહેવાની ભૂમિકા સર્જાઈ નથી, ત્યાં સુધી મોક્ષમાર્ગના સાધકે પ્રમાદના પરિહાર અને વિભાવના નિવર્તન માટે તથા સ્વભાવની નિકટમાં રહેવા માટે ધર્મક્રિયાઓ અવશ્ય કરવાની જ છે, આવી શાસ્ત્રકાર મહર્ષિઓની આજ્ઞા છે.

આથી જ પ્રમત્ત ગુણસ્થાનકે રહેલા જે સાધુઓ નિરાલંબનધ્યાન કરવા ઈચ્છે છે, તેમને તે ધ્યાનનો નિષેધ બતાવતાં '**ગુણસ્થાનક ક્રમારોહ**' ગ્રંથમાં કહ્યું છે કે,

**यावत्प्रमादसंयुक्तस्तावत्तस्य न तिष्ठति ।**
**धर्मध्यानं निरालम्बमित्यूचुर्जिनभास्कराः ॥२१॥**

– શ્રી જિનેશ્વરો કહે છે કે, સાધુ જ્યાં સુધી પ્રમાદયુક્ત છે, ત્યાં સુધી તેને નિરાલંબન ધ્યાન ટકતું નથી.

પ્રમત્ત ગુણસ્થાનકમાં જે ધર્મધ્યાન હોય છે, તે પણ મધ્યમકક્ષાનું હોય છે તથા મધ્યમ ધર્મધ્યાનની પણ ગૌણતા કહી છે (અને પૂર્વે જણાવ્યા મુજબ નોકષાયના ઉદયના કારણે આર્ત્તધ્યાનની મુખ્યતા હોય છે.) તેથી ત્યાં નિરાલંબન એવા ઉત્કૃષ્ટ ધર્મધ્યાનનો સંભવ કેવી રીતે હોય ? અર્થાત્ નિરાલંબન ધર્મધ્યાન ન જ હોય.

**જે સાધક આવશ્યક ક્રિયાઓ છોડીને લોકમાં મહાન બનવાની (હું**

**ધ્યાની છું એવી મહાનતા બતાવવા માટે) ચેષ્ટા કરે છે, તેની તમામ ચેષ્ટાઓ મિથ્યાત્વથી મોહિત થયેલી છે. આથી ગુણસ્થાનક ક્રમારોહમાં કહ્યું છે કે,**

**प्रमाद्यावश्यकत्यागान्निश्चलं ध्यानमाश्रयेत् ।**
**योऽसौ नैवागमं जैनं, वेत्ति मिथ्यात्वमोहितः ॥३०॥**

– પ્રમાદયુક્ત એવા જે સાધુઓ આવશ્યક ક્રિયાઓનો ત્યાગ કરી નિરાલંબન ધ્યાનનો આશ્રય કરે છે, તે સાધુઓ મિથ્યાત્વથી મોહિત થયેલા હોવાથી શ્રીજિનેશ્વર પરમાત્માના સિદ્ધાન્તનું તત્ત્વ જાણતા નથી. કારણ કે, તે જીવો વ્યવહાર ક્રિયાને આદરતા નથી અને નિશ્ચયને પણ પામતા નથી. શ્રીજિનેશ્વર ભાષિત સિદ્ધાન્તના તત્ત્વજ્ઞોએ તો વ્યવહારપૂર્વક જ નિશ્ચય સાધવા યોગ્ય છે. **આથી શાસ્ત્રમાં કહ્યું છે કે,**

**जइ जिणमयं एव जहा, ता मा ववहार निच्छए मुअह ।**
**ववहारनउच्छेए तित्थच्छेओ जओ भणिओ ॥**

– જો જૈનસિદ્ધાંતને (જૈનમતને) જાણતો હોય, તો તું વ્યવહાર અને નિશ્ચય એ બેને ન છોડીશ. (નિશ્ચયદૃષ્ટિ હૃદયમાં ધારણ કરીને તમામ વ્યવહારોને પાળજે.) કારણ કે, વ્યવહારનયનો વિચ્છેદ થતાં તીર્થનો (જૈનશાસનનો) વિચ્છેદ કહ્યો છે. (થાય છે.)

→ **ગુણસ્થાનક ક્રમારોહમાં દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે કે,** જેમ કોઈક પુરુષ પોતાના ઘરે હંમેશાં હલકી કક્ષાનું ભોજન કરતો હોય અને તેમાં તેને કોઈકના ત્યાં જમવાનું આમંત્રણ મળે અને ત્યાં કોઈ વખત ન ખાધેલું એવું અપૂર્વ મિષ્ટાન્ન ખાવા મળે, ત્યારે તેને તેમાં મિષ્ટાન્નના સ્વાદના રસની લોલુપતા પેદા થાય, તેના કારણે તે પોતાના ઘરનું હલકું ભોજન સ્વાદરહિત હોવાથી જમતો નથી અને એના માટે દુર્લભ એવા મિષ્ટાન્નની અભિલાષા કરે છે, તેવી પરિસ્થિતિમાં તે પોતાના ઘરનું હલકું ભોજન પણ નહિ કરવાથી અને મિષ્ટાન્નને પણ નહીં પામવાથી બંને

ભોજનના અભાવે દુઃખી થાય છે. તે જ રીતે કદાગ્રહથી ગ્રસ્ત જીવ પ્રમત્ત ગુણસ્થાનકે સાધવા યોગ્ય અને (મોક્ષસાધનામાં અનુકૂળ સામગ્રી મેળવી આપનારા) સ્થૂલ પુણ્યની પુષ્ટિનું કારણ જે ષડાવશ્યક વગેરે ક્રિયાઓ છે, તેને કરતો નથી અને કોઈક વખત અપ્રમત્તગુણસ્થાનકમાં પ્રાપ્ત થવા યોગ્ય નિર્વિકલ્પ મનથી ઉત્પન્ન થયેલી સમાધિરૂપ નિરાલંબન ધ્યાનના અમૃતસમાન અંશથી પ્રાપ્ત પરમાનંદ સુખનો આસ્વાદ મળવાથી, પ્રમત્તગુણસ્થાનકમાં કરવા યોગ્ય ક્રિયાઓને હલકા ભોજન જેવી માનીને સાધતો નથી અને પ્રથમ સંઘયણ વગેરે તેવા પ્રકારના સંયોગોના અભાવે અપૂર્વ મિષ્ટાન્ન સમાન નિરાલંબન ધ્યાનને પણ પામતો નથી, આ રીતે ઉભયથી ભ્રષ્ટ થવાથી નિશ્ચે દુઃખી થાય છે.

વળી, પ્રમત્તગુણસ્થાનકે નિરાલંબન ધ્યાન સંભવી શકતું નથી અને આવશ્યકાદિ ક્રિયાઓના અભાવે દિવસ-રાત્રી સંબંધી લાગેલા દોષોનો પરિહાર પણ થતો નથી. તેના કારણે તેના દોષોની વૃદ્ધિ થાય છે, જે તેને દુઃખી કરે છે.

**તદ્દુપરાંત, ગુણસ્થાનક ક્રમારોહમાં સ્પષ્ટ કહ્યું છે કે,** પરમસંવેગરૂપી પર્વતના ઉચ્ચ શિખર ઉપર આરૂઢ થયેલા પૂર્વકાલીન મુનિ ભગવંતોએ પણ નિરાલંબન ધ્યાન સાધવાના માત્ર મનોરથ કરેલા શાસ્ત્રમાં (યોગશાસ્ત્ર વગેરેમાં) સંભળાય છે. પરંતુ આવશ્યકાદિ ક્રિયાઓનો ત્યાગ કરીને તેને પામવાના પ્રયત્ન કર્યા નથી. આથી વિવેકી જીવોએ વારંવાર અપ્રમત્તદશા પામવા છતાં પણ શુદ્ધ પરમાત્મ સ્વરૂપ પામવાના અને જાણવાના મનોરથો અવશ્ય કરવા, પરંતુ ષટ્કર્મ અને ષડાવશ્યક વગેરે ધર્મવ્યવહારોનો (ક્રિયાઓનો) ત્યાગ કરવો નહીં.

**આથી અન્ય શાસ્ત્રમાં કહ્યું છે કે,** યોગીઓ કલ્પલતા સમાન સમતાને પ્રાપ્ત કરીને સમતામાં રહેલા તેઓ સદાચારમયી બાહ્યપ્રવૃત્તિ અવશ્ય કરે છે. પરંતુ યોગના આગ્રહથી વ્યાપ્ત થયેલા જે જીવો સદાચારથી વિમુખ થઈ જાય છે, તેઓને યોગ પ્રાપ્ત થતો નથી અને તે જડ આત્માઓને

(પરમાર્થથી અજ્ઞાત જડ આત્માઓને) લોક (સદ્ગતિ) પણ પ્રાપ્ત થતો નથી. **આથી પ્રમત્તગુણ-સ્થાનકવર્તી સાધકોએ ષડાવશ્યક વગેરે ધર્મક્રિયાઓ ક્યારેય છોડવી નહીં, એમ જ્ઞાનીઓ કહે છે.**

**સારાંશ :** જૈનવાઙ્ગમયનું અવગાહન કરતાં સ્પષ્ટપણે ફલિત થાય છે કે – નવા ચાલું થયેલા તમામ પંથો 'ઉન્માર્ગ' સ્વરૂપ છે. તીર્થનો વિચ્છેદ કરનારા છે. તેમને જૈનધર્મના અનુયાયી હરગીજ કહેવાય નહીં.

**પ્રશ્ન-૧૨ : અન્ય ગચ્છીય સાધુઓ સાથે વંદનાદિ વ્યવહાર કરાતો નથી. તો પછી તેમના દ્વારા પ્રતિષ્ઠિત જિનબિંબોને વંદનાદિ કરવાનું કેમ (તપાગચ્છમાં) ચાલું છે ?**

**ઉત્તર :** આનો ઉત્તર **પૂ. મહોપાધ્યાયશ્રીજીએ '૧૦૧ બોલ સંગ્રહ'** માં ૯૯ મા બોલમાં નીચે મુજબ આપ્યો છે.

---

**''ગચ્છાંતરનો વેષધારી જિમ વંદવા યોગ્ય નહીં તિમ ગચ્છાંતરની પ્રતિમા વાંદવા યોગ્ય નહીં એહવું કહઈ છઈ તે ન ઘટઈ.**

જે માટે લિંગમાં ગુણ દોષ-વિચારણા કહી છઈ પણ પ્રતિમા સર્વશુદ્ધ રૂપ જ કહી. યતઃ

**जइविय पडिमाओ जहा, मुणिगुणसंकप्पकारणं लिंगं ।**
**उभयमिव अत्थि लिंगे, ण य पडिमासूभयं अत्थिं ॥१॥**

**- वंदनक निर्युक्ति**

---

→ વંદનક નિર્યુક્તિની આ ગાથા પૂ. હરિભદ્રસૂરિજી મહારાજા વિરચિત **સંબોધ પ્રકરણમાં ગાથા ૩૨૧** તરીકે ગ્રહણ કરાયેલ છે - તેનો ભાવાર્થ નીચે મુજબ છે –

**''જો કે, જેમ પ્રતિમા શુભ સંકલ્પનું કારણ છે, તેમ લિંગ (મુનિનો વેષ) પણ મુનિગુણ સંબંધી સંકલ્પનું (અધ્યવસાયનું) કારણ છે. તો પણ આ દૃષ્ટાંતની પ્રતિમા સાથે વિષમતા છે. કારણ કે, લિંગમાં સાવદ્ય અને નિરવદ્ય બંને ક્રિયા છે. તેમાં નિરવદ્ય ક્રિયાવાળા જ લિંગમાં**

**મુનિગુણનો સંકલ્પ થાય, તે શુભ છે અને તેનાથી પુણ્ય પ્રાપ્ત થાય છે. પણ સાવદ્ય ક્રિયાવાળા લિંગમાં જે મુનિગુણનો સંકલ્પ થાય તે ભ્રમરૂપ છે અને તેથી જ તે ક્લેશફળવાળો છે. પ્રતિમા તો પ્રવૃત્તિ રહિત હોવાથી સાવદ્ય-નિરવદ્ય બંને ક્રિયાઓ રહિત છે. તેથી તેમાં જિનગુણનો સંકલ્પ ક્લેશફલક ભ્રમરૂપ નથી.''**

→ સંબોધ પ્રકરણની ગાથા ૩૧૩ થી ૩૨૩ સુધી આ વિષયની વિશેષ સ્પષ્ટતાઓ કરી છે. ગાથા ૩૨૩ માં સ્પષ્ટતા કરી છે – **''જેમ ભાંડ આદિએ પહેરેલા નકલી (સાધુના) વેષને જાણવા છતાં નમસ્કાર કરનારને અવશ્ય પ્રવચનનિંદા આદિ દોષ લાગે છે, તેમ પ્રવચનની અપભ્રાજનાથી નિરપેક્ષ એવા પાર્શ્વસ્થાદિકને જાણવા છતાં વંદન કરનારને અવશ્ય આજ્ઞાવિરાધના આદિ દોષો લાગે.**

→ સેનપ્રશ્નમાં પણ આ વિષયમાં સ્પષ્ટીકરણ કર્યું છે - તે નીચે મુજબ છે.

---

**પ્રશ્ન :** જેણે પ્રતિષ્ઠિત કરેલું જિનબિંબ આપણાથી વંદાય છે, તો તેમને વંદના કેમ કરાતી નથી.

**ઉત્તર : ''पासत्थो ओसन्नो कुसील संसत्तो अहाछंदो ।**
**दुग दुग ति दु णेगविहा, अवंदणिज्जा जिणमयंमि ।।**

– બે પ્રકારના પાસત્થા, બે પ્રકારના ઓસન્ના, ત્રણ પ્રકારના કુશીલીયા, બે પ્રકારના સંસત્તા અને અનેક પ્રકારના યથાછંદા, જિનશાસનમાં અવંદનીય છે.'' **ઈત્યાદિ આગમ વચન છે**, તેથી વંદાતા નથી અને જિનબિંબો તો અન્ય દર્શનીઓએ ગ્રહણ કર્યા સિવાયના વંદનીક છે. ||૨-૨૬૬||

---

**પ્રશ્ન-૧૩ : અકબર બાદશાહ પ્રતિબોધક પૂ. હીરસૂરીશ્વરજી મહારાજા દ્વારા ઉદ્ઘોષિત કરાયેલા ૧૨ બોલના પાઠમાં તો કોઈને મિથ્યાત્વી કહેવા નહીં અને પરપક્ષીના પણ ધર્મકાર્યોની અનુમોદના કરી**

**શકાય એવું જે કહ્યું છે, તેની સાથે, તમે જે કહો છો, તેનો વિરોધ નથી આવતો ?**

**ઉત્તર** : પહેલા એક ખુલાસો કરી લઈએ કે - અત્યાર સુધી અમે કશું અમારા ઘરનું કહ્યું જ નથી અને જે કહ્યું છે તે શાસ્ત્રપંક્તિઓ ટાંકીને જ કહ્યું છે. તેથી તમારે એમ કહેવું જોઈએ કે - પૂજ્યશ્રીના બાર બોલ સાથે શાસ્ત્રવચનોનો વિરોધ નથી આવતો ? - તો તેનો ઉત્તર અમે હવે આપીશું. તમારા પ્રશ્નનો ઉત્તર આપતાં પૂર્વે તે પટ્ટકની તે બે કલમો જોઈ લઈએ. તે નીચે મુજબ છે –

---

(૧) પરપક્ષીનિં કુણિં કિસ્યું કઠિન વચન ન કહિવું. ૧.

[વર્તમાન ગુજરાતીમાં - પરપક્ષીને - સામાપક્ષવાળાને કોઈએ પણ કંઈ કઠણ વચન ન કહેવું.]

(૨) તથા 'પરપક્ષીકૃત ધર્મ્મ કાર્ય સર્વથા અનુમોદવા યોગ્ય નહીં' ઈમ કુણિં ન કહવું, જે માટે દાનરૂચિપણું દાખિણાલુંપણું, દયાણુપણું, પ્રિયભાષીપણું ઈત્યાદિક જે જે માર્ગાનુસારી ધર્મકાર્ય તે જિનશાસન થકી અનેરા સમસ્ત જીવ સંબંધિઆ શાસ્ત્રનિ અનુસારિં અનુમોદના યોગ્ય જણાઈ છઈ, તો જૈન પરપક્ષી સંબંધી માર્ગાનુસારી ધર્મ કર્ત્તવ્ય અનુમોદવા યોગ્ય હુઇ તે વાતનું સ્યું કહેવું ?

[વર્તમાન ગુજરાતીમાં - 'પરપક્ષીઓએ કરેલાં ધર્મકાર્યો સર્વથા અનુમોદવા યોગ્ય નથી.' એમ કોઈએ ન કહેવું (કિમ કે) દાનરૂચિપણું, દાક્ષિણ્યપણું, દયાળુપણું, પ્રિયભાષીપણું- ઈત્યાદિક જે જે માર્ગાનુસારી ધર્મકાર્ય, તે જિનશાસનથી અન્ય (જૈન સિવાયના અન્યદર્શની) કોઈ પણ જીવ સંબંધી હોય, તે શાસ્ત્રાનુસારી અનુમોદવા યોગ્ય જણાય છે. તો પછી જૈનમાંના જ પરપક્ષ સંબંધી માર્ગાનુસારી ધર્મકાર્યો અનુમોદવા યોગ્ય હોય તેમાં તો કહેવું જ શું ? ૨]

---

**સ્પષ્ટીકરણ** : (૧) **શ્રીદશવૈકાલિક સૂત્રકારશ્રી**એ સત્યવ્રતના યથાર્થ

પાલન માટે કોઈને પણ કઠિન વચનો બોલવાની ના પાડી છે. તે અનુસંધાનમાં પટ્ટકનો પ્રથમ બોલ છે. **અહીં ખુલાસો કરવો જરૂરી છે કે**, કોઈને ઉતારી પાડવા-માનહાનિના લક્ષ્યથી કે અંગત દ્વેષથી કાંણીયો, બહેરો અને તેની જેમ જ મિથ્યાત્વી કહેવાની આમાં ના પાડી છે. પરંતુ નિંદા-દ્વેષના ભાવ વિના કોઈ વ્યક્તિનો યથાર્થ પરિચય આપવાની ના પાડી નથી. શાસ્ત્રવચનને સમજાવતાં 'આવું આવું માને તે મિથ્યાત્વી બને' આવી વ્યાખ્યા કરવામાં આવે તો તે શાસ્ત્રાનુસારી વચન જ છે. પણ આ સમયે એવી માન્યતાવાળા કોઈ એમ સમજે અથવા બોલે કે 'જુઓ જુઓ આ લોકો અમને મિથ્યાત્વી કહે છે', તો આ કઈ રીતે યોગ્ય કહેવાય ?

**અહીં યાદ રાખવું કે, આપણે ત્યાં કાણાને કાણો નથી કહેવાતો, મિથ્યાત્વીને મિથ્યાત્વી નથી કહેવાતો. પરંતુ આવા આવા કાર્યો કરે કે આવી આવી શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા કરે તેને શાસ્ત્રે મિથ્યાત્વી કહેલા છે, એવો કહેવાનો વ્યવહાર ચાલે છે અને તેમાં કશો બાધ પણ નથી.**

→ **બીજા નંબરે**, પટ્ટક કોને કહેવાય ? તત્કાલીન શાસનધૂરી પૂ. આચાર્ય મહારાજાના આજ્ઞાપત્ર વિશેષને '**પટ્ટક**' કહેવાય છે. તેમાં ગચ્છ-સમુદાયને હિતશિક્ષાઓ અને નિયમોપનિયમો લખાયેલા હોય છે અને ગચ્છવાસી સાધુ ભગવંતોમાં પરિપત્રરૂપે ફેરવાતો હોય છે. તે પટ્ટક તત્કાલીન પરિસ્થિતિનો ખ્યાલ આપવામાં ઘણો હિસ્સો પૂરો પાડતો હોય છે. એટલે પટ્ટકો તત્કાલીન પરિસ્થિતિને વશ થતા હોય છે. કોઈને કઠિન શબ્દો કહીને પરિચય આપવાથી ક્લેશ વધતો હોય તો આત્માર્થી જ્ઞાનીઓ એવું ક્યારેય ન ઈચ્છે એ સ્હેજે સમજી શકાય છે અને એવી પરિસ્થિતિનું નિર્માણ થતાં આવી પટ્ટકની કલમો બનતી હોય છે.

બાકી ગ્રંથકારોએ ખુદે 'મિથ્યાદષ્ટિ' શબ્દોના પ્રયોગો કર્યા છે. અને એ બાર બોલમાં નીચે સૌથી પ્રથમ જેઓશ્રીએ સહી કરી છે, તેઓશ્રીએ

જ ઉત્સૂત્રભાષીઓનો મિથ્યાત્વી તરીકે પરિચય આપ્યો છે. તે વાત સેનપ્રશ્નગ્રંથમાં પ્રશ્નોત્તર ૩-૭૧૯ તરીકે સંગૃહિત થયેલ છે.

**તથા** પૂ.આ.ભ. **શ્રી સેનસૂરીશ્વરજી મહારાજા**એ કોઈને 'મિથ્યાદષ્ટિ' કહેવાય કે નહીં ? એવા પ્રશ્નના જવાબમાં (૩-૭૨૨ પ્રશ્નોત્તરમાં) કહ્યું છે - **''મિથ્યાદષ્ટિને મિથ્યાદષ્ટિ કહેવો કે ન કહેવો, તે વાત સમય આશ્રયી જાણવી.''**

પૂજ્યપાદશ્રીએ ના નથી પાડી. તેથી કોઈકવાર મિથ્યાદષ્ટિ જીવથી શાસન-માર્ગને નુકશાન થતું હોય તો જગતમાં તેને મિથ્યાદષ્ટિ તરીકે ખુલ્લો પાડી પણ શકાય છે. બાકી સામાન્યથી દશવૈકાલિકસૂત્રકારશ્રીના વિધાનોને અનુસરવાના હોય છે.

(૨) અન્યદર્શનના અનુયાયીઓના અને અન્યગચ્છીય સાધુ આદિના માર્ગાનુસારી ગુણોની અનુમોદના કરવાનું શાસ્ત્રથી વિહિત જ છે. તે સમકિતનું બીજ જ છે. પરંતુ જ્ઞાનીઓએ શરત મૂકી છે કે, તે ગુણો માર્ગાનુસારી જોઈએ. માર્ગવિરુદ્ધ હોય તો તેની અનુમોદના થતી નથી.

→ તદુપરાંત, મહોપાધ્યાયશ્રીએ **અમૃતવેલની સજ્ઝાય**માં કહ્યું છે કે -

**''અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે,**
**તે સવિ ચિત્ત અનુમોદીયે, સમકિત બીજ નિરધાર રે.''**

**અહીં ઉલ્લેખનીય છે કે** - પૂ. મહોપાધ્યાયશ્રીજીએ અન્યના ગુણોની અનુમોદના મનમાં કરવાની વાત કરી છે. પરંતુ જાહેરમાં એની પ્રશંસા કરવાની વાત કરી નથી. કારણ કે, તેમની પાસે અમુક ગુણો ભલે માર્ગાનુસારી છે પણ બાકી બીજું બધું ઘણું માર્ગવિરુદ્ધ છે. તેથી તેમના ગુણોની જાહેરમાં પ્રશંસા કરવામાં એ જોખમ છે કે, તેમની ખોટી વાતો પણ લોકો સાચી માનવાની ભૂલ કરે અને તેનાથી લોકોનું મિથ્યાત્વ વધી શકે છે. તેથી ચિત્તમાં જ અનુમોદના કરવાની વાત લખી છે.

વેશ્યા પાસે પણ રૂપ-ઉદારતા આદિ હોઈ શકે છે. પણ તેના વખાણ ન થાય.

વળી, જાહેર પ્રશંસામાં જેની પ્રશંસા થાય છે તેને પ્રોત્સાહન મળે છે. તેથી એક યા બીજી રીતે જો માર્ગવિરુદ્ધ કાર્યોને પ્રોત્સાહન મળે, તો અનર્થ થઈ જાય છે. તેથી જાહેરમાં પ્રશંસા કરવાની નથી.

→ **બીજી એક વાત નોંધનીય છે કે – આપણા ગુણાનુરાગને ખીલવવા-પુષ્ટ કરવા કોઈના પણ માર્ગાનુસારી ગુણોની અનુમોદના કરવી એ જુદી ચીજ છે અને માર્ગમાં નથી એવા મિથ્યામતિનો પરિચય-સંપર્ક ન કરવો - તેમની પ્રશંસા ન કરવી, એ જ્ઞાનીઓની આજ્ઞા પણ ધ્યાનમાં રાખવાની છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ-રક્ષા માટે એ ખૂબ જરૂરી છે.**

**વિશેષમાં...** માર્ગાનસારીપણું અન્યદર્શનમાં રહેલા જીવોને પણ સંભવે છે. પરંતુ તેમનું ચિત્ત જૈનશાસનનને અનુસરતું જ હોય. તેઓ તેવા પ્રકારના જ્ઞાનાવરણીય કર્મના અલ્પ ક્ષયોપશમને કારણે વાસ્તવિકતાને સમજી શકતા નથી. તેથી પોતાના દેવને (વીતરાગ ન હોવા છતાં) વીતરાગ માનીને પૂજે છે, પોતાના (આરંભમાં બેઠેલા) ગુરુને પણ નિર્ગ્રંથ માનીને આરાધે છે અને તેઓના યજ્ઞાદિ ધર્મને પણ અહિંસામય માનીને પાળે છે. છતાં વાસ્તવિકતા સમજાય તો પોતાના ખોટા માર્ગને છોડવાની તૈયારીવાળા હોય છે. તથા **અન્યદર્શનીઓનું માર્ગાનુસારીપણું સમ્યક્ત્વની પૂર્વાવસ્થા સ્વરૂપ હોય છે અને તેથી જ તેમનું ચિત્ત જૈનશાસનને અનુસરતું હોય છે. એક વાત ઉલ્લેખનીય છે કે, ત્યાં રહીને તેઓ યોગની ચોથી દૃષ્ટિ સુધી જ પહોંચી શકે છે. તે પછી તેમને તેમના અસત્યનો - ભ્રાન્તિઓનો અવશ્ય ત્યાગ કરવો જ પડે છે.** કદાચ કોઈક ત્યાં જ રહીને સમ્યગ્દર્શન પામીને યાવત્ મોક્ષમાં પહોંચી જાય એવું બને પણ તેમાં તે જીવે અંદરથી તો અસત્યનો-ભ્રાન્તિઓનો અવશ્ય ત્યાગ કરવો જ પડે છે. કદાચ કોઈક ત્યાં જ રહીને સમ્યગ્દર્શન પામીને યાવત્ મોક્ષમાં પહોંચી જાય એવું બને પણ તેમાં તે જીવે અંદરથી તો અસત્યનો-

ભ્રાન્તિઓનો-એકાંતવાસનાનો ત્યાગ કરેલો જ હોય છે. બાહ્યથી છોડવાનો સમય ન રહ્યો હોય કે સંયોગો અનુકૂળ ન હોય તો જ તે અસત્યમાં બેસી રહે છે, બાકી તો શિવરાજર્ષિની જેમ છોડી દેવાનું જ કામ કરે છે. **નજીકનું ઉદાહરણ જોઈએ તો સ્થાનકવાસી પંથમાં દીક્ષિત થનારા પૂજ્યપાદ આત્મારામજી મહારાજાને સ્થાનકવાસી પંથ ખોટો અને મૂર્તિપૂજક પંથ સાચો સમજાઈ ગયો, તે પછી પણ તેઓશ્રી સંયોગોને આધીન અમુક વર્ષ ત્યાં રહ્યાં છે, પરંતુ સંયોગો અનુકૂળ થતાં તુરંત એ અસત્યનો ત્યાગ કરી સત્યનો સ્વીકાર કરી લીધો છે.**

→ **બીજી વાત,** મોક્ષમાર્ગની ચાર પૈકીની પ્રથમ અપુનર્બંધક ભૂમિકામાં પ્રાપ્ત થતી 'માર્ગાનુસારિતા' સમ્યક્ત્વની પૂર્વાવસ્થા સ્વરૂપ છે અને દેશવિરતિ અને સર્વવિરતિ અવસ્થામાં જે માર્ગાનુસારીપણું હોય છે, તે માર્ગની યથાવસ્થિત પ્રવૃત્તિના પ્રારંભ અને વિકાસ સ્વરૂપ હોય છે.

→ **અગત્યની એક વાત અહીં જણાવવી જરૂરી છે કે –**

**પ્રભુના શાસનમાં કલિકાલના પ્રભાવે જ્યારે જ્યારે વિવિધ પ્રકારના મતો-પંથો સ્વમતિકલ્પનાથી નિકળ્યા હતા, ત્યારે ત્યારે તેનો પ્રતિકાર તત્કાલીન માર્ગસ્થ સમર્થ મહાપુરુષોએ કરેલો જ છે. યાવત્ તેની સમીક્ષા કરનારા ગ્રંથો પણ લખાયા છે.** તેમ છતાં એ સ્વકલ્પિત મત-પંથ પ્રવર્તાવનારાઓને સમજાવીને સાચા માર્ગમાં લાવી ન શકાયા હોય કે તેમના ખોટા મતના પ્રસારને અટકાવી ન શક્યા તે જુદી વાત છે. **પટ્ટકના સંદર્ભમાં વાત કરીએ તો અન્યના મતને 'તેમનો મત શાસ્ત્રાનુસારી છે' - તેવું પૂ.હીરસૂરીજી મહારાજાએ પણ એમના પટ્ટકમાં ક્યાંયે લખ્યું નથી.** તેથી એ પટ્ટક સંઘર્ષ ટાળવા માટે કરાયો હશે એવું માનવું વધારે ઉચિત છે અને **પૂ. હીરસૂરિજી મહારાજાના પહેલાના મહાપુરુષોના સમયથી તેઓની સાથે વંદનાદિના વ્યવહારો ન હતા એ પણ યાદ રાખવાની જરૂર છે.**

**પ્રશ્ન-૧૪ : શાસ્ત્રકારોની દૃષ્ટિએ મોક્ષમાર્ગમાં કોણ ગણાય અને સંસારમાર્ગમાં કોણ ગણાય ?**

**ઉત્તર** : આનો ઉત્તર પૂ.મહોપાધ્યાયશ્રીજીએ **'માર્ગબત્રીસી'**માં આપ્યો છે. તે શબ્દો આ રહ્યા –

**''साधुः श्राद्धश्च संविग्नपक्षी शिवपथास्त्रयः ।**
**शेषा भवपथा गेहिद्रव्यलिङ्गिकुलिङ्गिनः ॥''**

**અર્થ :** સાધુ, શ્રાવક અને સંવિગ્નપાક્ષિક - આ ત્રણ મોક્ષમાર્ગ છે. બાકીના ગૃહસ્થ, દ્રવ્યલિંગી (પાર્શ્વસ્થાદિ વેશધારી સાધુ) અને કુલિંગીઓ (અન્યદર્શનના સાધુઓ) આ ત્રણ સંસારમાર્ગ છે.

પૂ. મહોપાધ્યાયશ્રીજીનો આ જવાબ જ પર્યાપ્ત છે. જૈનશાસનના વાસ્તવિક માર્ગને જણાવનારો છે. તેથી માર્ગપ્રેમી દરેકને ગળ્યા શીરાની જેમ ગળે ઉતરી જ જાય. કદાચ કોઈકને આ જવાબ કડવો લાગતો હોય તોય આ વચન કડવું હોવા છતાં પણ અમૃત સમાન હિતકર વચન છે. તેનાથી મોક્ષમાર્ગમાં પ્રવેશવા અને ટકવા માટે શું કરવું જોઈએ - તેનો સાચો માર્ગ મળે છે.

આથી આ શાસ્ત્રવચનોનો રહસ્યાર્થ સમજીને ગુમરાહ ન થવા ભલામણ છે.

**પ્રશ્ન-૧૫ : સંઘમાં અમુક પ્રકારના મતભેદો ઉભા રાખી શકાય, એવું કેટલાક લોકો કહે છે, તે વાત વ્યાજબી છે કે નહીં ?**

**ઉત્તર** : એકદમ ગેરવ્યાજબી છે. તપાગચ્છની આ નીતિ-રીતિ નથી. છેલ્લા કેટલાયે વર્ષોથી તપાગચ્છની નીતિ-રીતિ જોતાં એ સ્પષ્ટ દેખાય છે કે - કોઈ વ્યક્તિ કે સમષ્ટિ કે સંઘ સાચા-ખોટાનો નિર્ણય જાણવા આવે ત્યારે તેને શાસ્ત્રાનુસારી જવાબ આપવો અને ખોટી માન્યતાઓને ખોટી કહેવી - તેનો પ્રતિકાર પણ કરવો - જગતના ચોગાનમાં જરૂર જણાય તો જોરશોરથી વિરોધ પણ કરવો. **તપાગચ્છીય મહાપુરુષોની**

**આવી નીતિ-રીતિના કારણે જ શાસન-માર્ગ એના મૂળ સ્વરૂપે જોવા-જાણવા મળે છે.**

આથી મતભેદો હોય, ત્યારે કયો મત શાસ્ત્રાનુસારી છે અને કયો શાસ્ત્રવિરુદ્ધ છે, તે સ્વયં જાણવું જોઈએ અને સત્યાર્થી જીવોને જણાવવું પણ જોઈએ. આવી નીતિ-રીતિ અપનાવ્યા પછી કોઈ પોતાની શાસ્ત્રવિરુદ્ધ માન્યતા છોડવા તૈયાર ન હોય તો તે તેને મુબારક. આપણે તે વાત ખોટી છે તે જાહેર કરવાનું અને તેનાથી દૂર રહેવાની સલાહ પણ આપવાની. **બાકી બધાને સારા, સાચા માનવાની અને બધાનો સંગ કરવાની સલાહ આપવી એ શાસ્ત્રમાન્ય માર્ગસ્થ સલાહ ન કહેવાય.**

'માન્યતાભેદ' ના અવસરે સાચી-ખોટી માન્યતાની પરીક્ષા કરવા માટેના સાધનો (શાસ્ત્ર-પરંપરા આદિ) ઉપલબ્ધ હોય ત્યારે પ્રશ્નમાં જણાવ્યા મુજબનું ક્યારેય બોલી શકાય નહીં.

**પ્રશ્ન-૧૬ : 'માન્યતાભેદ છે માટે તત્ત્વ કેવલીગમ્ય' આવું જે કહે તેને કયો દોષ લાગે ?**

**ઉત્તર :** વિશિષ્ટ શ્રુતધરોના બે અલગ મત માટે 'તત્ત્વ કેવલીગમ્ય' કહીને શ્રીલોકપ્રકાશ જેવા ગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ માન્યતાભેદ માટે તો પૂ.મહોપાધ્યાશ્રીજીએ એક શ્રાવકને લખેલા પત્રમાં જે કહ્યું છે, તે પત્રની વિગતો ખાસ ધ્યાનમાં લેવા જેવી છે –

**"જે લોકો માન્યતાભેદ અવસરે શાસ્ત્રમાંથી સત્યને શોધવાનો પ્રયત્ન કર્યા વિના પ્રમાદાદિથી કે સત્ય શોધવાની ઈચ્છા ન હોવાથી તત્ત્વનિર્ણય ન કરતાં, તત્ત્વ તો કેવલીગમ્ય છે, તેમ કહી તત્ત્વને અનિર્ણીત રાખે છે, એ મિથ્યાત્વી છે."**

**પ્રશ્ન-૧૭ : તો પછી 'तत्त्वं तु केवलिगम्यम्' ક્યારે કહેવાય ?**

**ઉત્તર :** જ્યારે બે અશઠ-ભવભીરૂ-ગીતાર્થ સુવિહિત મહાપુરુષોની વાત અલગ-અલગ આવે અને તેમના બે પક્ષમાંથી એક સાચો અને એક ખોટો સિદ્ધ કરનારું બીજું કોઈ પ્રબળ શાસ્ત્રોક્ત પ્રમાણ-યુક્તિ

(વિનિગમક) ન મળે, ત્યારે શાસ્ત્રકારો **'तत्त्वं तु केवलिगम्यम्'** કહેતા હોય છે. પરંતુ શાસ્ત્રોક્ત પ્રબળ પ્રમાણ-યુક્તિ મળતા હોય તો કયો પક્ષ સાચો અને કયો પક્ષ ખોટો તે નિર્ણય કરવાનો પુરુષાર્થ કરે જ છે. **આથી જ પૂ. મહોપાધ્યાયશ્રીજીએ** ''કેવલીને ક્રમશઃ જ્ઞાનદર્શનનો ઉપયોગ હોય કે માત્ર જ્ઞાનોપયોગ હોય કે બંનેનો એક સાથે એક સમયમાં ઉપયોગ હોય ?''

**– આ વિષયમાં ત્રણ શાસ્ત્રકાર મહાપુરુષોની અલગ-અલગ માન્યતા સામે આવી છે, ત્યારે તેનો નયસાપેક્ષ રીતે સમન્વય કર્યો છે**, પરંતુ 'તત્ત્વ કેવલી જાણે' એમ કહીને વાત મૂકી દીધી નથી. જેની વિગતો નીચે ટિપ્પણીમાં આપી છે.[૧]

---

૧. ''કેવલીને ક્રમશઃ જ્ઞાન-દર્શનનો ઉપયોગ હોય કે માત્ર જ્ઞાનોપયોગ હોય કે બંનેનો એક સાથે એકસમયમાં ઉપયોગ હોય'' - આ વિષયમાં ત્રણ શાસ્ત્રકાર મહાપુરુષો અલગ-અલગ માને છે. પોતાની માન્યતાની તરફેણમાં પ્રબળ યુક્તિઓ પણ આપી છે. છતાં પણ ત્રણેય મહાપુરુષોની માન્યતામાં જે પરસ્પર વિરોધ દેખાય છે, તે માત્ર નયસાપેક્ષ વિવક્ષાના કારણે જ છે. તે પરસ્પર વિરોધિ માન્યતાઓ નયભેદ પર અવલંબિત હોવાથી દોષરહિત છે અને અલગ-અલગ નયને અવલંબીને ત્રણે મહાપુરુષોની માન્યતા કઈ રીતે સાચી છે, તે પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ **જ્ઞાનબિંદુ ગ્રંથ**માં નયસાપેક્ષ રીતે સિદ્ધ કરી આપેલ છે. જે નીચે મુજબ છે -

**भेदग्राहिव्यवहृतिनयं संश्रितो मल्लवादी, पूज्याः प्रायः कारणफलयोः सीम्नि शुद्धर्जुसूत्रम्। भेदोच्छेदोन्मुखमधिगतः सङ्ग्रहं सिद्धसेनस्तस्मादेते न खलु विषमाः सूरिपक्षास्त्रयोऽपि ॥२॥**

**અર્થ : શ્રીમલ્લવાદીસૂરિ** મહારાજે ભેદગ્રાહી વ્યવહાર નયનો આશ્રય કર્યો છે. તેથી તેઓ જ્ઞાન-દર્શનમાં કાળભેદે ભેદ માનતા નથી, પરંતુ સ્વરૂપભેદ અવશ્ય માને છે. **પૂજ્ય શ્રી જિનભદ્રગણિ મહારાજા**એ કાર્ય-કારણ ભાવની મર્યાદા અંગે લગભગ શુદ્ધ ઋજુસૂત્ર નયનું અવલંબન કર્યું છે. તેથી તેઓ ક્ષણભેદથી પણ જ્ઞાન-દર્શનમાં ભેદ માનીને ક્રમવાદનું નિરૂપણ કરે છે. જ્યારે શ્રી સિદ્ધસેનસૂરિ મહારાજ, ક્ષણભેદ કે સ્વરૂપભેદ બન્નેનો ઉચ્છેદ કરવામાં અભિમુખ એવા સંગ્રહનયનો આશરો લે છે. તેથી તેઓ દર્શનને જ્ઞાનથી અભિન્ન માને છે. આ ત્રણે આચાર્યોના મતમાં પરસ્પર વૈમુખ્ય ભાસતું હોવા છતાં પણ નયભેદના કારણે તેમાં કોઈ વૈષમ્ય નથી, વિરોધ નથી. ।।૨।।

→ **અહીં ઉલ્લેખનીય છે કે** – વર્તમાનમાં જે માન્યતાભેદો પ્રવર્તે છે, તેમાં તો શાસ્ત્રાધારે સ્પષ્ટપણે સાચા-ખોટાનો ભેદ તારવી શકાય છે. તે માટે અનેક પ્રકારનું સુવિહિત સાહિત્ય પ્રકાશિત થયેલ છે. પરંતુ જરૂર છે - તપાગચ્છની સુવિહિત નીતિની.

→ **અહીં નોંધનીય છે કે** – જે લોકો આ ત્રણ મહાપુરુષોની માન્યતાભેદને આગળ કરીને ગપગોળા ચલાવે છે, તેઓ એક યા બીજી રીતે સત્યને છૂપાવવાનું કામ કરે છે. તેમના અપપ્રચારનો અહીં આંશિક જવાબ આપ્યો છે. વિશેષ પૂ. મહોપાધ્યાયશ્રીજી રચિત **જ્ઞાનબિંદુ** ગ્રંથથી જાણી લેવું.

→ **અહીં નોંધનીય છે કે** – માન્યતાભેદ ઘણા પ્રકારના હોય છે. એક માન્યતાભેદ સીધો આત્મકલ્યાણને સ્પર્શતો હોય. તેમાં તત્ત્વનિર્ણય કરવામાં ન આવે તો દર્શનાચારના 'નિઃશંકતા' આચારની ખામી ઉભી થતાં મિથ્યાત્વ દોષ લાગે છે અને મિથ્યાત્વથી નુકશાન થાય છે. બીજો માન્યતાભેદ માહિતીને લગતો હોય છે.

→ **ત્રીજો માન્યતાભેદ વિધિ-અવિધિને લગતો હોય છે.** જેમ કે, "શ્રાવકે સામાયિક દંડક (કરેમિ ભંતે) ઉચ્ચરાવતાં પૂર્વે 'ઈરિયાવહીં' કરવી જોઈએ કે નહીં ? આ વિષયમાં એક ગચ્છની એવી માન્યતા છે કે, સામાયિક દંડક ઉચ્ચરાવતાં પહેલાં 'ઈરિયાવહીં' કરવાની જરૂર નથી અને તપાગચ્છની માન્યતા છે કે – પહેલાં ઈરિયાવહી કરવી જરૂરી છે.

– તો આવા માન્યતાભેદમાં તત્ત્વનિર્ણય કરવો જ પડે. આથી પૂ.શ્રી આત્મારામજી મહારાજાએ 'ચતુર્થસ્તુતિનિર્ણય' નામના પોતાના ગ્રંથમાં સેનપ્રશ્ન, મહાનિશીથસૂત્ર, આવશ્યકનિર્યુક્તિ, દશવૈકાલિક વૃત્તિ, ભગવતીસૂત્ર, સંઘાચાર ભાષ્ય, પંચાશક પ્રકરણ વગેરે ગ્રંથોના આધારે 'સામાયિક દંડક ઉચ્ચરાવતાં પૂર્વે ઈરિયાવહી કરવી ફરજિયાત છે' એવું સિદ્ધ કરી આપ્યું છે.

→ **અહીં યાદ રહે કે – તપાગચ્છની ઉત્તમ નીતિ-રીતિ એ છે કે,**

**આવા વિષયમાં સામાચારીભેદ કહીને વિષયને લટકાવી ન રખાય. શાસ્ત્રાનુસારી વિધિ બતાવવી જ પડે. ન બતાવે અને અસ્પષ્ટ વાતો કરે તેને ઉત્સૂત્રનો દોષ લાગે જ.**

**→ આથી 'માન્યતાભેદ છે માટે કોઈનું ખંડન જ ન કરવું અને માન્યતાભેદ ઉભો રાખી બધાને સંઘમાં સમાવી લેવા.' આવી વાત કરવી એ શાસ્ત્રાનુસારી નથી. એ તપાગચ્છની નીતિ નથી. એમાં માત્રને માત્ર લોકસંજ્ઞાની પરવશતા દેખાય છે.**

→ જો બધી જ માન્યતાઓને ઉભી જ રાખવાની હોત અને કોઈનું ખંડન જ ન કરવાનું હોત... તો... ગ્રંથકાર મહર્ષિઓએ બધાનું ખંડન કરીને ભૂલ કરી છે એમ માનવું પડશે. પૂર્વકાલીન મહાપુરુષોએ સત્યરક્ષા-શાસ્ત્રાનુસારી માર્ગની રક્ષા માટે જે વિરોધો કર્યા હતા તે પણ તેમણે ભૂલ કરી હતી એમ માનવું પડશે ! – પરંતુ તેઓશ્રીઓએ ભૂલ કરી હતી એવું કહેવાની ગુસ્તાખી તો કોણ કરે ? જેને મિથ્યાત્વ પીડતું હોય તે જ ને ?

**→ એક અગત્યની વાત ઉલ્લેખનીય છે કે** – જ્યારે કપિલે મરીચિને પુછ્યું કે.... 'તમારામાં ધર્મ છે કે નહીં.' ત્યારે મરીચિએ 'અહીં પણ ધર્મ છે અને આદિનાથ પ્રભુના માર્ગમાં પણ ધર્મ છે' - આવો જવાબ આપ્યો. એટલે મરીચિએ સ્પષ્ટ જવાબ ન આપ્યો, પણ અસ્પષ્ટ જવાબ આપ્યો, તેથી તે ઉત્સૂત્ર કહેવાયું. આ ઉદાહરણ આપણને ઘણું કહી જાય છે.

**પ્રશ્ન-૧૮ : શાસ્ત્રમાં ઉત્સૂત્ર પ્રરૂપણા અને સસૂત્ર પ્રરૂપણાનું સ્વરૂપ કેવું બતાવ્યું છે ? અને ઉત્સૂત્રપ્રરૂપણાથી સંસાર કેમ વધે છે ?**

**ઉત્તર :** જે પ્રરૂપણા થાય - જે બોલવામાં આવે તે યથાસ્થિત, સ્ફુટ અને પ્રગટ બોલવામાં આવે તો તે **સસૂત્ર પ્રરૂપણા કહેવાય** છે. જિનવચનથી અન્યથા બોલવામાં આવે, જિનવચનના ભાવોને સ્ફુટ (સ્પષ્ટ) સ્વરૂપે કહેવામાં ન આવે અને જિનવચનને યથાર્થ રીતે પ્રગટ

પણે (કશું છૂપાવ્યા વિના પ્રગટરૂપે) બોલવામાં ન આવે તેને **ઉત્સૂત્રપ્રરૂપણા** કહેવાય છે અને તેનાથી સંસાર વધે છે, આથી જ **ઉપદેશમાલા** ગ્રંથમાં કહ્યું છે કે,

**''फुटपागडमकहंतो, जहट्ठियं बोहिलाभमुवहणइ ।**
**जह भगवओ विसालो जर-मरणहोयही आसि ॥''**

– સ્ફુટ, પ્રગટ અને યથાવસ્થિત કથન ન કરનાર માણસ (ઉપદેશક સાધુ, શ્રાવક વગેરે) બોધિનો નાશ કરે છે અને જેમ મહાવીર પરમાત્માનો (મરીચિના ભવમાં અપ્રગટ-અસ્પષ્ટ કથન કરવા સ્વરૂપ ઉત્સૂત્ર પ્રરૂપણાથી) જન્મ-જરા-મરણરૂપ સંસારસાગર વિશાલ (મોટો) થયો હતો, તેમ સંસાર વધે છે.

→ **ઉત્સૂત્ર પ્રરૂપણા વિષ છે.**

ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી અનંતસંસાર થાય છે. આથી **સંબોધ સપ્તતિ ગ્રંથમાં** કહ્યું છે કે,

**''कट्ठं करंति अप्पं, दमंति अत्थं चयंति धम्मत्थी ।**
**इक्कं न चयइ उस्सुत्तविसलवं जेण बुड्डंति ॥४८॥''**

– ધર્માર્થી આત્માઓ કષ્ટ વેઠે છે, આત્માનું દમન કરે છે અને ધનનો ત્યાગ કરે છે, પરંતુ (મિથ્યાત્વ નામના ભયંકર દોષને વશ બની) ઉત્સૂત્રરૂપ ઝેરના લેશને તજતા નથી, તેના કારણે સંસારમાં ડૂબે છે.

**સસૂત્ર પ્રરૂપણા અમૃત છે.** અમૃતના સિંચનથી આત્મગુણો ખીલી ઉઠે છે. **ઉત્સૂત્ર પ્રરૂપણા વિષ છે.** આ વિષના સંપર્કથી આત્મગુણો નાશ પામે છે, ક્લિષ્ટ કર્મબંધ થાય છે અને અકુશલ અનુબંધોનું ખૂબ સિંચન થાય છે. તેના યોગે આત્મા અનંતસંસારી થાય છે.

→ આથી જ **અન્ય શાસ્ત્ર**માં કહ્યું છે કે,

**''उस्सूत्तभासगाणं, बोहीनासो अणंत संसारो ।**
**पाणच्चए वि धीरा, उस्सूत्तं न भासंति ॥''**

– ઉત્સૂત્ર ભાષણ કરનારાઓનાં બોધિનો નાશ થાય છે અને અનંત સંસાર થાય છે. આથી ધીર પુરુષો પ્રાણાંતે પણ = પ્રાણત્યાગનો પ્રસંગ ઉપસ્થિત થવા છતાં પણ ઉત્સૂત્ર બોલતા નથી.

**ઉત્સૂત્રભાષણથી પ્રાપ્ત સમ્યગ્દર્શન નાશ પામે છે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાની ઉભી થયેલી સંભાવના પણ ખતમ થઈ જાય છે અને મિથ્યાત્વનો ઉદય થતાં મિથ્યાત્વના સંશ્લેષથી બધા જ ગુણો અસાર બની જાય છે અને આત્મામાં દોષો વધી જાય છે અને દોષોના બળ નીચે જીવો અનેક પ્રકારનાં પાપાનુબંધી પાપો કરીને અનંત સંસારી બની જાય છે.** બાહ્ય ધર્મના સંયોગો-ધર્મના વાતાવરણમાં અને અંતરંગ શુદ્ધિ કરનારા ગુણોની વિદ્યમાનતામાં જ જીવ સદ્ગતિઓની પરંપરા સર્જીને મોક્ષ સુધી પહોંચી જાય છે. ગાઢ મિથ્યાત્વ એ સર્વે સંયોગોને છીનવી લે છે અને આત્માના ગુણોને બાળી નાંખે છે. **આથી જ મિથ્યાત્વની ભયંકરતા બતાવતાં કહ્યું છે કે,**

**"न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् ।**
**न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥"**

– મિથ્યાત્વ સમાન (આત્મગુણોને લુંટી લેનારો) બીજો કોઈ શત્રુ નથી. મિથ્યાત્વ સમાન (ભાવપ્રાણોનો નાશ કરનારું) બીજું કોઈ વિષ નથી. મિથ્યાત્વ સમાન (આત્માના ભાવારોગ્યને હણી લેનાર) બીજો કોઈ રોગ નથી. મિથ્યાત્વ સમાન (આત્મામાં-જીવનમાં અંધકાર ફેલાવનાર) બીજો કોઈ અંધકાર નથી.

– **અહીં ઉલ્લેખનીય છે કે** - ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારા જે જીવને પ્રાયશ્ચિત્તનો ભાવ પ્રગટે છે, તે જીવ પ્રાયશ્ચિત્ત કરીને મિથ્યાત્વથી બચી શકે છે અને એનો સંસાર વધતો નથી અને જે જીવને પ્રાયશ્ચિત્તનો *ભાવ ન થાય તેને મિથ્યાત્વનો ઉદય થાય છે અને અશુભ અનુબંધો બાંધે છે, તેનો સંસાર વધે છે.*

**પ્રશ્ન-૧૯ : ઉત્સૂત્ર પ્રરૂપણાથી અનંત સંસાર કેમ ?**

**ઉત્તર** : ઉત્સૂત્ર પ્રરૂપણા એ જગતના જીવો સાથેનો દ્રોહ (વિશ્વાસઘાત) છે. જે જીવો આત્મહિત સાધવા માટે ઉપદેશ સાંભળવા આવ્યા છે કે કોઈક માર્ગ વિષયક અર્થાત્ વિધિ-અવિધિ આદિ માર્ગવિષયક પૃચ્છા કરે છે, ત્યારે તેમને ઉન્માર્ગ બતાવવો કે ભળતો જ માર્ગ બતાવવો કે અસ્પષ્ટમાર્ગ બતાવવો, તે તેમની સાથે વિશ્વાસઘાત છે. વિશ્વાસ મૂકીને આવેલા જીવોનો વિશ્વાસઘાત કરવો એ બહુ મોટું પાપ છે. અંદરનું અત્યંત રીઢાપણું અને અત્યંત મલિનતા વિના એ કાર્ય થઈ શકતું નથી. આથી તે મહાપાપ છે અને **ત્યાં સુધી જ્ઞાનીઓએ કહ્યું છે કે, જેમ શરણે આવેલા જીવનું મસ્તક કાપી નાંખવામાં આવે, તે વિશ્વાસઘાત છે અને તેથી મહાપાપ છે, એ જ પ્રમાણે ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારા પણ, સંસારથી ભયભીત અને સંસાર અટવીથી પાર ઉતરવાની ઈચ્છાથી શરણે આવેલા જીવોને, અનંતસંસારની ગર્તામાં ધકેલનારા ઉન્માર્ગને બતાવીને તેમના ભાવપ્રાણોરૂપ મસ્તકને કાપનાર છે અને તેથી વિશ્વાસઘાતી છે.** આ વાત **ઉપદેશમાલા** ગાથા-૫૧૮ માં કરી છે.

**"जह सरणमुवगयाणं, जीवाण सीरो निकिंतए जो उ ।**
**एवं आयरिओ वि हु, उस्सुत्तं पण्णवेंतो य ।।५१८।।"**

આથી અન્ય શાસ્ત્રમાં ઉત્સૂત્ર પ્રરૂપકને કસાઈ કરતાં પણ ખરાબ-જઘન્ય કહ્યા છે. કસાઈ તો જીવોના દ્રવ્યપ્રાણોનો નાશ કરીને એક ભવ ખતમ કરે છે. જ્યારે ઉત્સૂત્ર પ્રરૂપક તો જીવોને ઉન્માર્ગે ચઢાવીને મિથ્યાત્વના ભાગી બનાવી તેમના જ્ઞાનાદિ ભાવપ્રાણોને હરી લે છે અને તેનાથી જીવો ભવોભવ મરે છે.

– પ્રભુ મહાવીરે ત્રીજા **મરીચિજી**ના ભવમાં કપિલ નામના શિષ્ય આગળ અહીં સાધુપણું ક્યાં છે ? એવા પ્રશ્નના જવાબમાં "મારા (પરિવ્રાજક માર્ગમાં) પણ ધર્મ છે અને આદીનાથ પ્રભુના માર્ગમાં પણ

ધર્મ છે'', એવું અસ્પષ્ટ, સંદર્ભહીન, અવ્યવસ્થિત કથન કર્યું, તેના કારણે પ્રભુના આત્માનો સંસાર વધી ગયો હતો.

– પ્રભુના સંસારીપક્ષે જમાઈ અને દીક્ષિત જીવનમાં શિષ્ય એવા જમાલીજીએ સકલનયથી સાધ્ય એવા વ્યવહારને એકાંગી નયથી પકડીને ઉત્સૂત્ર પ્રરૂપણા કરી, તો તેઓએ પણ સંસાર વધાર્યો છે. પ્રભુના અન્યનયથી સાપેક્ષ એવા વ્યવહારનય પ્રધાન "**कडेमाणे कडे**" = "જે થઈ રહ્યું હોય, તે થઈ ગયું છે એમ કહેવાય." આ કથનનો વિરોધ કરીને અન્યનયથી (વ્યવહારનયથી) નિરપેક્ષ એકાંતે ઋજુસૂત્રનયથી ગર્ભિત "જે થઈ ગયું હોય, તે જ થયું એમ કહેવાય" આવી પ્રરૂપણા કરે છે. આ ઉત્સૂત્ર પ્રરૂપણા છે. તેના પ્રભાવે તેમનો સંસાર વધે છે.

– **અહીં ઉલ્લેખનીય છે કે** - જે જીવને ઉત્સૂત્ર પ્રરૂપણા કર્યા પછી પ્રાયશ્ચિત્તનો ભાવ પેદા થાય છે અને પ્રાયશ્ચિત્ત કરીને ભૂલ સુધારી લે છે, તે જીવ આત્મામાં અશુભ અનુબંધોનું સિંચન કરતો નથી અને એથી એનો સંસાર વધતો નથી. પરંતુ જે જીવને ઉત્સૂત્ર પ્રરૂપણા કર્યા પછી પ્રાયશ્ચિત્તનો ભાવ થતો નથી અને તેનાથી પાછો ફરતો નથી, તેના આત્મામાં અશુભ અનુબંધોનું સિંચન થાય છે અને સંસાર વધે છે. મિથ્યા અભિનિવેશની (અધ્યવસાયની) માત્રા અનુસારે સંસારની વૃદ્ધિ થાય છે અને ગાઢતમ મિથ્યા અભિનિવેશ હોય તો યાવત્ અનંત સંસાર પણ થઈ શકે છે.

### → સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત :

**અહીં મહાનિશીથસૂત્ર-૨૯ માં વર્ણવાયેલ અનંતસંસારી સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત યાદ આવે છે.** ઉપદેશપદ અને પ્રતિમાશતકમાં પણ ઉત્સૂત્ર પ્રરૂપણાની ભયંકરતા બતાવવા અને ઉન્માર્ગને સ્થિર કરવાની પ્રવૃત્તિ કેટલી ખતરનાક છે તે બતાવવા માટે આ ઉદાહરણ આપવામાં આવ્યું છે. સાવદ્યાચાર્યનો પ્રસંગ આ પ્રમાણે છે –

વર્તમાન ચોવીસીથી અનંતકાળ પૂર્વેની ચોવીસીમાં **શ્રીધર્મશ્રી** તીર્થંકર

થયા હતા. એમના શાસનમાં સાત અચ્છેરાઓ (આશ્ચર્યકારી ઘટનાઓ) થયા હતાં. તે પૈકીનું એક અસંયતોની પૂજા-સત્કાર સ્વરૂપ હતું, કે જે શ્રીધર્મશ્રી પ્રભુના નિર્વાણ પછી પ્રગટ્યું હતું. મોટાભાગનો લોકસમુદાય લોકપ્રવાહમાં તણાયેલો હતો, મિથ્યાત્વથી હણાયેલો હતો અને અસંયતોના પૂજા-સત્કારના રંગે રંગાયેલો હતો. આ બધું જોઈને જ્ઞાનરહિત, ગારવરસિક અને નામ માત્રથી આચાર્ય બની બેઠેલા સંયતોની મતિ ભ્રષ્ટ બની અને તેઓએ ગૃહસ્થો પાસેથી દ્રવ્ય એકઠું કરીને ચૈત્યોનું નિર્માણ ચાલું કર્યું અને તે ચૈત્યોના માલિક બની બેઠા અને એનો વહીવટ પૂજા વગેરે કરવા લાગ્યા.

**અહીં મહાવીર પ્રભુ ગૌતમસ્વામીને જણાવે છે કે, હે ગૌતમ ! જે કોઈ નિર્ગ્રંથ સાધુ કે સાધ્વી સ્વયં પૂર્વ રીતિએ દ્રવ્યસ્તવ કરે, તો તે સાધુ-સાધ્વી અસાધુ જાણવો, અસંયત ઓળખવો, દેવભોગી સમજવો, દેવાર્ચાગૃદ્ધ જાણવો, ઉન્માર્ગગામી જાણવો, શીલને દૂર તરછોડનારા કુશીલ તરીકે જાણવો અથવા તો તેને સ્વચ્છંદાચારી તરીકે સ્વીકારવો.** (મહાવીર પ્રભુ અને ગૌતમ મહારાજાનો આ સંવાદ નિશીથસૂત્ર-અધ્યયન-૫, સૂ-૨૯ માં આપેલો છે.)

આમ છતાં એ કાળે **શ્રીકુવલયપ્રભ** નામના માર્ગસ્થ અને પંચાચારની ચારિમાથી સંપન્ન આચાર્ય હતા. એકવાર શ્રીકુવલયપ્રભ આચાર્ય વિચરતા વિચરતા (એક જ ગામમાં નિત્યવાસ કરનારા અને ચૈત્યના માલિક બની બેઠેલા) નિત્યવાસી મુનિઓના ગામમાં-તેમના ઉપાશ્રયમાં પધારે છે. નિત્યવાસી મુનિઓ તેમનો યોગ્ય સત્કાર આદિ કરે છે. થોડો સમય ધર્મકથા વગેરેમાં વ્યતીત થાય છે. એટલા સમયમાં આચાર્યશ્રીએ તે નિત્યવાસી મુનિઓને ઓળખી લીધા કે, આ જીવો ભ્રષ્ટ છે અને લિંગમાત્રજીવી છે. તેમના સંગમાં રહેવાય નહીં. એટલામાં નિત્યવાસી મુનિઓએ આચાર્યશ્રીને તે ગામમાં ચાતુર્માસ કરવાની વિનંતી કરી અને આપના ઉપદેશથી ઘણા જિનાલયો તૈયાર થઈ જશે એવી વાત પણ

કરી. આચાર્યશ્રી નિપુણબુદ્ધિવાળા અને માર્ગસ્થ હતા. તેથી તેઓશ્રીએ નિત્યવાસી મુનિઓને વળતો ઉત્તર આપ્યો કે, **"તમારી વાત જો કે જિનાલયો સંબંધી છે, છતાં પણ એ સાવદ્ય છે. તેથી વચનમાત્રથી પણ હું તમે કહો છો તે રીતે આચરીશ નહીં."** આ રીતે માર્ગસ્થ ઉત્તર વાળવાના કારણે અને માર્ગમાં અત્યંત સ્થિર રહેવાના કારણે તેઓએ શ્રીતીર્થંકરનામકર્મ (નિકાચના કર્યા વિના) ઉપાર્જી લીધું અને પોતાનો સંસાર માત્ર એકભવ જેટલો ટૂંકો કરી નાંખ્યો. પરંતુ લિંગધારીઓને સત્ય વાત ગમે નહીં તે સ્વાભાવિક છે. તેથી તેમણે હોબાળો મચાવ્યો અને બધાએ ભેગા થઈને આચાર્યશ્રીના મૂળ નામને ગોપવીને **'સાવદ્યાચાર્ય'** એવું નામ પાડ્યું. ચારે તરફ વાયુવેગે આ નામ ફેલાઈ ગયું. આચાર્યશ્રી સમતા ગુમાવ્યા વિના શાંત રહ્યા, ગુસ્સે ન થયા. અન્યત્ર વિહાર કરી ગયા.

તે પછી કાળાંતરે જેને ધર્મ સાથે કોઈ લેવા-દેવા નથી, એવા તે અસંયતી સાધુઓએ ધર્મચર્ચાનો પ્રારંભ કર્યો-આગમતત્ત્વની વિચારણા શરૂ કરી. એમાં એમનો તત્ત્વાતત્ત્વના વિવેકને પામવાનો ઈરાદો નહોતો, પરંતુ પોતે જે લઈને બેઠા છે, તેને સમર્થન મળે તેની પેરવીમાં હતા. તેમાં ઘણો વિવાદ થાય છે, પરિણામ કંઈ આવતું નથી. એટલે પોતાની ચર્ચામાં કોઈક **'લવાદ'** રાખીએ એવા નિર્ણય ઉપર આવે છે. કોને લવાદ રાખવા એની પણ વિચારણા થાય છે. તેમાં સૌએ સંમતિથી **શ્રીસાવદ્યાચાર્ય**ને પ્રામાણિક જાણીને લવાદ તરીકે રાખવાનો નિર્ણય કર્યો. એ વખતે શ્રીસાવદ્યાચાર્ય દૂર વિચરતા હતા. એમને અન્ય વ્યક્તિ દ્વારા પોતાના ગામમાં આવવાની અને લવાદ બનવાની વિનંતી કરાઈ. શ્રીસાવદ્યાચાર્યએ વિનંતીનો સહર્ષ સ્વીકાર કરવાની ભૂલ કરી દીધી. સાત મહિનાનો ઉગ્ર વિહાર કરીને દૂરદેશથી તેઓ પધાર્યા. તે વેળાએ સાધુ-સાધ્વી એમને લેવા સામે જાય છે. તપથી તેજસ્વી બનેલી એમની કાયાને જોઈને એક સાધ્વીજી વિચારે છે કે, 'શું આ સાક્ષાત્ અરિહંત પધારી રહ્યા છે ? કે શું મૂર્તિમાન ધર્મ જ આવી રહ્યો છે ?' ઈત્યાદિ

વિચારણા કરે છે અને નજીકમાં આવી ગયેલા શ્રીસાવદ્યાચાર્યને ભાવોલ્લાસપૂર્વક ત્રણ પ્રદક્ષિણા આપી આપીને વંદન કરે છે. પણ વંદન કરવા જતાં સાધ્વીજીના મસ્તકે સાવદ્યાચાર્યના ચરણનો સ્પર્શ-સંઘટ્ટો થાય છે, તે લિંગધારી સાધુઓ જોઈ લે છે.

તે ગામના રોકાણ દરમ્યાન આચાર્યશ્રીની વાચનાનો પ્રવાહ અવિરતપણે ચાલી રહ્યો છે. તેમાં **'ગચ્છાચાર પયન્ના'** નામના ગ્રંથની વાચનાનો પ્રારંભ થયો. તેમાં એવા ભાવાર્થવાળી ગાથા આવી કે, **''જે ગચ્છમાં કારણે પણ જો સ્ત્રીના હાથનો અંતરિત સ્પર્શ થાય, તો અરિહંતો પણ પોતે તે ગચ્છને મૂળગુણથી રહિત કરે છે - કહે છે.''** - તે વખતે આચાર્યશ્રી પણ (પૂર્વના સાધ્વીજીના પ્રસંગની સ્મૃતિ થતાં) પોતાની જાત ઉપર શંકા જતાં વિચારમાં પડી જાય છે. તેઓ વિચારે છે કે, જો આ ગાથાનો યથાર્થ અર્થ કરીશ, તો મને વંદન કરતી સાધ્વીજીના મસ્તકનો સ્પર્શ મારા ચરણને થયેલો લિંગધારીઓએ જોયો છે અને હું જો ગાથાનો અર્થ જણાવીશ તો તેઓ એને લઈને મારી ફજેતી કરશે, તેથી શું કરું ? એકવાર તો મારું સાવદ્યાચાર્ય નામ પાડ્યું છે - આગળ વધારે ખરાબ ચીતરશે ! શું સૂત્રની અન્યથા (બીજી રીતે) પ્રરૂપણા કરૂં ? આમ ગહન વિચારમાં ડૂબી ગયા છે. પણ પાછો એમનો આત્મા જાગી જાય છે અને વિચારવા લાગે છે કે, ના ના... એમાં તો ભગવાનની મોટી આશાતના છે. તો પછી મારે શું કરવું ? શું ગાથા ગુપચાવી દઉં ? કે ગાથાને જુદી રીતે બોલી એનો જુદો અર્થ કરું ? - ત્યાં એમને શાસ્ત્રવચન યાદ આવે છે કે,

**''પોતાની ભૂલચુક, પ્રમાદ, સ્ખલના કે આશંકા વગેરે ભયથી જે ભિક્ષુક દ્વાદશાંગ શ્રુતજ્ઞાનના પદ-અક્ષર-માત્રા કે બિંદુને પણ છૂપાવે છે, અન્યથા પ્રરૂપે છે, અથવા સૂત્ર અને અર્થની પ્રરૂપણા સંદિગ્ધ કરે છે, અવિધિથી કરે છે, અયોગ્ય આગળ કરે છે, તે ભિક્ષુક અનંતકાળ સંસારમાં રખડે છે.''** તેથી એવા બધા વિચારોથી સર્યું. 'જે થવાનું હોય, તે

ભલે થાઓ' પણ ગુરુના ઉપદેશ પ્રમાણે જ યથાસ્થિત, સ્પષ્ટ, સ્ફુટ સૂત્રાર્થની પ્રરૂપણા જ કરીશ. આ રીતે વિચારીને શુદ્ધ પ્રરૂપણા કરે છે.

જેવી તેઓએ શુદ્ધપ્રરૂપણા કરી, ત્યારે જાણે કે રાહ જોઈને બેઠા હોય, તે રીતે લિંગધારીઓ સાધ્વીના વંદનની વાત આગળ કરીને પુછી લીધું કે, **"તો પછી તમે શું મૂળગુણથી રહિત છો ? તમને પણ સાધ્વીનો સ્પર્શ થયેલો જ છે."** – આ સાંભળી સાવદ્યાચાર્ય ખિન્ન બની જાય છે. ભારે વિમાસણમાં પડી જાય છે. આ આપત્તિનું નિવારણ કઈ રીતે કરું ? હું અપયશથી કઈ રીતે બચું ? વગેરે વિચારણા મનમાં ચાલે છે - **એ વખતે તેમને શ્રીતીર્થંકરના વચનો યાદ આવે છે કે** –

**"અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતોએ જે પાપસ્થાનોનો પ્રતિષેધ કર્યો છે, તે પાપસ્થાનોનું જ્ઞાન આચાર્ય, મહત્તર, ગચ્છાધિપતિ કે શ્રુતધરે મેળવી લેવું અને તે પાપસ્થાનોને સર્વથા ક્યારેય સ્વયં આચરવું નહીં, બીજા પાસે કરાવવું નહીં અને સ્વયં આચરતાની અનુમોદના કરવી નહીં... જે ભિક્ષુક ક્રોધ, માન, માયા, લોભ, ભય, હાસ્ય, ગારવ, દર્પ, પ્રમાદ અથવા વારંવાર ચૂક કે સ્ખલનાથી દિવસે કે રાતે, એકાંતમાં કે જાહેરમાં, સૂતેલા કે જાગૃત, મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદના દ્વારા તે પાપસ્થાનકોમાંથી કોઈપણ પાપસ્થાનોને સેવે છે, તે ભિક્ષુક વારંવાર નિંદનીય છે, ગર્હણીય છે, જુગુપ્સનીય છે, ઠપકાપાત્ર છે, આ ભિક્ષુક સર્વ લોકમાં બધે જ પરાભવ પામતો છતો બહુવ્યાધિ-વેદનાથી વ્યાપ્ત શરીરવાળો થઈ ઉત્કૃષ્ટસ્થિતિ માટે અનંતસંસારસાગરમાં ભમે છે અને આ સંસારસાગરમાં પરિભ્રમણ કરતો તે ક્ષણમાત્ર પણ સુખશાંતિને પામી શકતો નથી."**

– આ રીતે વિચાર કરી પોતાના પ્રમાદનો પશ્ચાત્તાપ કરતા સાવદ્યાચાર્ય વિચાર કરે છે કે - એક પ્રમાદે મારા જીવનમાં ઘણી મોટી આપત્તિ ઉભી કરી છે, મારું શું થશે ? મારે કેવા દુઃખો વેઠવા પડશે ? વગેરે વિચારીને વિલખા પડી જાય છે. નાનકડો પ્રમાદ જીવનમાં કેવી

ખાનાખરાબી સર્જે છે ? આચાર્યશ્રી ધ્રુજી ઉઠ્યા છે. આ જોઈને તક શોધતા લિંગધારીઓ કહે છે કે, "જ્યાં સુધી અમારો આ સંશય નહિ છેદાય ત્યાં સુધી આગમવાચના આગળ નહીં ચાલે, તેથી યુક્તિયુક્ત અને કુગ્રહનાશક પરિહાર બતાવો અને એ પરિહાર સંમત હોવો જોઈએ." – તે વખતે સાવદ્યાચાર્યે વિચાર્યું કે, આ લોકોને જવાબ આપ્યા વિના ચાલશે નહીં અને કયો ઉત્તર આપવો એ સમજાતું નથી ! – આચાર્યશ્રીને વિચારમાં ડૂબેલા જોઈને દુરાગ્રહી લિંગધારીઓ પૂછે છે કે, "કેમ ચિંતાસાગરમાં ડૂબેલા છો ? જવાબ આપો. પરંતુ તે યથોક્ત ક્રિયાને સંગત હોવો જોઈએ." – આ સાંભળીને **સાવદ્યાચાર્યે** ખૂબ વિચાર કર્યો અને ખિન્ન બનીને બોલ્યા કે.. **"આ જ કારણસર ગુરુએ કહ્યું છે કે, કાચા ઘડામાં પાણી નાંખવામાં આવે તો જેમ ઘડાનો વિનાશ થાય છે, તેમ અયોગ્યને સૂત્ર-અર્થ આપવામાં આવે તો અનર્થ થાય છે, તેથી આપવા નહીં."** આ સાંભળીને **વેષધારીઓ** બોલ્યા કે, "અરે ! આ તમે શું ગરબડ ગોટાળા કરો છો ? સંબંધ વિનાની તુચ્છ વાત કેમ કરો છો ? જો યોગ્ય જવાબ ન આપી શકતા હોવ તો અહીંથી ઉઠીને તમારા આસન ઉપર જાઓ અને અહીંથી જલ્દીથી ચાલ્યા જાઓ અને ખરેખર શું દૈવ કોપ્યું છે કે શું, કે જેથી સર્વ સંઘે તમારા જેવાને પ્રમાણભૂત કરીને આગમતત્ત્વનો ઉપદેશ આપવા તમને આદેશ કર્યો." – આ સાંભળીને સાવદ્યાચાર્યને ખૂબ આઘાત લાગ્યો અને મનમાં ભારે પીડા ઉપડી. લિંગધારીઓનો માનસિક ત્રાસ પામેલા અને આલોકના તુચ્છ યશને બચાવવા પ્રયત્ન કરતા સાવદ્યાચાર્ય બોલ્યા કે, **"તમે લોકો સમજતા નથી, ઉત્સર્ગ અને અપવાદ એ બે ઉપર આગમ નિર્ભર છે. જિનશાસનમાં એકાંતમાં મિથ્યાત્વ રહેલું છે. ભગવાનની આજ્ઞા અનેકાંતમય છે."** – આ વચન ઉચ્ચારીને સાવદ્યાચાર્યે પોતાની સાધના બાળી નાંખી અને પોતાના ઉપર આવેલા અપયશના ભયની આપત્તિને ટાળવા ઉત્સૂત્ર બોલીને પોતાનો સંસાર વધારી દીધો. કારણ કે, એ

વચન બોલવામાં ગર્ભિતપણે પોતાને થયેલો સ્ત્રીનો સ્પર્શ, એ અપવાદિક છે અને તેથી હું મૂળગુણથી રહિત નથી, એવું બતાવવાનો આશય છે. **પરંતુ એ વખતે સ્ત્રીના સ્પર્શનો સર્વથા નિષેધ છે એ જિનવચનની ઉપેક્ષા કરવામાં આવી છે અને જાણવા છતાં સર્વથા નિષિદ્ધ પ્રવૃત્તિને અપવાદિક પ્રવૃત્તિ બતાવી છે અને સાથે સાથે ભિક્ષુક માટે સર્વથા નિષિદ્ધ એવી ચૈત્ય આદિ કરાવવા વગેરેની પ્રવૃત્તિઓને "પ્રભુવચન અનેકાંતમય છે" એમ કહીને અપવાદિક પ્રવૃત્તિ તરીકે ફલિત કરી દીધી છે અને એ બધી પ્રવૃત્તિઓ યોગ્ય છે એવો સિક્કો મારી આપ્યો છે. જે ઉન્માર્ગને પ્રોત્સાહન આપવા અને સ્થિર કરવા બરાબર છે.**

આ રીતે ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી અને ઉન્માર્ગને પ્રોત્સાહન આપવાથી તેમણે પૂર્વે ભેગા કરેલા તીર્થંકર નામકર્મના કર્મદલિકો વિખરાઈ જાય છે અને એકભવ સીમિત કરેલો સંસારસમુદ્ર વિરાટ બની જાય છે. એ સેવાયેલા પાપની આલોચના કર્યા વિના સાવદ્યાચાર્ય મૃત્યુ પામે છે. અને વ્યંતરદેવ થાય છે. તે પછી સાવદ્યાચાર્યનું જે અનંત સંસાર પરિભ્રમણ થાય છે, તે કેવું છે, તે પ્રભુના મુખે જ સાંભળીએ – પ્રભુ કહે છે કે, "**હે ગૌતમ ! આ પ્રમાણે જન્મ-મરણ વડે ચૌદ રાજલોકના પ્રત્યેક પ્રદેશની સ્પર્શના કરતાં કરતાં અને ચોર્યાસી લાખ યોનિમાં રખડતાં રખડતાં એવા એ સાવદ્યાચાર્યના જીવે આ ઘોર-રૌદ્ર સંસારમાં અત્યંતદીર્ઘ અનંતકાળ ભારે ત્રાસ-પીડા-રોગ-કષ્ટ-દુઃખ અને પ્રતિકૂળતાઓથી પૂર્ણ કર્યો અને અહીં ભરતક્ષેત્રમાં જ્યારે શ્રીપાર્શ્વપ્રભુનો શાસનકાળ ચાલતો હતો, ત્યારે એ સાવદ્યાચાર્યનો જીવ પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઈ તારકતીર્થંકર પરમાત્માના સંગે સન્માર્ગે આવે છે, ત્યારે સંવેગ-નિર્વેદના પરિણામ પામીને સંયમ સ્વીકારી પ્રભુ આજ્ઞાને યથાર્થ રીતે પાળી સર્વકર્મનો ક્ષય કરી મોક્ષમાં ગયો હતો.**"

**કહેવાનો સાર એ છે કે**, સાવદ્યાચાર્યે સર્વથા નિષિદ્ધ એવા મૈથુનસ્થળે પણ અનેકાંતવાદ બતાવી **સૂત્રનું ઉલ્લંઘન કર્યું છે અને સૂત્રનું ઉલ્લંઘન**

**એ સન્માર્ગનો નાશ કરે છે. તેનાથી ઉન્માર્ગનું પોષણ થાય છે અને ઉન્માર્ગને પોષણ આપવાથી જિનાજ્ઞાનો ભંગ થાય છે અને જિનાજ્ઞાના ભંગથી અનંતસંસારી થવાય છે.**

અહીં પરમાત્મા અને શ્રીગૌતમસ્વામી વચ્ચેનો સંવાદ ઘણો લાંબો છે અને તે ખૂબ મનનીય છે. તથા સાવદ્યાચાર્યની અનંત રખડપટ્ટીનું વર્ણન કાળજું કંપાવી નાંખે તેવું ભયંકર છે. પરંતુ વિસ્તારભયથી તે અહીં લીધેલ નથી. અનેકવાર નરકની મુલાકાત એમના આત્માને લેવી પડી છે. **મિથ્યાત્વના ઉદયે બુદ્ધિમાં પેદા થતો વિપર્યાસ કેવો ખતરનાક છે, તે સાવદ્યાચાર્યના ઉદાહરણથી સમજી શકાય છે અને ભૂલ થયા પછી આલૌકિક તુચ્છ યશની રક્ષા કરવા માટે અને અપયશના ભયથી ભૂલ સુધારવામાં ન આવે તો આત્માની કેવી દુર્દશા થાય છે, તે પણ વિચરવા જેવું છે.**

**પ્રશ્ન-૨૦ : દાદા ભગવાન શ્રીકૃષ્ણ-શિવ અને મહાવીરને ભેગા કરે છે તે યોગ્ય છે ?**

**ઉત્તર :** આ એકદમ અયોગ્ય તો છે જ. સાથે સાથે મહામિથ્યાત્વનો કારમો વિલાસ પણ છે. તેમનું પરાક્રમ પણ જોવા જેવું છે. તેમની એક પુસ્તકમાં નીચેનો ત્રિમંત્ર આપ્યો છે –

**→ સંસાર વિઘ્નો નિવારક ત્રિમંત્ર**

નમો અરિહંતાણ, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલમ્ ।।૧।। ૐ નમો ભગવતે વાસુદેવાય ।।૨।। ૐ નમઃ શિવાય ।।૩।। જય સચ્ચિદાનંદ.

→ આ મિથ્યાત્વનો કારમો વિલાસ છે. લોકોત્તર પંચપરમેષ્ઠિની હરોળમાં લૌકિક દેવોને મૂકીને લોકોત્તર તત્ત્વોની મહા આશાતના કરવામાં આવે છે.

→ **તેમ છતાં આવા લોકોને જિનના અનુયાયી કહેવા એ જિનનો દ્રોહ છે. જિનના અનુયાયીઓ સાથે પણ વિશ્વાસઘાત છે. સાથે સાથે સ્યાદ્વાદી હોવાનો મોટામાં મોટો દંભ છે.** આપણા શાસ્ત્રકારોએ અન્યદર્શનો-પંથોની (જિનશાસનમાંથી ગયેલી) વાતોનો નયસાપેક્ષ સમન્વય કર્યો છે, પરંતુ લોકોત્તર અને લૌકિક શાસનો તથા તેના દેવ-ગુરુ-ધર્મને એક હરોળમાં મૂકવાનું કામ ક્યારેય કર્યું નથી. નયસાપેક્ષ સમન્વય કરવો એ નયગર્ભિત વાણી છે. જ્યારે સાચા-ખોટાને ભેગું કરવું એ મિથ્યાત્વ છે.

**પ્રશ્ન-૨૧ : અન્ય દર્શનકારો તથા ગૃહસ્થ સર્જિત નવા પંથવાળા પ્રત્યે આરાધકોનું વલણ કેવું હોવું જોઈએ ?**

**ઉત્તર :** તે બધા સર્વજ્ઞ શાસનથી વિપરીત એવા ઉન્માર્ગમાં હોવાથી સર્વજ્ઞ શાસનમાં સ્થિર રહેવા તેમનાથી દૂર રહેવું જોઈએ. કારણ કે, મિથ્યામતિનો પરિચય કરવો તે સમ્યક્ત્વનું દૂષણ છે અને સમ્યક્ત્વની ચાર સદ્દહણા પૈકીની ત્રીજી-ચોથી સદ્દહણામાં શ્રદ્ધાભ્રષ્ટ પાર્શ્વસ્થાદિ લોકોનો સંસર્ગ કરવાનો અને પરદર્શીઓનો સંગ કરવાની સ્પષ્ટ ના પાડી છે. ત્યાં અંતે કહ્યું છે કે –

**"હીણા તણો જે સંગ ન ત્યજે, તેહનો ગુણ નવિ રહે**
**જ્યું જલધિ-જલમાં ભળ્યું, ગંગા-નીર લૂણપણું લહે."**

→ **ફરી એકવાર ખુલાસો કરી લઈએ કે,** તે તે કાળે કદાગ્રહને વશ બનીને, તે તે ત્રાહિત વ્યક્તિઓ દ્વારા નવા મતો સ્થપાયા તે બધા શાસ્ત્રવિરુદ્ધ છે. માત્ર તપાગચ્છ જ શાસ્ત્રશુદ્ધ પરંપરાને વહન કરે છે. કોઈને અટકાવી ન શક્યા એ કલિકાલની બલિહારી અને એ જીવોની નિયતિ. પરંતુ એટલા માત્રથી બધાને જિનના અનુયાયી કહી દેવાનું સાહસ ન કરી દેવાય !

→ **હવે જ્યારે વલણ કેવા પ્રકારનું રાખવું ? એ પ્રશ્ન છે, તો તેના અંગે એટલું જ કહેવાનું છે કે,** તેમના પ્રત્યે મૈત્રી-કરૂણા ભાવના રાખવાની છે, દૃષ્ટિરાગ-અસૂયા ગર્ભિત દ્વેષ કરવાનો નથી, તેઓ પણ સન્માર્ગને

પામે એવી સદ્ભાવના જ રાખવાની છે. વર્તમાનમાં તેઓ માની શકે તેમ ન હોવાથી તેમના પ્રત્યે ઉપેક્ષાભાવના રાખવાની છે.

આમ તો માર્ગભુલેલા જીવોને માર્ગમાં લાવવાનો પુરુષાર્થ સૌથી પ્રથમ કરવાનો છે. શાસન પામેલાનું - સમજેલાનું એ પરમકર્તવ્ય છે. પરંતુ તેઓ જ્યારે માનવા તૈયાર જ ન હોય, ત્યારે તેમના પ્રત્યે માધ્યસ્થ્યભાવ = ઉપેક્ષાભાવ ધારણ કરીને આપણી સમતાને સુરક્ષિત રાખવાની છે. આથી જ એક જગ્યાએ કહ્યું છે કે –

**''માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.''**

– અમારો આ જ પ્રયત્ન છે. કોઈને મિથ્યાત્વી કહેવાનો કે ઠેરવવાનો આ પ્રયત્ન નથી. બાકી ઉન્માર્ગમાં રહેલાને, 'તે પણ જિનનો અનુયાયી ગણાય' વગેરે વગેરે કહીને તેને સારું લગાડવાનું કામ પણ અમારાથી ન થાય, એ તો હિતશત્રુનું કામ છે.

આત્માર્થી-પરહિતાર્થી ઉપદેશક જીવો બીજાનું સારું કરવા ઈચ્છે છે. પણ તે સારું લગાડવા માટે નહીં. સારું કરવા માટે સત્ય-અસત્ય, મિથ્યાત્વ-સમ્યક્ત્વ, સુ-કુ ની ભેદરેખા પાડવી જ પડે. સૌ જાણે છે કે - આરોગ્યને પ્રાપ્ત કરાવનારા મોટા ભાગના ઔષધો કડવા જ હોય છે.

**પ્રશ્ન-૨૨ : શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા કરનારા, શાસ્ત્રવિરુદ્ધ વિચારધારા ધરાવનારા જીવોનો વૈરાગ્ય કયા પ્રકારનો હોય છે ?**

**ઉત્તર :** આનો ઉત્તર પૂ. મહોપાધ્યાયશ્રીજીએ અધ્યાત્મસારમાં નીચે મુજબ આપ્યો છે.

**सिद्धान्तमुपजीव्यापि, ये विरुद्धार्थभाषिणः ।**
**तेषामप्येतदेवेष्टं, कुर्वतामपि दुष्करम् ॥६-९॥**

**ભાવાર્થ :** જૈનસિદ્ધાંતનો આશ્રય લઈને (જીવવા છતાં) પણ જેઓ તેનું વિરુદ્ધ અર્થઘટન કરે છે – જૈનસિદ્ધાંતથી વિરુદ્ધ બોલે છે – તેઓ

દુષ્કર તપશ્ચર્યા આદિ કરતા હોવા છતાં પણ તેઓનો વૈરાગ્ય એવો જ (મોહગર્ભિત) જાણવો.

→ આથી શાસ્ત્રવિરુદ્ધ બોલનારા અને વિચારધારા ધરાવનારાઓનો વૈરાગ્ય મોહગર્ભિત હોય છે. કારણ કે, વિરુદ્ધાર્થભાષીને મિથ્યાત્ત્વનો ઉદય વર્તતો હોય છે. તેનાથી વૈરાગ્ય મોહગર્ભિત બને છે. અહીં જમાલી વગેરેના ઉદાહરણો જાણવા.

**પ્રશ્ન-૨૩ : બત્રીસી ગ્રંથમાં યોગની ચાર દૃષ્ટિમાં પણ મોહગર્ભિત વૈરાગ્ય કહ્યો છે અને ઉપર જણાવ્યા મુજબ ઉત્સૂત્રભાષીમાં પણ મોહગર્ભિત વૈરાગ્ય કહ્યો છે. તો જેમ યોગની ચાર દૃષ્ટિવાળા મોક્ષમાર્ગમાં કહેવાય છે, તો ઉત્સૂત્રભાષી પણ મોક્ષમાર્ગમાં કહેવાશે ને ?**

**ઉત્તર :** અહીં ઘણા ખુલાસા કરવા જરૂરી છે –

→ **પ્રથમ નંબરે...** ચાર દૃષ્ટિવાળા જીવો મોક્ષમાર્ગમાં કહેવાય. પરંતુ ઉત્સૂત્રભાષી જીવો મોક્ષમાર્ગમાં ન કહેવાય. ઉત્સૂત્રભાષી જીવોનો પાંચ અવંદનીક પૈકીના 'યથાછંદા' માં સમાવેશ કર્યો છે અને 'યથાછંદા'ને બત્રીસીમાં સંસારમાર્ગ કહ્યો છે.

→ **બીજા નંબરે...** ચાર દૃષ્ટિવાળો મંદમિથ્યાત્વી જીવ કુગ્રહના નાશ માટે પ્રયત્નશીલ હોય છે અને તે માટે આગમના તત્ત્વોનું પરિશીલન ચાલું હોય છે. જ્યારે ઉત્સૂત્રભાષી જીવ અતત્ત્વના અભિનિવેશથી યુક્ત છે અને તે અભિનિવેશને કુતર્કો અને ઉત્સૂત્ર પ્રરૂપણા દ્વારા વધારી રહ્યો હોવાથી મિથ્યાત્વને ગાઢ બનાવી રહ્યો છે. તેથી પણ ચાર દૃષ્ટિવાળો જીવ મોક્ષમાર્ગમાં કહેવાશે. ઉત્સૂત્રભાષી મોક્ષમાર્ગમાં નથી.

→ **ત્રીજા નંબરે...** જે પોતાના અસદ્ગ્રહને પ્રજ્ઞાપનીયાદિ ગુણોના સહારે ઘટાડી રહ્યો છે અને જિનતત્ત્વ મુજબની જ રૂચિ કેળવવાનો પુરુષાર્થ કરે છે, તેવા ચાર દૃષ્ટિવાળા જીવોને જે અવેદ્યસંવેદ્યપદ હોય છે તે મંદ હોય અને અંશથી ત્યાં વેદ્યસંવેદ્યપદ પણ હોય છે. તેથી

તે મોક્ષમાર્ગમાં છે. જ્યારે ઉત્સૂત્રભાષીનું અવેદ્યસંવેદ્યપદ ગાઢ છે. તેથી પણ તે મોક્ષમાર્ગમાં નથી.

→ **ચોથા નંબરે...** અપુનર્બંધક અવસ્થાથી પ્રારંભીને પ્રભુની આજ્ઞાનો યોગ હોય છે.[1] (જો કે, ભાવાજ્ઞાનો પ્રારંભ ચોથા સમ્યગ્દર્શન ગુણસ્થાનકથી થાય છે. તો પણ પ્રધાન દ્રવ્યાજ્ઞાનો પ્રારંભ અપુનર્બંધક અવસ્થાએ થાય છે.) તેથી તે મોક્ષમાર્ગ છે. જ્યારે ઉત્સૂત્રભાષીના ધર્મનું સેવન (ધર્માચરણ) પ્રધાન દ્રવ્યાજ્ઞામાં પણ આવી શકતું નથી.

→ **પાંચમા નંબરે...** અપુનર્બંધક જીવને આજ્ઞાની રૂચિ હોય છે. અને તેથી તેનામાં દ્રવ્યથી પણ ચારિત્રનો સદ્ભાવ છે. જ્યારે ઉત્સૂત્રભાષીમાં ભાવથી અને (ભાવના કારણભૂત) દ્રવ્યથી પણ ચારિત્રનો સદ્ભાવ હોતો નથી.

→ **અહીં ઉલ્લેખનીય છે કે** – આ વિષય ઉપર ૩૫૦ ગાથાના સ્તવનની છટ્ઠી ઢાળની ૨૩ મી ગાથા ખૂબ સુંદર પ્રકાશ પાથરે છે. તે બાલાવબોધ સહિત નીચે મુજબ છે –

---

**આણારુચિ વિણ ચરણ નિષેધેં, 'પંચાશકે' હરિભદ્દ રે**
**વ્યવહારે તો થોડું લેખે, જેહ સકારેં સદ્દ રે. સા૦ ૧૨૨ (૬-૨૩)**

**બાલાવબોધ : આણારુચિ** ક૦ પરમેશ્વરની આજ્ઞાની જ રુચિ છે જેહને એહવા આજ્ઞારુચિ, **ચરણ નિષેધેં** ક૦ ચારિત્રની ના કહે છે. સ્યા માટે ? જે આજ્ઞારુચિપણું નથી તો બીજું કષ્ટ અનુષ્ઠાન કોહની આજ્ઞાઈ કરે છે ? યતઃ – **'आणारुइस्स चरणं तब्भंगे जाण किं न, भग्गंति ।**
**आणं च अइक्कंतो कस्साएसा कुणए सेसं. ॥१॥''** ઈતિ. તે માટે આજ્ઞાસહિત ચારિત્ર, આજ્ઞા વિના **'પંચાશક'**ને વિષે હરિભદ્રસૂરિ ચારિત્ર નિષેધે છે. **વ્યવહારે** કરે **તો** ક૦ શુદ્ધ સામાચારી સહિત વ્યવહાર પાલે તો **થોડુંઈ** ક૦ પોતાની શક્તિ પ્રમાણે થોડું કરે તો હિ લેખે ક૦ લેખામાં

---

૧. અપુનર્બંધકથી માંડીને, જાવ ચરમ ગુણઠાણ, ભાવ અપેક્ષાએ જિન આણા, મારગ ભાખેં જાણ. મન. (૮/૩) (૩૫૦ ગાથાનું સ્તવન)

છઈં. એતલે આજ્ઞા સહિત થોડુંઈ કરે તે લેખે છે. તે કહઈં છઈં.

જેહ **સકારે** ક૦ જે થોડુંઇ સકારેં, સત્ય કરે, સદ્દ ક૦ શબ્દ તે આગમ કહીઈં જે કારણે ચાર પ્રમાણ કહ્યાં છે તિહાં આગમ પ્રમાણને શબ્દ પ્રમાણ કહી બોલાવ્યું છે. તે માટે આગમ સકારે તે તો થોડો વ્યવહાર, તે પણ પ્રમાણ છે, બીજું ઘણું કષ્ટ, તે નિષ્ફલ છે ઈતિ ભાવઃ ૧૨૨ [૬-૨૩]

---

**કહેવાનો સાર એ છે કે** – આજ્ઞાની રૂચિવાળાને જ ચારિત્ર યોગ્ય કહ્યા છે. આજ્ઞાસહિતનું છે તે જ સાચું ચારિત્ર છે. આજ્ઞા વિહીન ચારિત્રને પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ પંચાશક ગ્રંથમાં નિષેધ્યું છે. ભલે થોડું, સ્વશક્તિ અનુસારે કરે, પણ તે આગમ મુજબ કરે, તો લેખે લાગે છે. આગમ મુજબની સામાચારી સહિતનું અનુષ્ઠાન જ લેખે લાગે છે. તેથી આગમાનુસારી સામાચારી મુજબ થોડું કષ્ટ (કષ્ટકારી તપાદિ અનુષ્ઠાન) સફળ છે અને આગમાનુસારી સમાચારીથી રહિત ઘણું કષ્ટ (કષ્ટકારી તપાદિ અનુષ્ઠાન) પણ નિરર્થક જ છે.

આથી આ બધા કારણોસર ચાર દષ્ટિવાળા જીવો મોહગર્ભિત વૈરાગ્યવાળા હોવા છતાં તે ક્રમશઃ ગુણશ્રેણીને ચઢી રહ્યો હોવાથી મોક્ષમાર્ગમાં છે અને ઉત્સૂત્રભાષી ગુણશ્રેણીથી નીચે ઉતરી ગયો હોવાથી મોક્ષમાર્ગમાં નથી.

**અહીં યાદ રાખવું કે** – મિથ્યાત્વની હાજરીમાં પણ અસદ્ગ્રહના નિર્વતનની સાધના (આગમ અધ્યયનાદિ પ્રવૃત્તિ) ચાલું હોય તો તે આત્મા દ્રવ્યથી પણ મોક્ષમાર્ગમાં છે અને અસદ્ગ્રહ = કદાગ્રહ = મિથ્યાભિનિવેશને દઢ કરવાનું કામ (ઉત્સૂત્રપ્રરૂપણાદિ દ્વારા) ચાલું હોય, તો તે આત્મા મોક્ષમાર્ગની બહાર છે.

**પ્રશ્ન-૨૪ : આ વિષમકાળમાં સત્યને ટકાવવા માટે શું કરવું જોઈએ ?**

**ઉત્તર : 'સત્ય તારક છે અને અસત્ય મારક છે'** - આ વાત હૈયામાં સ્થિર બને અને બીજા જીવોમાં હિતબુદ્ધિથી એ વાત ઉતારવાનો પ્રયત્ન

કરવામાં આવે **તથા** ગમે તેવા વિકટ સંયોગોમાં કે આકર્ષક પ્રલોભનોની ઉપસ્થિતિમાં પણ તકલીફોને પી જવામાં આવે અને પ્રલોભનોને ફગાવી દેવામાં આવે ત્યારે અપૂર્વ સત્ત્વનો પ્રાદુર્ભાવ થાય છે. તેનાથી સત્ય ટકી જાય છે.

ઘણા સત્યો, નિરર્થક ભયોથી-પ્રલોભનોની લાલચથી કે લોકસંજ્ઞાથી મૂકાઈ જતા હોય છે. આથી તે ત્રણેથી, જે ઉપર ઉઠી જાય, તે સત્ય પામી શકે-ટકાવી શકે - જગતમાં પ્રચારી શકે છે.

જેની જિનવચન પ્રત્યે અવિહડ શ્રદ્ધા હોય, શ્રદ્ધા મુજબ યથાશક્તિ કરી છૂટવાની નિષ્ઠા હોય અને આત્મહિતના લક્ષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા મજબૂત હોય, તેવી વ્યક્તિ ભય-પ્રલોભનોની લાલચ- લોકસંજ્ઞાને મારીને લોકોત્તર સત્યને પામી શકે છે.

**પ્રશ્ન-૨૫ : સત્યને ટકાવવા અસત્યનો પ્રતિકાર કરવો જોઈએ કે નહીં ?**

**ઉત્તર** : અસત્યને ઓળખ્યા વિના સત્યની ઓળખાણ ન થાય અને અસત્યનો પ્રતિકાર કર્યા વિના સત્યની સ્થાપના ન થાય. આથી સત્યને પ્રસ્થાપિત કરવા-ટકાવવા અસત્યનો પ્રતિકાર કરવો જ પડે. અસત્યને અસત્યરૂપે ઓળખાણ આપવી અને અસત્ય પ્રત્યેની શ્રદ્ધાના કટુવિપાકો સમજાવવા **તથા** સત્યને સત્યરૂપે ઓળખાણ આપવી અને સત્ય પ્રત્યેની શ્રદ્ધાના સુંદર ફળો સમજાવવા, એ જ સત્યની સ્થાપના અને અસત્યના પ્રતિકારની રીત છે.

**પ્રશ્ન-૨૬ : સત્ય ટકાવવા સંઘર્ષો કરાય કે નહીં ?**

**ઉત્તર** : સંઘર્ષનો તમે શું અર્થ કરો ? મારામારી-ગાળાગાળી. તો એવું ક્યારેય ન કરાય. સત્ય અને અસત્યને જાહેરમાં સ્પષ્ટ કરવું, અસત્યવાળાઓ તરફથી આવતા ઉપસર્ગો વેઠવા, માન-અપમાનને સહન કરવા, પૂ. ધર્મસિંહસૂરિજીની જેમ ઉગ્રવિહારો કરવા અને વાદસભામાં

ચર્ચા + વિચારણા કરવી, મોટી સભાઓ ભરીને સત્ય તત્ત્વની ઉદ્ઘોષણા કરવી અને અસત્યને ખુલ્લું પાડવું - આ બધા પણ સંઘર્ષો કહેવાય. આવા સંઘર્ષો તો પૂર્વકાલીન મહાપુરુષોએ ઘણા કર્યા છે અને સત્યને ટકાવવા માટે કરવા પણ પડે. એ માટે પ્રશસ્ત કષાય સેવવો પડે તો પણ કોઈ દોષ નથી- લાભ જ છે.

આ કલિકાલમાં અવળી ગંગા ચાલે છે. જે સ્થાન-પદ-સત્તા-માન-સન્માન-અધિકાર-ક્ષેત્ર આદિ માટે ક્યારેય સંઘર્ષ ન થાય, તેના માટે ભરપૂર સંઘર્ષો અવિરતપણે ચાલે છે અને સત્ય માટે સંઘર્ષ તો બાજુ પર છે, પરંતુ સત્ય-અસત્યનો ખુલાસો પણ ન થાય-મૌન રહેવું જોઈએ, મધ્યસ્થભાવ રાખવો જોઈએ, બધાને સમાવવા જોઈએ.' - આવી આવી ખોટી વાતો ચાલે છે. પૂર્વે જોયું જ છે કે[૧] –

"જે આજ્ઞાનો ભંગ થતો જોઈને મધ્યસ્થ બની ચૂપ રહે છે, તે અવિધિને અનુમોદન આપવા દ્વારા પોતાના વ્રતોનો લોપ કરે છે."

કંકોત્રીમાં નામ ન આવે, પ્રશસ્તિમાં નામ ન આવે, પદવીમાં વિલંબ થાય, પોતાના કાર્યક્રમમાં બીજાની નિશ્રા આવી પડે, પોતાના સ્થાનમાં બીજા આવી જાય, વગેરે વગેરે થાય ત્યારે લેશમાત્ર વિલંબ કર્યા વિના વિરોધ નોંધાવનારા શાસ્ત્રીય તત્ત્વોમાં અગમ્ય કારણોસર કે પોતાનો પ્રભાવ ન ઘટે તે માટે મૌન રાખે ત્યારે ખૂબ આશ્ચર્ય થાય છે. સત્ય પ્રત્યેની નિષ્ઠાના અભાવ સિવાય એમાં બીજું શું કારણ માનવાનું ? અને આને જો કોઈ મધ્યસ્થભાવ કહેતું હોય તો તે પ્રતિકૂળ મધ્યસ્થભાવ છે, જે મિથ્યાત્વરૂપ છે, એમ ધર્મપરીક્ષામાં પૂ. મહોપાધ્યાયશ્રીજી કહે છે.

**પ્રશ્ન-૨૭ : અન્ય દર્શનો-નવા પંથો પ્રત્યે મધ્યસ્થભાવ કેવી રીતે રાખવો ?**

**ઉત્તર :** તેમની પ્રત્યે બે રીતે મધ્યસ્થભાવ રાખી શકાય.

૧. સંબોધ પ્રકરણ

(૧) તેઓની (ઘુણાક્ષર ન્યાયે) જે સાચી વાતો છે, તે શ્રીજિનેશ્વરના ઘરની જ છે, એમ શાસ્ત્રવચનને સામે રાખીને, એને નયસાપેક્ષપણે સ્વીકારવાની.

(૨) તેઓ પોતાના ઉન્માર્ગથી કોઈપણ રીતે પાછા ફરી શકે તેમ હોય, તો પ્રથમ તેવો પ્રયત્ન કરવો અને એવું ન શક્ય લાગે તો તેમની ઉપેક્ષા કરવી અને તેમના પ્રત્યે દુર્ભાવ ન કરવો - આપણી સમતાને આપણે સુરક્ષિત રાખવી. આથી જ કહ્યું છે કે –

**"માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ ચીંધવા ઉભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધરું."**

(૩) પૂર્વોક્ત બે પ્રકારે મધ્યસ્થભાવ ધારણ કરવાનો છે. પરંતુ આપણી શ્રદ્ધાને અખંડ રાખવા તેમનો પરિચય-સંગ કરવાનો નથી. કારણ કે- જ્ઞાનીઓએ કુશીલનો સંગ છોડવાનું અને અકલ્યાણમિત્રોને છોડવાના કહ્યા છે. તથા મિથ્યામતિનો પરિચય કરવાની ના પાડી છે. તેઓમાં અમુક અંશો જિનના ઘરના હોવા છતાં બાકીનું બધું પોતાની મતિકલ્પનાના ઘરનું છે. તેથી તેઓ મિથ્યામતિ જ કહેવાય. તેથી તેમનો પરિચય ન કરાય. કારણ કે, તેમના પરિચયથી સ્વ-પરના મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે.

(૪) આમ છતાં તેઓની નિંદા પણ ન કરવી. નિંદા કોઈની પણ કરવાની નથી. અહીં અવસર પ્રાપ્ત જ્ઞાનીઓએ અલગ-અલગ જગ્યાએ અધ્યાત્મના અર્થી જીવો માટે જે વિવેક બતાવ્યા છે તે જોઈ લઈએ.

### (A) સમકિતના સડસઠ બોલની સજ્ઝાય

(i) સમકિત જેણે ગ્રહી વમ્યું, નિહ્નવ ને અહાછંદા રે,
પાસત્થા ને કુશીલાયા, વેષવિડંબક મંદા રે, ૯
મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ ત્યજીએ, ચોથી સદ્દહણા કહી;
હીણાતણો જે સંગ ન ત્યજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિ જલમાં ભળ્યું, ગંગા નીર લૂણપણું લહે. ૧૦

(ii) મિથ્યામતિ-ગુણ-વર્ણના, ટાળો ચોથો દોષ
ઉનમારગી થુણતાં હુવે, ઉનમારગ-પોષ સમકિત. (૨૬)
પાંચમો દોષ મિથ્યામતિ, પરિચય નવિ કીજે
ઈમ શુભમતિ-અરવિંદની, ભલી વાસના લીજે. સમકિત. (૨૭)

(iii) ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મન-શુદ્ધિ રે,
શ્રીજિનને જિનમત વિના રે, જૂઠ સકળ એ બુદ્ધિ રે. (૨૦)
જિનભગતેં જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય રે ?
એવું જે મુખે ભાખીએ રે, તે વચન-શુદ્ધિ કહેવાય રે. (૨૧)
છેદ્યો ભેદ્યો વેદના રે; જે સહેતો અનેક પ્રકાર રે,
જિન વિણ પર સુર નવિ નમે રે, તેહની કાયા-શુદ્ધિ ઉદાર રે. (૨૨)

**(B) ઉપદેશ રહસ્ય :** પૂ. મહોપાધ્યાયશ્રીજી મહારાજા કહે છે કે –
**न निन्दितव्याः केचिज्जघन्यमध्यमोत्कृष्टभेदभाजो जन्तवो जीवलोके ।**

આ જીવલોકમાં જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ કક્ષાના કોઈપણ જીવોની નિંદા કરવી નહીં.

**(C) લલિત વિસ્તરા :** પૂ.આ.ભ.શ્રીહરિભદ્રસૂરિજી મહારાજા કહે છે કે –
**"परिहर्त्तव्यो अकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि.."**

અકલ્યાણ મિત્રોનો ત્યાગ કરવો અને કલ્યાણમિત્રોનો સંગ કરવો એ શુદ્ધધર્મ પામવાના ઉપાય છે.

**(D) મિત્રા બત્રીસી :** પૂ. મહોપાધ્યાયશ્રીજી કહે છે કે –

**तन्मित्रायां स्थितो दृष्टौ सद्योगेन गरीयसा ।**
**समारुह्य गुणस्थानं परमानन्दमश्नुते ॥३२॥**

**અર્થ :** (આગળના અનુસંધાન પૂર્વક.. મિત્રાદૃષ્ટિનો સાધક અકલ્યાણમિત્રનો યોગ થાય તો દોષને ધારણ કરે છે અને કલ્યાણમિત્ર સમાન સત્પુરુષોનો યોગ થાય તો ગુણને ધારણ કરે છે. તેથી તેણે કલ્યાણમિત્રનો સંગ કરવો જોઈએ) મિત્રાદૃષ્ટિનો સાધક શ્રેષ્ઠ એવા સદ્યોગ (સત્પુરુષોના યોગ) દ્વારા

ગુણસ્થાનક ઉપર આરૂઢ થઈને પરમાનંદને પામે છે.

**(E) અધ્યાત્મસાર :** પૂ. મહોપાધ્યાયશ્રીજી કહે છે કે –

(i) **सर्वत्रैवागमः पुरस्कार्यः ।**

– અધ્યાત્મની પ્રાપ્તિ-પૂર્ણતાના અર્થી જીવે સર્વ સ્થળે આગમશાસ્ત્રને આગળ કરવું.

(ii) **त्यक्तव्या कुविकल्पाः ।**

– અધ્યાત્મની પ્રાપ્તિ-પૂર્ણતાના અર્થી જીવે કુવિકલ્પોનો ત્યાગ કરવો (અને શાસ્ત્રાનુસારી વિકલ્પોનું સેવન કરવું)

(iii) **धार्यो रागो गुणलवेऽपि ।**

– અધ્યાત્મની પ્રાપ્તિ-પૂર્ણતાના અર્થી જીવે કોઈના નાના પણ ગુણ ઉપર રાગ ધારણ કરવો -ગુણાનુરાગ કરવો.

(iv) **निश्चत्याऽगमतत्त्वं तस्मादुत्सृज्य लोकसंज्ञां च ।**
**श्रद्धाविवेकसारं यतितव्यं योगिना नित्यम् ॥२०-३॥**

– અધ્યાત્મની પ્રાપ્તિ-પૂર્ણતાના અર્થી જીવે (૧) આગમ(શાસ્ત્ર) દ્વારા તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ. (૨) તેથી લોકસંજ્ઞાનો ત્યાગ કરવો, (૩-૪) શ્રદ્ધા અને વિવેક કેળવવા.

(v) **स्थातव्यं सम्यक्त्वे, विश्वास्यो न प्रमादरिपुः**

– અધ્યાત્મની પ્રાપ્તિ-પૂર્ણતાના અર્થી જીવે સમ્યક્ત્વમાં સ્થિર રહેવું અને પ્રમાદનો વિશ્વાસ ન કરવો.

**(F) યોગવિંશિકા ટીકા**

(i) **हीनगुणद्वेषाभाव..**

– ધર્મપ્રવૃત્તિના પ્રાણરૂપ પ્રણિધાનને પામવું હોય, તેણે હીનગુણવાળા જીવો પ્રત્યે દ્વેષ ન કરવો.

(ii) xxx**अधिके विनयादियुक्ता, हीने च दयादिगुणसारा**''

– જેણે પણ પોતાના ધર્મ(યોગ)ને પૂર્ણતાએ પહોંચાડવાનો હોય-

સિદ્ધિ કક્ષાનો બનાવવો હોય, તેણે પોતાનાથી અધિક ગુણવાળા પ્રત્યે બહુમાનભાવ -વૈયાવચ્ચ-વિનયાદિ ધારણ કરવા. મધ્યમગુણવાળા પ્રત્યે ઉપકારભાવ ધારણ કરવો.. હીનગુણવાળા પ્રત્યે કરૂણા રાખવી અને તેમને ઉપર લાવવા ઉપકાર કરવો... (પરંતુ અધિકગુણવાળા પ્રત્યે ઈર્ષ્યા-અસૂયા ધારણ ન કરવી, મધ્યમગુણવાળા સાથે પ્રતિસ્પર્ધા ન કરવી અને હીનગુણવાળા પ્રત્યે તિરસ્કારનો ભાવ ન રાખવો- તેમની નિંદા ન કરવી.)

**(G) અધ્યાત્મસાર :** પૂ.મહોપાધ્યાયશ્રીજી કહે છે કે –

→ પૂર્વે વર્ણવેલો પૂ.મહોપાધ્યાયશ્રીજીનો આ કાળમાં રાખવા યોગ્ય દર્શનપક્ષ (શ્રદ્ધાનપક્ષ)

→ આ આપણી શાસ્ત્રનીતિ છે. તે રીતે વર્તવાથી આ વિષમ કાળમાં પણ આત્મકલ્યાણ થઈ શકે છે.

**પ્રશ્ન-૨૮ : શાસ્ત્રવિરુદ્ધ માન્યતા ધરાવનારના બધા ગુણો અવગુણ બની જાય છે ?**

**ઉત્તર :** આભોગપણે (શાસ્ત્રીય સત્ય જાણવા છતાં પણ) શાસ્ત્રવિરુદ્ધ માન્યતા ધરાવે તેના બધા ગુણ અવગુણ બની જાય છે. કારણ કે, આભોગપણે શાસ્ત્રવિરુદ્ધ માન્યતા ધરાવનારો મિથ્યાત્વમાં જાય છે અને મિથ્યાત્વના સંગથી ગુણ અવગુણ બની જાય છે.

**અહીં યાદ રાખવું કે**, કોઈકવાર અનાભોગથી કે ગુરુના નિયોગથી સમકિતિ જીવ શાસ્ત્રવિરુદ્ધ અભિપ્રાય ધરાવતો હોય, તો પણ તેનું સમ્યક્ત્વ હણાતું નથી અને જ્યારે સાચું સમજાઈ જાય છે, ત્યારે તે તુરંત જ ખોટાને છોડી દે છે.

**પ્રશ્ન-૨૯ : આગ્રહપૂર્વક સત્યને પકડી રાખીએ તો એ સત્ય 'અસત્ય' બની જાય કે નહીં ?**

**ઉત્તર :** સદાગ્રહપૂર્વક સત્યને પકડવું એ મહાન ગુણ છે. અનાદિની મિથ્યાવાસના અને વર્તમાનમાં પ્રસરેલુ મતમતાંતરોનું જંગલ, આ બંને સામે ટકવા માટે સદાગ્રહ ખૂબ જરૂરી છે. તેથી તે હોવો જોઈએ.

હા, સત્ય પકડીને અસત્યમાં બેઠેલાની નિંદા આદિ કરવી, તે ખોટું છે. તેમના પ્રત્યે ઉપેક્ષાભાવ રાખવાનો છે. દ્વેષ-દુર્ભાવ કરવાનો નથી.

**પ્રશ્ન-૩૦ : મિથ્યાત્વની-એકાંતની વાસનાઓ ઉભી થવાનું કારણ શું છે ?**

**ઉત્તર :** અનાદિકાળથી આત્મામાં મિથ્યાત્વ ધામા નાંખીને બેઠેલું છે અને દુનિયામાં મિથ્યાત્વના ઉપાદાનોની ભરમાર ખડકેલી છે. એવા અવસરે જિનતત્ત્વ પ્રત્યેની શંકા, મિથ્યામતિનો પરિચય વગેરે કારણો મિથ્યાત્વની વાસના તુરંત ઉભી કરે છે. જ્યાં સુધી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ જોખમ છે. એ પ્રાપ્ત કરવાનો માર્ગ સરળ બને એ માટે પૂર્વનિર્દિષ્ટ ઉપાયોને નિષ્ઠાપૂર્વક સેવવા જોઈએ.

**પ્રશ્ન-૩૧ : અવિધિનો દોષ નુકશાનકારક બને કે નહિ ?**

**ઉત્તર :** નુકસાનકારક જ બને છે. અવિધિ ધર્મને મલિન કરે છે. વિધિપૂર્વકનો ધર્મ જ શુદ્ધ બને છે. અવિધિ ખૂબ મોટો દોષ છે. જેમ અવિધિથી લેવાયેલું ઔષધ રોગવૃદ્ધિનું કારણ બને છે. તેમ અવિધિપૂર્વકનો ધર્મ પણ આત્મઅશુદ્ધિ-દોષવૃદ્ધિનું કારણ બને છે.

તદુપરાંત, વિધિનું સ્થાપન કરવાથી તીર્થ (જૈનશાસન)ની ઉન્નતિ થાય છે અને અવિધિનું સ્થાપન કરવાથી તીર્થનો ઉચ્છેદ થાય છે. આથી શાસ્ત્રીય વિધિ મુજબ જ ધર્મ કરવો જોઈએ. શાસ્ત્રમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ અંગેની વિધિ બતાવી છે. દ્રવ્યાદિની શુદ્ધિપૂર્વક ધર્મ કરવાનો છે.

ઈરાદાપૂર્વક અવિધિનું સેવન કરવું એ વિધિ-નિરૂપક શાસ્ત્રનો અનાદર કરવા બરાબર છે અને શાસ્ત્રનો અનાદર એ ખૂબ ખતરનાક દોષ છે. એનાથી ધર્મ બળી જાય છે અને આત્માને ખૂબ નુકશાન થાય છે.

તદુપરાંત, ધર્મ કરવાની પ્રભુની આજ્ઞા માનવી અને 'વિધિપૂર્વક ધર્મ કરવો' એવી પ્રભુની આજ્ઞા ન માનવી, એમાં સ્વચ્છંદતા છે. સ્વચ્છંદતા શાસ્ત્રપરતંત્રતા ન આવવા દે અને એ વિના શુદ્ધ આજ્ઞાયોગની

પ્રાપ્તિ થઈ શકતી નથી. યોગગ્રંથો ફરમાવે છે કે, અનુષ્ઠાનશુદ્ધિ માટે જેટલી પણ શરતો છે, તેમાં શાસ્ત્રપરતંત્રતા શિરમોર સ્થાને છે. **તેથી જ યોગબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે,**

"જેને શાસ્ત્ર પ્રત્યે ભક્તિ-બહુમાન નથી, તેની ધર્મક્રિયા પણ અંધની જોવાની ક્રિયા સમાન છે. વળી, જેને શાસ્ત્ર પ્રત્યે અનાદર છે, તેના શ્રદ્ધા વગેરે ગુણો ઉન્મત્ત પુરુષના ઔદાર્યાદિ ગુણોની જેમ વિવેકી એવા સજ્જન પુરુષોને પ્રશંસનીય બનતા નથી."

– આ અંગેની વિશેષ વિચારણા પૂર્વે કરી જ છે. તેથી અહીં લંબાવતા નથી.

હા, પ્રાથમિક અભ્યાસકાળે અનાભોગાદિના કારણે અવિધિ થતી હોય, તો પ્રજ્ઞાપનીય જીવનો એ અવિધિ દોષ નિરનુબંધ હોય છે, એમ શાસ્ત્રકારો જણાવે છે.[1] પરંતુ જે અપ્રજ્ઞાપનીય-કદાગ્રહી જીવ ઈરાદાપૂર્વક *ધર્મક્રિયા અવિધિથી સેવે છે, તેને તો નુકશાન થયા વિના રહેતું જ નથી.*

***અહીં ઉલ્લેખનીય છે કે,*** *અવિધિ અને વિધિની વિકલતા (અપૂર્ણતા),* આ બે વચ્ચેનો તફાવત ખાસ સમજી લેવો પણ જરૂરી છે.

→ શાસ્ત્રનિર્દિષ્ટ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ અંગેની વિધિનું ઉલ્લંઘન કરી તેનાથી વિપરીત વિધિ કરવી તે અવિધિ છે અને શાસ્ત્રનિર્દિષ્ટ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ અંગેની વિધિનું ઉલ્લંઘન કર્યા વિના માત્ર પ્રમાદાદિના કારણે સંપૂર્ણ વિધિનું પાલન ન કરવું તે વિધિની વિકલતા છે.

જેમ કે, સત્તર સંડાસા વિનાનું ખમાસમણ આપવું એ વિધિની વિકલતા છે અને ખમાસમણના બદલે જૈનેતરોની જેમ દંડવત્ સૂઈ જઈને નમસ્કાર કરવા તે અવિધિ છે.

બેઠા બેઠા પ્રતિક્રણમ કરવું તે વિધિની વિકલતા છે અને પ્રતિક્રમણની વિધિનો ક્રમ બદલી નાંખવો કે સૂત્રોમાં ફેરફાર કરી નાંખવો એ અવિધિ છે.

---

૧. प्रथमाभ्यासे तथाविधज्ञानाभावादन्यदापि वा प्रज्ञापनीयस्याविधिदोषो निरनुबन्धः ॥ (योगविंशिक टीका)

**અહીં ઉલ્લેખનીય છે કે,** વિધિ આદિનું જ્ઞાન હોય અને તે મુજબ જ કરવાની નિર્દંભ ઈચ્છા હોય, છતાં પણ પ્રમાદાદિના કારણે વિધિ-વિકલતા આવતી હોય, તો તેવા અનુષ્ઠાનને જ્ઞાનીઓએ ઈચ્છાયોગની ભૂમિકામાં મૂક્યું છે. તો પણ યાદ રાખવું કે, જેટલું વિધિનું પાલન વધારે થાય, એટલો લાભ વધારે મળે છે અને ઈચ્છાયોગમાંથી શાસ્ત્રયોગમાં જવા માટે વિધિ આદિની પૂર્ણતા લાવવી અતિજરૂરી છે, તે પણ યાદ રાખવું.

**અહીં નોંધનીય છે કે,** યોગમાર્ગમાં ક્રમશઃ આગળ વધવાની-શુદ્ધ અનુષ્ઠાનને પામવાની અને પૂર્ણતાએ પહોંચવાની અભિલાષા હોવી ખૂબ અનિવાર્ય છે. એ વિના પ્રમાદનો પરિહાર શક્ય બનતો નથી તથા પ્રમાદના પરિહાર વિના વિધિની વિકલતા દૂર થતી નથી અને વિધિની સંપૂર્ણતા પ્રાપ્ત થતી નથી. વિધિની સંપૂર્ણતા પ્રાપ્ત થાય ત્યારે જ 'શાસ્ત્રયોગ' ની પ્રાપ્તિ થાય છે અને શાસ્ત્રયોગની સઘન-નિરંતર સાધનાના ફલસ્વરૂપે સામર્થ્યયોગની પ્રાપ્તિ થાય છે. જેનું ફળ કેવલજ્ઞાન છે.

આથી આત્માર્થી જીવોએ પોતાના ધર્મને શુદ્ધ બનાવવા માટે વિધિ-અવિધિનું જ્ઞાન મેળવવું અને અવિધિનો ત્યાગ કરવો ખૂબ જરૂરી છે.

**અહીં યાદ રાખવું કે,** વિધિની અંતર્ગત લક્ષ્યશુદ્ધિ, ભાવશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ, પ્રણિધાનશુદ્ધિ, ભૂમિકાશુદ્ધિ, નિદાનશુદ્ધિ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની શુદ્ધિ, મનઃશુદ્ધિ વગેરે તમામ આવી જાય છે.

બાહ્ય રીતે ક્રિયા શુદ્ધ કરવામાં આવે, પરંતુ લક્ષ્ય અને ભાવો શુદ્ધ બનાવવામાં ન આવે તો ધર્મશુદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. આથી ધર્મશુદ્ધિને પામવાની તમામ શરતોનું પાલન થવું જોઈએ. આ અંગેનું વિસ્તૃત માર્ગદર્શન અમારી "**શુદ્ધધર્મ - I + II + III**" આ પુસ્તકશ્રેણીથી પ્રાપ્ત થશે.

⇨ છેલ્લે અવિધિ અંગે **પૂ.મહોપાધ્યાયશ્રીજીના ૩૫૦ ગાથાના સ્તવનના પ્રથમ ઢાળના** ટંકશાળી વચનો જોઈ લઈએ –

"વિધિ જોતાં કલિયુગમાં હોવે, તીરથનો ઉચ્છેદ,
જિમ ચાલે તિમ ચલવે જઈએ, **એહ ધરે મતિભેદ રે.** જિનજી. ૪
**ઈમ ભાખી તે મારગ લોપે,** સૂત્ર ક્રિયા સવિ પીસી,
આચરણા-શુદ્ધિ આચરીએ, જોઈ યોગની વીસી રે, જિનજી. ૫
**પંચમ આરે જિમ વિષ મારે, અવિધિ દોષ તિમ લાગે,**
ઈમ ઉપદેશપદાદિક દેખી, વિધિ રસિયો જન જાગે રે. જિનજી. ૬
કોઈ કહે જિમ બહુ જન ચાલે, તિમ ચલીએ શી ચર્ચા ?
મારગ મહાજન ચાલે ભાખ્યો, તેહમાં લહીએ અર્ચા રે. જિનજી. ૭
**એ પણ બોલ મૃષા મન ધરીએ,** બહુજનમત આદરતાં,
છેહ ન આવે બહુલ અનારય, મિથ્યામતમાં ફિરતાં રે. જિનજી. ૮
થોડા આર્ય અનાર્યજનથી, જૈન આર્યમાં થોડા,
તેહમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલ્પબહુ થોડા રે, જિનજી. ૯
**ભદ્રબાહુ ગુરુવદનવચન જાણી,** એ આવશ્યકમાં લહીએ,
**આણાશુદ્ધ મહાજન જાણી, તેહને સંગે રહીએ રે.** જિનજી. ૧૦
**અજ્ઞાની નવિ હોવે મહાજન,** જો પણ ચલવે ટોળું,
ધર્મદાસગણીવચન વિચારી, **મન નવિ કીજે ભોળું રે.** જિનજી. ૧૧

**પ્રશ્ન-૩૨ : વર્તમાનમાં ખૂબ વિષમ પરિસ્થિતિ દેખાય છે, એવા અવસરે અમારે આત્મકલ્યાણ કઈ રીતે કરવું ?**

**ઉત્તર :** પૂર્વે પૂ.મહોપાધ્યાયશ્રીજીના અધ્યાત્મસાર ગ્રંથના કથનાનુસાર પૂર્ણની અભિલાષા, શક્યારંભ (પોતાની શક્તિ અનુસારે ધર્મનું અનુષ્ઠાન સેવવું) અને શુદ્ધપક્ષપાત રાખવો - આ ત્રણ આત્મકલ્યાણના શ્રેષ્ઠમાર્ગો છે. તદુપરાંત, પૂર્વનિર્દિષ્ટ 'પ્રવચનભક્તિ'માં (વિધિમાર્ગનું કથન કરવું, વિધિ પ્રત્યે રાગ રાખવો, જીવોનું વિધિમાર્ગમાં સ્થાપન કરવું અને અવિધિનો નિષેધ કરવો - આ પ્રવચનભક્તિમાં) તદાકાર રહેવું.

**પ્રશ્ન-૩૩ : પરિવારમાં માન્યતાભેદ હોય તો શું કરવું ?**

**ઉત્તર :** આમાં પ્રશ્નકાર સાચી માન્યતામાં છે કે ખોટી માન્યતામાં છે, તે ખુલાસો કર્યો નથી. તેથી જો પ્રશ્નકાર સાચી માન્યતામાં હોય તો તેણે તે પકડી રાખવી, પરિવારના અન્ય સભ્યોને શાંતિથી સાચું સમજાવીને સાચામાં લાવવા અને તેમ છતાં તેઓ ન માને તો તેમની ખોટી માન્યતાને પ્રોત્સાહન ન આપવું (બાકી સાથે રહેવાથી એની સંવાસ અનુમોદના તો લાગે જ.)

જો પ્રશ્નકાર પોતે ખોટી માન્યતામાં હોય અને પરિવાર સાચી માન્યતામા હોય તો પ્રશ્નકારે ખોટી માન્યતા છોડી દેવી અને સાચી સ્વીકારી લેવી. તે જ હિતકારક છે.

આગળ કહ્યું છે - પુનઃ કહીએ છીએ કે – નભાવવું પડે, ચલાવી લેવું પડે, પુણ્યપ્રભાવ ઓછો પડે, એટલા માત્રથી સત્ય સત્ય તરીકે મરી નથી જતું અને અસત્ય સત્ય નથી બની જતું. **''ગુમાવેલું પાછું મેળવવામાં જ સાર છે. જે છે એને ગુમાવવામાં સાર નથી.''**

**પ્રશ્ન-૩૪ : માન્યતા ભેદો પ્રવર્તતા હોય ત્યારે ઉપદેશકનું શું કર્તવ્ય છે ?**

**ઉત્તર :** આ પ્રશ્નનો આગળ જવાબ અપાઈ ગયેલ છે. તપાગચ્છની ઉત્તમ નીતિ શું છે તે પણ જણાવી છે અને કલિકાલમાં 'દર્શનપક્ષ' કેવો હોય તે પણ પૂર્વે જણાવેલ જ છે. ટૂંકમાં ઉપદેશકે શાસ્ત્રાનુસારી માન્યતાનું સમર્થન-મંડન અને શાસ્ત્રવિરુદ્ધ માન્યતાનું ખંડન કરવું જ જોઈએ.

**પ્રશ્ન-૩૫ : આચરણામાં યથાશક્તિ અને માન્યતામાં સંપૂર્ણ (૧૦૦ ટકા) - આનો અર્થ શું છે ?**

**ઉત્તર :** સમકિતિ આત્મા પ્રભુએ-શાસ્ત્રકારોએ બતાવેલા હેય-ઉપાદેય, વિધિ-અવિધિ આદિ તમામ તે તે પદાર્થોને તે તે સ્વરૂપે પૂર્ણપણે માને. એમાં ક્યાંયે વિપર્યાસ-ભ્રમણા ન રાખે. આ માન્યતા ૧૦૦ ટકા છે એમ કહેવાય. (આ વિષય દર્શન મોહનીયના ક્ષયોપશમનો છે.)

માન્યતા ૧૦૦ ટકા હોવા છતાં હેયના ત્યાગમાં અને ઉપાદેયના સ્વીકારમાં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ અપેક્ષિત છે. તે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ જેટલા અંશે પ્રવર્તે છે, તેટલા અંશે જીવનમાં હેયની નિવૃત્તિ અને ઉપાદેયની પ્રવૃત્તિ આવે છે. આથી આચરણ યથાશક્તિ હોય છે. આ માન્યતા ૧૦૦ ટકા અને આચરણ યથાશક્તિનો અર્થ છે. તદુપરાંત, માન્યતા ૧૦૦ ટકા રાખવામાં સંઘયણબળ-બુદ્ધિબળ આદિની કોઈ હાનિ નડતી નથી. એ તો અટવીમાં - ચાર ડીગ્રી તાવમાં પણ રાખી શકાય છે. પરંતુ તપ-યમ-નિયમના પાલનમાં શરીરશક્તિ આદિની જરૂરીયાત અને ત્યાગ-સ્વીકાર કરવાના ઉત્સાહની જરૂર હોય છે. તે દરેક જીવમાં તરતમતાએ હોય છે - સમાન હોતો નથી.

→ વળી, ભગવાનની ૯૯ આજ્ઞા માનવામાં આવે પણ એકાદ આજ્ઞા માનવામાં ન આવે તો તે ન ચાલે. કારણ કે - તે મિથ્યાત્વરૂપ છે.

→ માન્યતામાં ૧૦૦ ટકા આવી ગયા પછી કદાચ ગાઢ નિકાચિત ચારિત્રમોહનીય કર્મના ઉદયથી આચરણમાં કશું ન આવે, છતાં સમ્યક્ત્વના કારણે, એની સ્પૃહા જીવંત રહેતી હોવાથી જીવ મોક્ષમાર્ગમાં જ રહે છે.

→ માન્યતાની સ્ખલના એ દર્શનાચારનો અતિચાર-દોષ છે અને આચરણાની સ્ખલના એ ચારિત્રાચારનો અતિચાર-દોષ છે. બંને ખોટા હોય તો બંને દોષ લાગે છે.

**પ્રશ્ન-૩૬ : ''અન્યધર્મના બાબાઓને અવંદનીય કહેવાય, પરંતુ જૈનલિંગે રહેલા સાધુને અવંદનીય ન કહેવાય. જૈનલિંગે રહેલા સાધુને અવંદનીય કહે તે મિથ્યાત્વી કહેવાય.'' - આવું કેટલાક લોકો કહે છે, તે યોગ્ય છે ?**

*ઉત્તર : શાસ્ત્રકાર મહર્ષિઓએ જૈનલિંગે રહેલાઓમાં પણ જે* પાર્શ્વસ્થા-યથાછંદા વગેરે સાધુઓ છે, તેને અવંદનીય જ કહ્યા છે. ''કોઈનામાં પાર્શ્વસ્થાદિપણાના લક્ષણો જોઈને અવંદનીય કહેવામાં આવે કે શાસ્ત્રમાં જૈનલિંગે રહેલાઓમાં પણ આવા આવા લક્ષણો હોય તો

તે પાર્શ્વસ્થાદિપણાને પામે છે અને શાસ્ત્રાજ્ઞા મુજબ તેઓ અવંદનીય છે.'' આવું કહે તેનાથી મિથ્યાત્વ દોષ લાગતો જ નથી. પરંતુ સાચું નિરૂપણ કરવાના કારણે સમ્યગ્દર્શન શુદ્ધ થાય છે. મિથ્યાત્વ દોષ લાગતો જ ન હોય, તો તેવું બોલનારને મિથ્યાત્વી કઈ રીતે કહેવાય ?

**તદુપરાંત,** જો વસ્તુતત્ત્વનું સાચું નિરૂપણ કરવામાં પણ 'મિથ્યાત્વી' ઠરી જવાતું હોય, તો પાંચ પ્રકારના અવંદનીય સાધુઓનું સ્વરૂપ વર્ણવનારા વ્યવહારસૂત્ર આદિ છેદગ્રંથકારો, સંબોધપ્રકરણાદિ ગ્રંથના રચયિતા પૂ. હરિભદ્રસૂરિજી મહારાજા, ગુરુતત્ત્વવિનિશ્ચયના રચયિતા પૂ.મહોપાધ્યાયશ્રીજી મહારાજા પણ મિથ્યાત્વી ઠરશે અને આવું કહેવાની ગુસ્તાખી તો મહામિથ્યાત્વી જ કરે ને ?

જ્ઞાનીઓએ પાર્શ્વસ્થાદિ પાંચને સંસારમાર્ગમાં કહ્યા છે. મોક્ષમાર્ગમાં કહ્યાં નથી. એ યાદ રહે.

### ⇨ જૈન કોને કહેવાય ?

***પ્રશ્ન-૩૭ : સાચા જૈનત્વની ઓળખાણ કઈ રીતે થાય છે ?***

**ઉત્તર :** આ માટે પૂ. મહોપાધ્યાયશ્રીજીએ ''જૈન કહો ક્યું હોવે'' સજ્ઝાયની રચના કરી છે. તે સરળ અર્થ સાથે અહીં પ્રસ્તુત છે.

**જૈન કહો ક્યું હોવે, પરમ ગુરુ ! જૈન કહો ક્યું હોવે ?**
**ગુરુ ઉપદેશ બિના જન મૂઢા, દર્શન જૈન વિગોવે. પરમ૦ ૧**

**સરળ અર્થ :** પરમગુરુ પરમાત્મા ! જૈન શી રીતે થવું ? ગુરુનો ઉપદેશ નહિ પામેલા મૂઢ છે અને તે લોકો જૈનદર્શનને વગોવે છે...૧

**કહત કૃપાનિધિ શમ-જલ ઝીલે, કર્મ-મયલ જો ધોવેં,**
**બહુલ પાપ-મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. પરમ૦ ૨**

**સરળ અર્થ :** કૃપાનિધિ પરમાત્મા કહે છે કે, જે શમ-જલમાં સ્નાન કરે છે, જે કર્મ-મળને ધુએ છે, જે ઘણા પાપમળને અંગ (આત્મા) ઉપર ધરતો નથી અને જે પોતાના શુદ્ધ રૂપને જુવે છે...૨

**સ્યાદ્વાદ પૂરન જો જાને, નયગર્ભિત જસ વાચા,**
**ગુન પર્યાય દ્રવ્ય જો બૂઝે, સોઈ જૈન હે સાચા. પરમ૦ ૩**

**સરળ અર્થ :** જે સ્યાદ્વાદને પૂરો જાણે છે. જેની વાણી નયવાક્યોથી વણાયેલી છે, જે દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે, તે જ સાચો જૈન છે...૩

**ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી,**
**જૈન દશા ઉનમેં હી નાહી, કહે સો સબહી જૂઠી. પરમ૦ ૪**

**સરળ અર્થ :** માત્ર ક્રિયામાં મૂઢ મતિવાળો જે અજ્ઞાની અવળી ચાલ ચાલે છે (શ્રી જિનાજ્ઞાથી વિપરીત રીતે વર્તે છે) તેનામાં જૈનપણું હોતું નથી. આમ છતાં તે જૈનપણાનો દાવો કરે તો તે બધું ખોટું છે..૪

**પરપરિણતિ અપની કર માને, કિરિયા ગર્વે ગહિલો,**
**ઉનકું જૈન કહો ક્યું કહિયેં, સો મૂરખમેં પહિલો. પરમ૦ ૫**

**સરળ અર્થ :** ક્રિયાના અભિમાનથી પાગલ બનેલો જે પરપરિણતિને (પૌદ્ગલિક ભાવ રમણતાને) પોતાની માને છે, તેને જૈન શી રીતે કહેવાય ? તે તો મૂરખનો આગેવાન છે..૫

**જૈનભાવ જ્ઞાનેં સબમાંહી, શિવ સાધન સદહિએ,**
**નામ વેષશું કામ ન સીઝે, ભાવ-ઉદાસે રહીએ. પરમ૦ ૬**

**સરળ અર્થ :** ક્રિયાદિ દરેક વસ્તુમાં જ્ઞાન ભળે એટલે જૈન ભાવ પ્રગટે છે, આ જ્ઞાનને મુક્તિના સાધનરૂપે શ્રદ્ધાપૂર્વક માનવું જોઈએ. માત્ર નામ કે વેષથી કામ ન સરે, જૈનપણું પામવા માટે (જ્ઞાનજન્ય) ઔદાસીન્ય ભાવમાં રહેવું જોઈએ...૬

**જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી,**
**ક્રિયા કરત ધરતુ હે મમતા, યાહી ગલેમેં ફાંસી. પરમ૦ ૭**

**સરળ અર્થ :** સકળ નયના સાધનભૂત જ્ઞાનની સાધના કરો. ક્રિયા તો જ્ઞાનની દાસી છે. ક્રિયા કરવા છતાં જે મમતા ધરે છે તે તો ગળામાં ફાંસલા જેવી છે...૭

**ક્રિયા બિના જ્ઞાન નહિ કબહું, ક્રિયા જ્ઞાન બિનુ નાહી,**
**ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહતું હૈ, જ્યો જલ-રસ જલમાંહી. પરમ૦ ૮**

**સરળ અર્થ :** ક્રિયા વિના ક્યારેય જ્ઞાન ન હોય અને જ્ઞાન વગર ક્યારેય ક્રિયા ન હોય. ક્રિયા અને જ્ઞાન બન્ને પાણી અને પાણીના રસની જેમ એકમેક થઈને રહે છે. ૮

**ક્રિયા મગનતા બાહિર દીસત, જ્ઞાન શક્તિ જસ ભાંજે,**
**સદ્ગુરુ શીખ સુને નહી કબહું, સો જન જનમેં લાજે... પરમ૦ ૯**

**સરળ અર્થ :** જે સદ્ગુરુની શિખામણ ક્યારેય સાંભળતો નથી, તેની બહારની ક્રિયામાં મગ્નતા દેખાય, પણ એની જ્ઞાનશક્તિ નાશ પામે છે. તે (કહેવાતો) જૈન લોકમાં લાજે છે...૯

**તત્ત્વ-બુદ્ધિ જિનકી પરિણતિ હે, સકલ સૂત્ર કી કૂંચી,**
**જગ જસવાદ વદે ઉનહી કો, જૈન દશા જસ ઊંચી. પરમ૦ ૧૦**

**સરળ અર્થ :** સકળ સૂત્રની (આગમની) ચાવીરૂપ તત્ત્વબુદ્ધિ જેને પરિણત થઈ છે, તેની જૈનદશા (જૈનપણું) ઉંચી છે અને દુનિયા પણ તેનો જ યશવાદ ગાય છે...૧૦

**⇨ સારાંશ :**

– જે જિનાજ્ઞા મુજબ વર્તે છે, તે **જૈન** છે.
– જે એકાંતવાસનાથી મુક્ત છે અને જેની મતિ સ્યાદ્વાદથી પરિકર્મિત થયેલી છે, તે **જૈન** છે.
– જે પોતાના શુદ્ધ સ્વરૂપને નિહાળે છે અને પરપરિણતિને (પૌદ્ગલિક ભાવરમણતાને) પરભાવ સ્વરૂપે જુએ છે, તે **જૈન** છે.
– જે સ્યાદ્વાદ = અનેકાંતવાદનો જ્ઞાતા છે તે **જૈન** છે.
– જે જ્ઞાન-ક્રિયા ઉભયથી મોક્ષ માને છે તે **જૈન** છે.
– જે જ્ઞાનયુક્ત ક્રિયા અને જ્ઞાનજન્ય ઉદાસીનભાવથી સભર છે, તે **જૈન** છે.

– જે ઉપશમભાવમાં રમે છે, કર્મનિર્જરા કરવા પ્રયત્નશીલ છે અને પાપથી છૂટવા મથી રહ્યો છે, તે **જૈન** છે.

⇨ **ફલિતાર્થ :**

– જે જિનાજ્ઞા મુજબ વર્તતો નથી અને પોતાની મતિકલ્પનાથી વર્તે છે તે સાચો **જૈન નથી**, પણ **જૈનાભાસ** છે.
- જે પરપરિણતિને પોતાની માને છે તે **જૈન નથી.**
- જે ક્રિયાનો કે જ્ઞાનનો અપલાપ કરે છે તે **જૈન નથી**, પરંતુ **જૈનાભાસ** છે.
- જે વસ્તુતત્ત્વને એકાંત પકડે છે અથવા તો એકાંતમાં અભિનિવેશવાળો છે, તે **જૈન નથી**, પરંતુ **જૈનાભાસ** છે.

⇨ **મિથ્યાદષ્ટિનું જ્ઞાન અજ્ઞાન કેમ ?**

**પ્રશ્ન-૩૮ : મિથ્યાદષ્ટિના બોધને 'અજ્ઞાન' રૂપ કેમ કહેવાય છે ?**

**ઉત્તર :** આ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી વિશેષાવશ્યક ભાષ્ય ગ્રંથમાં જણાવ્યું છે કે,

**''सदसद्विसेसणाओ, भवहेउ जहिच्छिओवलंभाओ ।**
**णाणफलाभावाओ, मिच्छद्दिट्ठिस्स अन्नाणं ।।११५।।**

**અર્થ :** સત્ અને અસત્ પદાર્થના વિશેષ(ભેદ)નો બોધ ન હોવાથી, સંસારનું કારણ હોવાથી, પોતાની મતિ મુજબ અર્થ કરવાથી અને જ્ઞાનના ફળનો અભાવ હોવાથી મિથ્યાદષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન છે. આ રીતે મિથ્યાદષ્ટિનું જ્ઞાન ચાર કારણથી અજ્ઞાનરૂપ છે. હવે ચારે કારણોની ક્રમશઃ વિચારણા કરીશું.

**(૧) સત્-અસત્ પદાર્થની વિશેષતાનું અજ્ઞાન :**

મિથ્યાદષ્ટિ પાસે કોઈપણ પદાર્થના સત્-અસત્પણાના ભેદનું જ્ઞાન હોતું નથી. જગતનો કોઈપણ પદાર્થ સર્વથા સત્ કે સર્વથા અસત્ હોતો

નથી. સર્વે પદાર્થો સ્વ-સ્વરૂપથી સત્ અને પર-સ્વરૂપથી અસત્ હોય છે. જેમ કે, માટીનો ઘડો માટીરૂપે સત્ છે અને તાંબારૂપે અસત્ છે. તેમજ ઘટરૂપે સત્ છે અને સ્તંભરૂપે અસત્ છે. આ રીતે અનેક ધર્મોની અપેક્ષાએ સત્ છે અને અનંતા ધર્મોની અપેક્ષાએ અસત્ છે. આથી કોઈપણ પદાર્થને સર્વથા સત્ કે અસત્ માની શકાય નહીં. મિથ્યાદષ્ટિની મતિ એકાંતથી વાસિત હોવાથી તે પદાર્થને સર્વથા સત્ કે સર્વથા અસત્ માને છે. આ વિપરીત માન્યતાના કારણે તેનું જ્ઞાન દૂષિત હોય છે. સ્યાદ્વાદ = અનેકાંતદષ્ટિથી સર્વ પદાર્થોને અનંતધર્માત્મક સ્વીકારવામાં આવે, ત્યારે માન્યતા સમ્યગ્ હોવાના કારણે જ્ઞાન સમ્યગ્ બને છે. હા, એક વાત યાદ રાખવાની છે કે, માત્ર સ્યાદ્વાદ્ જાણી લેવાથી નહીં, પરંતુ સ્યાદ્વાદની રૂચિ પ્રગટે ત્યારે જ્ઞાન સમ્યગ્ બને છે. સ્યાદ્વાદની રૂચિ પ્રગટાવવા માટે સ્યાદ્વાદનો બોધ જોઈએ, તે મુજબની સદ્દહણા કરવી પડે, રૂચિ કેળવવી પડે અને એ માટે અંતરાયભૂત મિથ્યાત્વને મારવું પડે.

**અહીં ઉલ્લેખનીય છે કે,** મિથ્યાદષ્ટિ જીવોને જીવનમાં ઉપયોગી બનતા સાક્ષાત્ ભૌતિક પદાર્થોના વિષયમાં તો યથાર્થ બોધ હોઈ શકે છે. તે માણસને માણસ જ માને અને તિર્યંચને તિર્યંચ જ માને છે. તે જ રીતે ઘટને ઘટરૂપે જ સ્વીકારે છે. એટલે સ્થૂલદષ્ટિથી સામે દેખાતા પદાર્થો જેવા છે, તેવા જ તે માને છે. અર્થાત્ તેની પાસે ભૌતિક વિવેક તો હોઈ શકે છે. પરંતુ અધ્યાત્મિક લાભ-નુકશાનનો અંદાજ એને હોતો નથી અને કદાચ કોઈ બતાવી દે તો પણ તેને એમાં શ્રદ્ધા થતી નથી. એટલે જ્યાં પ્રત્યક્ષથી જણાતા પદાર્થો છે, એ તો તે જેવા છે તેવા સ્વીકારી લે છે. પરંતુ અતીન્દ્રિય વિષયોમાં એને શ્રદ્ધા થતી નથી. જેમ કે, સુવર્ણના ઘડાને સુવર્ણના ઘડા તરીકે તો તે માને જ છે પરંતુ એ ઘડો (રાગ-દ્વેષનું કારણ હોવાથી અને તેથી આધ્યાત્મિક નુકશાન કરનારો હોવાથી) હેય છે (છોડવા જેવો છે), એવું તે માનતો નથી.

આ રીતે મિથ્યાદષ્ટિ પાસે (અતીન્દ્રિય પદાર્થોના વિષયોમાં) હેય-

ઉપાદેય, કર્ત્તવ્ય-અકર્ત્તવ્ય, ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય આદિનો તાત્ત્વિક વિવેક હોતો નથી.

**→ વિપરીત શ્રદ્ધા કે અશ્રદ્ધા :**

મિથ્યાદૃષ્ટિ ક્યાં તો અતત્ત્વને તત્ત્વરૂપ માને છે અથવા તો તત્ત્વને જ મૂળથી માનતો નથી. એટલે (વિપરીત માનવું કે સર્વથા ન માનવું, તે મિથ્યાત્વનું કાર્ય છે : જેમ કે, મોક્ષને સર્વથા ન માનવો અથવા તો (ભૌતિક સામગ્રીથી સંપન્ન) વૈકુંઠને મોક્ષ માનવો, એ મિથ્યાત્વ છે. આથી અતીન્દ્રિય પદાર્થોને સર્વથા ન માનવા કે વિપરીત માનવા એ મિથ્યાત્વ છે.

**(૨) સંસારનું કારણ :**

મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન એકાંતવાસનાથી દૂષિત અને ભ્રાન્તિઓથી યુક્ત હોય છે. તેના કારણે હેય-ઉપાદેયના વિશિષ્ટ સંવેદનથી રહિત હોય છે અને તેવા પ્રકારના વિશિષ્ટ સંવેદન વિના લોકોત્તર અનુષ્ઠાનની પ્રાપ્તિ થતી નથી. લૌકિક અનુષ્ઠાનનું ફળ જ્ઞાનીઓએ સંસાર કહ્યું છે. સાદી ભાષામાં કહીએ તો મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ વિપર્યાસ (ભ્રાન્તિ)થી સભર હોય છે. તેના કારણે તેની પાસે અભ્રાન્ત બોધ નથી. અભ્રાન્ત બોધ વિના (ભ્રાન્ત બોધથી) અનુષ્ઠાન (ધર્મપ્રવૃત્તિ) પણ ભ્રાન્ત બને છે. તેનાથી સંસાર કપાતો નથી પણ વધે છે. તેથી મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન સંસારનું કારણ છે. ભ્રાન્તબોધયુક્ત અનુષ્ઠાનથી પાપાનુબંધીપુણ્ય બંધાય અને તેવું પુણ્ય સંસારનું કારણ છે.

**(૩) મતિકલ્પનાથી અર્થ કરવો :**

મિથ્યાદૃષ્ટિ જીવો સર્વ પદાર્થોને પોતાની રીતે સમજે છે. તેઓ સ્વચ્છંદ મતિવાળા હોય છે. શ્રી વીતરાગવચનને આધીન હોતા નથી. તેના યોગે અર્થને અનર્થભૂત અને અનર્થને અર્થભૂત માનવાની ભૂલ કરે છે. આ વિપર્યાસ જ્ઞાનને દૂષિત કરે છે.

**(૪) જ્ઞાનફળનો અભાવ :**

જ્ઞાનનું ફલ વિરતિ અને અવિરતિનો (પાપનો) પશ્ચાત્તાપ છે.

મિથ્યાદષ્ટિને પોતાનું મિથ્યાત્વ પાપને પાપ તરીકે માનવા જ દેતું નથી. તેથી તેના જીવનમાં વિરતિ કે અવિરતિનો પશ્ચાત્તાપ હોતો જ નથી. તદુપરાંત, મિથ્યાદષ્ટિનું જ્ઞાન વિપરીત બોધથી દૂષિત થયેલું હોવાથી જ્ઞાનરૂપ જ નથી અને જ્ઞાન ન હોય તો વિરતિ આવે જ ક્યાંથી ?

**આથી જ યોગદષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં કહ્યું છે કે,** મિથ્યાદષ્ટિનું જ્ઞાન સૂક્ષ્મતાને પામ્યું ન હોવાથી, સંસારનાશક લોકોત્તર પ્રવૃત્તિનું કારણ બનતું ન હોવાથી, કર્મરૂપ વજ્રને ભેદવામાં સમર્થ બનતું ન હોવાથી અને અનેકાંતદષ્ટિથી ગર્ભિત ન હોવાથી, તેવા જ્ઞાનથી તાત્ત્વિક અપાયદર્શન (અનર્થકારી તત્ત્વોનું અનર્થકારી તરીકે તાત્ત્વિક દર્શન) થતું નથી અને એ વિના અનર્થકારી તત્ત્વોથી બચી કેમ શકાય ?

**પ્રશ્ન-૩૯ : આજે જૈનદર્શનના 'સ્યાદ્વાદ' અને 'અહિંસા'ના સિદ્ધાંતની જગતમાં ખૂબ ચર્ચા થાય છે અને સ્યાદ્વાદના નામે ખૂબ ગોટાળા પણ થાય છે અને સ્યાદ્વાદના નામે આમેય થાય અને આમેય થાય, આમેય કહેવાય ને આમેય કહેવાય - એવું મનાય-બોલાય છે. તથા આજે જે ઝઘડાઓ છે તે સ્યાદ્વાદ નહીં સ્વીકારવાના કારણે છે આવું બોલાય છે. તો 'સ્યાદ્વાદ' સિદ્ધાંતનું સ્વરૂપ શું છે ?**

**ઉત્તર :** સ્યાદ્વાદ ગમે તે કરવાનું કે બોલવાનું કહેતો નથી અને ઝઘડાઓ કદાગ્રહ દશાના કારણે છે. સ્યાદ્વાદ ગોળ-ખોળ ભેગા કરવાનું કહેતો જ નથી. 'સ્યાદ્વાદ' શું કહે છે તે તેના સ્વરૂપને જાણવાથી ખબર પડશે. અહીં આપણે નીચેના મુદ્દાઓની ક્રમશઃ વિચારણા કરીશું. જેનાથી સ્યાદ્વાદનું સ્વરૂપ પણ સમજાઈ જશે અને તેના નામે ચાલતી ભ્રમણાઓ પણ દૂર થશે.

(A) સ્યાદ્વાદનું સ્વરૂપ અને વસ્તુની અનંતધર્માત્મકતા (ઉદાહરણ સહિત)
(B) સ્યાદ્વાદ = અનેકાંતવાદ. અનેકાંતવાદ સમ્યગ્ એકાંત વિના ઘટી શકતો નથી.
(C) (જૈનશાસનમાં) પ્રભુએ કશાનો એકાંત નિષેધ નથી કર્યો અને

કશાની એકાંતે અનુમતિ આપી નથી, આ શાસ્ત્રીય વિધાનનું રહસ્ય.

(D) ક્યાં ક્યાં એકાંતે હોય છે અને કયા વિષયમાં અનેકાંતનો સ્વીકાર કરવાનો છે.

(E) 'સ્યાદ્વાદ' સિદ્ધાંતની દૃષ્ટિએ અન્યદર્શનો.

(F) સ્યાદ્વાદ સિદ્ધાંતની દૃષ્ટિએ નવા પંથો.

(G) શાસ્ત્રવચનોની ત્રિવિધતા

હવે ક્રમશઃ દરેક મુદ્દાઓની વિચારણા કરીશું.

**(A) સ્યાદ્વાદનું સ્વરૂપ : વસ્તુની અનંતધર્માત્મકતા**

**⇨ સ્યાદ્વાદ (અનેકાંતવાદ)**

સ્યાદ્વાદ જૈનદર્શનનો મહત્ત્વનો સિદ્ધાંત છે. દરેક કાળના સાધકોના મનમાં એક પ્રશ્ન ઉદ્ભવે છે કે, આ જગતના પદાર્થોનું સ્વરૂપ શું છે ? આ પ્રશ્નનું સમાધાન આપવા માટે તે તે દર્શનના તત્કાલીન દર્શનકારોએ પોતપોતાની રીતે પ્રયત્ન કર્યો છે. જૈનદર્શને સ્યાદ્વાદ સિદ્ધાંતના આધારે જગતના પદાર્થોને અનંતધર્માત્મક (અનંત ધર્મોથી યુક્ત) બતાવ્યા છે - સમજાવ્યા છે.

અન્યદર્શનોએ જગતના પદાર્થોને સમજાવવા એકાંતનો આશરો લીધો હોવાથી તેઓ જગતના પદાર્થોને સર્વાંગીણ રીતે સમજાવી શક્યા નથી. તેમની વાતોમાં પૂર્વાપર વિરોધ આવે છે. તદુપરાંત, સંશયાદિ દોષો ઉભા થાય છે. જ્યારે જૈનદર્શને અનેકાંત (સ્યાદ્વાદ) નો આશરો લીધો હોવાથી જગતના પદાર્થોને સર્વાંગીણ રીતે સમજાવી શક્યા છે અને તેમની વાતોમાં પૂર્વાપર વિરોધો કે સંશયાદિ દોષો પણ આવતા નથી.

અહીં યાદ રાખવું કે, અનેકાંતવાદ, વિભજ્યવાદ કે સાપેક્ષવાદ એ સ્યાદ્વાદના જ બીજા નામો છે.

જૈનદર્શને જગતના પદાર્થોને અનંતધર્માત્મક જણાવ્યા છે અને તે વાત પ્રતીતિમાં પણ આવે છે. સામાન્યજનને સહજતાથી સમજાય એ માટે સ્યાદ્વાદનો આશરો લીધો છે. કોઈપણ વસ્તુમાં એક નહીં પણ

અનેક ધર્મો-ગુણધર્મો રહે છે, તે આપણે પ્રત્યક્ષથી પણ જોઈ શકીએ છીએ. અહીં યાદ રાખવું કે, જૈનદર્શન શ્રીજિનેશ્વર પરમાત્માનું દર્શન છે. સર્વજ્ઞ-વીતરાગ શ્રીજિનેશ્વર પરમાત્માએ પોતાના કેવલજ્ઞાનના પ્રકાશમાં જગતને જે રીતે જોયું છે અને જાણ્યું છે, તે જ રીતે બતાવ્યું છે. તેમાં વસ્તુની જે અનંતધર્માત્મકતા દેખાઈ છે, તેને સામાન્યજન સમજી શકે તે માટે સ્યાદ્વાદનો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે. સ્યાદ્વાદનો સિદ્ધાંત વસ્તુનું સ્વરૂપ નક્કી કરતો નથી, પરંતુ વસ્તુનું જે સ્વરૂપ છે, તેને સમજાવવાનું કાર્ય કરે છે.

એક જ પદાર્થમાં જુદી જુદી અપેક્ષાએ ભિન્ન-ભિન્ન ધર્મોનો સ્વીકાર કરવો તે **સ્યાદ્વાદ** છે. અર્થાત્ સત્ત્વ-અસત્ત્વ, નિત્યત્વ-અનિત્યત્વ, અભિલાપ્યત્વ-અનભિલાપ્યત્વ આદિ પરસ્પર વિરુદ્ધ ધર્મોનો પણ એક પદાર્થમાં અપેક્ષા ભેદથી સ્વીકાર કરવો તે સ્યાદ્વાદ સિદ્ધાંતનું કાર્ય છે.

જેમ વસ્તુમાં કોઈક અપેક્ષાથી સત્ત્વ (અસ્તિત્વ) ધર્મ રહે છે, તેમ બીજી કોઈક અપેક્ષાથી અસત્ત્વ (નાસ્તિત્વ) ધર્મ પણ રહે જ છે. જેમ કે, ઘટ પદાર્થમાં માટીની અપેક્ષાએ સત્ત્વ ધર્મ છે, તો તંતુની અપેક્ષાએ અસત્ત્વ પણ છે. આ રીતે ભિન્ન-ભિન્ન અપેક્ષાએ એક જ વસ્તુમાં જુદા જુદા ધર્મોનો સ્વીકાર કરવો તે સ્યાદ્વાદ છે.

આ રીતે સમ્યગ્ અપેક્ષાઓના સ્પષ્ટીકરણ દ્વારા વસ્તુમાં રહેલા અનેક વાસ્તવિક ધર્મોનું પ્રતિપાદન કરવું તેને જ **સ્યાદ્વાદ** કહેવાય છે. જ્યારે તર્ક, યુક્તિ અને પ્રમાણોની સહાયતાથી યોગ્ય અપેક્ષાઓને લક્ષમાં રાખીને વસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરવામાં આવે છે, ત્યારે તે પ્રતિપાદનમાં કોઈપણ પ્રકારના વિરોધનો અવકાશ રહેતો નથી. આથી વસ્તુના યથાર્થ સ્વરૂપને સમજવા માટે સ્યાદ્વાદ સિદ્ધાંત અવશ્ય આદરણીય છે.

→ વ્યવહારમાં પ્રત્યક્ષ દેખાતાં ઉદાહરણો પણ સ્યાદ્વાદ સિદ્ધાંતનું જ પ્રતિપાદન કરે છે –

જેમ કે, એક જ પુરુષમાં પિતાપણું, પુત્રપણું, પ્રોફેસરપણું, દાદાપણું,

પતિપણું, મામાપણું, ફુઆપણું, ભાઈપણું આદિ અનેક ધર્મો જુદી-જુદી અપેક્ષાએ રહેલા જોવા મળે જ છે. એટલે કે એક પુરૂષમાં પોતાના પુત્રની અપેક્ષાએ **પિતૃત્વધર્મ**, પોતાની ભાર્યાની અપેક્ષાએ **પતિત્વધર્મ**, જાતિની અપેક્ષાએ **મનુષ્યત્વધર્મ**, લિંગની અપેક્ષાએ **પુરૂષત્વધર્મ**, બહેનની અપેક્ષાએ **ભાતૃત્વધર્મ**, વ્યવસાયની અપેક્ષાએ **પ્રોફેસરત્વધર્મ**, પોતાના પિતાની અપેક્ષાએ **પુત્રત્વધર્મ**, સ્વસેવકની અપેક્ષાએ **સ્વામિત્વધર્મ**, પોતાના જમાઈની અપેક્ષાએ **શ્વસુરત્વધર્મ**, પોતાની ભાભીની અપેક્ષાએ **દેવરત્વધર્મ** ઈત્યાદિ અનેક ધર્મો રહે છે, તે આપણે પ્રત્યક્ષથી જોઈ જ શકીએ છીએ. આજ વાતને સુવર્ણના ઘટનું ઉદાહરણ લઈને આગળ સમજીશું.

**સ્યાદ્વાદ સિદ્ધાંત વસ્તુ જે જે સ્વરૂપે દેખાય તે બધાં સ્વરૂપે વસ્તુને સ્વીકારે છે. એક જ સ્વરૂપના એકાંતનો કદાપિ આગ્રહ રાખતો નથી.**

ઢાલની બે બાજુઓ છે. એક બાજુ સોનેથી રસેલી છે અને બીજી બાજુ રૂપેથી રસેલી છે. સ્યાદ્વાદ સિદ્ધાંતના પરમાર્થને જાણતો પુરૂષ ઢાલને ભિન્ન-ભિન્ન અપેક્ષાએ જુદી-જુદી સ્વીકારે છે. બે બાજુ હોવા છતાં કોઈક વ્યક્તિ એક જ બાજુને સાચી માને અને બીજ બાજુને સાચી ન માને તો વ્યવહારમાં પણ વિરોધ-ઝઘડા ઉભા થાય છે. આથી જેમ જુદી જુદી અપેક્ષાએ ઢાલની બે બાજુ સ્વીકારવી જ પડે છે, તેમ એક જ વસ્તુને અનેક બાજુ હોય છે, તે તમામ બાજુઓનો જુદી-જુદી અપેક્ષાએ સ્વીકાર કરવામાં આવે, તો જ વસ્તુનો યથાર્થ બોધ થાય છે અને વિરોધ-ઝઘડા ઉભા થતા નથી.

કોઈપણ વસ્તુમાં અનેક અંતો (અંશો-ધર્મો) હોય છે. તેથી જ વસ્તુ અનેકાન્તાત્મક છે.[૧]

જો કે, પદાર્થોને જ અનેકાન્તાત્મકત્વ (અનેકધર્માત્મકપણું) પસંદ

---

१. अनेक बहवोऽन्ता अंशा धर्मा वा आत्मनः स्वरुपाणि यस्य तदनेकान्तात्मकम् । किं तत् वस्तु । न्यायावतारवृत्ति पृ.६४।

છે તેમાં બીજી કોઈ વ્યક્તિ શું કરી શકે ? જો પદાર્થને અનેકાન્તાત્મક (અનેકાંતસ્વરૂપ) માનવામાં ન આવે, તો જગતનો કોઈ વ્યવહાર ચાલી શકે તેમ નથી, પરમાર્થથી વિચારીએ તો વસ્તુમાં અનેક ધર્મો માનવામાં જે વિરોધ આવે છે, તે વાસ્તવમાં વિરોધ જ નથી, માત્ર વિરોધનો આભાસ છે. પુત્રપણું અને પિતાપણું, આમ જોઈએ તો વિરુદ્ધ લાગે છે, પરંતુ વ્યવહારમાં જોઈ શકીએ છીએ કે, એક જ વ્યક્તિમાં પોતાના પુત્રની અપેક્ષાએ પિતાપણું અને પોતાના પિતાની અપેક્ષાએ પુત્રપણું રહેતું હોય છે. તેથી અપેક્ષાઓના ભેદથી એક જ વ્યક્તિમાં જુદા જુદા ધર્મો રહે તેમાં કોઈ વિરોધ જ નથી. આથી લોકનો સમગ્ર વ્યવહાર અનેકાંત (સ્યાદ્વાદ) સિદ્ધાંત વિના ચાલી શકતો જ નથી.[૧]

**→ વસ્તુ (પદાર્થ)ની અનંતધર્માત્મકતા :**

સ્યાદ્વાદ પ્રત્યેક પદાર્થને અનંતધર્માત્મક માને છે અર્થાત્ ભિન્ન-ભિન્ન અપેક્ષાએ એક જ પદાર્થમાં અનંતધર્મનો સ્વીકાર સ્યાદ્વાદ સિદ્ધાંત કરે છે. ષડ્દર્શન સમુચ્ચય નામના ગ્રંથમાં વસ્તુની અનંતધર્માત્મકતાને સુવર્ણના ઘટના દૃષ્ટાંતથી સુંદર રીતે સમજાવી છે. અનેક અપેક્ષાએ વસ્તુના સ્વ-પર પર્યાયોનું વિભાગીકરણ કરીને, જે રીતે વસ્તુની અનંતધર્માત્મકતા સમજાવી છે, તે હવે જોઈશું.

વિવક્ષિત એક ઘટ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવથી વિદ્યમાન છે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવથી અવિદ્યમાન છે.[૨]

(પ્રત્યેક દ્રવ્યોને પોતાની અપેક્ષાએ 'સ્વ' કહેવાય છે અને પોતાને છોડીને અન્ય દ્રવ્યની અપેક્ષાએ 'પર' કહેવાય છે. જેમ કે, માટીનો

---

१. जेण विणा लोगस्स वि ववहारो सव्वहा न निव्वहइ । तस्स भुवणेक्कगुरूणो नमो अणेगंतवायस्स ॥ (सम्मति तर्क ३/६९)

२. विवक्षितो हि घटः स्वद्रव्यक्षेत्रकालभावै विंद्यते, परद्रव्यक्षेत्रकालभावैश्च न विद्यते । (षड्, समु. बृहद्वृत्ति-श्लो. ५५-टीका) सदेव सर्वं को नेच्छत् स्वरूपादिचतुष्टयात् । असदेव विपर्यासात् न चैव व्यवतिष्ठते ॥ (आप्तमी, श्लो. १५)

બનેલો ઘટ, માટીની અપેક્ષાએ 'સ્વદ્રવ્ય' છે અને (માટીને છોડીને) સુવર્ણાદિ દ્રવ્યો તે માટીના ઘટ માટે 'પરદ્રવ્ય' છે. તે જ રીતે જે દ્રવ્ય જે આકાશપ્રદેશમાં વ્યાપીને રહે છે, તે આકાશ ક્ષેત્ર તે દ્રવ્ય માટે 'સ્વક્ષેત્ર' કહેવાય છે અને બાકીના આકાશક્ષેત્રો તે દ્રવ્ય માટે 'પરક્ષેત્ર' કહેવાય છે. જે દ્રવ્ય જે કાળમાં વિદ્યમાન છે, તે કાળ તે દ્રવ્ય માટે 'સ્વકાલ' છે અને જે દ્રવ્ય જે કાળમાં અવિદ્યમાન છે, તે કાલ તે દ્રવ્ય માટે 'પરકાલ' છે. તે જ રીતે જે દ્રવ્ય જે સ્વરૂપમાં વર્તે છે, તે સ્વરૂપ તે દ્રવ્યનો 'સ્વભાવ' છે અને જે દ્રવ્ય જે સ્વરૂપમાં વર્તતું નથી, તે સ્વરૂપ તે દ્રવ્ય માટે 'પરભાવ' છે. સર્વ પદાર્થોનો સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિ સ્વરૂપે વિચાર કરવામાં આવે છે. કોઈપણ વસ્તુને સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ વિચારવામાં આવે છે, ત્યારે તે 'અસ્તિ' સ્વરૂપે ભાસિત થાય છે અને તે વસ્તુને પરદ્રવ્યાદિની અપેક્ષાએ વિચારવામાં આવે છે, ત્યારે તે 'નાસ્તિ' સ્વરૂપે ભાસિત થાય છે.)

હવે ઘટને જ્યારે સત્ત્વ, પ્રમેયત્વાદિ સામાન્ય ધર્મોની અપેક્ષાએ વિચારીએ, ત્યારે તે ઘટના સત્ત્વાદિ ધર્મો સ્વપર્યાયોના રૂપમાં જ વિદ્યમાન છે અર્થાત્ સત્ત્વાદિ સર્વે ધર્મો ઘટના સ્વ-પર્યાય જ બની જાય છે. તે સમયે બીજા કોઈ પરપર્યાય રહેતા નથી. એથી વિજાતીય પરપર્યાયોનો અભાવ હોવાથી તેની વ્યાવૃત્તિ પણ કરવી પડતી નથી.

**કહેવાનો આશય એ છે કે**, જ્યારે 'સત્ત્વ' ધર્મને આગળ કરીને વિચારવામાં આવે, ત્યારે સર્વે પણ સત્ એવા ચેતન અને અચેતન પદાર્થોમાં કોઈ ભેદ રહેતો નથી. તમામ પદાર્થો સત્ત્વેન એક જ કહેવાય છે. તે જ રીતે પ્રમેયત્વેન, અભિધેયત્વેન પણ, સર્વ પદાર્થો સજાતીય જ બની જાય છે, કોઈ પદાર્થ વિજાતીય બનતા નથી. તેથી સત્ત્વાદિ સામાન્યધર્મોને આગળ કરીને ઘટનો વિચાર કરવામાં આવે ત્યારે તે સત્ત્વાદિ ધર્મો વસ્તુના સ્વપર્યાય જ બને છે અને તેથી સર્વે પદાર્થો સજાતીય બને છે. બીજા કોઈ પરપર્યાયો રહેતા નથી અને તેથી કોઈપણ

પદાર્થ વિજાતીય બનતો નથી.[1] અને તેથી કોઈની પણ વ્યાવૃત્તિ કરવાની રહેતી નથી. હવે વિશેષધર્મોથી વસ્તુની અનંતધર્માત્મકતા બતાવવામાં આવે છે.

પૃથ્વી, પાણી આદિ અનંતા પુદ્ગલો છે. છતાં પણ સુવર્ણનો ઘટ પાર્થિવત્વેન વિદ્યમાન છે. પરંતુ જલત્વાદિ ધર્મોની અપેક્ષાએ તો વિદ્યમાન નથી. તેથી ઘટ માટે પાર્થિવત્વ સ્વપર્યાય છે. પરંતુ જલત્વાદિ ધર્મો પરપર્યાયો છે. તેથી જલત્વાદિ ધર્મોની અપેક્ષાએ ઘટના પરપર્યાયો અનંતા છે. આ રીતે ઘટના સ્વ અને પરપર્યાયોની ગણના કરવામાં આવે તો તે અનંતા છે. તેથી જ ઘટ સ્વ-પરપર્યાયોની અપેક્ષાએ અનંતધર્માત્મક છે. (ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથમાં અનેક દૃષ્ટિકોણથી વસ્તુની અનંતધર્માત્મકતા વિસ્તારથી વર્ણવી છે. અમારા 'જૈનદર્શનના મહત્ત્વના સિદ્ધાંતો' પુસ્તકના પ્રકરણ-૧માં તેની વિચારણા કરવામાં આવી છે. વિશેષ જિજ્ઞાસુએ ત્યાંથી જોવા ભલામણ.)

## (B) સમ્યગ્ એકાંત વિના અનેકાંત ઘટી શકતો નથી

→ 'ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથમાં 'સ્યાદ્વાદ' અંગેની વિચારણાના અવસરે ગાથા-૫૭ની ટીકામાં ટીકાકારશ્રીએ ખુલાસો કર્યો છે કે –

"અનેકાંત સમ્યગ્એકાંતનો અવિનાભાવિ હોય છે. અન્યથા (અર્થાત્ જો સમ્યગ્ એકાંત ન હોય, તો તેની સાથે નિયતસાહચર્ય ધરાવતો સમુદાયરૂપ) અનેકાંત ઘટી શકશે નહીં તથા એકદેશવાચી નયની અપેક્ષાએ એકાંત અને સર્વદેશવાચી પ્રમાણની અપેક્ષાએ અનેકાંત માનવામાં આવેલો છે.[2]

---

१. स घटो यदा सत्त्वज्ञेयत्वप्रमेयत्वादिधर्मैश्चिंत्यते तदा तस्य सत्त्वादयः स्वपर्याया एव सन्ति, न तु केचन परपर्यायाः, सर्वस्य वस्तुनः सत्त्वादीन्धर्मानधिकृत्य सजातीयत्वाद्वि-जातीयस्यैवाभान्न कुतोऽपि व्यावृत्तिः । (षड् समु.बृ.वृ.श्लो.५५ टीका)

२. अनेकान्तस्य सम्यगेकान्ताविनाभावित्वात्, अन्यथानेकान्तस्यैवाघटनात् नया-र्पणादेकान्तस्य प्रमाणादनेकान्तस्यैवोदपदेशात्, तथैव दृष्टेष्टाभ्यामअविरुद्धस्य तस्य व्यवस्थितेः । (श्लोक-५७/टीका)

કહેવાનો આશય એ છે કે – જે એકાંત (એક ધર્મ) વસ્તુના બીજા ધર્મોની અપેક્ષા રાખે છે, પરંતુ બીજા ધર્મોનું નિરાકરણ કરતો નથી તે સમ્યગ્ એકાંત કહેવાય છે અને તે જ સુનયનો વિષય બને છે. જે એકાંત અન્યધર્મોનું નિરાકરણ કરે છે, તે મિથ્યા એકાંત કહેવાય છે અને તે દુર્નયનો વિષય બને છે. સમ્યગ્ એકાંતોના સમુદાયોને જ અનેકાંત = અનેક ધર્મવાળી વસ્તુ કહેવાય છે. તે અનેકાંત વસ્તુ પ્રમાણનો વિષય બને છે. તે પ્રમાણે જ પ્રત્યક્ષ અને અનુમાન દ્વારા અવિરુદ્ધ વસ્તુની વ્યવસ્થા થાય છે. અર્થાત્ પ્રત્યક્ષ અને અનુમાન દ્વારા તે વ્યવસ્થામાં કોઈ વિરોધ (આવતો) નથી. પ્રત્યક્ષ અને અનુમાન દ્વારા વસ્તુની અનેકાંતાત્મકતા (અનંતધર્માત્મકતા) સિદ્ધ થાય છે.''

→ આથી સમ્યગ્ એકાંત પૂર્વક જ અનેકાંત હોય છે. પુરુષને પુરુષ તરીકે એકાંતે સ્વીકાર્યા પછી (પુરુષની) પત્ની, પિતા, બહેન, કાકા, મામા આદિની અપેક્ષાએ તે પુરુષમાં અનુક્રમે પતિપણું, પુત્રપણું, ભાઈપણું, ભત્રીજાપણું, ભાણીયાપણું વગેરે ધર્મો સ્વીકારી શકાય છે. એટલે અનેક ધર્મોનો અપેક્ષાએ સ્વીકાર કરતાં પૂર્વે પુરુષમાં પુરુષત્વ ધર્મ તો એકાંતે સ્વીકારવો જ પડે છે, ને પછી બાકીના ધર્મોનો સ્વીકાર થાય છે.

→ 'આશ્રવ સર્વથા હેય છે.' અને 'સમકિતિ માટે જે આશ્રવના સ્થાનો છે, તે જ સંવરના સ્થાનો છે.' આ બંને શાસ્ત્રવચનો પણ **''સમ્યગ્ એકાંત પૂર્વક જ અનેકાંતવાદની પ્રવૃત્તિ હોય છે.''** એ સિદ્ધાંતની સાક્ષી પૂરે છે.

→ જે અપેક્ષાઓ વસ્તુના યથાવસ્થિત સ્વરૂપ સુધી પહોંચાડે નહીં, સત્ય-અસત્યના ભેદને નષ્ટ કરે, તે અનેકાંત નથી, પરંતુ અનેકાંતાભાસ છે.

→ **યુગપ્રધાન પૂ. કાલિકસૂરિ મહારાજાએ પાંચમના બદલે ચોથની પ્રવર્તાવેલી સંવત્સરી અપેક્ષાએ સામાચારી છે અને 'અમુક વર્ષે પૂ. કાલિકસૂરિજી મહારાજા સંવત્સરી પાંચમના બદલે ચોથમાં પ્રવર્તાવશે' આ પ્રભુવચનના અનુસંધાનપૂર્વક પ્રવર્તેલી ચોથની સંવત્સરી અપેક્ષાએ**

**સિદ્ધાંત બને છે અને આ ફેરફાર પાંચમા આરાના અંત સુધી નિયત છે, તે અપેક્ષાએ પણ સિદ્ધાંત છે.'' આ જ વાત પૂર્વોક્ત નિયમની સાક્ષી પૂરે છે.**

**(C) એકાંતે નિષેધ નથી - એકાંતે અનુમતિ નથી - આ વિધાનનું રહસ્ય**

**અધ્યાત્મસાર ગ્રંથના દંભાધિકારમાં** કહ્યું છે કે[૧] -

''શ્રીજિનેશ્વરોએ કોઈ વસ્તુનો સર્વથા નિષેધ નથી કર્યો અને કોઈ વિષયની-વસ્તુની એકાંતે અનુમતિ નથી આપી, પરંતુ જે કંઈ કરો, તે દંભ વિના કરવું જોઈએ - આ પરમાત્માની આજ્ઞા છે.''

→ પૂ.મહોપાધ્યાયશ્રીજીના પૂર્વનિર્દિષ્ટ વિધાનમાં - જેણે જે ભૂમિકા સ્વીકારી હોય, તેણે તે ભૂમિકાને દંભ વિના સચ્ચાઈ પૂર્વક નિભાવવા માટેનું સૂચન કર્યું છે. અધ્યાત્મસારમાં (પૂર્વોક્ત વિધાનની) પૂર્વે દંભરહિત જીવન જીવવાની જ સલાહ આપ્યા પછી પૂર્વનિર્દિષ્ટ વિધાન કર્યું છે. દંભ અધર્મનું મૂળ છે અને સરળતા ધર્મનું બીજ છે. આ વાતને જણાવવા જ એ વિધાન કરાયું છે. સ્વીકારેલી ભૂમિકાનું વહન ન થતું હોય તો તેનો વિધિપૂર્વક ત્યાગ કરવાનો પરંતુ દંભપૂર્વક ક્યારેય ન જીવવું એ વાત ઉપર ત્યાં ખૂબ ભાર મૂક્યો છે.

→ એટલે પૂર્વોક્ત વિધાનનો કોઈ એવો અર્થ કરતું હોય કે - ''જ્યારે જેને જે ફાવે તે ફેરફાર કરી શકે છે. - શાસ્ત્રોમાં એકાંતે કશાનો નિષેધ નથી અને એકાંતે કશાની અનુમતિ નથી - માટે જ્યારે જે ફેરફાર કરવા હોય તે કરી શકાય.'' - તો તેવું કહેવું લેશમાત્ર ઉચિત નથી. તપાગચ્છની નીતિ શું હોય છે તે આગળ જણાવેલ જ છે.

**(D) ક્યાં સમ્યગ્ એકાંત અને ક્યાં અનેકાંત ? :**

— મુખ્યપણે પદાર્થના સ્વરૂપ અંગે અનેકાંત છે અને તે તે ભૂમિકાના

---

१. जिनैर्नानुमतं किंचि-न्निषिद्धं वा न सर्वथा । कार्ये भाव्यमदम्भेनेत्येषाऽऽज्ञा पारमेश्वरी ॥२०॥

ધર્મક્રિયા સંબંધી વિધિ-નિષેધમાં સમ્યગ્ એકાંત હોય છે. કારણ કે શાસ્ત્રાનુસારી વિધિ-નિષેધમાં પ્રવર્તવું ફરજીયાત હોય છે. આથી જ જેણે જેણે સ્વમતિકલ્પનાથી શાસ્ત્રનિરપેક્ષપણે મનફાવતી વિધિઓ ચાલું કરી, ત્યારે તત્કાલીન મહાપુરુષોએ સૌથી પ્રથમ એનો વિરોધ કર્યો છે અને સમજાવવાનો પ્રયત્ન કરવા છતાં ન માન્યા તેમની સાથે વંદનાદિ વ્યવહારો કાપી નાંખ્યા છે.

– સમ્યગ્ એકાંત અને અનેકાંતનો વિષય વ્યાપક હોવાથી થોડા ઉદાહરણો આપીને અટકવું પડે છે.

– **સમગ્ર ચર્ચાનો સાર એ છે કે** - (૧) (પદાર્થના સ્વરૂપના વિષયમાં) સ્યાદ્વાદ શૈલીથી પદાર્થને અનંતધર્માત્મક = અનંતઅંશાત્મક માનવાનો છે. એકાંતે એક પણ અંશ પકડવાનો નથી. જેમ કે, આત્મામાં એકાંતે નિત્યત્વ કે એકાંતે અનિત્યત્વ માનવું તે મિથ્યાત્વ છે. અને (પર્યાયની દૃષ્ટિએ) કથંચિત્ અનિત્યત્વ અને (દ્રવ્યની દૃષ્ટિએ) કથંચિત્ નિત્યત્વ માનવું તે અનેકાંત હોવાથી સમ્યક્ત્વ છે. એક આત્મામાં પરસ્પર વિરોધી અનેક ધર્મો જુદી જુદી અપેક્ષાએ રહી જાય છે. આથી આત્મા અનંત-ધર્માત્મક છે. તે જ રીતે સર્વે પદાર્થ માટે જાણવું.

(૨) મોક્ષમાર્ગની સાધના સંબંધી વિધિ આદિમાં શાસ્ત્રવચન અને શાસ્ત્રાનુસારી પરંપરાને જ અનુસરવું તથા શાસ્ત્રવિરુદ્ધ અને અસંવિગ્ન-શઠ પુરુષોએ પ્રવર્તાવેલ અવિહિત અશુદ્ધ પરંપરાને ન જ અનુસરવું - આ સમ્યગ્ એકાંત છે.

→ આ જ શાસ્ત્રની-તપાગચ્છની-સ્યાદ્વાદની નીતિ-રીતિ છે. કોઈક કાળે શાસ્ત્રથી અમાન્ય નભાવવું પડ્યું હોય, ખોટું આદરવું પડ્યું હોય, અજાણતાં અવિહિત પરંપરાઓને અનુસરવું પડ્યું હોય, સુવિહિતોનો પુણ્ય પ્રભાવ ઓછો પડવાના કારણે યતિઓ વગેરેના જોરથી અશુદ્ધ વ્યવહારો ઘર કરી ગયા હોય - તો પણ, તે તપાગચ્છની નીતિ-રીતિ અનુસારે

તો શાસ્ત્રના અક્ષરો મળે એટલે આગ્રહ છોડીને શાસ્ત્રનીતિ મુજબ વર્તવું એ જ શ્રેયસ્કર છે.

→ વચ્ચેના વિષમકાળમાં જે કંઈ શાસ્ત્રાનુસારી વિધિ-નિષેધો અને સુવિહિત પરંપરાઓમાં ભેળસેળ થવાના કારણે કંઈક સાચું ગુમાવ્યું હોય, તેને પાછું મેળવી લેવામાં જ હિત છે. **આત્મહિતાર્થી-સત્યપિપાસુ જીવ તો ગુમાવેલી સાચી ચીજને પાછી મેળવવા ઈચ્છે છે, પરંતુ જે કંઈ સાચું બચ્યું છે, તેને ગુમાવવાનું કાર્ય ન કરે તથા સાચા-ખોટાને ઓળખે અને બીજાને હિતબુદ્ધિથી જણાવીને તેમાંથી બહાર કાઢવાનો સમ્યગ્ પુરુષાર્થ કરે. નકલી-પ્રતિકૂળ મધ્યસ્થભાવને ધારણ કરીને મૌન પણ ન રહે કે બધાને સારા-સાચા માનવા સ્વરૂપ મિથ્યાત્વને પ્રોત્સાહન પણ ન આપે.**

### (E) સ્યાદ્વાદ સિદ્ધાંતની દૃષ્ટિએ અન્યદર્શનકારો

→ અન્યદર્શનકારોએ વસ્તુના સ્વરૂપના વિષયમાં એકાંત પકડ્યો છે. કોઈક વિષયમાં સ્યાદ્વાદ સિદ્ધાંતનો આશારો લેવા છતાં નામથી તો એને નકારી દીધેલ છે. એકાંતમાં મિથ્યાત્વ છે. કારણ કે, એકાંત પકડવાથી વસ્તુની અંદર રહેલા અન્ય (સાપેક્ષ) ધર્મોનો અપલાપ થાય છે અને વસ્તુ જેવી છે, તેવો તેનો બોધ થતો નથી અને બોધ વિપરીત થવાના કારણે બોધજન્ય રૂચિ પણ વિપરીત થાય છે. જે મિથ્યાત્વ સ્વરૂપ છે. આથી અન્ય દર્શનકારો મિથ્યાત્વમાં બેઠા છે.

→ **ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથની ટીકામાં તર્કો-ઉદાહરણો-યુક્તિઓ દ્વારા સિદ્ધ કરી આપેલ છે કે** – ''અન્ય તમામ દર્શનો પોતપોતાના સિદ્ધાંતના સમર્થનમાં અનેકાંત (સ્યાદ્વાદ) નો આશારો લે જ છે અને તે ન લે તો ક્યારેય સ્વસિદ્ધાંતની સિદ્ધિ કરી શકે તેમ નથી. તેમ છતાં પણ 'સ્યાદ્વાદ' ને નામથી નકારે છે. સ્યાદ્વાદના અર્થને સ્વીકારે છે, નામથી સ્વીકારતા નથી અને કોઈક સ્થળે એકાંત પકડી એનું ખંડન પણ કરે છે.'' - આ એમની બેવડી નીતિને ટીકાકારશ્રીએ તેમના જ ગ્રંથોના અનેક ઉદાહરણો આપીને સિદ્ધ કરી આપેલ છે.

→ અન્યની સાચી વાત નહીં સ્વીકારવાના મૂળમાં સ્વપક્ષનો રાગ-દૃષ્ટિરાગ હોય છે. દૃષ્ટિરાગના કારણે તેઓ સાચી વાતો સ્વીકારી શકતા નથી. એટલું જ નહીં સાચી વાતોનું ખોટી રીતે ખંડન કરે છે. જે એમના મિથ્યાત્વને વધારે છે.

→ આથી જૈનશાસનની દૃષ્ટિએ કદાગ્રહને વશ બનેલા અન્યદર્શનકારો ભૂલા પડ્યા છે. મોક્ષમાર્ગથી દૂર છે.

**(F) સ્યાદ્વાદ સિદ્ધાંતની દૃષ્ટિએ નવા પંથો**

→ શ્રીમદ્ રાજચંદ્ર, દાદા ભગવાન, કાનજી સ્વામી વગેરેના નવા પંથો એકાંગી માન્યતાવાળા હોવાથી સ્યાદ્વાદની દૃષ્ટિએ ખોટા છે. મોક્ષમાર્ગ જ્ઞાન-ક્રિયાથી (વ્યવહાર-નિશ્ચયથી) સંવલિત હોવા છતાં એકલા નિશ્ચયને સ્વીકારનારા તે નવા પંથો એકાંતની પક્કડવાળા હોવાથી મિથ્યાત્વમાં જ બેઠેલા છે. પૂર્વે તેમના વિચારોની સમાલોચના કરી જ છે.

**(G) શાસ્ત્રવચનોની ત્રિવિધિતા :**

**શાસ્ત્રના તમામ વિધાનો વિધિ-નિષેધરૂપે હોતા નથી. શાસ્ત્રના વિધાનો ત્રણ પ્રકારના હોય છે.**

**(૧) વિધિ-નિષેધ પ્રતિપાદક, (૨) ફલપ્રતિપાદક અને (૩) અનુવાદક.**

*** જે વિધાનો વિધિરૂપે બતાવાયા હોય તે વિધિ પ્રતિપાદક વિધાનો કહેવાય છે. વિધિ પ્રતિપાદક વિધાનો કર્ત્તવ્યરૂપ હોય છે.** અર્થાપત્તિથી તેની સાથે સંબંધ ધરાવતા નિષેધ પ્રતિપાદક વિધાનો અકર્ત્તવ્યરૂપ હોય છે. જેમ કે, "સર્વ જીવોની હિંસા ન કરવી" આ શાસ્ત્ર વચનમાં અહિંસાની વિધિ અને હિંસાનો નિષેધ છે. આથી અહિંસા કર્ત્તવ્યરૂપ છે અને હિંસા અકર્ત્તવ્યરૂપ છે.

* જે વિધાનો ફલનું પ્રતિપાદન કરતા હોય તે વિધાનો ફલપ્રતિપાદક કહેવાય છે. **ફલપ્રતિપાદક તમામ વિધાનો કરણીય હોતા નથી. માત્ર તેમાં તે તે કાર્યનું ફળ બતાવવામાં આવ્યું હોય છે.**

* જે વિધાનો સર્વપ્રસિદ્ધ વાતને માત્ર નિર્દેશ રૂપે જણાવાતા હોય તે અનુવાદપરક વિધાનો કહેવાય છે. જેમ કે, "૧૨ મહિનાનું એક વર્ષ થાય છે.' - આ વિધાનમાં સર્વસિદ્ધ વાતનું પ્રતિપાદન કરાયું છે. **અનુવાદપરક વિધાનો માત્ર માહિતીનું સંપાદન કરે છે. તે વિધાનો કરણીય કે અકરણીય એવા વિભાગના વિષય બનતાં નથી.**

[ **અહીં ઉલ્લેખનીય છે કે** - શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોમાં ગૃહસ્થના જીવન વ્યવહારોનું જે વર્ણન કરવામાં આવ્યું છે, તેમાં જીવન વ્યવહારની તે તે ક્રિયાઓ અનુવાદરૂપે જ છે. પરંતુ તે તે ક્રિયાઓમાં જે જયણા, અલ્પારંભ આદિની વિધિ બતાવી છે તે ઉપદેશરૂપે છે - કર્ત્તવ્યરૂપે દર્શાવી છે. અર્થાત્ ગૃહસ્થ તે તે સ્નાનાદિ ક્રિયાઓ પોતાની રીતે કરવાનો જ છે, તેનો માત્ર અનુવાદ કર્યો છે અને તે તે ક્રિયાઓમાં અલ્પાંશે પણ પાપથી બચવા જયણા-અલ્પારંભ આદિનું વિધાન કર્યું છે, તે જયણા આદિ ગૃહસ્થ માટે કરણીય છે. એટલે જ શ્રાદ્ધવિધિ ગ્રંથમાં અનુવાદપરક વિધાનો અને વિધિપરક વિધાનોનો સ્પષ્ટ ભેદ પકડી શકાય એ માટે ખુલાસો કાર્યો છે કે -

"xxxx **स्नानादिना पवित्रः सन्नित्यनुवादपरं, लोकसिद्धो ह्ययमर्थ इति नोपदेशपरं, अप्राप्ते हि शास्त्रमर्थवत्, नहि मलिनः स्नायाद् बुभुक्षितोऽश्नीयादित्यत्र शास्त्रमुपयुज्यते । अप्राप्ते त्वामुष्मिके मार्गे शास्त्रोपदेशसाफल्यं । एवमन्यत्रापि ज्ञेयं । सावद्यारंभेषु हि शास्तॄणां वाचनिक्यनुमोदना न युक्ता**" (શ્લો-૫ની ટીકા) - સ્નાનાદિથી પવિત્ર થતો" - આવું જે વિધાન કર્યું છે, તે અનુવાદપરક છે. અર્થાત્ લોકો સવારે ઉઠીને જે ક્રિયાઓમાં સ્વયં પ્રવર્તવાના છે, તે ક્રિયાઓનો અનુવાદ માત્ર છે. પરંતુ લોકોને સ્વયં સિદ્ધ એવી તે સ્નાનાદિ ક્રિયાઓ ઉપદેશપરક નથી. અર્થાત્ તે સ્નાનાદિ ક્રિયાઓ કરવી એવો અમારો ઉપદેશ નથી. કારણ કે, શાસ્ત્રવિધાનનું મૂળભૂત પ્રયોજન ગૃહસ્થોને અપ્રાપ્ત એવા જયણા-અલ્પારંભ વગેરેનો જ ઉપદેશ આપવાનું છે. 'મલિને સ્નાન

કરવું, ભૂખ્યાએ ખાવું જોઈએ' - આવા વિધાનો કરવા શાસ્ત્રને તથા શાસ્ત્રાકારોને સંગત નથી. (કારણ કે, એ સાવદ્ય ક્રિયાઓ છે. તથા તે સાવદ્ય ક્રિયાઓમાં સ્વયં પ્રવર્તેલા ગૃહસ્થને જે જયણા અપ્રાપ્ત (અજ્ઞાત) છે, કે જે અલ્પાંશે પાપની નિવૃત્તિના ફળવાળી છે, તે જયણારૂપ પારલૌકિક માર્ગનું વિધાન કરવાથી જ ઉપદેશની સફળતા છે. (સાવદ્યનું વિધાન કરવાથી ઉપદેશની સફળતા થતી નથી. પરંતુ નિષ્ફળતા પ્રાપ્ત થાય છે. કારણ કે,) સાવદ્ય આરંભયુક્ત ક્રિયાઓમાં શાસ્ત્રકારોની વાચનિક પણ અનુમોદના યુક્ત નથી. આ પ્રમાણે જ પ્રત્યેક પ્રસંગોમાં પણ જાણી લેવું. ટૂંકમાં સાવદ્યક્રિયાઓનું વર્ણન માત્ર અનુવાદ રૂપે હોય છે અને જયણા ઉપદેશરૂપે હોય છે. ]

→ આ આપણે એક દૃષ્ટિકોણથી વિચારણા કરી છે. પૂર્વે શાસ્ત્રો ચાર[૧] પ્રકારના અનુયોગને અનુલક્ષીને અલગ-અલગ વિભાગમાં વહેંચાયેલા હતા. તેમાં દ્રવ્યનું જે ત્રિવિધ સ્વરૂપ (ઉત્પત્તિ-વિનાશ-ધ્રુવતાયુક્ત સ્વરૂપ) છે, તેમાં સ્યાદ્વાદ સિદ્ધાંતનું યોજન કરવું એ જૈનશાસ્ત્રની આગવી શૈલી છે.

**પ્રશ્ન-૪૦ : અન્યદર્શનના શાસ્ત્રો સંપૂર્ણપણે ખોટા છે કે અમુક અંશે ખોટા છે ? જે અંશે સાચા છે એનો સ્વીકાર કરાય કે નહીં ? અન્યદર્શનોના શાસ્ત્રો મૂળથી જ ખોટા છે કે એમના અર્થ જ ખોટા છે.**

**ઉત્તર :** અન્યદર્શનોમાં આસ્તિક અને નાસ્તિક બંને આવે છે. આસ્તિક દર્શનોમાં બૌદ્ધ, સાંખ્ય, નૈયાયિક, મીમાંસક, વેદાંત વગેરે દર્શનો આવે છે.

→ અન્ય દર્શનોમાં અમુક અંશે સાચું પણ કહેવાયું છે. કારણ કે, જે સાચું કહેવાયું છે, તે જિનવચન સાથે સંવાદી છે. પરંતુ એકાંતવાસનાના કારણે ઘણું જિનવચનથી વિસંવાદી પણ છે. બંનેની ભેળસેળ હોવાથી જ જ્ઞાનીઓએ એને મિથ્યાશ્રુત કહ્યા છે.

---

૧. (૧) દ્રવ્યાનુયોગ, (૨) ચરણકરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને (૪) કથાનુયોગ : આ ચાર અનુયોગ છે.

→ અન્યદર્શનોએ ઘણા જિનવચનાનુસારી તત્ત્વોનો અપલાપ કર્યો છે. તેથી જ મહોપાધ્યાયશ્રીજીએ તેઓને નાસ્તિક કહ્યા છે. તે વાત 'નયોપદેશ' ગ્રંથમાં આ મુજબ જણાવી છે –

**धर्म्यंशे नास्तिको ह्येको, बार्हस्पत्यः प्रकीर्तितः ।**
**धर्मांशे नास्तिको ज्ञेयाः, सर्वेऽपि परतीर्थिकाः ॥**

**ભાવાર્થ :** ધર્મી અંશમાં (આત્માનો સ્વીકાર કરવાના વિષયમાં) એક ચાર્વાક જ નાસ્તિક કહેવાય છે. (કારણ કે, ચાર્વાક આત્માને માનતો જ નથી.) જ્યારે ધર્મ અંશમાં (આત્માના ધર્મો અને સ્વરૂપના વિષયમાં) જૈન સિવાયના અન્ય તમામ ધર્મો નાસ્તિક છે. (કારણ કે, અન્ય ધર્મોએ આત્માનું જે સ્વરૂપ બતાવ્યું છે તે ખોટું છે અને છતાં તેનો આગ્રહ છે. સાથે આત્માના ઉદ્ધાર માટે બતાવેલા ઘણા ઉપાયો પણ મિથ્યા છે. આથી મિથ્યાધર્મો છે.)

**→ અમુક અંશો સાચા હોવા અંગે પૂ. સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી મહારાજાએ ખુલાસો કર્યો છે કે –**

**''सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु स्फूरन्ति या काश्चन सुक्तिसंपदः ।**
**तवैव ताः पूर्वमहार्णवोद्धृता जगुः प्रमाणं जिनवाक्यविप्रुषः ॥''**

પૂજ્યપાદ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજાનું વચન છે કે –

''અમારો આ સુનિશ્ચિય થયો છે કે... અન્ય દર્શનીઓની યુક્તિઓમાં જે કાંઈ સુંદર વચનો રૂપી સંપત્તિઓ દેખાય છે, હે પ્રભુ ! તે તારા જ પૂર્વરૂપ મહાસાગરમાંથી ઉદ્ધરેલી છે. એમ જાણી જિનવાણીના જાણકારોએ એને પ્રમાણ કરેલ છે.''

→ આથી અન્યદર્શનોના જે અંશે સાચા કથનો છે, તે જિનેશ્વરના શાસ્ત્રમાંથી જ ત્યાં ગયેલા છે. તેથી સાપેક્ષ દૃષ્ટિથી તેને સ્વીકારવામાં કોઈ દોષ નથી. જો કે, તેમની પાસે જે સાચું છે, તે પણ ઘૃણાક્ષર[૧]

૧. **ઘૃણાક્ષર ન્યાય :** જેમ કીડો કોઈપણ પ્રકારના ઉદ્દેશ વિના લાકડાને કોતરે છે અને તેમાં અમુક અક્ષરો કે દૃશ્ય કોતરાય છે, તે ઘૃણાક્ષર ન્યાય કહેવાય.

ન્યાયે જ છે, પરંતુ તેમની પાસે એવી સાચી કોઈ દૃષ્ટિ નથી. તેઓ તો ઊંટવૈદ્ય જેવા જ છે, એવું ઉપમિતિકારે જણાવ્યું છે - જે આપણે પૂર્વે જોયેલ જ છે.

→ આથી જે અંશ સાચો છે તે સ્વીકારવામાં દોષ નથી. આપણા ગ્રંથકારોએ ઘણે સ્થળે અન્યદર્શનકારોની યુક્તિઓનો સ્વીકાર કરેલો જ છે.

→ વિશેષમાં - અષ્ટક પ્રકરણના મહાદેવ અષ્ટકમાં અને શંકરાચાર્યના શિષ્ય આનંદગિરિ રચિત ગ્રંથમાં અને પુરાણ આદિ ગ્રંથોમાં તેમના દેવોના અને શાસ્ત્રકારોના જે વિચિત્ર ચારિત્રો વર્ણવ્યા છે, તે જ સિદ્ધ કરી આપે છે કે, તેઓ વીતરાગ-સર્વજ્ઞ/ચારિત્રવાન્ જ્ઞાની નહોતા.

→ અન્યદર્શનના અમુક ગ્રંથોમાં તો ઉત્સૂત્રોની અને હિંસાની ભરમાર પડી છે. તેથી જ કલિકાલ સર્વજ્ઞશ્રીએ યોગશાસ્ત્રના બીજા પ્રકાશમાં એવા ભાવમાં કહ્યું છે કે –

**"જેઓ ક્રૂરકર્મ કરનારા છે અને 'હિંસા કરવી જોઈએ' એવા ઉપદેશવાળા શાસ્ત્રો રચે છે, તે હિંસક શાસ્ત્રના રચનારા નાસ્તિકથી પણ નાસ્તિક છે અને (બિચારા) તેઓ કઈ નરકમાં જશે ?"**[૧]

→ અન્યદર્શનના શાસ્ત્રો અમુક વિષયમાં મૂળથી ખોટા છે. અમુક વિષયમાં અર્થઘટનો ખોટા છે. તેથી **"તમામ શાસ્ત્રોના તમામ વિષયો મૂળથી ખોટા નથી પરંતુ અર્થઘટનથી ખોટા છે."** આવું કહેવું હકીકત વિરુદ્ધ છે. જે આવું કહે છે, તેમને પૂછવું જોઈએ કે, તેમણે બતાવેલી હિંસા, શબ્દને આકાશનો ગુણ માનવો વગેરે વિષયો મૂળથી ખોટા છે કે અર્થઘટનથી ખોટા છે ? મૂળથી જ ખોટા છે.

→ **તદુપરાંત, ગણધર ભગવંતોએ જે વેદપંક્તિના જે અર્થઘટનો કર્યા હતા, તે ખોટા હતા, એ સંદર્ભમાં પ્રભુએ કહ્યું હતું કે, તમારા અર્થઘટનો ખોટા છે, તેના અર્થો આ મુજબ થાય. પરંતુ "તમામ વેદોની**

---

१. ये चक्रुः क्रूरकर्माणः, शास्त्रं हिंसोपदेशकम् ।
क्व ते यास्यन्ति नरके, नास्तिकेभ्योऽपि नास्तिकाः ॥२-३७॥

**તમામ વાતો અપેક્ષાએ સાચી છે, માત્ર અર્થઘટનો બદલવાની જરૂર છે એવું કહ્યું જ નથી.'' એ યાદ રાખવાની જરૂર છે અને એવો ઉલ્લેખ કોઈ શાસ્ત્રમાં ક્યાંયે મળતો નથી. શાસ્ત્રમાં તો વેદોની વાતોનું અને વેદોક્ત હિંસાદિનું ભરપૂર ખંડન કર્યું છે. તેથી કોઈ વ્યક્તિ ભગવાનના નામે ગપગોળા ચલાવે તો એમાં શ્રદ્ધા કરવાની જરૂર નથી. આપણને જે મળ્યું છે તે ઉત્તમોત્તમ ને સર્વોપરિ છે. તેની અવજ્ઞા થાય એવી કોઈ વાત કરવી ન જોઈએ.** જ્ઞાનીઓએ કલ્પવૃક્ષ-બાવળીયો અને સરોવર - ખાબોચીયાની ઉપમાઓ આપીને ઘણું બધું કહી દીધું છે.

→ **અહીં ખાસ નોંધનીય છે કે** – અન્યદર્શનોના જે કથનો સાચા છે, તે જૈનશાસનમાંથી જ ગયેલા છે અને જે પોતાની મતિકલ્પનાથી એકાંતે પકડેલા છે તે ખોટા છે. જૈનશાસન સમુદ્ર જેવો છે. તેના છાંટા (અંશો) અન્યદર્શનોમાં ઉડેલા-ગયેલા છે. તેમાંથી જે સાચા પરિપ્રેક્ષ્યમાં રહેલા છે, તેનો સ્વીકાર કરવાનો છે અને ખોટા દૃષ્ટિકોણથી રહેલા છે, તેનો ત્યાગ કરવાનો છે. આ વાત પદાર્થનો નિર્ણય કરવાના અવસરની છે. બાકી મોક્ષમાર્ગની જે સાધના કરવાની છે અને એના માટે જે ચરણ-કરણની (મૂલગુણ-ઉત્તરગુણની) આરાધના કરવાની છે, તે તો સર્વાંગ સંપૂર્ણ જૈનશાસનમાં જ છે. કદાચ ત્યાં કોઈક સ્થળે (પાતંજલ યોગદર્શન વગેરેમાં) અમુક અંશે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન હોઈ શકે છે, પરંતુ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન તો માત્રને માત્ર જૈનશાસનમાં જ હોઈ શકે છે.

→ જૈનદર્શન સમુદ્ર છે. અન્યદર્શનો નદી જેવા છે. જેમ સમુદ્રમાં તમામ નદીઓનો સમાવેશ હોય છે, પણ નદીમાં સમુદ્રનો સમાવેશ હોતો નથી, તેમ શ્રીજિનેશ્વર પરમાત્માના દર્શનમાં સઘળા દર્શનોનો સમાવેશ છે. પણ નદી સમાન એક-એક અન્યદર્શનમાં જૈનશાસનરૂપ સમુદ્રનો સમાવેશ થતો નથી. તે એક-એક દર્શન તેના અંશ સમાન છે. આથી જ શ્રી આનંદઘનજી મહારાજાએ કહ્યું છે કે –

**"જિનવરમાં સઘળા દર્શન છે, દર્શન જિનવર ભજના રે,**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે,**
**શ્રીનમિજિનવરના ચરણ ઉપાસક ષડ્અંગ આરાધે રે."**

→ **અહીં ઉલ્લેખનીય છે કે...** જૈનદર્શનમાંથી અન્યદર્શનરૂપે છૂટો પડેલો અંશ (ત્યાં એકાંતવાસનાથી યુક્ત હોવાથી) કુનય સ્વરૂપ છે. અને તે જ અંશ જૈનશાસનમાં આવે ત્યારે (જૈનશાસનના પરમાર્થના જાણકાર પાસે આવવાના કારણે અનેકાંતની દૃષ્ટિથી પવિત્ર બને છે. અને તેથી) સુનય બને છે. એટલે જૈનશાસન સુનયોનો સમુહ છે. કુનયોનો નહીં- એ પણ યાદ રાખવાનું છે. જેમ કે, નૈયાયિક- વૈશેષિક દર્શન નૈગમાભાસથી ઉત્પન્ન થયેલા છે. પણ તે જ જૈનદર્શનના હાથમાં આવે તો નૈગમનય બની જાય છે. કારણ કે, સ્યાદ્વાદી કોઈ દૃષ્ટિનો અપલાપ કરતો નથી.

→ આ વિષયોમાં ઘણું કહેવા જેવું છે. પરંતુ વિસ્તારભયથી અટકીએ છીએ. બાકી ઉપદેશકની ફરજ છે કે, શ્રોતા તત્ત્વના વિષયમાં નિઃશંક બને, તેની જિનતત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા મજબૂત બને, તેની સત્ય પ્રત્યે પ્રતિબદ્ધતા-નિષ્ઠા વધે એવો જ પ્રયત્ન કરવો જોઈએ. તે સંશયગ્રસ્ત બને કે શ્રદ્ધાભ્રષ્ટ બને એવું કહેનારો ઉપદેશક મહાદોષનો ભાગી બને છે.

→ **બીજી વાત,** ઉપદેશમાલામાં જણાવ્યા મુજબ શરણે આવેલાને અસ્પષ્ટ, અયથાવસ્થિત બતાવીને - કહીને જે ઉપદેશક જિનતત્ત્વથી વિમુખ બનાવે છે, તેને મહાદોષ લાગે છે અને તેવો ઉપદેશ ખાટકી કરતાં પણ ભયંકર છે. આ વાત પૂર્વે જણાવી જ છે.

→ **એક વાત નોંધનીય છે કે - એકાંતદૃષ્ટિથી અને શાસ્ત્રવચનોની ઉપેક્ષાથી જૈન પણ પરદર્શની બની જાય છે અને સ્યાદ્વાદદૃષ્ટિથી નિરાગ્રહી પરદર્શની પણ ભાવજૈન બને છે. આથી જ અધ્યાત્મસારમાં કહ્યું છે કે** - "એટલા માટે જ જે વિરક્ત આત્માનો પણ કોઈક વિષયમાં એકાંતથી

કુગ્રહ હોય, તો તે શાસ્ત્રના અર્થનો બાધક હોવાથી જૈનાભાસ છે અને પાપ કરનારો છે.''[૧]

→ **વર્તમાનમાં એક વાત વારંવાર દૃષ્ટિપથમાં આવે છે કે,** ઘણા લોકો પ્રભુ મહાવીરની અંતિમ દેશનામાં અપાયેલા ફલાદેશને સાચો પાડવાની જાણે હરીફાઈ કરી રહ્યા હોય, તેવું ચિત્ર જોવા મળે છે, ત્યારે ખુબ દુઃખ થાય છે. જ્ઞાનીઓએ તો સ્પષ્ટ કહ્યું છે કે - તમે કોઈપણ કારણસર સાચું ન પાળી શકતા હોવ, તો પણ પ્રરૂપણા તો શુદ્ધ જ કરવી જોઈએ. **આ વિષમકાળમાં શુદ્ધપ્રરૂપણા + યથાશક્તિ પાલન જ તારી શકે છે. પરંતુ વર્તમાનમાં શાસ્ત્ર-તપાગચ્છની નીતિ-રીતિથી અવળી નીતિ ચલાવાય છે. જ્યાં બેઠા ત્યાંનું ખોટું હોવા છતાં સમર્થન કરવાની નીતિ, એ પરદર્શનીઓની નીતિ છે, તપાગચ્છીઓની નીતિ નથી**, એવું પૂ. મહોપાધ્યાયશ્રીજીએ ૩૫૦ ગાથાના સ્તવનમાં સ્પષ્ટ જણાવ્યું છે. જે આપણે આગળ જોયેલ છે.

→ આજે જે શાસ્ત્રવિરુદ્ધ કરણી-કથનીની બોલબાલા વધી છે, તેના અનેક કારણો છે, એમાં ઊંડા ઉતરવામાં કોઈ સાર નથી.

**પ્રશ્ન-૪૧ : ''અન્યદર્શનો જૈનદર્શનના જ અંશ છે. તેથી અન્યદર્શનોનું ખંડન કરવું એ શ્રીજિનેશ્વરનું ખંડન કરવા બરાબર છે.'' - આવું કેટલાક લોકો કહે છે, તે યોગ્ય છે.**

**ઉત્તર :** અન્યદર્શનો જૈનદર્શનના અંશરૂપ છે, એ વાત સાચી. પરંતુ તેમાં જે અંશ જૈનદર્શનાનુસારે ખોટા છે, તે દુર્નયસ્વરૂપ છે અને તેનું ખંડન થઈ શકે છે અને આપણા પૂ.શાસ્ત્રકાર મહર્ષિઓએ પોતાના ગ્રંથોમાં ઠેર ઠેર એનું ખંડન કર્યું જ છે. અન્યદર્શનના જે અંશ જૈનદર્શનાનુસારે સાચા છે, તે સુનયસ્વરૂપ છે. તેનું ખંડન કરવામાં આવે તો જિનનું ખંડન કરવાનો દોષ લાગે છે. આટલો વિવેક-ખુલાસો કર્યા

---

૧. तदेकान्तेन यः कश्चिद् विरक्तस्यापि कुग्रहः ।
शास्त्रार्थबाधनात् सोऽयं, जैनाभासस्य पापकृत् ॥६-३४॥

વિના પ્રશ્નમાં કહેવાયેલું બોલવા-લખવામાં આવે તો અનર્થ થવાનો સંભવ છે.

→ **અહીં ઉલ્લેખનીય છે કે** – જૈનદર્શનકારોએ અન્યદર્શનના શાસ્ત્રો -માન્યતાઓ અંગે બે કામ કર્યા છે. એક, જે સ્યાદ્વાદ સિદ્ધાંતને અનુકૂળ હોય તેનો નયસાપેક્ષ સમન્વય કર્યો છે અને જે પ્રતિકૂળ હોય તેનું ખંડન કર્યું છે. તદુપરાંત, તેમના શાસ્ત્રોમાં વર્ણવાયેલા યજ્ઞો આદિ વિધિઓનું પણ ખંડન કર્યું છે, એ યાદ રહે.

**પ્રશ્ન-૪૨ : સ્વપક્ષમાં રહેલા બધાને સમાન માનવા એ દોષરૂપ છે કે ગુણરૂપ છે ?**

**ઉત્તર :** સ્વપક્ષમાં પણ (ધર્મપરીક્ષા ગ્રંથની શ્લોક ૧૦ ની ટીકાની "**सर्व एव श्वेताम्बरदिगम्बरादिपक्षाः शोभनाः**" આ પંક્તિ અનુસારે) બધાને સમાન માનવા એ મિથ્યાત્વરૂપ છે. એટલે દોષરૂપ છે. ગુણરૂપ નથી. જે જેવું હોય તેને તેવું માનીએ એ ગુણરૂપ છે. જેવું ન હોય તેવું માનવું એ દોષરૂપ છે અને મિથ્યાત્વ ભયંકર દોષ છે. બધી જ સાધનાને બાળી નાંખવાનું કામ કરે છે.

**પ્રશ્ન-૪૩ : અકબર બાદશાહ પ્રતિબોધક પૂ. હીરસૂરીશ્વરજી મહારાજાના ૧૨ બોલના પટ્ટક વિશે અત્યારે ખૂબ ચર્ચા થાય છે, તે અંગે હકીકત શું છે ?**

**ઉત્તર :** પૂજ્યશ્રીએ તત્કાલીન પીરસ્થિતિને વશ એ પટ્ટક બનાવ્યો છે. એની વિચારણા આગળ કરી જ છે. પટ્ટકો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુલક્ષીને કરાતા હોય છે. તે પટ્ટકની તમામ વાતો આજે પણ તપાગચ્છમાં અનુકરણીય જ છે.

→ જેઓ પટ્ટકને ખૂબ આગળ કરે છે, તેઓ પૂ. પ્રેમસૂરિદાદાએ વિ.સં. ૨૦૧૮ માં બનાવેલા પટ્ટકની (૯) (સાધુએ) માઈકમાં બોલવું નહીં - અને (૧૦) ફોટા પડાવવા નહીં - આ બે કલમો યાદ કરવા

જેવી છે. તદુપરાંત વિ.સં. ૧૯૭૬ અને વિ.સં. ૧૯૯૦ ના સંમેલનોએ દેવદ્રવ્ય વિષયક ઠરાવો કર્યા છે, તે યાદ કરવાની જરૂર છે. તથા 'સાધુમર્યાદા પટ્ટક સંગ્રહ' પુસ્તકમાં છપાયેલા પૂ.પં. શ્રીચંદ્રશેખર વિ. મહારાજાના બાવન બોલ યાદ કરવાની જરૂર છે.

**પ્રશ્ન-૪૪ :** પૂ. હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાના નામે કેટલાક લોકો કહે છે કે - કોઈનો પણ દ્વેષ ન કરવો, અન્યો સાથે સમન્વય કરવો પણ સંઘર્ષ નહીં, પૂજ્યશ્રીએ પતંજલિ વગેરે ઋષિઓને મહામુનિ, ભદંત વગેરે શબ્દોથી વખાણ કર્યા છે તો આપણાથી તેમનું ખંડન કેમ કરાય ? મતાગ્રહ ન રાખો, પણ તત્ત્વાગ્રહ રાખો અને વિરોધ કરવો એ સાધનાનો વિરોધાભાસ છે,... આવું આવું ઘણું કહે છે... તો આ અંગે તમારું શું કહેવું છે.

**ઉત્તર :** આ અંગેના ખુલાસા અમે અમારા "**મિથ્યાત્વ એટલે મિથ્યાત્વ = હલાહલ વિષ**" આ પુસ્તકમાં કર્યા જ છે. તે નીચે મુજબ છે.

→ સમર્થ શાસ્ત્રકાર શિરોમણિ પૂજ્યપાદ આચાર્ય દેવેશ **શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા**ના નામે ઘણા અપપ્રચારો ચાલે છે. તે પૈકીના પાંચ નીચે મુજબ છે.

(૧) જેઓએ 'અદ્વેષ' ને સાધનાનું પ્રથમ પગથીયું કહ્યું છે. (તેથી આપણે પણ કોઈના પ્રત્યે દ્વેષ ન કરવો જોઈએ અને દ્વેષગર્ભિત વચન પ્રયોગ ન કરવો જોઈએ.)

(૨) જેઓએ અન્યધર્મના શાસ્ત્રો સાથે સંઘર્ષ નહીં, પણ સમન્વય સાધવામાં યોગસાધના નિહાળી છે. (તેથી આપણે પણ અન્યના અભિપ્રાય-માન્યતાનું ખંડન ન કરવું જોઈએ.)

(૩) જેઓએ અન્યધર્મના પતંજલિ વગેરે ઋષિઓને પણ 'મહામુનિ' નું બિરૂદ આપ્યું છે. (તેથી આપણે પણ જેનું તેનું ખંડન ન કરવું જોઈએ- કોઈને મિથ્યાત્વી ન કહેવા જોઈએ.)

(૪) જેમણે મતાગ્રહને બદલે તત્ત્વાગ્રહ રાખવાની શીખ આપી છે. (આથી આપણે પણ અન્યની માન્યતાનું ખંડન ન કરવું જોઈએ - આપણી માન્યતાને સાચી ઠેરવવાની કોશિશ ન કરવી જોઈએ.)

(૫) જેમની ૧૪૪૪ ગ્રંથરચનાની સફરનો એક જ સાર છે કે- વિરોધ એ સાધનાનો વિરોધાભાસ છે. (તેથી આપણે કોઈનો પણ વિરોધ ન કરવો જોઈએ.)

પૂર્વોક્ત પાંચે મુદ્દાઓમાં જે ભ્રમણાઓ ફેલાવાઈ રહી છે તેની હવે ક્રમશઃ સમાલોચના કરીશું.

## (૧) 'અદ્વેષ' અંગે પરિશીલન

પૂ.આ.ભ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગદષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં આઠદષ્ટિના ક્રમથી મોક્ષમાર્ગનો વિકાસ બતાવ્યો છે. તેમાં મોક્ષમાર્ગનો પ્રથમ તબક્કો પ્રથમ મિત્રાદષ્ટિ છે. તેમાં મિત્રાદષ્ટિના સાધકને 'અપરત્ર ન દ્વેષ = બીજા દર્શનવાળા પ્રત્યે દ્વેષ ન થાય, પણ તેમની પ્રત્યે અદ્વેષ હોય, એમ જણાવેલ છે. – આ વાતને આગળ કરીને કેટલાક લોકો એમ કહેવા માંગે છે કે, જો અન્યદર્શનના દેવ-ગુરુ આદિ પ્રત્યે અદ્વેષ રાખવાનો હોય, તો સ્વદર્શનના (જૈનદર્શનના) અનુયાયીઓ પ્રત્યે તો દ્વેષ કેમ રાખી શકાય ? ન જ રાખી શકાય.

જો કે, આ વાત સૌને માન્ય જ છે. પરંતુ એ વાતને જુદા પરિપ્રેક્ષ્યમાં રજુ કરાય છે તે વાંધાજનક છે. શાસ્ત્રબાધિત છે. ગ્રંથકારશ્રી જેવું ન કહેવા માંગતા હોય તેવો ફલિતાર્થ કાઢવો લેશમાત્ર ઉચિત નથી.

→ અહીં એમના ગર્ભિત આશયને બાજુ ઉપર રાખીને સાધનાના પ્રથમ તબક્કે જ કયા કયા ગુણો વિકસાવવાના છે તે વિચારી લઈશું. તે ગુણવિકાસની સાધનામાં 'અદ્વેષ'ની ખૂબ આવશ્યકતા છે તે પણ તેની સાથે સમજાઈ જશે.

(૧) મોક્ષમાર્ગની સાધના રાગ-દ્વેષનો નાશ કરી વિતરાગ બનવા

માટે છે. તે માટે એક ચોક્કસ સાધનાક્રમ છે. રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ કરવો એ કોઈ સહેલી ચીજ નથી. કારણ કે, રાગ-દ્વેષ કરવાના અનંતકાળના સંસ્કાર છે. તેથી લોઢું લોઢાને કાપે, એ ન્યાયે સૌથી પ્રથમ (સંપૂર્ણ રાગ-દ્વેષના નાશના લક્ષ્યપૂર્વક) અપ્રશસ્ત રાગ-દ્વેષને કાપવો અને એ માટે પ્રશસ્ત રાગ-દ્વેષને સેવવાનો પુરુષાર્થ કરવાનો છે.

**પ્રશસ્ત આશયથી પ્રશસ્ત આલંબનો માટે થતાં રાગ-દ્વેષને પ્રશસ્ત રાગ-દ્વેષ કહેવાય છે.**

**અપ્રશસ્ત આશયથી અપ્રશસ્ત આલંબનો માટે થતાં રાગ-દ્વેષને અપ્રશસ્ત રાગ-દ્વેષ કહેવાય છે.**

→ તેથી સાધનાની શરૂઆતથી માંડીને યાવત્ છટ્ઠા ગુણસ્થાનક સુધી પ્રશસ્ત રાગ-દ્વેષ કરવાનું વિહિત છે. એ સૌ કોઈએ યાદ રાખવાનું છે.

→ **અહીં પ્રશ્ન થઈ શકે કે,** જો પ્રશસ્ત દ્વેષ વિહિત છે, તો પછી યોગદષ્ટિ ગ્રંથમાં પ્રથમ ગુણસ્થાનકે જ પ્રથમ યોગદષ્ટિમાં 'અદ્વેષ' રાખવાનું શા માટે કહ્યું હશે ?

→ **આનો જવાબ એ છે કે,** ત્યાં ગ્રંથકારશ્રીએ અસૂયાગર્ભિત દ્વેષ કે દષ્ટિરાગ ગર્ભિત દ્વેષનો ત્યાગ કરવાનું સૂચન કર્યું છે. દ્વેષની યોનિ રાગ છે. દષ્ટિરાગ પોતાનામાં સંમત ન થનારા વિપક્ષ માટે દ્વેષ કરાવે છે. અને એ દ્વેષ મોક્ષમાર્ગની સાધનામાં ખૂબ અવરોધક બને છે. તેથી જ સાધનાના પ્રથમ તબક્કે એનો ત્યાગ કરવાનું સૂચન કર્યું છે.

→ **સાધનાની શરૂઆત અન્ય પ્રત્યેની કરૂણા, હીનગુણવાળા પ્રત્યેની કરુણા અને પરમતસહિષ્ણુતાથી થાય છે.** દષ્ટિરાગ ગર્ભિત દ્વેષમાં કરુણા ટકતી નથી અને કરુણા ન હોય તો સાધનાની શરૂઆત થતી જ નથી. **તેથી યોગદષ્ટિમાં કહ્યું છે કે** - મિત્રાદષ્ટિના સાધકને અન્ય પ્રત્યે દ્વેષ હોતો નથી. તે અન્યની ચિંતા કરતો જ નથી. કદાચ તે અન્યની ચિંતા

કરે ત્યારે (તેના આત્મામાં તેના પ્રત્યે દ્વેષ થાય એવા બીજો વિદ્યમાન હોવા છતાં પણ) તેને હૈયામાં કંઈક કરુણા પ્રગટે છે. પરંતુ દ્વેષ થતો નથી. તે તત્ત્વને જાણે છે. માટે હૈયામાં દ્વેષનિમિત્તક બીજો હોવા છતાં તેને જાગ્રત થવા દેવો નથી અને કરુણાને વહેતી રાખે છે.

→ **અહીં ઉલ્લેખનીય છે કે..** પ્રશસ્ત દ્વેષમાં પણ જ્યારે શાસનના વૈરીઓ, તારક આલંબનોના વિધ્વંસકો આદિ પ્રત્યે અપ્રીતિ હોય છે, ત્યારે હૈયાના એક ખુણામાં એમના માટે કરુણા હાજર જ હોય છે. **અહીં ખાસ યાદ રાખવું કે,** એ જીવો પ્રત્યેની મૈત્રી-કરુણા જીવંત રહે તો જ તે દ્વેષ પ્રશસ્ત કોટીનો બને છે અને મૈત્રી-કરુણા ન હોય તો તે દ્વેષ અપ્રશસ્ત કોટીનો બની જાય છે.

→ **આ પ્રશસ્ત દ્વેષ અને અદ્વેષ અંગેનો વિવેક છે.** એટલે 'અદ્વેષ' ને આગળ કરીને 'કોઈનોય દ્વેષ ન કરવો' આવું વિધાન કરવાની ઉતાવળ ન કરી શકાય. કારણ કે, પ્રશસ્ત દ્વેષ પણ જરૂરી છે. આપણે જે ખરાબ તત્ત્વોથી નિવૃત્તિ કરવાની છે, તે દ્વેષથી જ શક્ય બનવાની છે. જ્ઞાનીઓએ 'મિથ્યામતિનો પરિચય' અને 'કુસીલનો સંગ' કરવાની ના પાડી છે, એનો અમલ કરવો હશે, તો મિથ્યામતિ અને કુશીલ માટે પ્રશસ્ત દ્વેષ ઉભો કરવો જ પડશે. એ ન કરવામાં આવે તો પ્રભુની આજ્ઞા પાળી શકાશે નહીં અને આજ્ઞાનો અનાદર કરી એમનો પરિચય-સંગ કરવાથી વિનિપાત સર્જાયા વિના રહેશે નહીં. સમ્યગ્દર્શનની રક્ષા કરવા શંકાદિ પાંચ દોષોનો ત્યાગ કરવાનું કહ્યું છે, તેમાં મિથ્યામતિના પરિચયનો ત્યાગ કરવાનું પણ કહ્યું છે. આથી ભવ્યાત્માઓને ખાસ ભલામણ છે કે ખોટી ભ્રમણાઓમાં પડવું નહીં.

**(૨) સંઘર્ષ ક્યારે અને સમન્વય ક્યારે ? :**

જૈનશાસ્ત્રકારોએ અને ખુદ શ્રી મહાવીર પ્રભુએ અન્ય અને અન્યના શાસ્ત્રો (માન્યતાઓ) સામે સંઘર્ષ (પ્રતિકાર) પણ કર્યો છે અને સમન્વય પણ કર્યો છે. એનો આખો ઈતિહાસ છે. પ્રભુએ પાખંડીઓની માન્યતાઓનું

જોરશોરથી ખંડન કર્યું છે. ગોશાલા-જમાલીની માન્યતાઓનું પણ નિરસન કર્યું જ છે.

→ **સંઘર્ષ સત્ય-સિદ્ધાંત માટે હોય ત્યારે એ સાધનાનું જ અંગ છે. પરંતુ જ્યારે તે અંગત સ્વાર્થ-માનેચ્છા-ક્ષેત્રાદિ માટે થાય ત્યારે વિરાધનાનું અંગ બને છે.**

→ અહીં આવી વાતો ફેલાવનારાઓને પ્રશ્ન કરવાનું મન થાય છે કે –

– પૂર્વકાલીન મહાપુરુષોએ સત્ય અને સિદ્ધાંત માટે સંઘર્ષ કર્યો હતો (કે જેની નોંધ શાસ્ત્રના પાને કરાઈ છે) તે આરાધનાનું અંગ હતું કે વિરાધનાનું ?

– પૂ.શ્રી **હરિભદ્રસૂરિજી**એ સિદ્ધાંતની રક્ષા અને અપસિદ્ધાંતના ઉન્મૂલન માટે જે સંઘર્ષ કર્યા હતા, તે આરાધનાના અંગ હતા કે વિરાધનાનાં ?

– **પૂ.શ્રી મહોપાધ્યાયશ્રીજીએ** યતિઓ આદિ સાથે જે સંઘર્ષો કર્યા હતા, તે આરાધનાનું અંગ કે વિરાધનાનું ?

– **પૂ.શ્રી બાપજી મહારાજાએ, પૂ. દાનસૂરિજી મહારાજાએ, પૂ. પ્રેમસૂરિદાદા** આદિએ સત્યતિથિના વિષયમાં સંઘર્ષ કર્યા, તે આરાધનાનું અંગ હતું કે વિરાધનાનું અંગ હતું ?

– **પૂ.શ્રી ભુવનભાનુસૂરિજી** મહારાજાએ બાળદીક્ષા બીલ સામે અને વિ.સં. ૨૦૩૨ માં જામનગરમાં તિથિ વિષયક વિવાદમાં જે સંઘર્ષ કર્યો-વિરોધ કર્યો, તે આરાધનાનું અંગ હતું કે વિરાધનાનું ?

– **પૂ. પંન્યાસ શ્રીચંદ્રશેખરવિજયજી** મહારાજાએ શાસન-સિદ્ધાંત માટે અગણિત સંઘર્ષો કર્યા, તે આરાધનાના અંગ હતાં કે વિરાધનાના ?

– તે લોકોએ આ બધાનો જવાબ આપવો જોઈએ.

**અહીં ઉલ્લેખનીય છે કે,** અન્ય દર્શનો સાથે આપણા મહાપુરુષોએ નયસાપેક્ષ સમન્વય પણ કર્યો છે અને જ્યારે અન્યદર્શનવાળાએ એકાંત

પકડ્યો અને દુર્નયની વાસનામાં બદ્ધ બન્યા ત્યારે તેમનું ખંડન પણ કર્યું છે. યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથમાં પૂ. હરિભદ્રસૂરિજીએ અન્યદર્શન સાથે સમન્વય પણ કર્યો છે અને અન્યદર્શનની માન્યતાઓનું ખંડન પણ કર્યું છે. એ જ રીતે શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રંથમાં પણ સમન્વય-ખંડન કર્યું છે.

**અહીં યાદ રાખવું કે**, સુનયોની મર્યાદામાં રહીને સમન્વય થઈ શકે, પરંતુ એકાંત પકડાય ત્યાં સમન્વય ન થાય. તદુપરાંત, જ્યાં વસ્તુના સ્વરૂપ અંગેનો વિવાદ નથી, પરંતુ વિધિ-અવિધિ અંગેનો વિવાદ કે માન્યતાનો વિવાદ છે, ત્યાં આપણા મહાપુરુષોએ શાસ્ત્રીય વિધિ અને શાસ્ત્રીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરનાર સાથે સમન્વય સાધ્યો નથી. પણ તેમનો વિરોધ કર્યો છે અને યાવત્ તેમની સાથે વ્યવહાર તોડ્યો છે. એ યાદ રાખવાની જરૂર છે. સ્ત્રીને સ્ત્રીરૂપે સ્વીકાર્યા પછી તેને પુત્ર, પતિ, સાસુ-સસરા, ભાણેજ, ભત્રીજા આદિની અપેક્ષાએ અનુક્રમે માતા, પત્ની, પુત્રવધુ, મામી, કાકી આદિ અનેક સ્વરૂપે સ્વીકારવામાં વાંધો નથી. પરંતુ તેને પુરુષરૂપે તો ન જ સ્વીકારાય. હા, નાસ્તિરૂપે તેનામાં 'પુરુષત્વ' ધર્મ રહેલો છે. છતાં પણ અસ્તિરૂપે તો ન જ સ્વીકારાય. આ જ વાત બતાવે છે કે, સમન્વય સાપેક્ષ હોય છે. એકાંત આવે ત્યાં વિરોધ ઉભો થાય છે. કોઈ સ્ત્રીને (અસ્તિરૂપે) પુરુષ માનવાની વાત કરે, ત્યારે વિરોધ જ ઊભો થાય. ત્યાં સમન્વય ન કરાય.

**(૩) શ્રી પતંજલિ આદિ મુનિઓને 'મહામુનિ' કહ્યા.**

પૂ.આ.ભ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રી પતંજલિ આદિ ઋષિઓના 'માર્ગાનુસારિતા' આદિ ગુણોને સામે રાખીને તેમના માટે 'મહામુનિ' વગેરે શબ્દો પ્રયોજ્યા છે. તે પૂજ્યપાદશ્રીની ગુણગ્રાહિતા છે. એનો એવો અર્થ નથી કરવાનો કે, પૂજ્યપાદશ્રી પતંજલિ ઋષિની તમામ વાતો સાથે સંમત હતા અને એમને છટ્ઠા ગુણસ્થાનકના સાધક માનતા હતા. તેઓશ્રીમદે પોતાના ગ્રંથોમાં એ બધા ઋષિઓની વાતોનું ખંડન પણ કર્યું છે એ યાદ રાખવાની જરૂર છે.

→ ગ્રંથકાર મહર્ષિઓએ અન્યદર્શનના પ્રણેતાઓ માટે તેમના અમુક ગુણોને આંખ સામે રાખીને મહામુનિ, ભદન્ત વગેરે શબ્દપ્રયોગો કર્યા છે. પરંતુ સાથે સાથે તેમની ભૂલો પણ બતાવી છે અને તેની સમાલોચના પણ કરી છે.

→ તદુપરાંત, પૂ. હરિભદ્રસૂરિજી મહારાજા આદિ મહાપુરુષોએ અન્યદર્શનના શાસ્ત્રોને **'અશુદ્ધ'** પણ કહ્યા છે. તેઓશ્રીએ ફરમાવ્યું છે કે - જૈનદર્શનના શાસ્ત્રો જ કષ-છેદ-તાપથી શુદ્ધ છે. જ્યારે અન્યદર્શનના શાસ્ત્રો ક્યાં તો છેદથી શુદ્ધ નથી અથવા ક્યાં તો તાપથી શુદ્ધ નથી. આથી ત્રણે શુદ્ધિથી શુદ્ધ ન હોવાથી અન્યદર્શનના શાસ્ત્રો **અશુદ્ધ** છે.

→ અન્યદર્શનના શાસ્ત્રોને **મિથ્યાશ્રુતમાં** ગણવાનું કાર્ય આપણા ભગવાને કર્યું છે.

→ અન્યદર્શનના પ્રણેતાઓને **'કુતીર્થિકો'** પણ કહ્યા છે.

→ પૂ. મહોપાધ્યાયશ્રીએ **'નયોપદેશ'** ગ્રંથમાં અન્યદર્શનકારોને યાવત્ **'નાસ્તિક'** કહી દીધા છે. તે પાઠ આ મુજબ છે.

**धर्म्यंशे नास्तिको ह्येको, बार्हस्पत्यः प्रकीर्तितः ।**
**धर्मांशे नास्तिको ज्ञेयाः, सर्वे परतीर्थिकाः ॥**

**ભાવાર્થ :** ધર્મી અર્થમાં (ધર્મી એવા આત્માનો સ્વીકાર કરવામાં એક ચાર્વાક જ નાસ્તિક છે. (કારણ કે, તે આત્માને માનતો નથી.) જ્યારે ધર્મ અંશમાં (આત્માના ધર્મો અને સ્વરૂપના વિષયમાં) અન્ય તમામ દર્શનો (ધર્મો) નાસ્તિક છે. (કારણ કે, તેઓએ આત્માનું જે સ્વરૂપ બતાવ્યું છે તે ખોટું છે અને છતાં તેનો આગ્રહ છે. સાથે આત્માના ઉદ્ધાર માટે બતાવેલા ઉપાયો પણ મિથ્યા છે.)

**અહીં ખાસ નોંધનીય છે કે,** નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનારા અન્યદર્શનના સંન્યાસી કરતાં પણ જૈનશાસનનો સમ્યગ્દૃષ્ટિ શ્રાવક (કે જે સ્વદારા સંતોષ વ્રતને ધરનારો છે તે) ચઢી જાય છે. કારણ કે,

શ્રાવક પાસે દૃષ્ટિ એકદમ ચોખ્ખી છે. તે સ્વપ્ને પણ અબ્રહ્મને સારું માનતો નથી. જ્ઞાન, ભીષ્મ તપ, ઘોર ચારિત્રનું પાલન, નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન આદિ પણ સમ્યગ્દર્શન વિના સાર્થક બનતા નથી, એ યાદ રાખવાની જરૂર છે. ઉપદેશ રહસ્ય ગ્રંથમાં તો ત્યાં સુધી કહ્યું છે કે, ઊંચામા ઊંચુ આચરણ છે, પરંતુ આજ્ઞાબાહ્ય પરિણામ છે, તો તે સુંદર નથી. કારણ કે, મિથ્યાત્વ હાજર છે અને તે આત્મામાં મિથ્યાત્વ પ્રત્યયિક કર્મબંધ અને અકુશળ અનુબંધોનું સિંચન કરાવ્યા વિના રહેવાનું નથી તથા પાપાનુબંધી પુણ્ય વિપાકે દારૂણ છે.

બાકી, કોઈના શબ્દ પ્રયોગથી કલ્યાણ ન થઈ જાય. મિથ્યાત્વનું સેવન કરીએ અને સમ્યગ્દૃષ્ટિ તરીકે બિરદાવવાનું મન થાય, એનાથી કલ્યાણ ન થાય, એ યાદ રાખવું જરૂરી છે.

### (૪) મતાગ્રહ નહીં, તત્ત્વાગ્રહ રાખવો

→ જ્ઞાનીઓએ મોક્ષાસાધનાને નિર્મલ બનાવવા સામાન્યથી ચાર માર્ગો બતાવ્યા છે.

(i) તત્ત્વને યથાર્થ રીતે જાણો-તત્ત્વનિર્ણય કરો અને એ માટે સૌથી પ્રથમ મધ્યસ્થ બની જાઓ.

(ii) તત્ત્વનિર્ણય થયા પછી તેમાં પ્રતિબદ્ધ બની જાઓ અને અતત્ત્વથી દૂર થઈ જાઓ.

(iii) તે પછી તત્ત્વાનુસારી આરાધના કરો. એક પણ તત્ત્વવિષયક ભ્રાન્તિ વિદ્યમાન હશે તો અભ્રાન્ત બોધ નહીં થાય અને ભ્રાન્ત બોધ સહિતનું અનુષ્ઠાન ભ્રાન્ત જ બનશે. જેનાથી મોક્ષ ન થાય, એમ યોગદૃષ્ટિમાં સ્પષ્ટ ફરમાવ્યું છે. એટલે અભ્રાન્ત બોધ પૂર્વકનું અભ્રાન્ત અનુષ્ઠાન સેવો.

(iv) શક્તિ હોય તો અતત્ત્વ-અવિધિનું ઉત્થાપન કરવું અને તત્ત્વ-વિધિની સ્થાપના કરવી. (અધ્યાત્મસાર-યોગવિંશિકા)

→ આથી સાચા મતને જાણીને એમાં પ્રતિબદ્ધ બનવું - એના

આગ્રહી બનવું એ સાધના છે અને ખોટા મતના આગ્રહી બનવું એ વિરાધનાનું અંગ છે.

→ માટે ખોટા મતના આગ્રહી ક્યારેય ન બનવું. સાચા મતના આગ્રહી જરૂરથી બનવું. **સાચા મતનો આગ્રહ એ જ તત્ત્વાગ્રહ છે. સાચુ જાણ્યા પછી સાચા-ખોટાના વિષયમાં મધ્યસ્થ રહેવું તે ગુણ નથી પણ અવગુણ છે.તે તત્ત્વાગ્રહ નથી પણ મતાગ્રહ છે.**

**(૫) શું વિરોધ એ સાધનાનો વિરોધાભાસ કે સત્યનો રક્ષક છે ?**

ઘણા લોકો પૂ.આ.ભ.શ્રીહરિભદ્રસૂરિજી મહારાજાના નામે વિરોધને સાધનાનો વિરોધાભાસ બતાવી રહ્યા છે. પરંતુ એ અર્ધસત્ય છે.

– **સાચું તો એ છે કે..** જે વિરોધ સત્યનો રક્ષક બને, તે વિરોધ સમ્યગ્દર્શનની શુદ્ધિનું કારણ હોવાથી સાધનાનું અંગ છે અને જે વિરોધમાં સામેવાળા પ્રત્યેના તેજોદ્વેષથી એનો તેજોવધ કરવાની વૃત્તિ હોય, પોતાના અસત્યને-મતને જોરજોરથી પ્રચારીને સાચો કરવાનો ઈરાદો હોય અને અંગત રાગ-દ્વેષથી વિરોધ થતો હોય, ત્યારે એવો વિરોધ સાધનાનું અંગ નથી બનતો, પરંતુ વિરાધનાનું અંગ બને છે.

→ (**મહાનિશિથસૂત્ર**માં જણાવ્યું છે કે,) શ્રીસાવદ્યાચાર્યે ચૈત્ય-વાસી સાધુઓનો વિરોધ કર્યો અને શાસ્ત્ર મુજબની પ્રરૂપણા કરી, તેના કારણે તેમને તીર્થંકર નામકર્મના દળીયા ભેગા થયા હતા અને એકભવ જેટલો સંસાર સીમિત થઈ ગયો હતો.

જ્યારે રોહગુપ્તે પછીથી પોતાના ગુરુ સાથે જે વાદ કર્યો અને એમાં મિથ્યાભિનિવેશને વશ બની વિતંડાવાદમાં ચઢીને ખોટો વિરોધ કર્યો, ત્યારે તેઓ વિરાધક બન્યા છે.

→ **આથી ખોટો વિરોધ વિરાધનાનું અંગ છે અને સાચો વિરોધ આરાધનાનું અંગ છે.**

→ **અપપ્રચાર કરનારાઓને અહીં પ્રશ્ન છે કે..**

→ **શ્રીમહાવીર પ્રભુએ જમાલિજી** વગેરેનો વિરોધ કર્યો હતો, તે સાધનાનો વિરોધાભાસ કહેશો ને !

→ **શ્રીભદ્રબાહુસ્વામીજીએ વરાહમિહિરનો** વિરોધ કર્યો હતો, તે સાધનાનો વિરોધાભાસ માનશો ને !

→ કલિકાલ સર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરિજી** મહારાજાએ ઘણા બધાનો વિરોધ કર્યો હતો, તે સાધનાનો વિરોધાભાસ માનશો ને !

→ **શ્રી હરિભદ્રસૂરિજી**એ અને **પૂ. મહોપાધ્યાયશ્રીજી**એ દીર્ઘકાલ પર્યન્ત વિરોધો કર્યા, તો શું એમણે સાધનામાં વિરોધાભાસ ઉભો કર્યો હતો ?

→ **પૂજ્યપાદ પ્રેમસૂરિદાદાએ** પોતાના શિષ્યો પાસે ઘણા મુદ્દાઓમાં વિરોધ કરાવ્યો હતો, શું એ સાધનામાં વિરોધાભાસ હતો ને !

**અહીં ઉલ્લેખનીય છે કે,** પ્રભુ મહાવીરના શાસનમાં આજપર્યન્ત જેટલાં પણ સત્યોની રક્ષા થઈ છે, તેના મૂળમાં પ્રશસ્ત વિરોધો રહેલા છે. પ્રભુ સ્વયં અંતિમદેશનામાં કહીને ગયા છે કે, મારા શાસનમાં અનેક મતમતાંતરો પેદા થવાના છે. એવી અવસ્થામાં સાચા મતને જાણવો અને સાચા મતની પ્રતિષ્ઠા કરવી તે શાસનસ્થ આરાધકોની ફરજ બની જાય છે. એ ફરજના ભાગરૂપે થતી કાર્યવાહીમાં 'વિરોધ' પણ આવે જ છે. **વિરોધ એ શોખનો વિષય નથી. પરંતુ અંતિમ ઉપાય છે. જ્યારે કોઈપણ રીતે સામો પક્ષ સત્યને સ્વીકારવા તૈયાર ન હોય અને અસત્યનો જ મહિમા વધારતો હોય, ત્યારે માર્ગરક્ષા અને માર્ગમાં રહેલા જીવોના કલ્યાણ માટે 'વિરોધ' નામનો ઉપાય પણ અજમાવવો પડતો હોય છે. જે આપણે પૂર્વકાલીન મહાપુરુષોની કરણી ઉપરથી નક્કી કરી શકીએ છીએ.**

– પાંચ મુદ્દાની અહીં આંશિક વિચારણા જ કરી છે. વિશેષ વિચારણા અવસરે કરીશું. શ્રીસંઘજનો આવી વાતોથી ગુમરાહ ન બને એ જ એક ભલામણ.

**પ્રશ્ન-૪૫ : તત્ત્વ-વિધિ આદિના વિષયમાં સત્યનો આગ્રહ રાખવો એ ગુણરૂપ છે કે દોષરૂપ છે ?**

**ઉત્તર :** ગુણરૂપ છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ-વૃદ્ધિનું પરમ કારણ છે. એવો આગ્રહ ન હોય તો ક્યાંક અતત્ત્વ કે તત્ત્વાભાસમાં તત્ત્વ તરીકેનો બોધ-રૂચિ થવાનો સંભવ રહે છે, કે જે મિથ્યાત્વનું કારણ છે. આથી સત્યનો આગ્રહ એ સદાગ્રહ છે અને અસત્યનો-સ્વપક્ષનો આંધળો રાગ એ કદાગ્રહ છે.

**પ્રશ્ન-૪૬ : 'આણાએ ધમ્મો' એ ભાવ ક્યાંથી પ્રગટ થાય અને એ અપુનર્બંધકમાં હોય કે નહીં ?**

**ઉત્તર :** પંચસૂત્ર ગ્રંથમાં અપુનર્બંધકને ઓળખવાનું લિંગ 'આજ્ઞાપ્રિયત્વ' કહ્યું છે. જેને પ્રભુની આજ્ઞા પ્રિય હોય તે અપુનર્બંધક છે એમ કહી શકાય છે.

પંચસૂત્ર ગ્રંથમાં અપુનર્બંધક આદિના લિંગ બતાવતાં કહ્યું છે કે –

**अपुनर्बन्धकत्वादिलिङ्गमाह- एयपियत्तं खलु एत्थ लिंगं, ओचित्तपवित्तिविन्नेयं, संवेगसाहगं नियमा । न एसा अन्नेसिं देया। लिंगविवज्जयाओ तप्परिण्णा । (पंचसूत्र, सूत्र-५)**

– 'આજ્ઞાપ્રિયત્વ' એ અપુનર્બંધકનું લિંગ (લક્ષણ) છે. અપુનર્બંધક આત્માને ભગવાનની આજ્ઞા પ્રિય લાગે છે. તેમાં એને આત્માનું એકાંતે કલ્યાણ દેખાય છે. (તેના યોગે) તે આજ્ઞાને જાણવા જિનવચનનું શ્રવણ કરે છે અને જીવનમાં યથાશક્તિ આજ્ઞાપાલનનો અભ્યાસ કરે છે. **આજ્ઞા પ્રિય છે કે નહીં, તે કઈ રીતે ખબર પડે ? જે આજ્ઞાને ઔચિત્યપૂર્વક આરાધે છે, તેને આજ્ઞા ઉપર બહુમાન (પ્રેમ) છે, એમ જાણી શકાય છે. જો આજ્ઞાને ઔચિત્યપૂર્વક ન આરાધે, તો તેની આરાધનામાં આજ્ઞા પ્રત્યે બહુમાનભાવ નથી.** વળી જેને ભગવાનની આજ્ઞા ઉપર બહુમાન હોય, તેને નિયમથી સંવેગ (મોક્ષાભિલાષા)નો પરિણામ હોય છે.

અપુનર્બંધક આત્માને આજ્ઞા પ્રત્યે બહુમાનભાવ છે અને તે આજ્ઞાને ઔચિત્યપૂર્વક આરાધે છે, તેથી અપુનર્બંધકાદિને જ આજ્ઞા આપવાનું પંચસૂત્ર આદિ ગ્રંથોમાં વિધાન કર્યું છે. તે સિવાયના ભવાભિનંદી આત્માઓને પ્રભુની આજ્ઞા આપવાનો નિષેધ કર્યો છે. કારણ કે, ભવાભિનંદીને પ્રભુની આજ્ઞા ઉપર બહુમાન હોતું નથી અને સમ્યગ્જ્ઞાનાદિ યોગો પ્રત્યે દ્વેષ હોય છે.

→ સાધક મોક્ષમાર્ગમાં જેમ જેમ આગળ વધતો જાય છે, તેમ તેમ તેને પ્રભુની આજ્ઞા પ્રત્યેનો બહુમાનભાવ વધતો જાય છે અને 'આણાએ ધમ્મો' નો હૈયામાં નાદ ગાઢ બનતો થાય છે.

→ સાધકને અપુનર્બંધક અવસ્થાએ પ્રધાનકોટિની દ્રવ્યાજ્ઞા પ્રાપ્ત થાય છે. (જે ભાવાજ્ઞાનું કારણ બને તેને પ્રધાન દ્રવ્યાજ્ઞા કહેવાય છે.) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં ભાવાજ્ઞાનો પ્રારંભ થાય છે.

**પ્રશ્ન-૪૭ : કદાગ્રહ થવાનું કારણ શું છે ?**

**ઉત્તર :** કદાગ્રહ થવાના ઘણા કારણો છે. તે જાણવા માટે જૈન પ્રવચન, વર્ષ-૮, અંક-૫ માં પ્રકાશિત થયેલ મનનીય પ્રવચન અહીં પ્રસ્તુત છે -

→ (ધર્મને મલિન બનાવનારો) ત્રીજો દોષ છે કદાગ્રહ. કોઈપણ આત્માને જો સન્માર્ગમાં સ્થિર રહેવું હોય અગર તો સન્માર્ગની શિક્ષાઓને ગ્રહણ કરવી હોય તો એણે કદાગ્રહના દુર્ગુણથી બચી જવું જોઈએ. કદાગ્રહનો દુર્ગુણ અનેક કારણોથી આવે છે. માણસ અજ્ઞાન હોવા છતાં પણ પોતાને ડાહ્યો માને, તો કદાગ્રહમાં સપડાઈ જતાં વાર ન લાગે. માણસ ભણ્યો હોય પણ ઘમંડી બને તો કદાગ્રહી બનતાં વાર નહિ. ધર્મની આરાધનાના અર્થીએ તો સરલાશયી બનવું જોઈએ. **હરહંમેશ એ માન્યા કરવું જોઈએ કે આપણી ભૂલ ન જ થાય એમ નહિ. એ વૃત્તિ હોય તો ભૂલને સમજવાની કાળજી રહે અને એ વૃત્તિ ન હોય તેમજ**

**પોતાના થોડા-ઘણા ભણતરનું અજીર્ણ થયું હોય, તો પોતાની ભૂલ પોતાને દેખાય નહિ અને કોઈ કહે તો તે સહાય નહિ, હિતબુદ્ધિથી ભૂલ બતાવનારને પણ દુશ્મન માનવાની બુદ્ધિ થાય. ઉપકારી પ્રત્યે દુર્ભાવ થાય, નહિ બોલવાનું બોલાય, નહિ લખવાનું લખાય અને પોતાની ભૂલ એ ભૂલ નથી-એવું સિદ્ધ કરવાને માટે શાસ્ત્રસિદ્ધાંતોના ઊંધા અર્થ કરાય તેમજ મહાપુરુષો માટે ય નહિ ઈચ્છવાજોગ ટીકા કરાય. શાથી ? ઘમંડથી !** વાત એ છે કે – ભણતરનું અજીર્ણ એ બહુ કારમી વસ્તુ છે.

કેટલીક વાર બીજા પ્રત્યે દુશ્મનભાવ હોવાથી પણ કદાગ્રહ થઈ જાય છે. એણે કાંઈક કહ્યું એટલે એનો વિરોધ કરવાને સિદ્ધાંતથી વિરુદ્ધ કહેવાય અને પછી ભૂલ બતાવાય તોય પકડેલું છોડાય નહિ. દરેક કલ્યાણકાંક્ષીએ એવાં કદાગ્રહનાં કારણોથી પણ બચવાનો પ્રયત્ન કરવો જોઈએ. **જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી એક પણ વસ્તુને નહિ પકડતાં, એમાં મધ્યસ્થ ભાવ રાખવો જોઈએ : બરાબર સમજાય એટલે કોઈ પણ ભોગે એને છોડવું નહિ જોઈએ : પકડેલામાં ભૂલ લાગે તો દુન્યવી માનાદિની જરાય ભીતિ રાખ્યા વિના છોડી દેવું જોઈએ અને સાચું સ્વીકારવું જોઈએ.**

કદાગ્રહના યોગે પકડાય એક ખોટી વસ્તુ તોય એક ખોટીને સાચી સિદ્ધ કરવા અનેક સાચીને ખોટી કહેવી પડે. એવા આત્માઓ માર્ગમાં ટકી શકતા નથી. જેને માર્ગનો ખપ હોય, જેણે માર્ગની આરાધના કરવી હોય, તેણે કોઈ પણ રીતિએ કદાગ્રહપણાનો ભયંકર દુર્ગુણ આત્માને સ્પર્શી ન જાય, એની સાવચેતી રાખવી જોઈએ.

---

→ અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથમાં બતાવેલા ધર્મને મલિન બતાવનાર ૧૩ દોષોમાં કદાગ્રહ ત્રીજો દોષ છે. તે ખૂબ ભયંકર છે. તેની ભયંકરતાનું વર્ણન હિતોપદેશ ગ્રંથમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. તે આગળ આવશે.

રોહગુપ્ત કદાગ્રહના કારણે જ ઉન્માર્ગગામી બન્યા હતા.

**પ્રશ્ન-૪૮ : સદાગ્રહ અને કદાગ્રહ વચ્ચે શું તફાવત છે ?**

**ઉત્તર :** જિનવચન પ્રત્યે અવિહડ શ્રદ્ધાથી ગર્ભિત આગ્રહ સદાગ્રહ છે અને સ્વમતિકલ્પનાથી ઉભો થયેલો આગ્રહ કદાગ્રહ (મિથ્યાગ્રહ) છે. તેમાં મોહની પ્રબળ ભૂમિકા રહેલી હોય છે.

સત્ તત્ત્વો પ્રત્યેની પ્રતિબદ્ધતાથી ગર્ભિત આગ્રહ એ સદાગ્રહ છે. જેમ કે, હું જિનવર સિવાય કોઈને નમું જ નહીં, એવો આગ્રહ એ સદાગ્રહ છે.

સદાગ્રહ સમ્યક્ત્વને સ્થિર કરે છે. મિથ્યા આગ્રહ સમ્યક્ત્વનો નાશ કરે છે. સદાગ્રહના મૂળમાં સત્ તત્ત્વો પ્રત્યેની શ્રદ્ધા-પ્રતિબદ્ધતા હોય છે અને કદાગ્રહના મૂળમાં પોતાનો કક્કો જ ખરો કરવાનો આગ્રહ હોય છે.

**પ્રશ્ન-૪૯ : કદાગ્રહ કેમ ખૂબ ભયંકર દોષ છે ?**

**ઉત્તર :** કદાગ્રહની = અભિનિવેશની ભયંકરતાના કારણો હિતોપદેશમાલા ગ્રંથમાં નીચે મુજબ જણાવ્યા છે –

**सम्मत्ताइगुणोहो अणभिणिविट्ठस्स माणसे वसइ ।**
**तम्हा कुगइपवेसो, निरुंभियव्वो अभिनिवेसो ॥३९२॥**
**जह अजिन्नाउ जरं, जहंधयारं, य तरणिविरहाओ ।**
**तह मुणह निसंसाओ, मिच्छत्तं अहिणिवेसाओ ॥३९३॥**

– અભિનિવેશ રહિત જીવના મનમાં સમ્યક્ત્વાદિ પૂર્વોક્ત ગુણોનો વાસ થાય છે. માટે દુર્ગતિમાં પ્રવેશ કરાવનારા અભિનિવેશને મનમાં પ્રવેશ કરતાં પહેલાં જ રોકી દેવો જોઈએ. જેમ અજીર્ણ થવાથી તાવ આવે છે અને સૂર્યની ગેરહાજરીમાં અંધકાર ઉત્પન્ન થાય છે, તેમ રાક્ષસ સમાન અભિનિવેશ (કદાગ્રહ) થી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે એમ સમજી લેવું.

→ અભિનિવેશની હાજરીમાં સત્ તત્ત્વોનો પક્ષપાત રહેતો નથી. પરંતુ સ્વકલ્પિત તત્ત્વોનો પક્ષપાત ઊભો થાય છે. તેનાથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વ ચારિત્રાદિ ગુણોને અસાર બનાવે છે અને રાગાદિ દોષોની મારકતામાં વધારો કરે છે. જ્યારે અભિનિવેશના ત્યાગમાં માર્ગાનુસારિતા જીવંત રહે છે. તેનાથી સત્ તત્ત્વોનો પક્ષપાત જીવંત રહે છે. તેનાથી સમ્યક્ત્વાદિ સ્થિર રહે છે અને મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી.

→ અભિનિવેશની હાજરીમાં ગુરુનો ઉપદેશ અસર કરી શકતો નથી. આથી **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે –

**पसरइ गाढावेगो, जस्स मणे अभिनिवेसविसवेगो ।**
**तम्मि पउत्तो वि गुरुवएसमंतो न संकमइ ।।३९४।।**

**અર્થ :** જે મનુષ્યના મનમાં મિથ્યા આગ્રહ રૂપ તીવ્ર વિષનો વેગ પ્રસારને પામે છે, તેના મનને ગુરુનો ઉપદેશ મંત્ર પણ અસર કરી શકતો નથી.

**ગુરુનો ઉપદેશ મંત્ર સમાન છે. તે ગમે તેવા મોહરૂપી વિષને ખતમ કરવા સમર્થ છે. પરંતુ જેના મનમાં મિથ્યા આગ્રહ પ્રવર્તે છે અને તેના યોગે જે સ્વમતિકલ્પનામાં જ રાચે છે, તેને રોહગુપ્તની જેમ ગુરુનો ઉપદેશ અસર કરી શકતો નથી.**

**ગુરુનો ઉપદેશ અજ્ઞાનના અંધકારને દૂર કરે છે અને મોહના વિષને નિચોવી નાખે છે.** પરંતુ શરત એટલી છે કે, જીવ પ્રજ્ઞાપનીય હોવો જોઈએ. અર્થાત્ તેને જે તરફ વાળવામાં આવે, તે તરફ વળી શકે, તેવો સરળ હોવો જોઈએ. કદાગ્રહને આધીન ન હોવો જોઈએ. કદાગ્રહને આધીન હોય તો તેના જીવનમાં સુધારો થઈ શકતો નથી. તેની પાસે ખોટું છોડાવી શકાતું નથી અને સાચું અંગીકાર કરાવી શકાતું નથી. આથી ગુરુના ઉપદેશ દ્વારા બોધ-વિવેક પામીને સમ્યક્ત્વને સ્થિર બનાવવું હોય, તે સાધકે અભિનિવેશનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

→ મિથ્યા અભિનિવેશ ગુણના વિકાસને રોકે છે. 'હિતોપદેશમાલા' ગ્રંથમાં કહ્યું છે કે –

**इक्को वि अभिनिवेसो, सदप्प-सप्पृव्व सप्पिसे पुरओ ।**
**रुंभइ, वियंभमाणं, नरिंदसिन्नं व गुणनिवहं ॥३९५॥**

**ભાવાર્થ :** જેમ ફણા ઉંચી કરીને માર્ગ વચ્ચે રહેલો સર્પ પણ રાજાના સૈન્યને આગળ વધતાં રોકી શકે છે, તેમ આ એક મિથ્યા આગ્રહ વિલાસ કરતા ગુણસમુદાયને આગળ વધતાં અટકાવી દે છે.

**→ ગુણવિકાસ માટે માર્ગાનુસારી પરિણતિ હોવી આવશ્યક છે અને માર્ગાનુસારી પરિણતિ માટે માર્ગ પ્રત્યેની શ્રદ્ધા હોવી જરૂરી છે. મિથ્યા આગ્રહથી એ બંનેનો વિરહ થાય છે. તેનાથી ગુણવિકાસ અવરોધાય છે.**

તદ્દુપરાંત, મિથ્યા આગ્રહથી મિથ્યાત્વનો ઉદય થાય છે. તેનાથી માર્ગાનુસારી પરિણતિ ખંડિત થાય છે અને તેનાથી પણ ગુણવિકાસ અટકે છે.

→ અભિનિવેશ જીવાદિ નવ તત્ત્વોના યથાર્થ સ્વરૂપને જોનારી સમ્યગ્દર્શનરૂપ પરાદષ્ટિને આવરવાનું કામ કરે છે. તેથી જ **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે –

**जस्स मण-भवणमणहं, तिव्वाभिणिवेससंतमसछन्नं ।**
**वित्थरइ तत्थ न धुवं, पयत्थ-पयडणपरा दिट्ठी ॥३९६॥**

**ભાવાર્થ :** જેનું નિર્મલ એવું પણ મનોભવન તીવ્ર અભિનિવેશના ગાઢ અંધકારથી વ્યાપ્ત બની ગયું હોય, તેના મનમાં જીવાદિ પદાર્થોને પ્રગટ કરવા માટે સમ્યગ્દર્શનરૂપ પરાદષ્ટિ ક્યારેય વિલાસ કરી શકતી નથી.

મિથ્યાભિનિવેશ અસત્ તત્ત્વોનો = અતત્ત્વનો કે તત્ત્વાભાસનો પક્ષપાત કરાવે છે અને એવા અસત્ પક્ષપાતથી સમ્યગ્દર્શનરૂપી પરાદષ્ટિ પ્રાપ્ત થતી નથી અને એના વિના જીવાદિ નવ પદાર્થોનું યથાર્થ દર્શન થતું નથી.

→ અભિનિવેશના કારણે ધર્માનુષ્ઠાનો નિષ્ફળ જાય છે. આથી ''હિતોપદેશમાલા' ગ્રંથમાં કહ્યું છે કે –

**''कट्ठमणुट्ठाणमणुट्ठियं पि, तवियं तवं पि अइतिव्वं ।**

**परिसीलियममलसुयं, ही हीरइ अभिनिवेसेण ॥३९७॥''**

**ભાવાર્થ :** ખેદની વાત એ છે કે - આચરેલું કષ્ટકારી એવું પણ ધર્માનુષ્ઠાન, તીવ્રપણે તપેલો તપ, સારી રીતે પાળેલું શીલ અને નિર્મલ એવું પણ શ્રુતજ્ઞાન મિથ્યા આગ્રહથી નિષ્ફળ બને છે.

**અભિનિવેશથી મિથ્યાત્વનો ઉદય થાય છે અને મિથ્યાત્વની હાજરીમાં સર્વ ધર્મો નિષ્ફળ બને છે. અરે ! એટલું જ નહીં વિપરીત ફલને આપનારા થાય છે.**

અનુષ્ઠાનની સાર્થકતા કર્મનિર્જરા અને ખરાબ અનુબંધ અટકાવવાથી છે. મિથ્યા આગ્રહથી ઉદયમાં આવેલું મિથ્યાત્વ કર્મનિર્જરા થવા દેતું નથી અને પાપના જ અનુબંધો પાડે છે. આત્માની શુદ્ધિ ન થાય અને શુભ અનુબંધોનું સિંચન ન થાય, તે જ અનુષ્ઠાનની નિષ્ફળતા છે.

→ અપૂર્વ કૌવત પ્રગટાવીને ચારિત્રજીવનને પામેલા સાધકો પણ જો અભિનિવેશને વશ બને છે, તો ચારિત્ર જીવનથી હારી જાય છે. આથી જ **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે –

**अहह भवन्नपारं, चरित्तपोएण केवि पत्तावि ।**

**तम्मज्झमिति पुण, अहिणिवेस-पडिकूल-पवणहया ॥३९८॥**

**ભાવાર્થ :** ખરેખર દુઃખની વાત એ છે કે – ચારિત્ર રૂપી જહાજની સહાયથી ભવસમુદ્રના કિનારાને પામેલા પણ કેટલાક જીવો અભિનિવેશ રૂપ વિપરીત પવનના ઝપાટાથી ફરી તે ભવસમુદ્રના મધ્યમાં ફેંકાઈ જાય છે.

સાધક ચારિત્રરૂપી જહાજના સહારે સંસારસમુદ્રના કિનારે આવી જાય છે. પરંતુ મિથ્યા આગ્રહરૂપી પવનના ઝપાટામાં ફસાઈને જીવ

મિથ્યાત્વને આધીન બને છે અને તેના કારણે ચારિત્રથી પતિત થઈ જાય છે.

ચારિત્રની વિશુદ્ધિ માટે તત્ત્વશ્રદ્ધા અત્યંત દઢ હોવી જરૂરી છે અને મિથ્યા આગ્રહો એ તત્ત્વશ્રદ્ધાને શિથીલ-મલિન બનાવે છે. તેનાથી ચારિત્ર પણ મલિન બની જાય છે. જે ભવસમુદ્રથી પાર ઉતારવામાં સમર્થ બનતું નથી.

→ અભિનિવેશ મિથ્યાત્વ અને કષાય બંનેને ઉત્તેજિત કરે છે. તેના યોગે ખૂબ ક્લિષ્ટ કર્મબંધ થાય છે. તેનાથી સંસારપરિભ્રમણ વધે છે. **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે -

**मुत्तूण मुक्खमग्गं, निग्गंथं पवयणं ह हा ! मूढा ।**
**मिच्छाभिणिवेसहया, भमंति संसारकंतारे ॥३९९॥**

**અર્થ :** મિથ્યા અભિનિવેશથી હણાયેલા મૂઢ જીવો મોક્ષમાર્ગરૂપ નિર્ગ્રંથ પ્રવચનને છોડીને સંસારની ઘોર અટવીમાં ભટકે છે. આ પણ એક દુ:ખદ બીના છે.

મિથ્યા અભિનિવેશને વશ બનેલા જીવો મોક્ષમાર્ગમાં ટકી શકતા નથી અને મોક્ષમાર્ગથી દૂર થયેલા જીવોને કર્મ સંસારમાં ખૂબ ભટકાવે છે. કારણ કે, મોક્ષમાર્ગથી દૂર થયેલા પાસે નિર્મલ બોધ અને તાત્ત્વિક વિવેક ટકતો નથી અને તેના કારણે જીવન અનેક પાપોથી-મિથ્યા પ્રવૃત્તિઓથી ઘેરાઈ જાય છે.

સંક્ષેપમાં અભિનિવેશથી મિથ્યાત્વનો ઉદય થાય છે - ગાઢ બને છે અને તેનાથી આત્માને ખૂબ નુકશાન થાય છે. આથી મિથ્યા અભિનિવેશનો ત્યાગ કરવો.

**પ્રશ્ન-૫૦ : અભિનિવેશ નાશ કઈ રીતે પામે ?**

**ઉત્તર :** અભિનિવેશનો ત્યાગ કરવા માટે તારક તીર્થંકરોના વચનનું (જિનવચનનું) નિરંતર પરિશીલન કરતા રહેવું જોઈએ. તારક તીર્થંકરોનું

વચન ત્રિકાલાબાધિત સત્ય છે. તેમાં શંકા ઊભી થાય એવો કોઈ અવકાશ જ નથી. જે જીવ જિનવચન દ્વારા પોતાની મતિને પરિકર્મિત કરે છે, તેની ભ્રાન્તિઓનું નિરસન થાય છે અને તેના યોગે અભિનિવેશ પણ નાશ પામે છે. તથા નિર્મલ બોધની પ્રાપ્તિ થાય છે.

→ **અભિનિવેશની ઉત્પત્તિમાં માન કષાયની પણ ભૂમિકા રહેલી છે.** કારણ કે, માન કષાય પકડાઈ ગયેલા ખોટા આગ્રહોને છોડવાની ના પાડતો હોય છે. એકવાર ખોટું ખોટા તરીકે સમજાઈ ગયા પછી પણ એને ન છોડવા દેનાર અને ખોટાને સાચા તરીકે સિદ્ધ કરવાનો આગ્રહ રખાવનાર પણ માન કષાય છે. આથી અભિનિવેશના ત્યાગ માટે માન કષાયનો ત્યાગ કરવો આવશ્યક છે. વળી, માન કષાય જિનાગમો પ્રત્યે સમર્પણભાવ પણ કેળવવા દેતો નથી.

આથી અભિનિવેશનો નાશ કરવા શ્રીજિનવચનનું પરિશીલન કરવું આવશ્યક છે. તેથી જ **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે-

**''कह ताव जणो सुक्खी, उदग्गकुग्गहदवग्गितवियंगो ।**
**जाव न जिणवयणामय-दहंमि निव्ववइ अप्पाणं ॥४००॥''**

**ભાવાર્થ :** ઉત્કટ કદાગ્રહરૂપી દાવાનલથી તપી ગયેલા અંગવાળો માણસ, જ્યાં સુધી જિનવચનના અમૃત સરોવરમાં ડૂબકી લગાવી પોતાની જાતને શાંત કરતો નથી, ત્યાં સુધી એ સુખી ક્યાંથી હોય ? જિનવચનના અમૃતના પાન વગર અંગે અંગમાં વ્યાપેલા અભિનિવેશનો તાપ ક્યારેય ટળતો નથી.

**પ્રશ્ન-૫૧ : શ્રીસંઘની એકતા ખાતર સિદ્ધાંતોમાં બાંધછોડ થઈ શકે નહીં ?**

**ઉત્તર :** ના, ક્યારેય ન થઈ શકે. સિદ્ધાંત-પ્રભુની આજ્ઞા મુક્યા પછી આપણી પાસે રહેશે શું ? સંસાર સાગરને તરવાનું એકમેવ સાધન છોડી દઈશું, તો પાસે રહેશે શું ?

આજ્ઞાની આરાધના જ સંસારના અંત માટે થાય છે. આજ્ઞાની વિરાધના તો સંસારની વૃદ્ધિ માટે થાય છે. આથી પહેલાં સિદ્ધાંત-આજ્ઞા અને તે પછી તેને જાળવીને એકતા થતી હોય તો કરી શકાય છે. બાકી નહીં. પૂર્વે જણાવ્યા મુજબ આજ્ઞાયુક્ત સમુહ જ સંઘ છે. આજ્ઞારહિત સમુહ સંઘ નથી. આથી શ્રીસંઘને એના વાસ્તવિક સ્વરૂપમાં રાખવો હોય તો સિદ્ધાંતના ભોગે એકતાની વાતો ક્યારેય ન કરશો. અહીં પૂ.પંન્યાસ શ્રી ચંદ્રશેખર વિ.મ.ના આ અંગેના મનનીય વિચારો અહીં પ્રસ્તુત છે –

---

⇨**"સિદ્ધાંતના ભોગે એકતા કદાપિ નહિ"** (પુસ્તક : ઈતિહાસનું ભેદી પાનું)

જૈન ધર્મના કહેવાતા આ ચારેય આમ્નાયમાં જેમ સ્વધર્મ પરંપરાને ચુસ્ત રીતે પાળનારાઓનો એક વર્ગ છે, તેમ તે દરેક આમ્નાયમાં આવા શ્રદ્ધાભ્રષ્ટોનો પણ વર્ગ છે. એ બધાય ભેગા થઈને બુદ્ધિવાદના ઓઠા નીચે પાંચમો ફીરકો જ ઊભો કરી રહ્યા છે. આ પાંચમો ફીરકો પણ ચારે ય ફીરકાના બુદ્ધિજીવીનો બનેલો હોવાથી.

આ લોકોએ પોતાની એકતા કરી છે. એમની એકતા સહેલાઈથી થાય તેવી પણ છે, કેમ કે, **કોઈ પણ સિદ્ધાંતનો ત્યાગ કરી દેવામાં કે કોઈ પણ અપસિદ્ધાંતનો સ્વીકાર કરવામાં જે ટોળીની વૃત્તિ જોરમાં હોય તે ટોળીની એકતા કરવામાં જરાય મુશ્કેલી ન જ પડે. આવી સિદ્ધાંતહીન એકતાનું આ જૂથ જૈન ધર્મના ચારે ય આમ્નાયો ઉપર ત્રાટકી રહ્યું છે.** મુહપત્તિ, મંદિર, સંવત્સરી, મુક્તિ, તીર્થ સંબંધિત મતભેદોને દફનાવી દેવાની વાતો દ્વારા મુહપત્તિ આદિ અંગના સિદ્ધાંતોને જ દફનાવી દેવાના હેતુથી, એણે ભારે ગોકીરો મચાવ્યો છે.

**સિદ્ધાંતના ભોગે મતભેદો દૂર થતા હોય કે કજિયા ઓછા થતા હોય તો ય તે ખોટું છે. ક્લેશોનું ઉન્મૂલન જરૂર સુંદર છે. પરંતુ સિદ્ધાન્તનો ભોગ લઈને કદાપિ નહિ.**

લેણદાર પાસે સો રૂપિયા લેવાના નીકળે છે અને પ્રથમ તબક્કામાં જ તેની માંડવાળ કરી નાંખીને તેની સાથે ક્લેશ પતાવી દેવાનું કામ કોઈ પણ શાણો વેપારી કરતો નથી.

દેશ ઉપરના આક્રમણ વખતે શત્રુની માંગણી પૂરી કરી આપીને યુદ્ધનાં બજતાં નગારાં બંધ કરી દેવાનું એલાન આપનાર સેનાપતિ નિર્માલ્ય ગણાય છે.

તિજોરી લૂંટીને જતા ચોર સાથે ક્લેશના ભયથી કશો ય મુકાબલો નહિ કરનાર માણસ મર્દ ગણાતો નથી, મુડદાલ ગણાય છે.

**એકતા કે સંગઠન અત્યંત જરૂરી છે, પણ બધાં કપડાં ઉતારી આપીને જો એકતા કે સંગઠન કરવાનાં હોય તો તે હરગિજ મંજૂર નથી. એમાં ય ધર્મ તો સમગ્ર વિશ્વના સર્વ જીવોના હિતની જીવાદોરી છે. એના સિદ્ધાંતોનો આડેધડ ભોગ આપી દઈને એકતાઓ કરવાનો આપણને શો અધિકાર ? એવી એકતાઓ સસ્તી કીર્તિ કમાઈ લેવા સિવાય બીજું કયું ફળ આપે છે ?** વળી એવી સિદ્ધાંતહીન એકતાઓનું આયુષ્ય પણ કેટલું ? **અંતે તો એકતાથી જ અનેકતા... યાદવાસ્થળી સર્જાય છે. નામ જ એકતાનું પણ પરિણામ લડાઈનું...** વધુ દૂર જવાનું... વધુ વેર ઊભું કરવાનું.

જો આટલી જ વાત બધાયને સમજાઈ જાય તો મને લાગે છે કે બુદ્ધિવાદનાં તોફાનો સામે પ્રત્યેક જૈન સખ્ત શબ્દોમાં બોલતો થઈ જાય.

**યાદ રાખો કે ધર્મ તો એના મૂળભૂત સ્વરૂપે જ પ્રકાશે અને વિસ્તરે... ભલે પછી તેનું ક્ષેત્ર કદાચ નાનું પણ હોય.**

દૂધ થોડુંક પણ જો ચોખ્ખું હોય તો લોહી કરે, પાણી નાંખીને એનું પ્રમાણ વધારવાથી લાભને બદલે નુકસાન જ થાય.

જૈન ધર્મ આચારથી વિસ્તરે, થોડોક કે ઘણો એ સવાલ જ અસ્થાને છે. એવી ઈચ્છા જ ખોટી છે.

**થોડોક પણ શુદ્ધ આચાર પાળતો એક જૈન, જૈનશાસનનો રક્ષક છે. નામ-જૈનોનાં ટોળાં ભેગાં કરવાથી તો જે દશા કોંગ્રેસની થઈ તે જ દશા જૈનોની થાય.**

(નીચેનું લખાણ આજના સંજોગોમાં તો કેટલું સચોટ છે ? બહુમતિ કઈ તરફ ? અભ્રાન્ત પુરુષો કઈ તરફ છે ? જે વાચતાં ખ્યાલ આવશે.)

ભ્રાન્ત પુરુષોની દુનિયામાં બહુમતી છે, તેથી તેમનો ભ્રાન્ત મત વધુ ફેલાવો ધરાવે છે. અભ્રાન્ત પુરુષો થોડા છે માટે સત્ય મત ઘણા નાના વર્તુળમાં રહ્યો છે. **જમાનો બહુમતીની તરફેણ કરનારો ભલે હોય પણ શ્રી જિનશાસન તો જિનમતિમાં જ માને છે. ભલે પછી તેની તરફેણમાં એક જ વ્યક્તિ હોય.** (નેવું ટકા કઈ બાજુ છે અને માત્ર એક આચાર્યનો જ વિરોધ છે તેવું લખનાર-બોલનાર આ લાઈન ફરીથી વાંચે)

લાખ ભરવાડ મણિને કાચનો કટકો કહે તેટલા માત્રથી મણિ કાચનો કટકો બની શકતો નથી.

**શ્રી જિનશાસન બહુમતી ઉપર કોઈ પણ પ્રશ્નનો નિવેડો લાવતું નથી. જિનમતિએ જ સત્ય નિર્ણય છે. ભલે પછી એની સામે બહુમતીની અશાંતિ પ્રચંડ સ્વરૂપ ધારણ કરતી હોય.**

શ્રી જિનશાસનમાં શાન્તિના ભોગે પણ જિનમતિ-સત્યની રક્ષા કરવાની છે. સત્યના ભોગે સહુમતી-શાન્તિની નહિ જ, એમ થાય તો શાન્તિનો વિજય થાય, સત્યનો પરાજય થાય. સત્ય કરતાં શાન્તિની કિંમત વધી જાય.

**સત્યનો ભોગ એટલે જિનમતિનો ભોગ !**

---

**પ્રશ્ન-પ૨** : તિથિ પ્રશ્ન સિદ્ધાંતનો છે કે સામાચારીનો છે ?

**ઉત્તર** : તિથિ વિષયક પ્રશ્નમાં = વિષયમાં = વિવાદમાં આજ સુધીમાં ભરપૂર ચર્ચા થઈ ગઈ છે. છેલ્લા કેટલાક વર્ષોથી તિથિ એ સિદ્ધાંત નથી પરંતુ સામાચારી છે. એવી વિચારધારા વહેતી થઈ છે-લખાતી થઈ છે. તેના પ્રભાવ હેઠળ જ પૂર્વોક્ત પ્રશ્ન ઉપસ્થિત થયો છે.

→ **અહીં સૌથી પ્રથમ ઉલ્લેખનીય છે કે** - તિથિપ્રશ્ન = તિથિવિવાદ 'તિથિદિનના નિર્ણય' અંગેનો પ્રશ્ન = વિવાદ છે અર્થાત્ તે તે દિવસે નિયત થયેલી સંવત્સરી વગેરે આરાધનાઓ કરવા માટે કયો તિથિદિન લેવો અને કયો તિથિદિન ન લેવો એ અંગેનો પ્રશ્ન છે. એટલે **પ્રથમ નંબરે...** તિથિસંબંધી વિવાદ 'તિથિદિનના નિર્ણય' અંગેનો છે અને **બીજા નંબરે...** 'તિથિદિનનો નિર્ણય' કરવા માટે શાસ્ત્રમાં બે નિયમો = આજ્ઞાઓ = સિદ્ધાંતો બતાવ્યા છે. તે નિયમોના આધારે જ તિથિદિનનો નિર્ણય કરવાનો હોય છે. અકબર બાદશાહ પ્રતિબોધક પૂ.આ.ભ.**શ્રી વિ.હીરસૂરીશ્વરજી** મહારાજાના શાસનકાળમાં એ બે નિયમોને આધારે જ તિથિદિનનો નિર્ણય થતો હતો. તેની સાક્ષી હીરપ્રશ્ન અને સેનપ્રશ્ન ગ્રંથ છે.

→ **અહીં અવસર પ્રાપ્ત એક ખુલાસો કરી લઈએ કે** –

લોકોત્તર શાસનમાં કોઈપણ તત્ત્વનો નિર્ણય શાસ્ત્રના આધારે જ કરવાનું વિધાન છે. પૂર્વે જણાવ્યા મુજબ તપાગચ્છની એવી જ ઉજ્જ્વળ નીતિ-રીતિ રહી છે. આથી જ શાસનના પ્રશ્નોની ચર્ચા કરવા માટે ભેગા થયેલા ધુરંધર પૂ. આચાર્ય ભગવંતોએ (વિ.સં.૧૯૭૬ ના સંમેલનમાં ખંભાત ખાતે કરેલા) ઠરાવોમાં સૌથી પ્રથમ ઠરાવ એ કર્યો છે કે –

"(૧) શાસ્ત્ર (સાક્ષાત્ અનંતર અને પરંપરારૂપ શાસ્ત્ર) વિના કોઈપણ જાતની સિદ્ધિ થતી નથી."

આથી આપણા પ્રશ્નની વિચારણામાં સૌથી પ્રથમ શાસ્ત્રના બે વિધાનો = નિયમો = સિદ્ધાંતો અર્થ સહિત જોઈ લઈશું.

(A) **उदयम्मि जा तिहि सा प्रमाणमिअरइ कीरमाणीए ।**
**आणाभंगणवत्था-मिच्छत्त-विराहणं पावे ॥**

**અર્થ :** ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ છે (અર્થાત્ સૂર્યોદય સમયે જે તિથિ હોય તે આરાધના માટે પ્રમાણ છે.) બીજી કરવાથી

(ઉદયતિથિ છોડીને અનુદયતિથિ કરવાથી) આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના આ ચાર દોષ લાગે છે.

[નોંધ : આ શાસ્ત્રાજ્ઞા શ્રાદ્ધવિધિ વગેરે અનેક ગ્રંથોમાં આપેલ છે.]

(B) **પૂજ્યપાદ વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાનો પ્રઘોષ :**

**क्षये पूर्वातिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा ।**
**श्री वीरमोक्षकल्याणं कार्यं लोकानुगैरिह ॥**

**અર્થ :** તિથિનો ક્ષય આવતાં (તેની આરાધના) પૂર્વતિથિમાં અને વૃદ્ધિ આવતાં (તેની આરાધના પહેલી છોડીને) બીજીમાં કરવી તથા શ્રીવીર નિર્વાણ કલ્યાણક લોકદીવાળી અનુસારે કરવું.

---

**સમીક્ષા :** (૧) વિવાદનું મૂળ = બીજ પૂર્વનિર્દિષ્ટ પૂ. વાચકપ્રવરશ્રી ઉમાસ્વાતિજી મહારાજાના પ્રઘોષનું ભિન્ન-ભિન્ન અર્થઘટન છે. અર્થાત્ એ શાસ્ત્રીય નિયમ = સિદ્ધાંતના અર્થઘટનનો વિવાદ = પ્રશ્ન છે. આચરણા = સામાચારીનો પ્રશ્ન = વિવાદ જ નથી.

(૨) પૂર્વનિર્દિષ્ટ પ્રઘોષનો હીરપ્રશ્ન - સેનપ્રશ્ન - તત્ત્વતરંગિણિ -શ્રાદ્ધવિધિ-ધર્મસંગ્રહ આદિ ગ્રંથોમાં જણાવ્યા મુજબ અર્થ ન કરતાં, અલગ રીતે અર્થ કરતાં, તે ગ્રંથો મુજબ અર્થ કરનારા વર્ગ અને તેનાથી અલગ રીતે અર્થ કરતા વર્ગ વચ્ચે વિવાદ ઉભો થયો છે. અર્થાત્ બેતિથિ પક્ષ અને એકતિથિ પક્ષ એ પ્રઘોષનો અલગ-અલગ અર્થ કરે છે. માટે વિવાદ = પ્રશ્ન ઉભો થયો હતો-થયો છે. આથી આ પ્રશ્ન સામાચારીનો છે જ નહીં, શાસ્ત્રીય સિદ્ધાંતના અર્થઘટન અંગેનો પ્રશ્ન છે.

(૩) પૂર્વનિર્દિષ્ટ પ્રઘોષનો અર્થ (પૂર્વે જણાવ્યો તેનાથી અલગ રીતે) ખોટો કરવાથી આરાધના માટેનો દિવસ ખોટો પકડાય છે અને દિવસ ખોટો પકડાતા ખોટા દિવસે થયેલી આરાધના પણ ખોટી બને છે. કારણ કે.. પ્રઘોષનો અર્થ ખોટો કરવાથી પુનમ-અમાસની ક્ષય-વૃદ્ધિમાં અને ભાદરવા સુ.૫ ની ક્ષય-વૃદ્ધિમાં આરાધના માટે ઉદયતિથિ પકડાતી નથી

પરંતુ અનુદય તિથિ પકડાય છે અને અનુદયતિથિને પકડીને આરાધના કરવાથી પ્રથમ શાસ્ત્રાજ્ઞા = સિદ્ધાંત **उदयम्मि जा तिहि** નો ભંગ થાય છે અને પ્રથમ સિદ્ધાંતમાં જણાવ્યા મુજબ અનુદય તિથિએ આરાધના કરવાથી મિથ્યાત્વાદિ ચાર દોષો લાગે છે.

(૪) **અહીં પ્રશ્ન થઈ શકે કે** – બંને પક્ષનો પ્રઘોષનો અર્થ અલગ-અલગ કેમ પડે છે ?

– **આ પ્રશ્નનો ઉત્તર એ છે કે** – છેલ્લા કેટલાક વર્ષોથી એકતિથિ પક્ષ 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય' એવું માન્યતા ધરાવતો થયો છે. જ્યારે બે તિથિપક્ષ ''પર્વતિથિની પણ ક્ષય-વૃદ્ધિ થાય છે.'' આવી માન્યતા ધરાવે છે. એટલે માન્યતા-ભેદના કરાણે બંને પક્ષ પ્રઘોષનો અર્થ અલગ-અલગ કરે છે.

(૫) **અહીં નોંધનીય છે કે** – શાસ્ત્રોમાં 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય' એવું કહ્યું નથી. તેથી જ બે તિથિ પક્ષ એવી માન્યતા ધરાવતો નથી અને એકતિથિ પક્ષની માન્યતામાં શાસ્ત્રવચનોનું પીઠબળ ન હોવાથી તે શાસ્ત્રવિરુદ્ધ માન્યતા ઠરે છે.

**સારાંશ એ છે કે** – બેતિથિ પક્ષ પર્વાપર્વ તમામ તિથિઓની ક્ષય-વૃદ્ધિ માન્ય કરતો હોવાથી તે તમામ તિથિઓની ક્ષય-વૃદ્ધિમાં પ્રઘોષને અનુસરે છે. જ્યારે એકતિથિ પક્ષ અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિમાં પ્રઘોષનો અર્થ જુદો કરે છે અને પર્વતિથિની ક્ષય-વૃદ્ધિમાં પ્રઘોષનો અર્થ જુદો કરે છે. આવી રીતે અર્થ જુદો કરવાનો તેમની પાસે કોઈ શાસ્ત્રાધાર નથી.

(૬) પ્રઘોષનો જે અર્થ સાચો હોય, તેનાથી વિપરીત અર્થ કરવામાં આવે તો શાસ્ત્રવચનોનો અપલાપ થાય છે અને શાસ્ત્રવચનોના અપલાપથી સિદ્ધાંતભંગનો જ દોષ લાગે છે. આથી પૂ. વાચકપ્રવરશ્રીના પ્રઘોષનો ખોટો અર્થ કરીને સવંત્સરી આદિની આરાધના ખોટા દિવસે કરવામાં આવે તેમાં શાસ્ત્રાજ્ઞાનો = સિદ્ધાંતનો જ ભંગ થાય છે એમ કહેવાય છે.

(૭) **અહીં ખાસ નોંધનીય છે કે** –

નંદીસૂત્ર ગ્રંથમાં અભિનિવેશથી સૂત્રના અર્થની અન્યથા પ્રરૂપણા (અલગ રીતે પ્રરૂપણા) કરનારા ગોષ્ઠામાહિલજીએ અર્થની આશાતના કરી છે, એમ જણાવેલ છે. અર્થાત્ ગોષ્ઠમાહિલજીએ કર્મબંધની વ્યાખ્યા પ્રભુએ જેવી બતાવી છે, તેનાથી અલગ બતાવી, તેના કારણે તેઓએ અર્થની આશાતના કરી છે, એવું નંદીસૂત્રમાં (સૂત્ર-૧૧૬ ની ટીકામાં) જણાવ્યું છે. જો ગોષ્ઠામાહિલજીને પ્રભુએ બતાવેલા કર્મબંધના સ્વરૂપથી ભિન્ન સ્વરૂપ બતાવવાથી-સદ્દહવાથી-માનવાથી-એનો આગ્રહ સેવવાથી સિદ્ધાંતભંગનો દોષ લાગતો હોય, તો પૂ. વાચકપ્રવરશ્રીના પ્રઘોષનો ખોટો અર્થ માનવાથી-એનો આગ્રહ સેવવાથી સિદ્ધાંતભંગનો દોષ લાગે, એમ કેમ ન કહેવાય ? કહેવાય જ.

(૮) **અહીં કોઈ પ્રશ્ન કરે કે** – પ્રઘોષનો અર્થ કયા પક્ષનો સાચો માનવાનો ? એ માટે આધાર શું ? **તો એનો જવાબ એ છે કે** –

(A) હીરપ્રશ્નમાં અને સેનપ્રશ્નમાં અકબર બાદશાહ પ્રતિબોધક પૂ. આ.ભ. શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાએ અને પૂ.આ.ભ.શ્રીસેનસૂરીશ્વરજી મહારાજાએ પર્વતિથિની ક્ષયવૃદ્ધિમાં જે પ્રશ્નો ઉપસ્થિત થયા હતા અને તેના જે જવાબો આપ્યા હતા, તે જવાબોને નિહાળતાં (અમે જે પૂર્વે બે તિથિ પક્ષની માન્યતા મુજબ) અર્થ આપ્યો છે, તે મુજબનો અર્થ જ ફલિત થાય છે.

(B) આણંદજી કલ્યાણજી પેઢીના તત્કાલીન પ્રમુખ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ શાહના પ્રયત્નથી યોજાયેલી લવાદી-ચર્ચાના નિર્ણયમાં બેતિથિ પક્ષે જે મુજબ પ્રઘોષનો અર્થ કર્યો છે, તેને જ માન્ય કર્યો છે અને એકતિથિપક્ષના અર્થને અમાન્ય કર્યો છે.

(C) એકતિથિપક્ષના પૂ.આ.ભ.શ્રી **સાગરાનંદસૂરિજી** મહારાજાએ પણ વર્ષો પહેલાં **'સિદ્ધચક્ર માસિક'** માં બેતિથિ પક્ષ મુજબનો જ પ્રઘોષનો અર્થ કર્યો છે.[જુઓ સિદ્ધચક્ર, વર્ષ-૪, અંક-૪, ટાઈટલ પેજ-૪]

(D) ડેહલાવાળા પૂ. પં.શ્રીરૂપવિજયજી મહારાજાએ રતલામ સંઘને લખેલા પત્રમાં પણ પ્રઘોષનો અર્થ (તત્ત્વતરંગિણી ગ્રંથના માધ્યમે) બે તિથિપક્ષની મુજબ જ કર્યો છે. (એ પત્ર અમારા **'તિથિનિર્ણય સિદ્ધાંત કે સામાચારી !'** પુસ્તકના **પ્રકરણ-૭**માં સંગૃહિત કરેલ છે.)

(E) **તત્ત્વતરંગિણી** (ટબો = બાલાવબોધ) નું ભાષાંતર પૂ.આ.ભ. શ્રીવિ.**જંબુસૂરીશ્વરજી** મહારાજાએ કરેલ છે. તેની પ્રસ્તાવનામાં શાસનસમ્રાટ પૂ. આ. ભ. **શ્રીનેમિસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય પૂ. આ. **શ્રી પદ્મસૂરિજી** મહારાજાએ પ્રઘોષનો અર્થ આધાર સાથે મૂકેલ છે અને તે બે તિથિ મુજબ જ કરેલો છે.

(F) વિ.સં. ૨૦૨૦ માં પૂ. પ્રેમસૂરિદાદા તરફથી થયેલા તિથિવિષયક પટ્ટકમાં પણ લવાદી ચર્ચાના નિર્ણયને માન્ય કરીને જ પ્રઘોષનો અર્થ પ્રારંભમાં જણાવ્યો છે. જે હાલ બેતિથિપક્ષ, જે રીતે માને છે, તે જ રીતે આપેલ છે. વર્તમાનમાં એકતિથિપક્ષમાં ગણાતા અને પૂર્વે બેતિથિપક્ષમાં ગણાતા અનેક સમુદાયના વડીલો અને સર્વ પદસ્થોએ આ પટ્ટકમાં પોતાની સહીઓ આપેલી છે.

(૯) આથી તિથિનો વિવાદ પૂ. વાચકપ્રવરશ્રીના પ્રઘોષના અર્થઘટનનો વિવાદ છે. પ્રઘોષ એ તિથિની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે તિથિદિનનો નિર્ણય કરવા માટેનો નિયમ દર્શાવે છે અને આ નિયમને સિદ્ધાંત જ કહેવાય. સામાચારી ન કહેવાય.

→ **બૃહત્કલ્પસૂત્રમાં (ગાથા-૧૭૯ની ટીકામાં)... સિદ્ધાંતની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે** – જે કારણથી પ્રમાણથી સિદ્ધ થયેલો અર્થ અંતને પામે છે = પ્રમાણ કોટી ઉપર આરૂઢ થાય છે, તે કારણથી તે સિદ્ધાંત કહેવાય છે. અર્થાત્ પ્રમાણથી સાચા સાબીત થયેલા મત = નિયમને સિદ્ધાંત કહેવાય છે. અર્થાત્ આગમપ્રમાણ અને અનુમાન પ્રમાણથી સાચા સાબીત થયેલા મતને = નિયમને સિદ્ધાંત કહેવાય છે. આ વ્યાખ્યાથી જેટલા પણ શાસ્ત્રીય નિયમો છે, કે જે પ્રમાણથી

સિદ્ધ છે, તે સર્વે સિદ્ધાંતો કહેવાય છે.

→ આવા શાસ્ત્રીય સિદ્ધાંતો દ્રવ્યાનુયોગના પણ હોય છે. ચરણ-કરણાનુયોગ અને ગણિતાનુયોગના પણ હોય છે. દ્રવ્યાનુયોગના સિદ્ધાંતોમાં ઉત્સર્ગ-અપવાદ હોતા નથી. જેમ કે... આત્મા નિત્યાનિત્ય (પરિણામી નિત્ય) છે, આ સિદ્ધાંત અપરિવર્તનશીલ છે. જ્યારે ચરણકરણાનુયોગના કેટલાક સિદ્ધાંતો ઉત્સર્ગ-અપવાદથી યુક્ત પણ હોઈ શકે છે. જેમ કે, 'સાધુએ આધાકર્મિક ગોચરી ગ્રહણ ન કરવી' - આ સિદ્ધાંત = નિયમ, ઉત્સર્ગરૂપે છે. આ જ સિદ્ધાંતને કોઈવાર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના પુષ્ટાલંબને અપવાદથી બીજી રીતે પણ જણાવાય છે. પરંતુ તે મતિકલ્પિતાથી નહીં પણ તેનો વિષય પણ તે તે ગ્રંથો દ્વારા જ જણાવાય છે, એ યાદ રાખવું.

(૧૦) **બીજી એક વાત ઉલ્લેખનીય છે કે** – વ્યવહાર ભાષ્ય-ગુરુતત્ત્વવિનિશ્ચય-ધર્મપરીક્ષા આદિ ગ્રંથોમાં જણાવ્યું છે કે.... શાસ્ત્રમાં બતાવેલા આચારોથી વિપરીત આચારો પ્રરૂપવામાં આવે, તો તે પણ ઉત્સૂત્ર પ્રરૂપણા છે અને તેવી ઉત્સૂત્રપ્રરૂપણા કરનારમાં યથાછંદાપણું છે. પાંચ પ્રકારના અવંદનીકમાં યથાછંદા સૌથી ખતરનાક અને ખરાબ ગણાવેલ છે.

અને એવા યથાછંદપણાને પામેલો મોક્ષમાર્ગની બહાર છે એમ આગમગ્રંથો અને બત્રીસીમાં જણાવ્યું છે.

**હવે ખરી વાત એ છે કે** – જો શાસ્ત્રનિર્દિષ્ટ આચારોથી વિપરીત આચારો પ્રરૂપવામાં આવે, તો પણ ઉત્સૂત્ર પ્રરૂપવાનો દોષ લાગતો હોય, તો પછી શાસ્ત્રીય નિયમોનો અપલાપ કરે, શાસ્ત્રીય વિધાનોના ખોટા અર્થો કરે - પ્રરૂપે તેને તો ઉત્સૂત્ર પ્રરૂપણાનો દોષ સુતરામ્ લાગે જ. તે સ્હેજે સમજી શકાય તેવી વાત છે.

(૧૧) જ્યાં ઉત્સૂત્રપ્રરૂપણા-પ્રવૃત્તિ હોય, ત્યાં સિદ્ધાંતભંગનો જ દોષ હોય. આચરણા ભંગનો દોષ ન હોય. તદુપરાંત, સિદ્ધાંતભંગમાં

જ મિથ્યાત્વ દોષ લાગે છે. આચરણાના ભંગમાં મિથ્યાત્વનો દોષ લાગે એવો નિયમ નથી.

**અહીં ખાસ યાદ રાખવું જરૂરી છે કે** – આચરણાના વિષયમાં વિપરીત પ્રરૂપણા કરવામાં આવે તો મિથ્યાત્વ દોષ લાગે છે. પરંતુ પ્રમાદાદિના કારણે શાસ્ત્રમુજબ આચારણા થતી ન હોય, પરંતુ શાસ્ત્ર મુજબ જ કરવાની ભાવના હોય અને પ્રમાદાદિ ખટકતા હોય - કાઢવાનો યત્ન ચાલું હોય તો તે વિકલ આચરણા પણ ઈચ્છાયોગની ભૂમિકામાં આવે છે અને એમાં મિથ્યાત્વ દોષ લાગતો નથી.

**બીજા નંબરે,** ખોટી માન્યતાને લઈને આચરણા ખોટી થતી હોય, તો ભલે અપ્રમત્તભાવ હોય - વિધિ મુજબ આચરણા થતી હોય, તો પણ મિથ્યાત્વ દોષ લાગે જ છે.

**ત્રીજા નંબરે,** માન્યતા સાચી હોય, માન્યતા મુજબ જ આચરણા કરવાની ઉમ્મીદ હોય, પરંતુ અભિયોગાદિના કારણે ખોટી આરાધના કરવામાં આવતી હોય, પરંતુ તદ્વિષયક પ્રરૂપણા કે પક્ષપાતિતા સાચી ચાલતી હોય તો મિથ્યાત્વ દોષ લાગતો નથી. જેમ કે, કાર્તિકશેઠને રાજાના અભિયોગથી તાપસને પારણું કરાવવું પડ્યું.

(૧૨) પૂ. મહોપાધ્યાયશ્રીજીએ બત્રીસી ગ્રંથમાં બે પ્રકારનો મોક્ષમાર્ગ બતાવ્યો છે. (૧) શાસ્ત્રવચન અને (૨) સુવિહિત પરંપરા.

એટલે શાસ્ત્ર અને સુવિહિત પરંપરા મુજબ જે આરાધના કરે તે મોક્ષમાર્ગમાં છે તેમ કહેવાય છે. બંનેમાંથી એકપણનો અપલાપ કરે તે મોક્ષમાર્ગની બહાર છે.

(૧૩) તિથિના વિષયમાં બે તિથિની માન્યતા-આરાધના શાસ્ત્ર અને સુવિહિત પરંપરા બંનેથી વિશુદ્ધ છે, એ વર્ષો પૂર્વે લવાદી ચર્ચાના નિર્ણયમાં સિદ્ધ થઈ ગયેલ છે.

(૧૪) **કોઈને કદાચ એમ પ્રશ્ન થાય કે,** તિથિના વિવાદમાં પરંપરા

(આચાર્યોની આચરણા)ને પણ વિચારવામાં આવી છે – તો તે તિથિપ્રશ્ન સામાચારીનો જ ગણાય ને ?

– ના, તમે કહો છો તેવું નથી. કારણ કે, પૂર્વોક્ત પ્રઘોષના અર્થઘટનમાં બે મત પડ્યા, ત્યારે કોનું અર્થઘટન સાચું, એ તપાસવા માટે શાસ્ત્રવચન અને સુવિહિત પરંપરા જોવામાં આવેલ છે. એ વખતે બે તિથિપક્ષની માન્યતા શાસ્ત્રાનુસારી અને સુવિહિત પરંપરાનુસારી સિદ્ધ થયેલ છે. 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય' આવી માન્યતાને શાસ્ત્ર અને પરંપરા બંનેમાંથી કોઈનું પણ પીઠબળ નથી અને પીઠબળ તો નહીં, પરંતુ બંનેનો વિરોધ છે. તેથી તેવી માન્યતાને લઈને થતો પ્રઘોષનો અર્થ પણ ખોટો બને છે.

– **એ વાત તો નક્કી જ છે કે**, શાસ્ત્ર અને સુવિહિત પરંપરાથી વિરુદ્ધ માન્યતાથી મિથ્યાત્વ દોષ લાગે છે.

## (૧૫) ધર્મરત્નપ્રકરણના વિધાન અંગે ખુલાસો

→ કોઈક પ્રશ્ન કરે કે - ધર્મરત્ન પ્રકરણ વગેરેમાં યુગપ્રધાન શ્રીકાલિકાચાર્ય મહારાજાએ સંવત્સરી ભા.સુદ ૫ ને બદલે ભાદરવા સુદ ૪ ની પ્રવર્તાવી એ સામાચારી છે, એવું જણાવ્યું છે, તો તિથિને સામાચારી કેમ ન કહેવાય ?

– **એનો જવાબ એ છે કે**, પૂ.યુગપ્રધાન શ્રી કાલિકાચાર્ય મહારાજાએ સંવત્સરી ભાદરવા સુદ ૪ માં પ્રવર્તાવી એ ભલે અપેક્ષાએ સામાચારી કહેવાય. છતાં પણ તેઓશ્રીએ એ સામાચારીનું પ્રવર્તન પોતાની ઈચ્છાથી નથી કર્યું. 'મારા નિર્વાણ બાદ અમુક વર્ષે મારા શાસનમાં શ્રી કાલિકાચાર્ય મહારાજા સંવત્સરી પાંચમના બદલે ચોથે પ્રવર્તાવશે' એવા પ્રભુવચનના અવલંબન પૂર્વક જ તેઓશ્રીએ ચોથની સંવત્સરીનું પ્રવર્તન કર્યું છે. તેથી પ્રભુવચનના અનુસંધાન પૂર્વકનું એ કાર્ય હોવાથી અપેક્ષાએ સિદ્ધાંત બને છે તથા 'સંવત્સરીનું ચોથમાં થયેલું પ્રવર્તન' પાંચમા આરાના અંત સુધી નિયત છે. હવે પછી કોઈ એમાં ફેરફાર કરી શકશે નહીં. તે અપેક્ષાએ

પણ તે સિદ્ધાંત છે. (પ્રભુનું પૂર્વનિર્દિષ્ટ વચન કલિકાલ સર્વજ્ઞશ્રીજી રચિત દીપોત્સવ કલ્પમાં સંગૃહિત થયેલ છે.)

(૧૬) પ્રસ્તુત પરિપ્રેક્ષ્યમાં **પૂજ્યપાદ શ્રીવીરવિજયજી** મ.સા.ના પર્યુષણાપર્વના ચૈત્યવંદનના શબ્દો પણ ઉલ્લેખનીય છે –

**"નવ વખાણ પુજી સુણો, શુક્લ ચતુર્થી સીમા,**
**પંચમી દિને વાંચે સુણે, હોય વિરાધક નિયમા. (૭)**
**એ નહીં પૂર્વે પંચમી, સર્વ સમાણી ચોથે,**
**ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યું અરિહાનાથે. (૮)**

→ પૂર્વોક્ત પંક્તિઓથી - ભાદરવા સુદ ૫ ની ક્ષય-વૃદ્ધિના પ્રસંગે ભાદરવા સુદ પહેલી પાંચમે કે ભાદરવા સુદી ત્રીજે સંવત્સરીની આરાધના કરનાર વિરાધક બને કે નહીં ? તે સ્વયં વિચારે.

– પૂ. કવિવરશ્રીએ સ્પષ્ટ કહ્યું છે કે, સંવત્સરી ચોથમાં સમાઈ ગઈ છે, તે શ્રીઅરિહંતે ભાખ્યું છે. એ અરિહંતના વચનને ઉવેખીને પાંચમની સંવત્સરી માનનારા પ્રભુઆજ્ઞાના વિરાધક કહેવાય કે નહીં ? તે પણ સ્વયં વિચારવું.

(૧૮) પૂર્વોક્ત ધર્મરત્નપ્રકરણના ચોથની સંવત્સરી અંગેના વિધાનને આગળ કરીને તિથિસામાન્યને કોઈ સામાચારી કહે તો તે લેશમાત્ર યોગ્ય નથી. તિથિ વિષયક ચર્ચાના કોઈપણ શાસ્ત્રપાઠોમાં તિથિને સામાચારી કહી નથી અને વિવાદની શરૂઆતથી-વિ.સં. ૧૯૫૨ થી, પટ્ટક બન્યો તે વિ.સં. ૨૦૨૦ અને તેનાથી પણ આગળ વિ.સં. ૨૦૪૨ સુધી કોઈએ પણ પ્રાયઃ તિથિને સામાચારી કહી નથી. તથા પૂ. કાલિકાચાર્ય મહારાજાએ તિથિનો દિવસ નથી બદલી નાખ્યો પરંતુ સંવત્સરીની આરાધનાને ચોથમાં બદલી છે, એ યાદ રહે.

(૧૯) 'જેનામાં ફેરફાર ન કરી શકાય તે સિદ્ધાંત અને જેનામાં ફેરફાર કરી શકાય એ સામાચારી.' – આવી કોઈ વ્યાખ્યા શાસ્ત્રમાં

જોવા મળતી નથી. સિદ્ધાંતની વ્યાખ્યા આગળ કરી જ છે અને અશઠ-સંવિગ્ન ભવભીરૂ ગીતાર્થોએ આચરેલી શાસ્ત્રથી અનિષિદ્ધ આચરણાને સામાચારી કહેવાય, એવો પાઠ શાસ્ત્રમાં મળે છે.

(૨૦) **એકતિથિપક્ષની 'તિથિદિન' નક્કી કરવાની બેવડી નીતિ પણ જોવા જેવી છે.** તેઓ પ્રતિષ્ઠા-દીક્ષા આદિ શુભ કાર્યોમાં મુહુર્તો જોતી વખતે પંચાંગમાં આપેલી પર્વતિથિની ક્ષય-વૃદ્ધિને યથાવત્ માન્ય કરીને પ્રઘોષનો બે તિથિ મુજબનો અર્થ કરીને જ જોતાં હોય છે. તેમાં જ તે બધા કાર્યો સંપન્ન કરતા હોય છે અને પર્વતિથિની આરાધનાઓમાં જ માન્યતા બદલીને પ્રઘોષનો અર્થ ખોટો કરી આરાધનાના દિવસો બદલી નાંખે છે. આ કયા ઘરનો ન્યાય ? આવું કરવામાં કયા શાસ્ત્રનો આધાર ?

→ આથી તિથિ વિવાદ એ શાસ્ત્રીય નિયમો = સિદ્ધાંતોના અર્થઘટનનો વિવાદ છે. સામાચારીનો નથી.

**પ્રશ્ન-૫૩ : કેટલાક સાધુઓ જ્યારે તેઓને પોતાના પક્ષના નાના સાધુ-સાધ્વીજીઓ પૂછે કે - 'તિથિમાં સાચું શું છે ?' - ત્યારે તેઓ જવાબ આપે છે કે - 'તિથિ એ તો સામાચારી છે. સામાચારીમાં તો ભેદ હોઈ શકે. ગણધરોની સામાચારીમાં પણ ભેદ હતો. સામાચારીથી ભ્રમિત ન થાઓ.' - તો આવું કહેવું યોગ્ય છે ?**

**ઉત્તર : એવું કહેવું જરાપણ યોગ્ય નથી. કારણ કે...**

→ **પ્રથમ નંબરે...** તેઓ એવું કહીને સત્યગવેષણાનો માર્ગ બંધ કરે છે... સત્યવગવેષણા સમ્યક્ત્વની પ્રાપ્તિ-રક્ષા-શુદ્ધિનો પરમ ઉપાય છે. તેનો માર્ગ બંધ થાય એવું કહેનારો વક્તા શ્રોતાઓના ભાવધનને હરનારો છે.

**અહીં ઉલ્લેખનીય છે કે** - શાસ્ત્રમાં ભાવ સમ્યક્ત્વ/નિશ્ચય સમ્યક્ત્વની વ્યાખ્યા એવી જણાવવામાં આવી છે કે - જૈનશાસનના પ્રત્યેક તત્ત્વને યથાર્થ રીતે જાણવો-સમજવો-સદ્દહવો તે જ સમ્યક્ત્વ છે. શક્તિ/

ક્ષયોપશમ હોવા છતાં સમજવાનો પ્રયત્ન ન કરનારમાં સમ્યક્ત્વ સંભવતું નથી.

→ **બીજા નંબરે...** તિથિ એ સામાચારી નથી. 'તિથિ'નો વિવાદ તિથિદિનના નિર્ણય અંગેનો છે અને તિથિદિનનો નિર્ણય કરવા માટે શાસ્ત્રકારોએ '**ઉદયમ્મિ જા તિહિ**' અને '**ક્ષયે પૂર્વા.**' આ બે નિયમો = સિદ્ધાંતો આપ્યા છે. તેમાંના બીજા સિદ્ધાંતનાં અર્થઘટનનો વિવાદ છે. તેવા અવસરે '**ક્ષયે પૂર્વા.**' - આ પૂ.શ્રીઉમાસ્વાતિજી મહારાજાના પ્રઘોષનો (શાસ્ત્રીય સિદ્ધાંતનો) અર્થ ક્યા પક્ષનો સાચો છે - તે સત્યની ગવેષણા કરવી જ જોઈએ. એ ગવેષણાનો માર્ગ બંધ કરવો તે લેશમાત્ર ઉચિત નથી. પૂર્વનિર્દિષ્ટ પ્રશ્નોત્તર-૫૨માં વિસ્તારથી એ અંગે વાત કરી જ છે.

→ **ત્રીજા નંબરે...** જ્ઞાનીઓએ સમ્યક્ત્વની પ્રાપ્તિ-રક્ષા-શુદ્ધિ માટે તત્ત્વનો નિશ્ચય કરવા ઉપર ખૂબ ભાર મૂક્યો છે. એક પણ તત્ત્વવિષયક ભ્રાન્તિ અવદ્યેસંવેદ્યપદ જીતવા દેતી નથી (મિથ્યાત્વ ઊભું રાખશે) અને વેદ્યસંવેદ્યપદને (સમ્યગ્દર્શન પદને) પામવા દેતી નથી. શ્રોતાઓ કે આશ્રિતો તત્ત્વવિષ્યક ભ્રાન્તિમાં રહે એવું કહેવું તે એક પ્રકારનું ઉત્સૂત્ર જ છે.

→ **ચોથા નંબરે...** શાસ્ત્રકારોએ તત્ત્વનિશ્ચયની પૂર્વે ઉહ અને અપોહ (શંકા કરવી અને સમાધન મેળવવું) આ બે માર્ગો = ઉપાયો બતાવ્યા છે. જો સત્યગવેષણા માટે શંકા-સમાધાન કરવાના જ ન હોય તો એ બે માર્ગો ખોટા ઠરશે અને માર્ગનિર્દેશક શાસ્ત્રકારો પણ ખોટા ઠરશે, આવી ગુસ્તાખી તો કોણ કરી શકે ? તે સ્વયં વિચારવું.

→ **પાંચમા નંબરે...** સત્યગવેષણા માટે શાસ્ત્રમાં થયેલા સુદીર્ઘ પરામર્શો નિરર્થક પુરવાર થવાની આપત્તિ આવશે.

→ **છટ્ઠા નંબરે...** સત્યગવેષણા અને સત્યની પ્રરુપણા કરનારા પૂર્વમહાપુરુષોની કરણી-કથની ખોટી ઠરશે. ખોટી નહોતી એ તો સો

ટકાની વાત છે. પરંતુ તમારી કરણી-કથનીથી તેઓ ખોટા ઠરશે એનું શું ? તમે જ તમારા પૂ.વડીલોને ખોટા ઠેરવશો ?

→ **સાતમા નંબરે...** અન્ય વિષયોમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરીને તત્ત્વનિશ્ચય માટે પુરુષાર્થ કરનારા, તિથિના વિષયમાં એને નજર અંદાજ કરે, એટલે એ શંકાના દાયરામાં પણ આવશે અને શ્રોતાઓ-આશ્રિતોની એમના પ્રત્યેની શ્રદ્ધા તૂટશે. આથી ખોટા અપપ્રચારોથી ભ્રમિત ન થવું.

→ અહીં તિથિના પ્રશ્નની સંક્ષિપ્તમાં વિચારણા કરી છે. વિશેષથી વિચારણા અમારા "**તિથિનિર્ણય સિદ્ધાંત કે સામાચારી ?**" - આ પુસ્તકમાં કરવામાં આવી છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જોવા ભલામણ.

**પ્રશ્ન-૫૪ : શાસ્ત્રકારોએ બતાવેલા શાસ્ત્રના મહિમાને અને શાસ્ત્ર-પરતંત્રતાની અનિવાર્યતા તો અમે પ્રારંભમાં જાણી પરંતુ આજે અમુક સ્થળે એવું કહેવાય છે કે - શાસ્ત્ર તો દ્રવ્યશ્રુત છે અને આચાર્ય ભગવંત તે ભાવશ્રુત છે. દ્રવ્યશ્રુત કરતાં ભાવશ્રુતની મહત્તા છે. આથી શાસ્ત્ર શું કહે છે, તે મહત્ત્વનું નથી. પરંતુ આચાર્ય ભગવંત શું કહે છે, તે મહત્ત્વનું છે. એટલે આચાર્ય ભગવંત જે કહે તે સાચું. ભલે તે શાસ્ત્રની વિરુદ્ધ હોય ! - તો આવું કહેવું તે યોગ્ય છે ?**

**ઉત્તર :** લેશમાત્ર યોગ્ય નથી. – **પ્રથમ નંબરે...** શાસ્ત્ર દ્રવ્યશ્રુત છે અને આચાર્ય ભાવશ્રુત છે - એ વાત સાચી. પરંતુ શાસ્ત્રને પરતંત્ર (શાસ્ત્રને આંખ સામે રાખીને વર્તનારા-બોલનારા) આચાર્ય ભગવંત જ ભાવશ્રુત છે, એ યાદ રાખવાની જરૂર છે. '**साधवः शास्त्रचक्षुषः**' - સાધુની આંખ શાસ્ત્ર છે - આ શાસ્ત્રોક્તિ પણ એ જ વાતની ગવાહી પૂરે છે.

– **બીજા નંબરે...** શાસ્ત્રવિરુદ્ધ સિદ્ધાંત અને શાસ્ત્રનિરપેક્ષ સામાચારી બતાવનારા **યથાછંદા** છે એવું શાસ્ત્રો (ધર્મપરીક્ષા વગેરે) કહે છે, એ

પણ યાદ રાખવું જરૂરી છે અને યથાછંદાની ગણત્રી મોક્ષમાર્ગની બહાર કરી છે, તે પણ યાદ રાખવું.

– **ત્રીજા નંબરે...** સંવિગ્ન, ગીતાર્થ અને ભવભીરૂ ભાવાચાર્ય જ ભાવશ્રુત છે અને તેવા ગુણોથી રહિત આચાર્ય દ્રવ્યાચાર્ય કે નામાચાર્ય છે, એમ શાસ્ત્રો કહે છે. શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા કરનારા આચાર્ય ભાવાચાર્યની કોટીમાં આવતા નથી. ઉત્સૂત્ર (શાસ્ત્રવિરુદ્ધ) પ્રરૂપણા કરનારા આચાર્ય શ્રોતાના ભાવપ્રાણોનો નાશ કરનારા છે, એમ ઉપદેશમાલામાં કહ્યું છે.

– **ચોથા નંબરે... યોગશાસ્ત્ર**ની **ટીકામાં કલિકાલ સર્વજ્ઞશ્રી** ફરમાવે છે કે, સૂત્રના (શાસ્ત્રના) એક પણ અક્ષરની પણ જે અશ્રદ્ધા કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. આ વિધાન પણ શાસ્ત્રને પરતંત્ર રહેવાની જ વાત કરે છે.

– **પાંચમા નંબરે... નંદીસૂત્રમાં કહ્યું છે કે** - શાસ્ત્રના વચનોના અર્થઘટન ખોટા કરે તે સૂત્રાર્થની આશાતના કરનારો છે. આ રીતે ભૂતકાળમાં સૂત્રાર્થની આશાતના કરનારા જીવો અનંતકાળ પર્યંત સંસારમાં ભમ્યા છે. આ વાત પણ શાસ્ત્રવચનોના યથાર્થ અર્થ કરીને તે મુજબ જ વર્તવા-કહેવા ઉપર ભાર મૂકે છે.

– આથી શાસ્ત્રને પરતંત્ર હોય તે આચાર્ય ભગવંત ભાવશ્રુત છે અને આચાર્ય ભગવંત શાસ્ત્રને બાજુ પર મૂકવાની વાત ક્યારેય ન કરે. પરંતુ શાસ્ત્ર પ્રત્યે ભક્તિ પેદા થાય એવા જ પ્રોત્સાહક વચનો બોલે અને લોકો શાસ્ત્ર પ્રત્યે પરતંત્ર બને - શાસ્ત્રાનુસારી જ ધર્મક્રિયા કરનારા બને એવો પ્રશસ્ત પ્રયત્ન કરે. શાસ્ત્રના સ્વીકાર અને તેની પરતંત્રતા વિના બીજા ગમે તેટલા ગુણો હોય તો પણ તે એકડા વિનાના મીંડા જેવા છે. તે મોક્ષ આપવા સમર્થ થતા જ નથી.

**પ્રશ્ન-૫૫ : જો તમે કહ્યું તેવું જ હોય, તો ગીતાર્થ કહેવાતા આચાર્યો પણ શાસ્ત્રને ગૌણ કરવાનું કેમ કહે છે ? શાસ્ત્ર શાસ્ત્ર શું કરો છો ? શાસ્ત્ર તો દ્રવ્યશ્રુત છે અને અમે ભાવશ્રુત છીએ ! આવું કેમ કહેવાય છે ?**

**ઉત્તર :** પોતાની શાસ્ત્રવિરુદ્ધ ખોટી વાતો ખુલ્લી ન પડી જાય, એ માટે લોકોને શાસ્ત્રોથી દૂર રાખવાની આ પેરવી છે. સમકિતિ આત્મા પોતાના તત્ત્વની પરીક્ષા કરવા-કરાવવા હંમેશાં તૈયાર હોય છે અને પરીક્ષા કર્યા વિના કશાનો સ્વીકાર કરતો નથી તથા પરીક્ષા કરતાં પોતાનું ખોટું જણાય તો ક્ષણનો ય વિલંબ કર્યા વિના છોડવાની તૈયારીવાળો હોય છે. આ અંગેની વિશેષ વાતો આ જ પુસ્તકમાં આગળ કરી જ છે અને અમારા 'મિથ્યાત્વ એટલે મિથ્યાત્વ = હલાહલ વિષ' અને પૂર્વનિર્દિષ્ટ પુસ્તક - આ બે પુસ્તકમાંથી પણ વિશેષ જાણવા મળશે.

**સારાંશ : પૂર્વોક્ત વિચારણાનો સાર એ છે કે -**

(૧) શાસ્ત્ર દ્રવ્યશ્રુત છે અને શાસ્ત્રના પારગામી ગીતાર્થ-સંવિગ્ન-ભવભીરૂ આચાર્ય ભગવંત ભાવશ્રુત છે.

(૨) ભાવશ્રુત (એવા આચાર્ય ભગવંત) દ્રવ્યશ્રુતથી વિરુદ્ધ ન હોય અને દ્રવ્યશ્રુતથી નિરપેક્ષ ભાવશ્રુત પણ ન હોય.

(૩) એક જ (શાસ્ત્ર રૂપ) દ્રવ્યશ્રુત પર ભાવશ્રુત અનેક હોવાથી તેમાં અર્થઘટન અલગ-અલગ થાય ત્યારે શાસ્ત્રસાપેક્ષ બોલનારા-માનનારા ભાવશ્રુત જ પ્રમાણ છે. શાસ્ત્ર નિરપેક્ષ બોલનારા-માનનારા પ્રમાણ નથી.

(૪) તદુપરાંત, એક જ દ્રવ્યશ્રુત પર અનેક ભાવશ્રુતનું અર્થઘટન એક જ હોય, છતાં પણ એક જ પ્રામાણિક ભાવશ્રુત તેમાં સંમત ન હોય, તો પણ તેવા એ દ્રવ્યશ્રુત પર પુનઃ પુનઃ વિચાર કરવો પડે. ભાવશ્રુતના નામે તેને દબાવી ન દેવાય.

આથી ભાવશ્રુતરૂપ ધર્માચાર્ય ભગવંત જે કહે, તે શાસ્ત્ર અને શાસ્ત્રસાપેક્ષ સુવિહિત સામાચારીને સામે રાખીને જ કહે. પોતાની મતિ કલ્પનાથી કશું જ ન કહે.

✽

# પ્રકરણ-૪ :
# આધ્યાત્મિક અનુસંધાનમાં માધ્યસ્થ્યભાવના

સુધરી ન શકે તેવા નિર્ગુણી જીવોને જોઈને તેમની પ્રત્યે દ્વેષ ન કરવો, પરંતુ તેમની ઉપેક્ષા કરવી-તેમના પ્રત્યે ઉદાસીન બની રહેવું, એ 'માધ્યસ્થ્ય ભાવના' કહેવાય છે. આ ભાવનાનું બીજું નામ 'ઉપેક્ષાભાવના' પણ છે. 'માધ્યસ્થ્ય ભાવના' નું સ્વરૂપ બતાવતાં યોગશાસ્ત્રમાં કહ્યું છે કે,

**क्रूरकर्मसु निःशङ्कं, देवतागुरुनिन्दिषु ।**
**आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम् ॥४-१२१॥**

– નિઃશંકપણે ક્રૂર કાર્યો કરનારાં, દેવ-ગુરુની નિંદા કરનારા અને આત્માની (પોતાની) પ્રશંસા કરનારા જીવોની જે ઉપેક્ષા કરાય, તેને **'માધ્યસ્થ્ય ભાવના'** કહેવાય છે.

ખરાબ કાર્યો કરનારા, દેવ-ગુરુની નિંદા કરનારા અને વારંવાર પોતાની પ્રશંસા કરનારા જીવો પ્રત્યે રાગ-દ્વેષ ન કરવો, પરંતુ તેઓ પ્રત્યે ઉદાસીન રહેવું-તેઓની ઉપેક્ષા કરવી, તેને માધ્યસ્થ્ય ભાવના કહેવાય છે. **જે જીવો પાસે કર્મસ્થિતિ-ભવસ્થિતિનો સાચો બોધ હોય અને તેનું ચિંતન હોય, હૈયામાં કરુણાભાવ હોય, હૈયું વૈરાગ્ય અને નિઃસ્પૃહતાથી વાસિત હોય, તે જીવો અન્ય જીવોના દુર્ગુણો કે ખરાબ કાર્યોને જોઈને મધ્યસ્થ રહી શકે છે.** નિર્ગુણી જીવો જે દોષોથી પીડાય છે અને વિવિધ પ્રકારની કુચેષ્ટાઓ કરે છે, તે તેમના કર્મયોગે કે ખરાબ ભવિતવ્યતાના કારણે કરી રહ્યા છે. **સંસાર ખૂબ વિચિત્ર છે. કોને કયા દોષમાં પાડે તે કહી શકાય તેમ નથી. તેથી સર્વે જીવો કર્મ અને સંસારના ફંદામાંથી બહાર નીકળે એવી ભાવના ભાવવાની છે.**

**અહીં ઉલ્લેખનીય છે કે,** દુર્ગુણી જીવો પ્રત્યે જેમ ઉપેક્ષાભાવ

રાખવાનો છે, તેમ સાથે સાથે તેઓ દુર્ગુણોથી મુક્ત બને તેવી કરુણાભાવના અને તેમનું પણ હિત થાય એવી મૈત્રીભાવના હૈયામાં રાખવાની છે. માત્ર તેઓ કોઈપણ ઉપાયે સુધરી શકે તેમ ન હોવાથી તેમના પ્રત્યે દ્વેષ ન થઈ જાય એટલે ઉપેક્ષા સેવવાની છે. અહીં ઉપેક્ષાનો અર્થ મોં ફરેવી લઈ એમનું જેમ થવું હોય તેમ થાય એવા રીઢા પરિણામોના સંદર્ભમાં લેવાનો નથી. પરંતુ એમના પ્રત્યે દ્વેષ ન થાય અને એમનો સંગ પોતાનામાં દુર્ગુણો ન લાવે, તે માટે તેમના પ્રત્યે ઉદાસીન બની દૂર રહેવાનું છે. દૂર રહીને પણ તેમનું ખરાબ ચિંતવવાનું નથી.

**→ ભવસ્થિતિ-કર્મસ્થિતિનું ચિંતન કરો :**

દુર્ગુણી જીવોને જોઈને તેમના પ્રત્યે દુર્ભાવ કરવાની જરૂર નથી. પરંતુ ભવસ્થિતિ અને કર્મસ્થિતિનું ચિંતન કરી મનને સમભાવમાં રાખવાનું છે. આથી **'શાંતસુધારસ'** ગ્રંથમાં કહ્યું છે કે,

**लोके लोकाः भिन्नभिन्नस्वरूपा, भिन्नैर्भिन्नैः कर्मभिर्मर्मभिद्भिः ।**
**रम्यारम्यैश्चेष्टतैः कस्य कस्य, तद्विद्वद्भिः स्तूयते रुष्येते वा ।।१६-२।।**

આ જગતમાં મર્મભેદક ભિન્ન-ભિન્ન કર્મો દ્વારા, તેમજ સારી-ખરાબ ચેષ્ટાઓ દ્વારા ભિન્ન-ભિન્ન પ્રકૃતિના જીવો છે. કર્મના જાણકારોએ એમાંથી કોની કોની સ્તુતિ કરવી ? અને કોની કોની ઉપર રોષ કરવો ? (સૌ પોતપોતાના કર્માનુસાર વિવિધ ચેષ્ટાઓ કરે છે, એમાં આપણે કોઈની સ્તુતિ ને કોઈની ઉપર ક્રોધ કરીને કે કોઈની નિંદા કરીને શું લાભ થવાનો છે !)

**→ સર્વ જીવો પ્રત્યે ઉદાસીન બનો :**

ક્રૂર કર્મ કરનારા, દેવ-ગુરુના નિંદક આદિ સર્વે જીવો પ્રત્યે ઉદાસીન બનવું. સર્વે જીવો કર્માધીન છે અને કોઈ જીવને આપણે ખરાબ કાર્યોથી કે ઉન્માર્ગથી રોકી શકતા નથી. શ્રીશાંતસુધારસકાર મહાવીર પ્રભુનું ઉદાહરણ આપીને જણાવે છે કે, મિથ્યા પ્રરૂપણા કરતા સ્વશિષ્ય જમાલીને

પ્રભુ પણ રોકી શક્યા નથી ! તો આપણાથી બીજા જીવો કઈ રીતે રોકી શકાશે ? તેથી સર્વ પ્રત્યે ઉદાસીન બની રહેવું. તે પાઠ આ મુજબ છે –

**मिथ्या शंसन् वीरतीर्थेश्वरेण, रोद्धुं शेके न स्वशिष्यो जमालिः ।**
**अन्यः को वा रोत्स्यते केन पापात्तस्मादौदासीन्यमेवात्मनीनम् ॥१६-३॥**

– ખુદ તીર્થેશ્વર શ્રી મહાવીર પરમાત્મા જેવા પણ પોતાના શિષ્ય જમાલીજીને મિથ્યા પ્રરૂપણા કરતા અટકાવી શક્યા નથી, તો પછી કોણ કોને કયા પાપથી અટકાવી શકે ? એટલા માટે ઉદાસીનતાને જ આત્મહિતકર સમજવી.

**અહીં ઉલ્લેખનીય છે કે,** ઈરાદાપૂર્વક કદાગ્રહવશ ઉન્માર્ગ તરફ જનારા કે મિથ્યા પ્રરૂપણા કરનારાઓને આપણે અટકાવી ન શકીએ એ વાત જુદી છે અને ઉન્માર્ગનું ઉન્માર્ગ તરીકે અને અસત્ય પ્રરૂપણાને અસત્પ્રરૂપણારૂપે પ્રકાશન કરવું એ અલગ વાત છે. **ઉન્માર્ગગામી કે મિથ્યાપ્રરૂપક પ્રત્યે ઉદાસીન રહેવાનું છે. પરંતુ ઉન્માર્ગનું ઉન્માર્ગ તરીકે અને મિથ્યા પ્રરૂપણાનું મિથ્યા પ્રરૂપણારૂપે પ્રકાશન કરવામાં ક્યારેય ઉદાસીન બનવાનું નથી. એમાં તો લેશમાત્ર વિલંબ કર્યા વિના પ્રવૃત્તિ કરવાની છે. ભગવાન ભલે જમાલીજીને રોકી ન શક્યા, પરંતુ તેમની ખોટી વાતોને જગતમાં અસત્યરૂપે જાહેર તો અવશ્ય કરી જ છે અને આવા સત્યના મંડન અને અસત્યના ખંડનના ઉપક્રમથી જ જમાલીની સાથે ગયેલા (તેમના સંસારી પત્ની) સાધ્વીજી સાચું સમજીને પ્રભુ પાસે પાછા આવ્યા હતા અને જમાલીની સાથે રહેલા ભગવાનની પાસે પાછા આવ્યા હતા. આમ થવાથી જ લોકો ઉન્માર્ગ-અસત્ય પ્રરૂપણાથી બચી શકે છે અને એ કરવું એ પૂર્વે જણાવ્યા મુજબ સાચી કરુણાભાવના જ છે.** આથી કેટલાક લોકો આ શ્લોકને લઈને ઘણી ગેરસમજ ઉભી કરે છે, તેઓથી સાવધાન રહેવું.

**મુદ્દાની વાત એ છે કે,** ઉન્માર્ગગામીનું પણ અહિત ચિંતવવાનું નથી અને ઉન્માર્ગને ખુલ્લા પાડતી વખતે ભીતરમાં દ્વેષભાવ કે ઈર્ષ્યાભાવ ન હોવો જોઈએ અને એમના તેજોવધની મલિનવૃત્તિ પણ ન હોવી જોઈએ.

**→ બળાત્કારે ધર્મ ન પમાડી શકાય**

ઘણાને અધર્મીઓ-દુર્ગુણીઓને જોઈ ગુસ્સો આવે છે. પરંતુ જ્ઞાનીઓ ગુસ્સો કરવાની ના પાડે છે. સર્વશક્તિમાન્ શ્રીઅરિહંત પરમાત્મા પણ કોઈને બળાત્કારે ધર્મ પમાડી શકતા નથી. આથી **શાંતસુધારસ**માં કહ્યું છે કે,

**अर्हन्तोऽपि प्राज्यशक्तिस्पृशः किं, धर्मोद्योगं कारयेयुः प्रसह्य ।**
**दद्युः शुद्धं किन्तु धर्मोपदेशं, यत्कुर्वाणा दुस्तरं निस्तरन्ति ॥१६-४॥**

– પ્રબળ શક્તિવાળા શ્રી અરિહંત પરમાત્મા પણ શું બળાત્કારે ધર્મમાં ઉદ્યમ કરાવી શકે છે ? પરંતુ તેઓ તો શુદ્ધ-નિર્દોષ ધર્મનો ઉપદેશ આપે છે, તે પ્રમાણે જે ભવ્ય જીવો વર્તે છે, તેઓ સંસારસમુદ્રને તરી જાય છે.

**→ કોઈના ઉપર કોપ ન કરવો :**

કોઈ વ્યક્તિ હિતની વાત પણ સાંભળવા તૈયાર ન હોય, તો તેની ઉપેક્ષા કરવી. પરંતુ તેના ઉપર કોપ ન કરવો. આથી **શાંતસુધારસ**માં કહ્યું છે કે,

**योऽपि न सहते हितोपदेशं, तदुपरि मा कुरु कोपं रे ।**
**निष्फलया किं परजनतप्त्या, कुरुषे निजसुखलोपं रे ॥१६-३॥**

– જે કોઈ વ્યક્તિ હિતના ઉપદેશને સહન ન કરી શકે, (અર્થાત્ દુર્દૈવથી કે ખરાબ ભવિતવ્યતાથી એને હિતોપદેશ ન રૂચે), તો તેની ઉપર તું કોપ કરીશ નહીં, નકામો કોઈના ઉપર કોપ કરીને તું શા માટે પોતાના સ્વાભાવિક સુખનો લોપ કરે છે.

**→ જેવી ગતિ તેવી મતિ :**

જીવોને પોતપોતાની ગતિ અનુસારે મનના પરિણામો વર્તે છે. તેનો

વિચાર કરીને સૌને સૌની નિયતિ ઉપર છોડીને આપણે સમભાવમાં રહેવાનું છે. આથી **શાંતસુધારસ**માં કહ્યું છે કે,

**पश्यसि किं न मनःपरिणामं, निजनिजगत्यनुसारं रे ।**
**येन जनेन यथा भवितव्यं, तद्भवता दुर्वारं रे ॥१६-५॥**

– પોતપોતાની ગતિ અનુસારે જીવોના મનઃપરિણામો વર્તે છે **'જેવી ગતિ તેવી મતિ થાય છે.'** આ ઉક્તિ છે, તેથી હે આત્મન્ ! તું કેમ સમજતો નથી ? જે જીવનું જેવું પરિણામ આવવાનું હશે, તે કંઈ તારાથી મિટાવી શકાય તેમ નથી.

**→ માધ્યસ્થ્યભાવમાં વિશ્રામ પામો :**

મધ્યસ્થતા કહો કે ઉદાસીનભાવ કહો, બંને એક છે. જડ કે ચેતન પદાર્થો પ્રત્યે રાગ-દ્વેષ કરવાથી મન બહિર્મુખ થાય છે. બહિર્મુખ મન અનેક પ્રકારના સંક્લેશનું ભાગી બને છે અને અનેક પ્રકારના પાપ કાર્યો તરફ ચાલ્યું જાય છે. આથી જડ અને ચેતન પદાર્થો પ્રત્યે ઉદાસીનભાવ કેળવવો જરૂરી છે. તેનાથી મન શાંત-પ્રશાંત બને છે અને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આથી **શાંતસુધારસ**માં કહ્યું છે કે,

**श्रान्ता यस्मिन् विश्रमं संश्रयन्ते, रुग्णाः प्रीतिं यत्समासाद्य सद्यः ।**
**लभ्यं रागद्वेषविद्वेषिरोधा-दौदासीन्यं सर्वदा तत् प्रियं नः ॥१६-१॥**

જેના સહારે શ્રાન્ત (થાકેલો) અને ક્લાન્ત (ક્લેશ પામેલો) જીવ વિશ્રામ પામે છે, જેના દ્વારા બિમાર માણસો તુરંત પ્રસન્નતાને પામે છે, રાગ-દ્વેષ રૂપી શત્રુનો રોધ થવાથી સહજ ઔદાસીન્ય જેમાં પ્રાપ્ત થાય છે, તે માધ્યસ્થ્યભાવ અમને ઈષ્ટ છે-હિતકારક છે.

**→ ઉદાસીનભાવ અમૃત છે :**

જગતના સર્વ પદાર્થો અને ભાવો પ્રત્યેનો ઉદાસીનભાવ રાગ-દ્વેષના વિષને મારે છે અને હૈયામાં સમતાભાવનો સંચાર કરે છે. તેથી ઉદાસીનભાવ અમૃત સમાન છે. જેમ અમૃત રોગોનો નાશ કરી પ્રાણોને

ચેતનવંતા બનાવે છે, તેમ સમતારૂપી અમૃત પણ રાગ-દ્વેષાદિ રોગોનો નાશ કરી જ્ઞાનાદિ ભાવપ્રાણોને ચેતનવંતા બનાવે છે. આ સમતારૂપ અમૃતને પામવાનો શ્રેષ્ઠ ઉપાય ઉદાસીનતાનો પરિણામ છે અને પ્રભુએ બતાવેલી તમામ ધર્મ આરાધનાઓ પણ ઉદાસીનભાવમાં વિશ્રાન્ત થવી જોઈએ. તો જ તે સાર્થક છે.

**→ ઉદાસીનતાથી મોક્ષસુખ :**

ઉદાસીનતાનો પરિણામ યાવત્ મોક્ષ સુધી લઈ જાય છે. કારણ કે, એ પરિણામથી આત્મા ઉપરની રાગ-દ્વેષની ચિકાશ સૂકાતી જાય છે અને તેના કારણે આત્મા ઉપર ચોંટેલા કર્મો જલ્દીથી ખરી પડે છે અને સર્વકર્મોનો ક્ષય થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ઉદાસીનતાના પરિણામથી આંતરિક સુખની પ્રાપ્તિ થાય છે. કારણ કે, રાગ-દ્વેષનો ક્લેશ એનાથી દૂર થાય છે અને ઉદાસીનતાનું આંતરિક સુખ જ મોક્ષસુખ સુધી લઈ જાય છે. કારણ કે, પ્રાપ્ત થયેલું આંતરિક સુખ મોક્ષસુખની ઝંખના તીવ્ર બનાવે છે અને એ ઝંખનાની પૂર્તિ માટે પુરુષાર્થ કરાવે છે અને એ માટે ઉદાસીનતાનો પરિણામ વૃદ્ધિવંત બનાવવા પરપ્રવૃત્તિથી ખસીને સાધક આત્મપ્રવૃત્તિમાં લીન બની જાય છે અને તેનાથી આત્માનો જલ્દી મોક્ષ થાય છે. **પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા ઉદાસીનતાનું ફળ વર્ણવતાં જણાવે છે કે,**

**"ઉદાસીનતા સુરલતા સમતારસફલ ચાખ,**
**પર પેખન મે મત પરે નિજ મેં ગુણ નિજરાય ॥**
**ઉદાસીનતા જ્ઞાનફલ, પરપ્રવૃત્તિ હૈ મોહ ।**
**શુભ જાનો સો આદરો, ઉદિત વિવેક પ્રરોહ ॥"**

જેને ભવસ્થિતિ-કર્મસ્થિતિ, પરભાવ-સ્વભાવ આદિનું જ્ઞાન થાય છે, તેને જલ્દીથી ઉદાસીનભાવ પ્રાપ્ત થાય છે. હવે આ ભાવનામાં પરિશીલનની શૈલી અંગે વિચારીશું.

**⇨ માધ્યસ્થ્યભાવનામાં પરિશીલનની શૈલી :**

– **હે આત્મન્ !** તું દુર્ગુણીઓ ઉપર માધ્યસ્થ્યભાવ રાખ ! તેમની ઉપેક્ષા કર ! પરંતુ તેમના ઉપર રાગ-દ્વેષ ન કર !

– **હે આત્મન્ !** દુર્ગુણીઓ, ઉન્માર્ગીઓ, ઉત્સૂત્રભાષીઓની ભવસ્થિતિ-કર્મસ્થિતિનું ચિંતન કરી એમની ઉપેક્ષા કર ! તેમના ઉપર કોપ કરવાની જરૂર નથી.

– **હે આત્મન્ !** કોઈ હિતોપદેશ ન સાંભળે કે આપણી સાચી ભાવનાને ન ઓળખે, તો પણ તેના ઉપર કોપ ન કર ! નકામો કોઈના ઉપર કોપ કરીને આપણા સ્વાભાવિક સુખનો (સમતાસુખનો) નાશ કરવાની કોઈ જરૂર નથી.

– **હે આત્મન્ !** સૌ જીવો 'જેવી ગતિ તેવી મતિ' આ ઉક્તિ અનુસારે વર્તે છે, આથી તેમને તેમની પોતાની નિયતિ ઉપર છોડીને તું ઉદાસીનભાવને સેવ !

– **હે આત્મન્ !** તું ઔદાસીન્ય રૂપ ઉદાર-અચળ સુખને અનુભવ ! કારણ કે, તે ઔદાસીન્ય જ મોક્ષ સાથે મેળવી આપનાર અને વાંછિત ફળ આપવામાં કલ્પવૃક્ષ સમાન છે.

– **હે આત્મન્ !** તું પરપુદ્ગલ સંબંધી ચિંતાનો ત્યાગ કર ! અને પોતાના અવિકાર આત્મસ્વરૂપનું ચિંતન કર !

– **હે આત્મન્ !** કેટલાક જડમતિ લોકો શાસ્ત્રનો અનાદર કરી શાસ્ત્રવિરુદ્ધ ભાષણ કરે છે, તે મૂઢજનો નિર્મલ જલનો ત્યાગ કરીને મૂત્રનું પાન કરે છે, એમાં આપણે શું કરીએ ? તેમની જેવી નિયતિ ! તેમનું જેવું ભાગ્ય ! કારણ કે, નિષ્કારણબંધુ-વિશ્વોપકારી-અનંતકરુણાના સાગર એવા ભગવાનની વાત પણ ન ગમે એમાં આપણે શું કરી શકીએ ?

– **હે આત્મન્ !** કોઈને પણ બળાત્કારે ધર્મ પમાડી શકાતો નથી કે ઉન્માર્ગથી પાછો વાળી શકાતો નથી, આથી અધર્મી અને ઉન્માર્ગગામી જીવો પ્રત્યે રોષ ન કરવો.

– **હે આત્મન્ !** આનંદદાયક સમતાનું તું પાન કર ! માયાજાળને સંકેલી લે ! તું પુદ્ગલની આધીનતા નકામી ભોગવે છે ! આયુષ્ય પરિમિત કાળનું જ છે. માટે ગફલત કર્યા વિના આત્માનું જેટલું સધાય એટલું સાધી લે.

**⇨ નિષ્કર્ષ-જ્ઞાનીઓનો ઉપદેશ :**

માધ્યસ્થ્યભાવનાના અંતે હિતશિક્ષા આપતાં 'શાંતસુધારસ' ગ્રંથમાં જણાવ્યું છે કે,

**"तस्मादौदासीन्यपीयूषसारं, वारं वारं हन्त सन्तो लिहन्तु ।**
**आनंदानामुत्तरङ्गत्तरङ्गै-र्जीवद्भिर्यद् भुज्यते मुक्तिसौख्यम् ॥"**

– તેથી (સર્વ જીવો કર્મવશ હોવાથી) હે સજ્જનો ! ઉદાસીનતા રૂપ અમૃતના સારને તમે વારંવાર આસ્વાદ કરો ! જેના યોગે આનંદથી ઉછળતા તરંગોવાળો આત્મા મુક્તિસુખને પ્રાપ્ત કરે !

આથી કર્મવશ જીવોની વિવિધ પ્રકારની કુચેષ્ટાઓને જોઈને ખેદ પામવાના બદલે, જે સ્વાધીન છે, તે આત્મસુખને સાધી લેવામાં જ સાર છે. કર્મવશ જીવોને સુધારવા કે સન્માર્ગે લાવવા આપણને આધીન નથી. જ્યારે આત્માને સમભાવમાં રાખી મુક્તિમાર્ગમાં આગળ વધવું એ સંપૂર્ણતઃ સ્વાધીન છે. આથી પરાધીનમાં પ્રવૃત્તિ કરીને ખેદ કરવાને બદલે સ્વાધીનમાં જ પુરુષાર્થ કરવો હિતકારક છે. **તેથી જ શાંતસુધારસમાં કહ્યું છે કે,**

**अनुपमतीर्थमिदं स्मर चेतन-मन्तःस्थितमभिरामं रे ।**
**चिरं जीव विशदपरिणामं, लभसे सुखविरामं रे ॥१६-७॥**

હે આત્મન્ ! અંતરમાં રહેલો ચેતન-આત્મા જ અભિરામ (મનોહર) અનુપમ તીર્થ છે, તે તું યાદ રાખ ! (આથી) ચિરકાલ પર્યંત નિર્મલ પરિણામોને ધારી રાખ ! જેથી તું અક્ષયસુખને (મોક્ષને) પામીશ.

⇨ **પરિશીલનથી થતા લાભો :**

→ **માધ્યસ્થ્યભાવનાથી..** અન્ય જીવો પ્રત્યે દ્વેષ-દુર્ભાવ થતા નથી અને તેથી સમતાભાવની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે.

– ઉદાસીનતાનો પરિણામ પ્રાપ્ત થાય છે અને તેનાથી મોક્ષમાર્ગ ઉપર પ્રગતિ થાય છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

– ચિત્તભૂમિ નિર્મલ રહે છે. તેના યોગે ઉજ્જ્વળ પરિણામો પ્રાપ્ત થાય છે. જે અધ્યાત્મમાર્ગમાં આગળ વધારે છે.

– ભવસ્થિતિ-કર્મસ્થિતિનું ચિંતન વૈરાગ્યભાવ પુષ્ટ કરે છે અને ભવભય વધારે છે, જે દુર્ગુણોથી બચવાનું પ્રણિધાન કરાવે છે.

– દુર્ગુણીઓ સાથે ક્લેશ-કંકાશ ઉભો થતો નથી અને તેથી આરાધનાઓ સિદાતી નથી અને દુર્ગુણીઓ પ્રત્યે ક્રોધાદિ ન થવાના કારણે આપણને ક્લિષ્ટકર્મબંધ થતો નથી.

– પ્રભુની આજ્ઞાનું પાલન થાય છે. પ્રભુ બળાત્કારે ધર્મ-સન્માર્ગ પમાડવાની ના પાડે છે.

– શાંતસુધારસની પ્રાપ્તિ થાય છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

✺

## તપાગચ્છની ઉત્તમ નીતિ

શાસ્ત્રાનુસાર જે નવિ હઠે તાણિયેં,
નીતિ તપગચ્છની તે ભલી જાણિયેં;
જીત દાખે જિહાં સમયસારું બુધા,
નામ ને ઠામ કુમતે નહીં જસ મુધા.

(૩૫૦ ગાથાનું સ્તવન)

સંવિગ્ન ગીતાર્થ પરમાર્થથી તેને કહેવાય, કે જે શાસ્ત્રાનુસારે પોતાનો કદાગ્રહ મૂકી દે, શાસ્ત્રના અક્ષર દેખે એટલે પોતાનો કદાગ્રહ મૂકી દે, એવી તપાગચ્છની ઉત્તમ નીતિ છે. તેથી જ તપાગચ્છમાં પંચાંગી પ્રકરણ આદિ ગ્રંથો પ્રમાણ છે. આ તપાગચ્છમાં પંડિતજનો સિદ્ધાંત અનુસાર વર્તમાનનો જીત દર્શાવે છે. આ તપાગચ્છના નામ અને સ્થાનક વૃથા નથી, પણ ગુણનિષ્પન્ન છે.

आणाभंगं दट्ठुं, मज्झत्था ठिंति जे तुसिणीआए ।
अविहिअणुमोयणाए, तेसिं पि य होइ वयलोवो ।।467।।

– તીર્થંકરની આજ્ઞાનો ભંગ થતો જોઈને (પણ) જે મધ્યસ્થ જીવો (મધ્યસ્થ્યભાવ ધારણ કરીને જે જીવો) મૌન (ચૂપ) રહે છે. (તેનો પ્રતિકાર કરતા નથી.) તેમના પણ વ્રતનો અવિધિની અનુમોદના કરવાના કારણે લોપ થાય છે.

(સંબોધ પ્રકરણ)

શ્રી સમ્યગ્જ્ઞાન
પ્રચારક સમિતિ

Msmta Creation#7738408740